પાનાં : ૧૨ રૂા.૬ તા.૧૯ નવેમ્બર ૨૦૨૫ બુધવાર

૨૭ જમાદિલ અવ્વલ હિજરી ૧૪૪૭ ● કારતક વદ ચૌદસ સંવત ૨૦૮૨

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD ●●● SINCE-1991

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે'

દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.

(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

કરન્સી માર્કેટ

US.ડોલર	૮૮.૫૬
પાઉન્ડ	૧૧૬.૪૪
યુરો	૧૦૨.૬૯
સઉદી રિયાલ	૨૩.૬૨
સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ)	૧,૨૫,૭૭૦
ચાંદી (૧ કિલો)	૧,૭૦,૦૦૦

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૧૧૦ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

ભાજપ SIRને 'હથિયાર' બનાવવાનો પ્રયાસ કરી રહ્યો છે : મલ્લિકાર્જુન ખડગે

બિહારના ચૂંટણી ધબડકાની સમીક્ષા કરવા માટે યોજાયેલી ખાસ સમીક્ષા બેઠકમાં ચૂંટણી પંચ અને શાસક ભાજપ ઉપર ફરી એક વખત મતચોરીના ગંભીર આક્ષેપો કરતી કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

બિહાર વિધાનસભાની ચૂંટણીઓમાં સફાયો થઈ ગયા પછી પરિણામોની સમીક્ષા કરવા માટે યોજાયેલી પહેલી મહત્ત્વની બેઠકમાં કોંગ્રેસે ચૂંટણી પંચ અને શાસક ભાજપ ઉપર

કોંગ્રેસે ચૂંટણીપંચની વર્તણૂક અને કામગીરીને 'અત્યંત નિરાશાજનક' ગણાવી

જોરદાર પ્રહારો કર્યા હતા અને મતચોરીના આક્ષેપોને દોહરાવ્યા હતા. કોંગ્રેસની આ ખાસ સમીક્ષા બેઠકમાં ચૂંટણી પંચને આડેહાથ લેતાં કોંગ્રેસે સ્પષ્ટ ટકોર કરી હતી કે, SIRનો ઉપયોગ ભાજપના મતચોરીના એજન્ડાને આગળ વધારવાના હથિયાર તરીકે થઈ રહ્યો છે. એટલું જ નહીં કોંગ્રેસે ચૂંટણી પંચની વર્તણૂક અને કામગીરી અત્યંત નિરાશાજનક ગણાવ્યા હતા.

પક્ષની ખાસ બેઠકમાં કોંગ્રેસના તમામ મહામંત્રીઓ, ઈન્ચાર્જ હોદ્દેદારો, પ્રદેશ નેતાઓ અને કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યાં મતદાર યાદી રિવિઝન થઈ રહ્યું છે એ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના પક્ષના મંત્રીઓ પણ હાજર રહ્યા હતા. બેઠક પછી પોતાના X હેન્ડલ પર કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે મતદાર યાદીઓની પ્રમાણિકતા અને વિશ્વસનીયતા જાળવી રાખવા માટે કોંગ્રેસ પક્ષ સ્પષ્ટપણે સંકલ્પબદ્ધ છે. લોકશાહી સંસ્થાઓમાં લોકોનો વિશ્વાસ ડગમગી રહ્યો છે ત્યારે આવા

સમયે રિવિઝન પ્રક્રિયા દરમિયાન ચૂંટણી પંચની વર્તણૂક અત્યંત નિરાશાજનક રહી છે. ચૂંટણી પંચ શાસક ભાજપના ઓથાર હેઠળ કે છત્રછાયામાં કામ કરતું નથી એ ચૂંટણી પંચે પુરવાર કરવાનું રહે છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે રાજકીય લાભ ખાટવા માટે જ SIRનો એક હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ચૂંટણી પંચ ભાજપના ઓથાર હેઠળ નથી એવું પંચે તત્કાળ દર્શાવવાનું રહે છે. ચૂંટણી પંચ ભાજપને નહીં પણ તેની બંધારણીય ફરજ અને દેશની પ્રજાને વફાદાર છે અને શાસક પક્ષને વફાદાર નથી એવું ચૂંટણી પંચે વેળાસર પુનઃ સ્થાપિત કરવાનું રહેશે.

કોંગ્રેસ પ્રમુખે ભારપૂર્વક કહ્યું કે, અમારૂં મક્કમપણે માનવું છે કે ભાજપ SIRનો ઉપયોગ મતચોરીની પ્રક્રિયા માટે કરી રહ્યો છે અને જો આ ષડ્યંત્રથી ચૂંટણી પંચ આડુ જોઈ જશે તો એ માત્ર તેની વહીવટી નિષ્ફળતા નહીં ગણાય પણ એ ષડ્યંત્રમાં ગુપચુપ ભાગીદારી ગણાશે.

આ રીતે કોંગ્રેસે બિહારના પરિણામો પછી ફરીવાર મતચોરીના આક્ષેપોને દોહરાવીને ચૂંટણી પંચ અને કોંગ્રેસ ઉપર હલ્લો બોલાવ્યો છે. બિહારના પરિણામોને કારણે પણ કોંગ્રેસ મતચોરીના તેના દાવામાંથી એક તસુ પણ પાછળ ખસવા માટે તૈયાર નથી. કોંગ્રેસ પ્રમુખે સ્પષ્ટ કહ્યું હતું કે મતદારયાદી રિવિઝન કવાયતમાં ખરેખર આ મતદારોના નામો દૂર

SIRની કવાયત જ્યાં ચાલી રહી છે એવા રાજ્યમાં સંગઠનની તૈયારીઓની સમીક્ષા કરવા નવી દિલ્હીમાં યોજાયેલી કોંગ્રેસની ઉચ્ચ કક્ષાની બેઠકમાં ખડગેએ ભાજપ અને ચૂંટણી પંચ પર પ્રહારો કર્યા હતા

કરવા માટેના ગમે તેવા મજબૂત પ્રયાસોનો કોંગ્રેસ સામનો કરશે અને તેને ઉઘાડા પાડશે. બંધારણીય લોકશાહી સંસ્થાઓનો કોઈ પક્ષના લાભ માટે દુરુપયોગ થવા દેવાશે નહીં. કોંગ્રેસના મહામંત્રી કે.સી. વેણુગોપાલે આક્ષેપ કર્યો હતો કે ભાજપના મતચોરી એજન્ડાને આગળ વધારવા માટે જ ચૂંટણી પંચ SIRનો ઉપયોગ કરી રહ્યો છે અને પોતાની બંધારણીય જવાબદારીઓને તડકે મૂકી દીધી છે.

રાહુલની પ્રાથમિકતા ધર્મ નિરપેક્ષ માળખાનું રક્ષણ કરવાની છે, ચૂંટણીઓ જીતવા માટેની નહીં : રોબર્ટ વાડરા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

ગાંધી પરિવારના જમાઈ અને જાણીતા ઉદ્યોગપતિ રોબર્ટ વાડરાએ આજે સ્પષ્ટ જણાવ્યું કે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી માટે પ્રાથમિકતા ધર્મ નિરપેક્ષ માળખાનું જતન કરવાની છે, ચૂંટણીઓ જીતવા માટેની નહીં. રાજનીતિ તો એમના લોહીમાં છે પરંતુ એમના માટે ચૂંટણીની હારજીત નહીં પણ દેશના ધર્મ નિરપેક્ષ માળખાનું જતન કરવું એ પ્રાથમિકતા છે અને એ કાર્ય માટે બંને સમર્પિત છે.

રોબર્ટ વાડરાના આ વિધાનો અનેકના ભવા ઊંચા ચઢાવશે અને ભાજપ તરફથી પણ વળતી પ્રક્રિયા આવી શકે છે. ખાસ કરીને જ્યારે કોંગ્રેસ અને મહા ગઠબંધન મતચોરી અંગે જોરદાર અભિયાન ચલાવી રહ્યા છે ત્યારે ચૂંટણી પરિણામ નહીં પણ દેશ રાહુલ ગાંધી માટે અગત્યનો છે તેવા વાડરાના વિધાનો ભાજપને નહીં ગમે.

એક સમાચાર સંસ્થા સાથે વાતચીત કરતાં રોબર્ટ વાડરાએ જણાવ્યું હતું કે રાહુલ અને પ્રિયંકા લોકશાહીની ભાવનાનું રક્ષણ કરવા માટે લડત ચલાવી રહ્યા છે. ચૂંટણીઓમાં જય અને પરાજયનું એમના માટે કોઈ મહત્ત્વ નથી. બંને એમના વડવાઓ પાસેથી ઘણું શીખ્યા છે. એમણે ઘણા જય અને પરાજય જોયા છે. હારજીતથી એમને કોઈ અસર થતી નથી. એમનું ધ્યાન દેશના વિકાસ પર છે અને દેશ ધર્મ નિરપેક્ષ બની રહે

તેના પર એમનું સમગ્ર ધ્યાન કેન્દ્રીત છે. દેશ અને દેશની જનતા માટેનો એમનો પ્રેમ અડગ અને અવિચલ છે. તેમણે એવો દાવો પણ કર્યો હતો કે જો બિહારની ચૂંટણીઓ મતપત્રકોથી ફરીથી કરવામાં આવે તો જે પરિણામ આવ્યું છે તેનાથી વિપરીત આવશે.

ચૂંટણી પંચની જાહેરાત : આજથી આસામમાં ફક્ત SR, બેવડાં વલણથી ECI સવાલોના ઘેરામાં

આસામ SR : ચૂંટણી પંચે આસામની મતદાર યાદી માટે ખાસ સુધારો (SR) જાહેર કર્યો છે. આ પુષ્ટિ કરે છે કે આસામમાં કોઈ SR રહેશે નહીં. કમિશનના બેવડાં વલણ અંગે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે

(એજન્સી) તા.૧૮

સોમવાર (૧૭ નવેમ્બર), ભારતીય ચૂંટણી પંચ (ECI)એ આસામ માટે મતદાર યાદીના ખાસ સુધારો (SR)ની જાહેરાત કરી, જેમાં ૧ જાન્યુઆરી, ૨૦૨૬, લાયકાત તારીખ તરીકે છે. આ સાથે, આગામી રાજ્ય વિધાનસભા ચૂંટણીઓ પહેલાં મતદાર યાદી અપડેટ કરવા માટે પંચે સત્તાવાર રીતે એક અલગ અભિગમ અપનાવ્યો છે. ચૂંટણી પંચના સમયપત્રક મુજબ, બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) અપડેટ પહેલાં યાદી ચકાસવા માટે ઘરે ઘરે જશે. આ કાર્યક્રમ ૨૨ નવેમ્બરથી ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે. સંકલિત ડ્રાફ્ટ મતદાર યાદી ૨૭ ડિસેમ્બરે પ્રકાશિત થશે અને અંતિમ યાદી ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ પ્રકાશિત થવાની છે, જે મે મહિનામાં યોજાનારી રાજ્યની ચૂંટણીઓ માટે મતદાર યાદી તૈયાર કરશે.

આ નિર્ણય પુષ્ટિ કરે છે કે આસામ ખાસ સઘન સુધારણા (SIR)માંથી પસાર થશે નહીં,

જે એક વધુ વ્યાપક પ્રક્રિયા છે જે અન્ય રાજ્યોમાં લાગુ કરવામાં આવી રહી છે. બે પ્રકારની ચકાસણી વચ્ચેનો તફાવત નોંધપાત્ર છે અને આ પણ એક વિવાદનો મુદ્દો છે.

SIR લાગુ ન કરવા અંગે વિવાદ શા માટે છે ?

SIRમાંથી આસામને બાકાત રાખવાનો વિવાદ મુખ્યત્વે રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર (NRC) અને મતદાર યાદી શુદ્ધિકરણ પ્રક્રિયા સાથે સંબંધિત છે. SIR, જેનો મુખ્ય હેતુ ઘરે-ઘરે જઈને ચકાસણી દ્વારા અયોગ્ય મતદારોને દૂર કરવાનો છે, તે અન્ય રાજ્યોમાં લાગુ કરવામાં આવી રહ્યો છે. વિરોધ પક્ષોનો દલીલ છે કે આસામમાં, જ્યાં NRCને કારણે નાગરિકતાનો મુદ્દો પહેલાથી જ ખૂબ જ સંવેદનશીલ છે અને રાજ્ય સરકારે અંતિમ NRC યાદી સ્વીકારી નથી, SIR લાગુ ન કરવું શંકાસ્પદ છે. તેઓ માને છે કે SIR લાગુ કરવાથી મતદાર યાદીની ચોકસાઈ સુનિશ્ચિત થઈ હોત અને અયોગ્ય નામોને દૂર કરવા માટે વ્યાપક પ્રયાસ શક્ય બન્યો હોત. SIRને ખાસ સુધારણા (SR) સાથે બદલવાને વિપક્ષ 'શુદ્ધિકરણ' પ્રક્રિયાને ધીમી કરવાના પ્રયાસ તરીકે જુએ છે, જે મુખ્યત્વે નવા નામો ઉમેરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. વધુમાં, ચૂંટણી પંચે આસામની વિશિષ્ટ કાનૂની સ્થિતિ અને NRCનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ NRC પોતે જ વણઉકેલાયેલ હોવાથી, આ દલીલ ખાતરીકારક નથી. NRCનો ઉપયોગ ફક્ત એક કવર તરીકે થઈ રહ્યો છે.

શું આ ભાજપ દ્વારા 'બેવડી યુક્તિ' છે ?

વિપક્ષ આને ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા 'બેવડી યુક્તિ' કહી રહ્યો છે. ભાજપે પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં (CAA દ્વારા) નાગરિકત્વની હિમાયત કરી છે, જ્યારે આસામમાં તેણે ૨૦૧૯ની NRC યાદીને નકારી કાઢી છે અને બાંગ્લાદેશની સરહદે આવેલા જિલ્લાઓમાં ૨૦% નામોની ફરીથી ચકાસણીની માંગ કરી છે. વિપક્ષનો આરોપ છે કે આસામમાં SIR લાગુ ન કરીને, ભાજપ એક તરફ NRC લાગુ કરવાના પોતાના વચનથી ફરી રહી છે, જેના કારણે યાદીને શુદ્ધ કરવાના વ્યાપક પ્રયાસોને અવરોધિત કરી રહી છે. બીજી તરફ, તે ૨૦૨૬ની ચૂંટણી પહેલા મતદાર યાદીને અંતિમ સ્વરૂપ આપવા માંગે છે જેથી તેના રાજકીય હિતોને ફાયદો થાય. એવો આરોપ છે કે પાર્ટી એવા મતદાતા જૂથો પ્રત્યે નરમ વલણ અપનાવી રહી છે જેમના નામ વ્યાપક SIR પ્રક્રિયા હેઠળ દૂર કરી શકાયા હોત, જે તેના વોટ-બેંક રાજકારણને અસર કરી શકે છે.

આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે વિપક્ષ સતત ભારતીય ચૂંટણી પંચ (ECI) પર શાસક ભાજપ સાથે મળીને કામ કરવાનો આરોપ લગાવી રહ્યું છે. NRC પહેલાથી જ આસામમાં તણાવપૂર્ણ વાતાવરણ બનાવી ચૂક્યું છે. આસામ સરકાર દરેક મોરચે એક ચોક્કસ સમુદાયને હાંસિયામાં ધકેલી રહી છે. આવી સ્થિતિમાં, SIRમાંથી આસામને બાકાત રાખવા માટે ECIનું ખાસ પગલું વિપક્ષના આરોપને વધુ મજબૂત બનાવે છે કે કમિશન કેન્દ્ર સરકારના ઈશારે કામ કરી રહ્યું છે.

ચૂંટણી પંચ સતત ભાજપની તરફેણમાં નિર્ણયો લઈ રહ્યું છે.

વિપક્ષનો દલીલ છે કે SIR લાગુ ન કરવાનો ECIનો નિર્ણય રાજકીય રીતે પ્રેરિત છે. આ ભાજપને નાગરિકતા અને મતદાર શુદ્ધિકરણ જેવા સંવેદનશીલ મુદ્દાઓ પર મજબૂત વલણ અપનાવવાથી અટકાવે છે. જો SIR લાગુ કરવામાં આવે તો તેના મુખ્ય મતદારો ગુસ્સે થશે. ભાજપના મુખ્ય મતદારોને NRC પસંદ નથી. આસામમાં ૨૦૨૬માં વિધાનસભાની ચૂંટણીઓ થવાની છે, તેથી શાસક ભાજપ ત્યાં મતદાર યાદી અંગે કોઈ વિવાદ ઇચ્છતો નથી. આસામ માટે અલગ યોજનાની જાહેરાતથી ECIની નિષ્પક્ષતા પર પ્રશ્ન ઉઠાવતા હાલના આરોપોને વધુ વેગ મળ્યો છે.

SIR વિરૂદ્ધ SR : મુખ્ય તફાવતો

● સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)એ મતદાર યાદીઓની ડોર-ટુ-ડોર ચકાસણી છે. તેનો પ્રાથમિક હેતુ અયોગ્ય એન્ટ્રીઓ દૂર કરવાનો છે. તેની મુખ્ય પદ્ધતિમાં ફરજિયાત ડોર-ટુ-ડોર ગણતરીનો સમાવેશ થાય છે, જ્યાં BLOને દરેક હાલના મતદારની શારીરિક ચકાસણી કરવાનું કામ સોંપવામાં આવે છે. આ પ્રક્રિયામાં, મતદારે પુરાવા આપવા પડશે અને તે પછી જ ચકાસણી પૂર્ણ થાય છે. પુરાવા આપવામાં નિષ્ફળતા મતદાર યાદીમાંથી નામ દૂર કરવામાં પરિણમે છે.

● તેનાથી વિપરીત, સ્પેશિયલ રિવિઝન (SR), જે નિયમિત સ્પેશિયલ સમરી રિવિઝન (SSR) જેવું જ છે, એટલે કે નવા મતદારો ઉમેરવા માટે, નવા મતદારો ઉમેરવા (ફોર્મ ૬), એન્ટ્રી સામે વાંધો (ફોર્મ ૭) અથવા સુધારાની વિનંતી (ફોર્મ ૮) માટે જનતા સ્વેચ્છાએ અરજીઓ સબમિટ કરે છે તેના પર આધાર રાખે છે. આ સિસ્ટમ હેઠળ, હાલના મતદારનું નામ યાદીમાં રહે છે જ્યાં સુધી તેમની સામે કોઈ ચોક્કસ વાંધો અથવા ફરિયાદ દાખલ ન થાય.

SIR અને આસામના બાકાત રાખવા માટે કાનૂની પડકાર

આ દેશવ્યાપી SIR કવાયતને હાલમાં વિરોધ પક્ષો અને એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ જેવા નાગરિક સમાજ જૂથો દ્વારા પડકારવામાં આવી રહી છે. તેને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી રહ્યો છે. કેરળની ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગે પણ SIRને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. તમિલનાડુની DMK અને બંગાળની TMCએ પણ સુપ્રીમ કોર્ટમાં તેને પડકાર્યો છે. કાનૂની પડકાર ECIના અધિકારક્ષેત્ર પર કેન્દ્રિત છે. અરજદારો દલીલ કરે છે કે SIRમાં દસ્તાવેજીકરણની માંગ નાગરિકતા ચકાસણી કવાયત છે, જે સત્તા તેઓ માને છે કે ફક્ત કેન્દ્ર સરકાર પાસે છે. બિહારમાં SIRના પ્રથમ તબક્કાના પરિણામે મતદાર યાદીમાંથી ૬.૮ મિલિયનથી વધુ નામો કાઢી નાખવામાં આવ્યા, જેનાથી સરકાર અને ચૂંટણી પંચના ગુપ્ત હેતુઓ હોવાના દાવાઓને મજબૂતી મળી. બિહારમાં, તે સ્પષ્ટપણે દેખાઈ રહ્યું હતું કે લોકોની નાગરિકતા ચકાસવામાં આવી હતી અને જો પુરાવા પૂરા પાડવામાં ન આવ્યા હોય તો નામો કાઢી નાખવામાં આવ્યા હતા.

● બિહાર SIRને અનુસરીને, DMK પ્રવક્તા સરવનન અન્નાદુરાઈએ પૂછ્યું, 'ECI નાગરિકતા માપદંડ કેમ રજૂ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે ? શું ભારતીય ચૂંટણી પંચ નાગરિકતા શોધ એકમ છે ?'

આસામને SIRમાંથી બાકાત રાખવાની જાહેરાત સૌપ્રથમ ૨૭ ઓક્ટોબરે કરવામાં આવી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારે નાગરિકતા અધિનિયમ, ૧૯૫૫ની કલમ ૬A અને રાષ્ટ્રીય નાગરિક નોંધણી (NRC) પ્રક્રિયા હેઠળ રાજ્યની અનન્ય કાનૂની સ્થિતિનો ઉલ્લેખ કર્યો હતો.

આસામમાં NRC સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ હાથ ધરવામાં આવી રહી છે. તેને ૩૧ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ રૂા.૧,૬૦૦ કરોડથી વધુના ખર્ચે અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું. આસામ કરારની ૨૪ માર્ચ, ૧૯૭૧ની કટ-ઓફ તારીખના આધારે, આ પ્રક્રિયામાં ૩.૩ કરોડ અરજદારોમાંથી આશરે ૧૯ લાખ લોકોને બાકાત રાખવામાં આવ્યા હતા.

જો કે, ભારતના રજિસ્ટ્રાર જનરલ દ્વારા આ યાદીને ઔપચારિક રીતે સૂચિત કરવામાં આવી નથી. એક વિવાદાસ્પદ પગલામાં, ભાજપની આગેવાની હેઠળની રાજ્ય સરકારે ૨૦૧૯ની યાદી સ્વીકારી નથી. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ વારંવાર બાંગ્લાદેશની સરહદે આવેલા જિલ્લાઓમાં ૨૦% અને અન્ય જિલ્લાઓમાં ૧૦% નામોની ફરીથી ચકાસણી કરવાની માંગ કરી છે. જો કે, ચૂંટણી પંચનો આ નિર્ણય એવા સમયે પણ આવ્યો છે જ્યારે શાસક ભાજપ આસામ અને પડોશી પશ્ચિમ બંગાળમાં નાગરિકતા અંગે અલગ વલણ અપનાવી રહ્યું છે, જ્યાં પણ ચૂંટણીઓ યોજાવાની છે. પશ્ચિમ બંગાળમાં, પાર્ટીએ બિન-મુસ્લિમ બંગાળી સ્થળાંતર કરનારાઓ માટે ઝડપી નાગરિકતા આપવાનું સમર્થન કર્યું છે, જ્યારે આસામમાં, બંગાળી ભાષીઓના સ્થળાંતર અંગે સ્થાનિક સંવેદનશીલતાને કારણે આ મુદ્દો વધુ વિવાદાસ્પદ છે.

CELEBRATING EXCELLENCE 35 years GT

ક્યા બાત હૈ ?!

કાયર ! કડક સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં અંદર ઘૂસીને તમાચો મારી ગયો !

- જામી

મેકોલે શિક્ષણથી સર્જાયેલી ગુલામીની માનસિકતાથી ભારતને મુક્ત કરીશ : ભારતીય શિક્ષણ વ્યવસ્થાનો ૧૦ વર્ષનો રોડ મેપ જાહેર કરતા પીએમ મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ''મેકોલે માનસિકતા''થી છુટકારો મેળવવાના રાષ્ટ્રીય સંકલ્પ માટે અનુરોધ કર્યો હતો અને ૧૮૩૫થી દેશમાં લાગુ કરવામાં આવેલી શિક્ષણ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન લાવીને બ્રિટિશ યુગના શિક્ષણ તંત્ર પરના પ્રભુત્વ અને અસરને ઉલટાવી નાખવા માટે દસ વર્ષના મિશનનો શુભારંભ કર્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત દેશ ઉપર લાગુ કરવામાં આવેલી મેકોલે શિક્ષણ પદ્ધતિની ગુલામીની માનસિકતાથી દેશને મુક્ત કરવા માટેના રાષ્ટ્રીય સંકલ્પ માટે આહ્વાન કર્યું હતું અને મેકોલેના વારસાને ખતમ કરવા માટે અને ઉલટાવી નાખવા માટે મેકોલે શિક્ષણ અભિયાનની બસોમી વાર્ષિક તિથિ પર આ માનસિકતાને દૂર કરવા માટેના દસ વર્ષના રોડ મેપની તેમણે જાહેરાત કરી હતી.

૧૮૩૫માં ભારતમાં લાગુ કરવામાં આવેલી મેકોલે શિક્ષણ પદ્ધતિનો તેઓએ ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે આ પદ્ધતિને કારણે વાતચીત અને શિક્ષણ પદ્ધતિનું માધ્યમ અંગ્રેજી ભાષા નક્કી કરવામાં આવ્યું હતું અને પશ્ચિમી સાહિત્ય તથા સંસ્કૃતિ તેમજ વિજ્ઞાન અને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું અને ભારતની પરંપરાગત શિક્ષણ વ્યવસ્થાની અવગણના કરવામાં આવી હતી. વડાપ્રધાને જણાવ્યું હતું કે ૧૮૩૫માં બ્રિટનના એક સાંસદ થોમસ બાર્બી ગટન મેકોલે દ્વારા ભારતને તેના મૂળિયાથી અલગ કરવા માટે એક વ્યાપક અને મોટું અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું અને તેમણે પોતાનો એવો ઇરાદો જાહેર કર્યો હતો કે હું એવા ભારતીય લોકોનું સર્જન કરવા માંગું છું જે દેખાવમાં ભારતીય હોય પણ વિચારમાં બ્રિટિશ હોય.

પીએમ મોદીએ આગળ ઉમેર્યું હતું કે આ રીતે મેકોલેએ આપણા આત્મવિશ્વાસને ભાંગી નાખ્યો હતો અને આપણી અંદર લઘુતાગ્રંથિનું સિંચન કરી દીધું હતું. બ્રિટનના આ સાંસદે એક

જ ઝાટકે આપણી તમામ જીવન પદ્ધતિ અને આપણી જીવન વિચારધારાને કચરાપેટીમાં નાખી દીધી હતી. અને એ સમયે જ એવી માન્યતા આપણામાં ઘર કરી ગઈ હતી કે કોઈપણ વસ્તુ સિદ્ધ કરવી હોય કે સંશોધન કે સિદ્ધિ પ્રાપ્ત કરવા હોય તો વિદેશી માર્ગ જ આપણે અપનાવો પડશે. આઝાદી પછી આ માનસિકતા વધુ મજબૂત બની ગઈ હતી અને આપણી પોતાની જીવન શૈલી અને વિચારધારા માટેના ગૌરવની ભાવના ક્રમે ક્રમે નબળી પડી ગઈ હતી. મોદીએ કહ્યું હતું કે ૧૯૪૭ પછી પણ લાંબા સમય સુધી આપણી આ લઘુતાગ્રંથિ ચાલુ રહી હતી. ભારતની પરંપરાગત શિક્ષણ વ્યવસ્થા એ એક યુગમાં આપણામાં સાંસ્કૃતિક ગૌરવનું સિંચન કર્યું હતું અને કૌશલ્ય તથા સ્કોલરશીપ પર વધારે ભાર મૂક્યો હતો અને એ કારણે જ મેકોલેએ આપણી શિક્ષણ વ્યવસ્થાની આધારશીલા જ તોડી પાડી હતી અને તેમાં તે સફળ થયા હતા. એ સમયગાળા દરમિયાન બ્રિટિશ ભાષા અને બ્રિટિશ વિચારસરણીને જ સૌ અપનાવે અને તેને પ્રાધાન્ય મળે તેવી કામગીરી કરવામાં આવી હતી અને ભારતે તે માટે સદીઓ સુધી કિંમત ચૂકવવી પડી છે.

તેમણે એ વાતની નોંધ લીધી હતી કે મેકોલેની આ પદ્ધતિને કારણે જ મહાત્મા ગાંધીની સ્વદેશીની ફિલસુફીમાં અવરોધો ઊભા કરવામાં આવ્યા હતા અને તેને રોકવામાં આવી હતી કેમ કે કોઈ પણ પ્રકારના સંશોધન અને સિદ્ધિ માટે ભારતીય વિદેશ તરફ જ જોવા લાગ્યા હતા અને સ્વદેશીની ગાંધીજીને ફિલસુફીને ધ્યાનમાં લેવાનું બંધ કરી દેવામાં આવ્યું હતું. હકીકતે ગાંધીજીની સ્વદેશીની ફિલસુફી દેશની આઝાદીની લડતનો પાયો નાખવામાં નિમિત્ત બની હતી. જો કે તેની અવગણના કરવામાં આવી હતી અને આપણે શાસનની પદ્ધતિ માટે તથા સંશોધનો માટે વિદેશ તરફ જ નજર દોડાવવા લાગ્યા હતા. આ માનસિકતાને કારણે આયાતી વિચારો તથા આયાતી માલ સામાન અને હયાતી સેવાઓને જ સર્વોપરી ગણવાની વૃત્તિ દૃઢ બની ગઈ હતી.

વડાપ્રધાને સ્પષ્ટ કહ્યું હતું કે જ્યારે કોઈ દેશ પોતાનું જ સન્માન કરવામાં અને ગૌરવ અનુભવવામાં નિષ્ફળ જાય છે ત્યારે તેની સમગ્ર સ્વદેશી વ્યવસ્થા જીવન શૈલી અને રીતભાતને જ એ નકારી કાઢે છે અને મેડ ઇન ઇન્ડિયા ઉત્પાદન માળખા સહિતની આંતરિક સિસ્ટમનો અંત આવી જાય છે.

તેમણે ઉમેર્યું હતું કે હું સમગ્ર દેશને અપીલ કરું છું કે આવનારા એક દાયકામાં આપણે ભારત ઉપર લાદી દેવામાં આવેલી મેકોલે ગુલામીની માનસિકતાથી દેશને મુક્ત કરવાનો આપણે નિર્ધાર કરવાનો છે એટલે જ આવનારા ૧૦ વર્ષ અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે.

વડાપ્રધાન છઠ્ઠા રામનાથ ગોયંકા પ્રવચન શ્રેણીમાં પોતાનું વક્તવ્ય આપી રહ્યા હતા.

યુપીમાં, પતિએ જુગારમાં ધકેલી દેતાં મહિલા પર સામૂહિક બળાત્કાર; સસરા, સંબંધીઓ પર પણ આરોપ

નવી દિલ્હીઃ ઉત્તરપ્રદેશના બાગપતના નિવાડા ગામની એક યુવતીએ લગ્નના થોડા દિવસો પછી જ તેના સાસરિયાઓ દ્વારા કરવામાં આવેલા અમાનવીય અત્યાચારોની કરુણ કહાણી કહી છે. પીડિતાના જણાવ્યા મુજબ, તેણે ગયા વર્ષે ઓક્ટોબરમાં મેરઠના ખીવાઈ ગામના દાનિશ સાથે લગ્ન કર્યા હતા. જોકે, લગ્ન પછી તેનું ઘર જીવતું નર્ક બની ગયું. મહિલાએ આરોપ લગાવ્યો હતો કે તેનો પતિ દાનિશ જુગાર રમવાનો વ્યસની હતો અને રમત હાર્યાના એક દિવસ પછી, તેણે તેની પત્નીને દાવ પર લગાવી દીધી. ત્યારબાદ જે ગુનો થયો તે માનવતાને શરમજનક હતો. તેના પતિ હાર્યા પછી, આઠ પુરુષોએ વારાફરતી તેના પર બળાત્કાર કર્યો. પીડિતાએ ત્રણ આરોપીઓ, ઉમેશ ગુમા, મોનુ અને અંશુલનું નામ આપ્યું, જે બધા ગાઝિયાબાદના રહેવાસી છે. આરોપો ત્યાં જ સમાપ્ત થયા નહીં. પીડિતાએ દાવો કર્યો હતો કે તેના સાળા શાહિદ અને ભાભીના પતિ શૌકિને પણ તેની સાથે બળજબરીથી શારીરિક સંબંધો બાંધ્યા હતા.

ગુરુગ્રામમાં દરવાજો ઓટો-લોક થતાં ૫ વર્ષના છોકરાનું ૨૨મા માળની બાલ્કનીમાંથી પડી જવાથી મોત

નવી દિલ્હીઃ પોલીસે રવિવારે જણાવ્યું હતું કે, ગુરુગ્રામમાં એક બહુમાળી રહેણાંક ટાવરના ૨૨મા માળની બાલ્કનીમાંથી પડી જવાથી પાંચ વર્ષના છોકરાનું મોત થયું હતું. આ ઘટના શનિવારે સાંજે ૫:૩૦ વાગ્યાની આસપાસ સેક્ટર ૬૨માં આવેલી પાયોનિયર પ્રેસિડિયા હાઉસિંગ સોસાયટીમાં બની હતી, જ્યારે બાળક, રુદ્ર તેજ સિંહ, રમીને ઘરે પાછો ફર્યો હતો. તેની સાથે એક ઘરનો નોકર પણ હતો, જ્યારે તેના પિતા, પ્રકાશ ચંદ્ર, એક બિલ્ડર અને તેની માતા, એક ડોક્ટર, બહાર હતા. પોલીસના જણાવ્યા અનુસાર, રુદ્ર લિફ્ટમાંથી બહાર નીકળતાની સાથે જ તે ફ્લેટમાં દોડી ગયો. ઓટો-લોક સિસ્ટમ ધરાવતો મુખ્ય દરવાજો તેની પાછળ બંધ થઈ ગયો, જેના કારણે ઘરનો નોકર બહારથી બંધ થઈ ગયો. એકલો અને ડરી ગયેલો, બાળક બાલ્કનીમાં ગયો અને મદદ માટે બૂમો પાડતો કપડાં સૂકવવાના બાર પર ચઢી ગયો. પોલીસે જણાવ્યું કે, તેના માતા-પિતાનો એકમાત્ર પુત્ર, છોકરાએ સંતુલન ગુમાવ્યું અને ૨૨મા માળેથી પડી ગયો. રહેવાસીઓએ છોકરાને નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ તેને પહોંચતા જ મૃત જાહેર કર્યો. આ ઘટનાને દુઃખદ ઘટના ગણાવતા, એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ ઘટના અંગે ફરિયાદ નોંધવામાં આવી છે અને રવિવારે પોસ્ટમોર્ટમ પછી બાળકનો મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો.

FEMA કેસમાં અનિલ અંબાણી બીજી વખત ED સમન્સ ટાળ્યા, વર્ચ્યુઅલી જુબાની આપવા તૈયાર હોવાનું જણાવ્યું

નવી દિલ્હીઃરિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીએ સોમવારે ફરી એકવાર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા સમન્સ મોકલવામાં આવ્યું ન હતું, જે એક દાયકાથી વધુ જૂના લાંબા સમયથી ચાલી રહેલા ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (FEMA) કેસમાં રૂબરૂ હાજર થવાનો ઇન્કાર કર્યો હતો. અંબાણીએ વર્ચ્યુઅલ હાજરી અથવા રેકોર્ડેડ વીડિયો દ્વારા જુબાની આપવાની પોતાની તૈયારીનો પુનરોચ્ચાર કર્યો હતો, જે ઓફર એજન્સીએ ૧૪ નવેમ્બરના રોજ સમન્સ મોકલવામાં નિષ્ફળ જતા પહેલા જ નકારી કાઢી હતી. ED દ્વારા નવી હાજરીની માંગ કરવામાં આવી હતી, જોકે તે અનિશ્ચિત છે કે ત્રીજો સમન્સ જારી કરવામાં આવશે કે નહીં. તપાસ, જે ૨૦૧૦થી ચાલી રહી છે, તે જયપુર-રીંગસ હાઇવે પ્રોજેક્ટની આસપાસ ફરે છે, જે રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ દ્વારા આપવામાં આવેલ એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન (EPC) કોન્ટ્રાક્ટ છે. સૂત્રો જણાવે છે કે FEMA હેઠળ વ્યાપક સિવિલ કાર્યવાહીનો ભાગ, EDની તપાસમાં અગાઉ સુરત સ્થિત શેલ કંપનીઓ દ્વારા દુબઈમાં ૪૦ કરોડ રૂપિયાના કથિત ટ્રેઈલનો પર્દાફાશ થયો હતો, જે ૬૦૦ કરોડ રૂપિયાથી વધુના આંતરરાષ્ટ્રીય હવાલા નેટવર્કનો સંકેત આપે છે. આ ઘટનાક્રમ એજન્સી દ્વારા તાજેતરમાં મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળ અંબાણીની ૭,૫૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કર્યા બાદ થયો છે.

દિલ્હીના બોમ્બ વિસ્ફોટ પછીના દિવસોમાં ફરી એકવાર રાજધાનીમાં પાંચ અદાલતો અને બે CRPF શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ઈમેલ ધમકી મળી

બોમ્બ ડિસ્પોઝલ ટુકડીઓ સાકેત કોર્ટ સહિત જ્યાં જ્યાં ધમકી મળી એ તમામ સ્થળો પર ધસી ગઈ અને અગમચેતીના પગલાં રૂપે તપાસ શરૂ કરવામાં આવી

નવી દિલ્હી : દિલ્હીમાં બોમ્બ ધડાકો થયા અને ગણતરીના દિવસોમાં જ દિલ્હીની પાંચ અદાલતો અને બે સીઆરપીએફ શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ઈમેલથી મળ્યા પછી તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી હતી. બોમ્બ ડિસ્પોઝલ ટુકડીઓ સાથે પોલીસનો મોટો કાફલો આ તમામ સ્થળો પર ધસી ગયો હતો અને સાંકેત કોર્ટ સહિત તમામ પાંચ અદાલતો તથા શાળાઓમાં સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. સાંકેતની અદાલતમાં લંચ સુધી કામગીરી થંભાવી દેવામાં આવી હતી અને બાદમાં શરૂ કરવામાં આવી હતી. તમામ અદાલતોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ લોખંડી બનાવવામાં આવી છે અને પોલીસ કર્મીઓને પણ એકદમ હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે અને તમામ સ્થળો પર અગમચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

કરિશ્મા કપૂરના બાળકોએ નવી અરજીમાં દાવો કર્યો છે કે પ્રિયાએ પિતા સંજયનું બનાવટી વસિયતનામુ બનાવ્યું હતું

નવી દિલ્હી : કરિશ્મા કપૂરના બાળકો, જેઓ તેમના સ્વર્ગસ્થ પિતા સંજય કપૂરની ૩૦,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ અંગે કાનૂની લડાઈમાં ફસાયેલા છે, તેમણે દિલ્હી હાઈકોર્ટમાં નવી અરજી દાખલ કરી છે જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે તેમનું વસિયતનામું બનાવટી છે અને તેના પરની સહી બનાવટી છે. ભારતીય-અમેરિકન ઉદ્યોગપતિનું વિવાદિત વસિયતનામું તેમની લગભગ સંપૂર્ણ સંપત્તિ તેમની પત્ની પ્રિયા સચદેવ કપૂરને વારસામાં આપે છે, જેમાં અભિનેતા કરિશ્મા કપૂર સાથેના તેમના અગાઉના લગ્નના તેમના બાળકો, તેમજ તેમની માતા અને ભાઈ-બહેનોને બાકાત રાખવામાં આવ્યા છે. તેમની અરજીમાં, સમાયરા કપૂર અને તેના ભાઈએ દલીલ કરી છે કે વસિયતનામુ બનાવટી છે અને તેના પરની સહીઓ તેમના પિતા સંજય કપૂરની નથી. તેમનો આરોપ છે કે પ્રિયાએ સાક્ષીઓ સાથે મળીને દસ્તાવેજો ખોટા બનાવ્યા છે.

ઓડિયા ગાયક હુમાને સાગરનું ૩૬ વર્ષની વયે અવસાન, મુખ્યમંત્રી મોહન માઝીએ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો

નવી દિલ્હીઃ ઓડિયા પ્લેબેક ગાયક હુમન સાગરનું સોમવારે રાત્રે ભુવનેશ્વર સ્થિત ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઈમ્સ) માં સારવાર દરમિયાન અવસાન થયું. તેઓ ૩૬ વર્ષના હતા. હોસ્પિટલ દ્વારા જારી કરાયેલા મેડિકલ બુલેટિન મુજબ, સાગરને શુક્રવારે બાયપાયલેટર ન્યુમોનિયા, એક્યુટ ઓન ક્રોનિક લિવર ફેલ્યોર (ACLF), મલ્ટી-ઓર્ગન ડિસફંક્શન સિન્ડ્રોમ અને અનેક સંબંધિત ગૂંચવણો સાથે દાખલ કરવામાં આવ્યા હતા. સઘન સારવાર છતાં, ગાયકનું ૧૭ નવેમ્બરના રોજ રાત્રે ૯:૦૮ વાગ્યે અવસાન થયું. મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ સાગરના અકાળ મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો. સોશિયલ મીડિયા પર તેમની પોસ્ટ પર લખ્યું, પ્રખ્યાત પ્લેબેક ગાયક હુમન સાગરના અવસાન વિશે જાણીને મને ખૂબ દુઃખ થયું છે. તેમનું અવસાન આપણા સંગીત અને સિનેમા માટે એક અપૂર્ણ નુકસાન છે. હું શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું અને દિવંગત આત્માની શાંતિ માટે ભગવાનને પ્રાર્થના કરું છું. ઓમ શાંતિ.

બેંગ્લુરૂ એરપોર્ટ પર CISF દ્વારા છરીથી હુમલો ટાળવામાં આવ્યો; આરોપીની ધરપકડ

નવી દિલ્હીઃ દિલ્હી વિસ્ફોટ પછી જારી કરાયેલા હાઇ એલર્ટને પગલે, રવિવારે મોડી રાત્રે કેમ્પેગૌડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF)ના જવાનોએ છરીના હુમલાને ટાળ્યો. ૧૬ નવેમ્બરના રોજ, રાત્રે ૧૧:૫૯ વાગ્યે, ટર્મિનલ ૧ના આગમન લેન પાસે સોહેલ અહેમદ તરીકે ઓળખાતો એક વ્યક્તિ ચાકુ લઈને બે ટેક્સી ડ્રાઈવરો તરફ દોડતો જોવા મળ્યો. સહાયક સબ ઇન્સ્પેક્ટર/એક્ઝિક્યુટિવ (ASI/એક્ઝિક્યુટિવ) સુનિલ કુમાર, બે ફરજ પરના CISF કર્મચારીઓ સાથે, ઘટનાની જાણ થતાં, ઝડપથી દરમિયાનગીરી કરી, હુમલાખોરને કાબુમાં લીધો અને જાહેર જનતાને કોઈ નુકસાન પહોંચાડ્યા વિના હથિયાર કબજે કર્યું,એમ સૂત્રોએ TNIEને જણાવ્યું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે અહેમદ અને લક્ષિત વ્યક્તિઓ, ટેક્સી ડ્રાઈવરો, જગદીશ જેઆર અને રેણુ કુમાર, એકબીજાને ઓળખતા હતા. પૂછપરછ દરમિયાન, આરોપીએ CISFને જણાવ્યું હતું કે આગલી રાત્રે જગદીશ અને બે ડ્રાઈવરો, રેણુ કુમાર અને ગંગાધર અંગાડી દ્વારા તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. અહેમદ બદલો લેવા માટે બંને પર હુમલો કરવા માટે સશસ્ત્ર પાછો ફર્યો, જે બદલો લેવાનું કૃત્ય હોવાનું જણાય છે.

આંધ્રપ્રદેશમાં ૨૬ ઘાતક હુમલાઓ પાછળ જવાબદાર ટોચના માઓવાદી કમાન્ડર માધવી હિડમાનું મોત

નવી દિલ્હીઃ મંગળવારે આંધ્રપ્રદેશના અલ્લુરી સીતારામ રાજુ જિલ્લામાં એક એન્કાઉન્ટરમાં ટોચના માઓવાદી કમાન્ડર માધવી હિડમાનું મોત થયું હતું. એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા છ માઓવાદીઓમાં તે અને તેની પત્નીનો પણ સમાવેશ થાય છે. ૫૦ લાખ રૂપિયાનું ઈનામ ધરાવતું હિડમા (૪૩) ૨૦૧૦ના દંતેવાડા હુમલા, ૨૦૧૩ના ઝીરામ ખીણ હત્યાકાંડ અને ૨૦૨૧ના સુકમા-બીજાપુર એન્કાઉન્ટરમાં સામેલ હતું. તે લાંબા સમયથી સુરક્ષા દળોની દેખરેખ હેઠળ હતો. આંધ્રપ્રદેશ-છત્તીસગઢ-ઓડિશા સરહદ નજીક માઓવાદીઓની હિલચાલ વિશે સુરક્ષા કર્મચારીઓને ગુપ્ત માહિતી મળ્યા બાદ આ એક્રાઉન્ટર શરૂ કરવામાં આવ્યું હતું. હિડમાની બીજી પત્ની રાજે (રાજક્કા) પણ એક્રાઉન્ટરમાં તેના અને તેના અંગરક્ષકો સાથે માર્યા ગયા હતા. જિલ્લા પોલીસ અધિક્ષક (એસપી) અમિત બારદારે સમાચાર એજન્સી પીટીઆઈને જણાવ્યું હતું કે, ગોળીબારમાં ચાર પુરુષો અને બે મહિલાઓ માર્યા ગયા છે.

મતદાર યાદી રિવિઝન કામના દબાણથી હતાશ થયેલા જયપુરના શિક્ષકે આત્મહત્યા કરી

૪૮ વર્ષના મુકેશ જાંગીડની સુસાઈડ નોંધમાં લખ્યું હતું કે SIR કવાયતને લગતી કામગીરી અંગે સુપરવાઈઝર તરફથી મારા ઉપર ખૂબ દબાણ છે, એમના ખિસ્સામાંથી સુસાઈડ નોંધ મળી આવી હતી

(એજન્સી) જયપુર, તા.૧૮

મતદાર યાદી રિવિઝન કવાયતના કામના દબાણથી ત્રાસી ગયેલા એક સિનિયર શિક્ષકે સોમવારે ચાલતી ટ્રેનની સામે ઝંપલાવી દઈને આત્મહત્યા કરી લીધી હોવાનું પોલીસમાં જાહેર થયું છે. ૪૮ વર્ષના આ શિક્ષક મુકેશ જાંગીડના ખિસ્સામાંથી સુસાઈડ નોંધ પણ મળી આવી હતી જેમાં એસઆઈઆર કામગીરી અંગે સુપરવાઈઝર તરફથી ભારે દબાણ હોવાનો ઉલ્લેખ હતો.

પોલીસે જણાવ્યું હતું કે સવારે ૪:૩૦ વાગ્યે મુકેશ એમના મોટરસાયકલ પર કામે જવા નીકળ્યા હતા અને પછી તેઓ બિંદાયકા રેલવે ક્રોસિંગ તરફ પહોંચી ગયા હતા અને ટ્રેનની સામે કુદકો મારીને આપઘાત કરી દીધો હતો. રેલવે સ્ટેશનના અધિકારીએ બનાવ બન્યા પછી તપાસ કરવાનું આદેશ આપ્યો હતો. શિક્ષક જયપુરમાં નહરી કા બાસ ખાતે આવેલી સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા હતા અને બુથ લેવલ ઓફિસર તરીકે પણ કામગીરી કરી રહ્યા હતા. તેમના ભાઈ ગજાનંદે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસોથી તેઓ ખૂબ જ માનસિક રીતે હતાશાની સ્થિતિમાં દેખાયા હતા. ગઈકાલે રાત્રે મતદાર નોંધણી ફોર્મ ભરવા માટે તેમના મિત્ર પણ મદદ કરવા આવ્યા હતા પરંતુ વહેલી સવારે તેઓ નીકળી ગયા હતા અને આ ઘટના બની હતી. મરનારના ખિસ્સામાંથી સુસાઈડ નોંધ મળી હતી જેમાં આ કામગીરી માટેના સુપરવાઈઝર સીતારામનું નામ દર્શાવવામાં આવ્યું હતું અને એ કામગીરી એસઆઈઆર અંગેની ઝડપથી પૂરી કરવા માટે દબાણ કરી રહ્યાનું નોંધમાં મૃત શિક્ષકે દર્શાવ્યું હતું. સુપરવાઈઝર સસ્પેન્ડ કરાવી દેવાની ધમકી આપતો હોવાનું પણ નોંધમાં જણાવ્યું હતું. પોલીસ આ નોંધના આધારે તપાસ કરી રહી છે. શિક્ષકના પરિવારજનોએ સુપરવાઈઝર સામે એફઆઈઆર દાખલ ન કરવા બદલ પોલીસની ભારે ટીકા કરી હતી. પરિવારજનો કહે છે કે એસઆઈઆરને કારણે કામગીરીનું ખૂબ જ દબાણ એમના ઉપર હતું પરંતુ પોલીસે હજુ કેસ પણ દાખલ કર્યો નથી. પોલીસે આ અંગે મીડિયા સાથે કોઈ વાતચીત કરી નહોતી.

બેંકિંગ અને કોર્પોરેટ છેતરપિંડીના આરોપઃ અનિલ અંબાણી સહિત કેન્દ્ર, CBI, EDને સુપ્રીમ કોર્ટની નોટિસ

(એજન્સી) તા.૧૮

સુપ્રીમ કોર્ટે આજે કેન્દ્ર સરકાર, સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (CBI), એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED), ઉદ્યોગપતિ અનિલ અંબાણી અને અન્યોને એક જાહેર હિતની અરજી (PIL)ના સંદર્ભમાં નોટિસ જારી કરી છે.

આ PILમાં રિલાયન્સ કોમ્યુનિકેશન્સ (RCOM), તેની ગ્રુપ કંપનીઓ અને તેમના પ્રમોટર સાથે સંકળાયેલા કથિત બેંકિંગ અને કોર્પોરેટ છેતરપિંડીની મોટાપાયે તપાસ કોર્ટની દેખરેખ હેઠળ કરાવવાની માંગ કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટની કાર્યવાહી

મુખ્ય ન્યાયાધીશ બી આર ગવઈ અને જસ્ટિસ કે વિનોદ ચંદ્રનનો સમાવેશ કરતી બેન્ચે PIL દાખલ કરનાર ભૂતપૂર્વ કેન્દ્રીય સચિવ ઈ એ એસ શર્મા તરફથી હાજર રહેલા વકીલ પ્રશાંત ભૂષણની રજૂઆતોની નોંધ લીધી હતી.

બેન્ચે નોટિસનો જવાબ ત્રણ સપ્તાહમાં દાખલ કરવા આદેશ આપ્યો છે.

મુખ્ય ન્યાયાધીશે કહ્યું, "ત્રણ અઠવાડિયામાં જવાબ આપવા માટે નોટિસ ઇશ્યુ કરો. તેમને તેમનો જવાબ દાખલ કરવા દો."

આ PIL પર હવે ત્રણ અઠવાડિયા પછી વધુ સુનાવણી થશે.

અરજીકર્તાના મુખ્ય આરોપો

વકીલ પ્રશાંત ભૂષણે બેન્ચ સમક્ષ આરોપ મૂક્યો હતો કે તપાસ એજન્સીઓ બેંકો અને તેમના અધિકારીઓની આ વિશાળ બેંકિંગ છેતરપિંડીમાં કથિત સંડોવણીની તપાસ કરી રહી નથી.

PILમાં અનિલ અંબાણીના નેતૃત્વ હેઠળના રિલાયન્સ ADA ગ્રુપની બહુવિધ સંસ્થાઓમાં જાહેર ભંડોળના વ્યવસ્થિત ડાયવર્ઝન, નાણાકીય નિવેદનોની બનાવટ અને સંસ્થાકીય સાંઠગાંઠનો આરોપ મૂકવામાં આવ્યો છે. પૂરતી તપાસનો અભાવઃ અરજીમાં દાવો કરાયો છે કે CBI દ્વારા ૨૧ ઓગસ્ટના રોજ નોંધાયેલી FIR અને EDની કાર્યવાહી કથિત છેતરપિંડીના માત્ર એક નાના ભાગને જ સંબોધિત કરે છે.

ગંભીર નિષ્ઢળતા : અરજીમાં જણાવાયું છે કે વિગતવાર ફોરેન્સિક ઓડિટમાં ગંભીર અનિયમિતતાઓ દર્શાવવામાં આવી હોવા છતાં, કોઈ પણ એજન્સી બેંક અધિકારીઓ, ઓડિટરો અથવા નિયમનકારોની ભૂમિકાની તપાસ કરી રહી નથી, જેને "ગંભીર નિષ્ઢળતા" કહેવામાં આવી છે.

અગાઉની માન્યતા : અરજીમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ભંડોળના વ્યવસ્થિત છેતરપિંડી અને ડાયવર્ઝનના તારણોને બોમ્બે હાઈકોર્ટના નિર્ણયમાં ન્યાયિક રીતે "માન્યતા" આપવામાં આવી છે. વકીલ પ્રશાંત ભૂષણે CBI અને EDને આ કેસમાં બેંકો અને તેમના અધિકારીઓ વિરૂદ્ધ ચાલી રહેલી તપાસ સંબંધિત સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપવા વિનંતી કરી છે.

લાલ કિલ્લા વિસ્ફોટમાં મૃત્યુઆંક ૧૫ પર પહોંચ્યો, દિલ્હીની હોસ્પિટલમાં વધુ બે ઘાયલોનાં મોત

(એજન્સી) તા.૧૮

૧૦ નવેમ્બરના રોજ લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટમાં મૃત્યુઆંક ૧૫ થયો છે, જેમાં બે ઘાયલોના LNJP હોસ્પિટલમાં મૃત્યુ થયા છે, એમ સોમવારે એક અધિકારીએ જણાવ્યું હતું. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે મૃતકોની ઓળખ લુકમાન (૫૦) અને વિનય પાઠક (૫૦) તરીકે થઈ છે. અધિકારીએ જણાવ્યું કે ગયા ગુરૂવારે સારવાર દરમિયાન અન્ય એક પીડિત બિલાલનું મૃત્યુ થયું હતું, જેના કારણે મૃત્યુઆંક ૧૩ થયો છે. આ તાજેતરના મૃત્યુ સાથે, ઉચ્ચ-તીવ્રતાવાળા વિસ્ફોટમાં મૃત્યુઆંક હવે ૧૫ થયો છે, જ્યારે ઘણા લોકો હજુ પણ સારવાર હેઠળ છે. દિલ્હી પોલીસે જણાવ્યું કે તેમને હોસ્પિટલમાંથી તાજેતરના મૃત્યુ વિશે માહિતી મળી છે અને ટૂંક સમયમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવશે.

કોંગ્રેસ SIRનો કાનૂની, સંસ્થાકીય રીતે અને રાજકીય રીતે વિરોધ કરવાનું ચાલુ રાખશે : રાહુલ ગાંધી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે ભારપૂર્વક જાહેર કર્યું હતું કે કોંગ્રેસ કાનૂની રીતે, પક્ષ તરફથી સંસ્થાકીય ધોરણે અને રાજકીય રીતે SIR સામેની લડત ચાલુ રાખશે. કોંગ્રેસની એક મહત્ત્વની ચાવીરૂપ બેઠકમાં બોલતાં રાહુલ ગાંધીએ મતદાર યાદી સ્પેશિયલ રિવિઝન કવાયત સામે અનેક સવાલો ઉઠાવ્યા હતા અને જણાવ્યું હતું કે અમે રાજકીય રીતે, સંસ્થાકીય રીતે અને કાનૂની માર્ગે આ કવાયત સામેનો સંઘર્ષ ચાલુ રાખીશું. લોકસભા વિરોધ પક્ષના નેતાએ જણાવ્યું હતું કે ભૂલરહિત અને ચોખ્ખી મતદાર યાદીઓ આપવાની ચૂંટણી પંચની ફરજ છે પરંતુ પોતાની ફરજ બજાવવાને બદલે ચૂંટણી પંચ રાજકીય પક્ષો પર જવાબદારી થોપી રહ્યું છે. ખૂબ જ ઉતાવળે SIR કવાયત ચાલી રહી છે અને તેનો ઈરાદો સાચા અને યથાર્થ મતદારોના નામો કાઢી નાંખવાનો છે.

કોંગ્રેસની સમીક્ષા બેઠકમાં કોંગ્રેસ પ્રમુખ ખડગે, રાહુલ ગાંધી, મહામંત્રી વેણુગોપાલ સહિતના આગેવાનોએ SIRના મામલે ચૂંટણી પંચ ઉપર ધોશ બોલાવી હતી. આ બેઠકમાં બિહારના પરિણામોની સમીક્ષા તો થઈ હતી પરંતુ જ્યાં SIR કવાયત ચાલી રહી છે એવા રાજ્યોમાં સંગઠનની તૈયારીઓ કેવી છે તેની પણ સમીક્ષા કરવામાં આવી છે.

જાપાનનો સાકુરાજીમા જ્વાળામુખી ભયંકર રીતે ફાટતાં ચાર કિલોમીટર સુધી ચારે તરફ રાખ-લાવા ફેલાયો

૧૩ મહિનામાં પહેલી વખત જ એવું બન્યું છે કે, પ્રચંડ રીતે જ્વાળામુખી ફાટ્યા પછી ચાર કિલોમીટર વિસ્તાર સુધી રાખના વાદળો છવાઈ ગયા છે અને આ સક્રિય જ્વાળામુખીના તાજેતરના ઇતિહાસમાં સૌથી વધુ ભયંકર રીતે પ્રચંડ રીતે જ્વાળામુખી ફાટ્યો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

જાપાનના દક્ષિણ પશ્ચિમ કીયુ શુ વિસ્તારમાં આવેલો જાપાનનો સક્રિય સાકોરાજીમાં જ્વાળામુખી પ્રચંડ રીતે ફાટ્યો હતો. ખૂબ જ ભયંકર અને પ્રચંડ રીતે ૧૬મી નવેમ્બરના રોજ જ્વાળામુખી ફાટતા ચારેતરફ અગ્નિ સાથેની રાખનું વાદળ પ્રસરી વળ્યું હતું અને ૪૪૦૦ મીટર હવામાન ગરમ રાખ ઉડી હતી અને ચાર કિલોમીટર વિસ્તારમા રાખ પથરાઈ ગઈ હતી. પ્રચંડ અવાજ સાથે જ્વાળામુખી ફાટ્યો હતો અને રાખ તથા આગ તેમાંથી નીકળીને દૂર સુધી પથરાઈ ગયા હતા અને રાખનું આખું વાદળ છવાઈ ગયું હતું. મિનામિડાકે શિખર પરનો જ્વાળામુખી પ્રચંડ વેગ સાથે ફાટ્યા હતો અને એ પછી આસપાસના અનેક વિસ્તારો અને દૂર-દૂરના કેટલાક વિસ્તારો સુધી જ્વાળામુખીમાંથી નીકળેલી રાખ અને અંગારા ફેલાઈ જવાની ચેતવણી આપવામાં આવી હતી અને વાતાવરણમાં મોટા પ્રમાણમાં રાખ ફેંકાઈ હતી. કુલ બે વખત પ્રચંડ વિસ્ફોટ સાથે જ્વાળામુખી ફાટ્યો હતો અને તેમાંથી ઉડેલી રાખ અને અંગારા ૩૭૦૦ મીટર ની ઊંચાઈ સુધી ફેંકાયા હતા અને રાખનું વાદળ આકાશમાં છવાઈ ગયું હતું અને જમીન પર પથરાયું હતું. ૧૩ મહિનામાં પહેલી વખત જ એવું થયું છે કે, જ્વાળામુખીની રાખ ઉડીને ચાર કિલોમીટરની ઊંચાઈ સુધી પહોંચી હતી જે તેની તીવ્રતા અને તાજેતરની સક્રિયતાનું સૂચક છે. જ્વાળામુખીમાંથી આગ અને રાખની સાથે બહાર ફેંકાયેલા પથ્થરો શિકાર ઉપરથી દોઢ કિલોમીટર દૂર સુધી ફેંકાયા હતા અને પ્રચંડ અવાજો સંભળાયા હતા. જો કે, જ્વાળામુખી ફાટ્યા પછી કોઈને ઈજા થઈ નથી અને શિખર ઉપરથી જમીન સુધી ખૂબ જ ઝડપથી અને ભારે વેગ સાથે જ્વાળામુખીનો અગન પ્રવાહ રાખની સાથે અને ગરમ ગેસની સાથે જમીન પર ઊતર્યો હતો. જાપાનના હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું કે, પાંચમાંથી ત્રીજી કક્ષાનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને જ્વાળામુખીમાંથી હજી અગ્નિ અને રાખ તથા પથ્થરો નીકળી રહ્યા હોવાથી શિખરની આસપાસ જવાની કે શિખર સુધી જવા સામે ચેતવણી આપવામાં આવી છે. સાકુરાજીમા જ્વાળામુખી જાપાનના સૌથી વધુ સક્રિય જ્વાળામુખી પૈકીનો એક છે અને અવાર-નવાર એ ફાટતો હોય છે તેનાથી ક્યુશુ પ્રાંતની જમીન પણ ખૂબ જ ફળદ્રુપ બની ગઈ છે અને જ્વાળામુખીનો લાવા એટલો બધો લાંબો ફેલાયો છે કે, એક જમીન ઉપર પુલ બની ગયો જ લાવાના બ્રિજને કારણે આ વિસ્તારને ઓસુમી હરણદ્વીપ સુધી જોડે છે. અત્યારે સમગ્ર વિસ્તારમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને ઘણા બધા વિમાન ઉડાન પણ આ વિસ્તારમાંથી રદ કરવામાં આવ્યા છે. રાખ અને લાવા ફેંકાઈ રહ્યા હોવાથી આસપાસના વિસ્તારોના લોકોને સતર્ક રહેવાની ચેતવણી આપવામાં આવી છે અને માહિતી મેળવવા માટે સત્તાવાર ટીવી ચેનલો જોતા રહેવા માટે કહેવામાં આવ્યું છે.

૨૦૨૫માં અમેરિકન કોલેજોમાં ભારતીય વિદ્યાર્થીઓની નોંધણીમાં ઘટાડો

યુએસ ઉચ્ચ શિક્ષણ વસ્તીમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો હિસ્સો લગભગ ૬ ટકા છે

(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮

યુએસ યુનિવર્સિટીઓએ ૨૦૨૪-૨૫માં ભારતમાંથી સ્નાતક વિદ્યાર્થીઓની નોંધણીમાં ૧૦ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે, જ્યારે ૨૦૨૫ના પાનખરમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ૧૭ ટકાનો તીવ્ર ઘટાડો નોંધાયો હોવાનું યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલા એક નવા અહેવાલમાં જણાવાયું છે.

તાજેતરમાં જાહેર કરાયેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ટરનેશનલ એજ્યુકેશન દ્વારા રજૂ કરાયેલા 'ઓપન ડોર્સ' રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે કે ૨૦૨૫ના પાનખરમાં કુલ ૬૧ ટકાથી વધુ શાળાઓમાં ભારતીય વિદ્યાર્થીઓની નોંધણીમાં ઘટાડો નોંધાયો છે. ૮૨૫ અમેરિકન સંસ્થાઓના સર્વેક્ષણ પર આધારિત ડેટા દર્શાવે છે કે નવા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો નોંધાવતી ૯૬ ટકાથી વધુ અમેરિકન સંસ્થાઓ વિઝા અરજીની ચિંતાઓને મુખ્ય કારણ ગણાવે છે, ત્યારબાદ યુનાઈટેડ સ્ટેટ્સમાં મુસાફરી પ્રતિબંધો આવે છે.

જો કે, ૨૦૨૪-૨૫માં, ભારત યુનાઈટેડ સ્ટેટ્સમાં વિદેશી વિદ્યાર્થીઓનો સૌથી મોટો સ્ત્રોત રહ્યો, જે કુલ સ્નાતક વિદ્યાર્થીઓના લગભગ અડધા અને કુલ વિદ્યાર્થીઓના લગભગ એક તૃતીયાંશ ભાગનું પ્રતિનિધિત્વ કરે છે, જે કુલ ૧૦ ટકાનો વધારો દર્શાવે છે. તે જ સમયે, સ્નાતક કાર્યક્રમોમાં ૧૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો. અહેવાલ મુજબ, ૨૦૨૫ના પાનખર માટે સર્વે કરાયેલા અડધાથી વધુ યુએસ કોલેજો અને યુનિવર્સિટીઓએ જણાવ્યું હતું કે તેમના નવા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના પ્રવેશમાં ઘટાડો થયો છે. તાજેતરના મહિનાઓમાં, ટ્રમ્પ વહીવટી

SIR કવાયતના કામના દબાણથી BLOનું મોત થતાં જબરો રોષ : કેરાલામાં કવાયત બંધ કરવાની માગણી સાથે સુપ્રીમ કોર્ટમાં કોંગ્રેસ-IUMLની અરજ

સુપ્રીમમાં અરજી કરવામાં આવી છે જેમાં દર્શાવવામાં આવ્યું છે કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટેની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે તેની સાથે સાથે મતદાર યાદી સઘન રિવિઝન કરવાથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની સ્થિરતા અને પ્રમાણિકતાને નુકસાન થાય છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

કેરાલામાં ચૂંટણી પંચ દ્વારા ચાલી રહેલી મતદાર યાદી સઘન ખાસ રિવિઝનની કવાયતને કારણે ભારે રાજકીય વિવાદ ઊભો થઈ ગયો છે અને એસઆઈઆર પ્રેરિત કામના દબાણને કારણે એક બીએલઓનું મોત થતાં જબરો રોષ ફેલાયો છે. એટલે કવાયત નહીં કરવાની માગણી સાથે કેરાલા પ્રદેશ કોંગ્રેસ સમિતિ અને ઈન્ડિયાની યુનિયન મુસ્લિમ લીગ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી છે. પ્રદેશ કોંગ્રેસ અને આઈયુએમએલ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજ કરીને કેરાલામાં એસઆઈઆર કવાયત તાત્કાલિક અટકાવી દેવાની માગણી કરવામાં આવી છે. અરજદારોએ એવી દલીલ કરી છે કેરાલામાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ પણ થનારી છે ત્યારે ચૂંટણીની પ્રક્રિયાની સાથે સાથે ચૂંટણી પંચ મતદાર યાદી રિવિઝન કવાયત કરી શકે નહીં. કેરાલા કન્નુર વિસ્તારમાં એસઆઈઆર કવાયતના કામના દબાણને કારણે એક બીએલઓ દ્વારા આત્મહત્યા કરી લેવામાં આવી હતી અને એ ઘટનાએ ભારે રોષ અને આક્રોશ પેદા કર્યા છે. રાજ્યભરમાં વિરોધ ઊભો થઈ ગયો છે અને સોમવારે તો તમામ બીએલઓ દ્વારા કામગીરીનો બહિષ્કાર પણ જાહેર કરવામાં આવ્યું હતું. એક શાળામાં સહાયકની નોકરી કરતા ૪૧ વર્ષના અનિશ જ્યોર્જ નામના બીએલઓની લાશ તેમના મકાનમાંથી મળી આવી હતી. એસઆઈઆરની કામગીરીમાં જોડાયેલા ૨૫૦૦૦ બીએલઓમાં અનીશ જ્યોર્જ પણ એક બીએલઓ તરીકે કામગીરી કરી રહ્યો હતો. મુસ્લિમ લીગીની અરજીમાં ચૂંટણી પંચની કવાયતને પડકારવામાં આવી હતી અને બિલકુલ બિનવ્યવહારું સમય નક્કી કરવામાં આવ્યો હોવાની અને એકતરફી ધોરણે કામગીરી કરવામાં આવી રહ્યાની દલીલ કરવામાં આવી હતી. અરજીમાં દર્શાવ્યું હતું કે ખૂબ જ અપવિત્ર રીતે બિનજરૂરી ઉતાવળ કરવામાં આવી રહી છે. લોકશાહીમાં જો સતાતંત્ર ન્યાય આપવામાં નિષ્ફળ રહે તો અદાલતમાં જવા સિવાય કોઈ રસ્તો રહેતો નથી. આઈયુએમએલના કેરાલા વિભાગના પ્રમુખ સૈયદ સિદ્દીક અલી કહે છે કે નિષ્પક્ષ રીતે વિચારીએ તો એ સ્પષ્ટ બને છે કે બિહારમાં ચૂંટણીઓમાં ગોટાળા થયા છે અને કેરાલામાં તો એવી પરિસ્થિતિ છે કે એસઆઈઆર માટેના દસ્તાવેજો રજૂ કરવા માટેનો પણ પૂરતો સમય મળ્યો નથી. મુસ્લિમ લીગની અરજીમાં દર્શાવ્યું છે કે કેરાલામાં તાલીમ ચૂંટણીઓ તારીખ ૮ અને ૧૧ ડિસેમ્બરના રોજ યોજવાનો કાર્યક્રમ જાહેર થયેલો છે અને રાજ્યની એસઆઈઆર કવાયત પછીનો મતદાર યાદીનો ડ્રાફ્ટ ચોથી ડિસેમ્બરના રોજ જાહેર થવાનો છે. એટલે સ્થાનિક ચૂંટણીઓની સાથે સાથે આવી કવાયત કરવાથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને સ્થિરતા અને નિષ્ઠાને અસર થાય છે અને એ ભાંગી પડે છે. અરજદારે એવી પણ દલીલ કરી છે કેરાલાની મતદાન યાદીઓમાં કોઈ ગેરરીતિઓ જોવા મળી નથી કે કોઈ બેવડા નામ નથી કે પદ્ધતિસરની ભ્રષ્ટાચારની પણ કોઈ ફરિયાદ નથી એટલે આવી કોઈ ખામી નથી જોવા મળી છતાં કવાયત શરૂ કરી દેવામાં આવી છે. એટલે આવી શુદ્ધ અને વ્યવસ્થિત મતદારી યાદીઓ હોવા છતાં વ્યાપક રીતે ચકાસણી અને ફેરફારો કરવાની આ કવાયત ગેરવાજવી છે અને પ્રમાણસરની નથી. અરજીમાં દલીલ કરવામાં આવી છે કે કોઈ મોટી ભૂલો અંગેની ફરિયાદો થઈ હોય અથવા તો વ્યક્તિગત રીતે ફરિયાદો થઈ હોય અને ચોક્કસ પ્રકારની ગેરરીતિ જોવા મળી હોય તો જ વ્યાપક પ્રમાણમાં સુધારા વધારા કરી શકાય છે નહીંતર આવી ફરિયાદો ન હોય અને કોઈ ગોટાળા કે ખામીઓ ન હોય તો લોક પ્રતિનિધિત્વ ધારો ૧૯૫૦ મુજબ જોરદાર વ્યાપક ફેરફારો કરવાની ચૂંટણી પંચને સત્તા મળતી નથી. એક બીએલોના આપઘાતનો કિસ્સો પણ ટાંકવામાં આવ્યો હતો અને અરજીમાં સુપ્રીમને વિનંતી કરવામાં આવી હતી કે કેરાલામાં થઈ રહેલી કવાયતને તાત્કાલિક અટકાવવાનો આદેશ આપવામાં આવે. અરજીમાં દર્શાવ્યું છે કે અનેક બીએલઓ દ્વારા કામના ભેજાની ફરિયાદ કરવામાં આવી છે અને સવારના આઠ વાગ્યાથી રાતના ૦૮:૦૦ વાગ્યા સુધી એ લોકો કામ કરે છે છતાં નોંધણીના ફોર્મ પૂરેપૂરા હજુ પહોંચાડી શકાયા નથી. સ્થાનિક ચૂંટણીઓ છે ત્યારે આવી રીતે માત્ર એક મહિનાનો સમય આપવામાં આવ્યો છે એ પૂરતો નથી અને તેનાથી માત્ર બીએલઓ નહીં પણ મતદારો અને ખાસ કરીને એનઆરઆઈ પણ જોખમમાં મુકાયા છે. કેરાલા સરકારે કવાયતની વિરુદ્ધમાં હાઈકોર્ટમાં પણ અરજી કરી હતી પરંતુ હાઈકોર્ટે વચ્ચે પડવાનો ઈનકાર કર્યો હતો અને સુપ્રીમ કોર્ટમાં જવા માટેની સલાહ આપી હતી. કેરાળાના મુખ્યમંત્રી પી વિજયને પણ કવાયતની ટીકા કરી છે અને કહ્યું છે કે એ લોકશાહીની વિરુદ્ધની પ્રક્રિયા ચાલી રહી છે કેમ કે સ્થાનિક ચૂંટણીઓ છે ત્યારે તેની પહેલા જે જૂના અને જરીપુરાણા મતદાર લિસ્ટ છે તેના આધારે કવાયત કરવામાં આવી રહી છે તેનાથી ગંભીર ચિંતાઓ ઊભી થવા પામી છે. કેરાલા વિધાનસભા પણ એસઆઈઆર કવાયત અટકાવી દેવાની માગણી કરતો ઠરાવ પસાર કરી ચૂકી છે.

તેલંગાણા સરકારે મદીના બસ દુર્ઘટનાના પીડિતોના પરિવારોને ૫ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી

(એજન્સી) તા.૧૮

તેલંગાણા સરકારે સઉદી અરેબિયાના પવિત્ર શહેર મદીના નજીક બસ અકસ્માતમાં મૃત્યુ પામેલા હૈદરાબાદના ઉમરાહ યાત્રાળુઓના શોકગ્રસ્ત પરિવારોને પ્રત્યેકને ૫ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. રાજ્ય મંત્રીમંડળે સોમવારે સચિવાલયમાં પોતાની બેઠકમાં આ નિર્ણય લીધો. રાજ્યના લઘુમતી કલ્યાણ મંત્રી મોહમ્મદ અઝહરુદ્દીનના નેતૃત્વમાં એક ટીમ મધ્ય પૂર્વીય દેશની મુલાકાત લેશે. આ ટીમમાં AIMIMના એક ધારાસભ્ય, એક વરિષ્ઠ મુસ્લિમ સમુદાયના નેતા અને દરેક પીડિતના બે પરિવારના સભ્યોનો સમાવેશ થશે. સૂત્રોએ જણાવ્યું કે મૃતકોની દફનવિધિ સઉદી અરબિયામાં કરવામાં આવશે. પવિત્ર શહેર મદીના નજીક ડીઝલ ટેંકર સાથે બસ અથડાતાં હૈદરાબાદથી આવેલા ૪૫ ઉમરાહ યાત્રાળુઓના મોત થયા હતા. મૃતકોમાં ૧૭ પુરુષો, ૧૮ મહિલાઓ અને ૧૦ બાળકોનો સમાવેશ થાય છે, જેમાંથી મોટાભાગના આસિફ નગર, ઝીરા,

મહેદીપટનમ અને ટોલીચોકીના રહેવાસી હતા. એકમાત્ર બચી ગયેલા વ્યક્તિમાં આસિફનગરના ૨૪ વર્ષીય રહેવાસી અબ્દુલ શોએબ મોહમ્મદનો સમાવેશ થાય છે, જે મદીનાની એક જર્મન હોસ્પિટલમાં ગંભીર સારવાર હેઠળ છે.

અખલાકની લિંચિંગ : હિન્દુ આરોપીઓને બચાવવાના યુપી સરકારના પગલાં પર ચિંતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

ઉત્તરપ્રદેશ સરકારે દાદરીના બિશરા ગામમાં ૨૦૧૫ના ૫૨ વર્ષીય અખલાખ અહેમદની મોબ લિંચિંગ (ગૌહત્યાની અફવા પર ટોળા દ્વારા હત્યા) સંબંધિત કેસ પાછો ખેંચવાનો પ્રયાસ કર્યા પછી કાયદાકીય નિષ્ણાતો અને મુસ્લિમ સમુદાયે આક્રોશ વ્યક્ત કર્યોછે. આ પગલાથી એવી ચિંતાઓ વધી છે કે, રાજ્ય સરકાર આરોપીઓને બચાવવાનો પ્રયાસ કરી રહી છે અને ઘણા લોકો 'સામાજિક સૌહાર્દ પુનઃસ્થાપિત કરવા'ના નામે ગુનેગારોને મુક્ત કરવાની સરકારની દાનત પર સવાલ ઊઠાવી રહ્યા છે. અખલાકનો પરિવાર અને તેમના વકીલ યુસુફ સૈફી આ કેસ પાછો ખેંચવાના પગલાનો સખત વિરોધ કરી રહ્યા છે અને આરોપીઓ વિરુદ્ધ સાક્ષીઓના નિવેદનો અને પુરાવા ટાંકી રહ્યા છે. સૈફી આ પગલાને કોર્ટને પ્રભાવિત કરવાનો અને હત્યારાઓને બચાવવાનો પ્રયાસ ગણાવે છે અને કહે છે, 'આ મોબ લિંચિંગ છે. તમે આવા કેસ પાછા ન લઈ શકો.' સરકારનું તર્ક જેમાં 'જૂની દુશ્મની' અને આરોપીઓને 'ભારતીય નાગરિકો' તરીકે સુરક્ષિત રાખવાની જરૂરિયાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેની કાયદાકીય નિષ્ણાતો અને મુસ્લિમ જૂથો દ્વારા વ્યાપકપણે ટીકા કરવામાં આવી છે. એક દાયકાથી ચાલી રહેલા આ કેસને ન્યાય પ્રત્યેની રાજ્યની પ્રતિબદ્ધતા અને લઘુમતી અધિકારોના રક્ષણની કસોટી તરીકે જોવામાં આવે છે.

ઘટના અને કાર્યવાહી :

૨૮ સપ્ટેમ્બર, ૨૦૧૫ની રાત્રે બિશરા ગામમાં અખલાકના ઘરમાં ગૌમાંસ રાખવાનો આક્ષેપ કરતી એક અફવા સ્થાનિક રહેવાસીઓ અને એક હિન્દુ જૂથના સભ્યો દ્વારા ફેલાવવામાં આવી હતી. થોડા સમય પછી એક હિન્દુત્વ ટોળું તેના ઘરમાં ઘૂસી ગયું હતું. અખલાકને તેના રૂમની અંદર માર મારવામાં આવ્યો હતો, જેના કારણે તેનું મૃત્યુ થયું હતું. તેના પુત્ર દાનિશને એટલો ખરાબ રીતે મારવામાં આવ્યો કે તે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતો રહ્યો. તેની પત્ની ઇકમાને

પાછળથી ૧૦ હુમલાખોરો અને અન્ય ચારથી પાંચ અજાણ્યા પુરૂષો સામે ફરિયાદ નોંધાવી હતી. અખલાકની પત્ની, તેની માતા અસગરી, પુત્રી શાઇસ્તા અને પુત્ર દાનિશ સહિતના પ્રત્યક્ષદર્શીઓએ પોલીસને સ્પષ્ટ નિવેદનો આપ્યા હતા. આ જુબાનીના આધારે આરોપીઓની સંખ્યા વધીને ૧૮ થઈ હતી. ડિસેમ્બર ૨૦૧૫માં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. તમામ હયાત આરોપીઓ હાલમાં જામીન પર બહાર છે.

પુરાવા અંગે વિવાદ :

પોલીસે અખલાકના ઘરેથી માંસ લીધું અને તેને બે અલગ-અલગ લેબમાં મોકલ્યું. મથુરાના ૨૦૧૭ના પ્રથમ રિપોર્ટમાં તે ગાયનું માંસ હોવાનું જણાવાયું હતું. પરંતુ હૈદરાબાદની DNA લેબના બીજા રિપોર્ટમાં તે ઘેટા કે બકરાનું માંસ હોવાનું જાણવા મળ્યું હતું. વિરોધાભાસી પરિણામોથી પુરાવા કેવી રીતે સંભાળવામાં આવ્યા તે અંગે શંકા ઊભી થઈ અને તે સમયે ઘણા મુસ્લિમોએ કહ્યું હતું કે, ટોળાના હુમલાને યોગ્ય ઠેરવવા માટે સમગ્ર કેસને વળાંક આપવામાં આવ્યો હતો.

સરકારના તર્ક પર આક્રોશ :

પ્રશાસને કોર્ટને લખેલા પત્રમાં દાવો કર્યો હતો કે, પીડિત અને આરોપી બંને એક જ ગામમાં રહે છે અને પ્રત્યક્ષદર્શીઓએ એવા નિવેદનો આપ્યા છે જેમાં કેટલાક નામો બદલાયા છે, તેથી પરિવારો વચ્ચે 'જૂની દુશ્મની' હોઈ શકે છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, 'સામાજિક સૌહાર્દ પુનઃસ્થાપિત કરવા' માટે કેસ પાછો ખેંચી લેવો જોઈએ અને આરોપીઓ 'ભારતીય નાગરિકો છે જેમને કાયદાકીય સુરક્ષા મળવી જોઈએ.' આ તર્કે કાયદાકીય નિષ્ણાતો અને મુસ્લિમ જૂથોને આઘાત આપ્યો છે, જેઓ કહે છે કે, રાજ્ય એક હિંસક, જાહેર હત્યાના આરોપમાં દોષિત પુરૂષોને મુક્ત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

અખલાકના વકીલ સૈફીએ ચાર્જશીટની વિગતો પણ સમજાવી : '૧૦ લોકો વિરુદ્ધ નામજોગ કેસ દાખલ કરવામાં આવ્યો હતો અને ચારથી પાંચ અનામી હતા. ૧૫ લોકો વિરુદ્ધ ચાર્જશીટ તૈયાર કરવામાં આવી હતી. તેમાંથી બે સગીર હતા જેમના મામલા જુવેનાઇલ કોર્ટમાં ગયા. એક આરોપીનું મૃત્યુ થયું છે. બાકીના જામીન પર છે.' બિશરા અને નજીકના વિસ્તારોમાં રહેતા મુસ્લિમ પરિવારો કહે છે કે, તેમને ડર છે કે, આ કેસ પાછો ખેંચી લેવાથી સ્પષ્ટ સંદેશ જશે કે જે ટોળા મુસ્લિમોને મારી નાખે છે તે મુક્તપણે ચાલી શકે છે. ઘણા લોકોએ તેને 'હુમલાખોરોને બચાવવાનો ખુલ્લો પ્રયાસ' ગણાવ્યો. સ્થાનિક રહેવાસીએ કહ્યું, 'એક મુસ્લિમ માણસને માર મારીને મારી નાખવામાં આવ્યો. તેનો પુત્ર લગભગ મરી ગયો હતો. હવે સરકાર કેવી રીતે કહી શકે કે કેસ બંધ કરી દેવો જોઈએ ? આ અન્યાય છે.' માનવાધિકાર કાર્યકરોએ પણ ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે, આ પગલું ઉત્તરપ્રદેશમાં મુસ્લિમો દ્વારા અનુભવાતા ડરને વધુ ગાઢ બનાવે છે.

આગળની કાર્યવાહી :

અંતિમ નિર્ણય હવે કોર્ટ પાસે છે. ન્યાયાધીશ એ તપાસ કરશે કે શું રાજ્યની વિનંતી સ્વીકાર્ય છે કે, તે સત્તાના દુરૂપયોગ સમાન છે. અખલાકના પરિવાર માટે ન્યાયની આશા ચાલુ છે. તેની પુત્રી શાઇસ્તાએ એકવાર કોર્ટમાં કહ્યું હતું, 'મારા પિતાને કોઈ કારણ વગર મારી નાખવામાં આવ્યા. અમે બધું જોયું. અમને ન્યાય જોઈએ છે, બીજું કંઈ નહીં.' આગામી સુનાવણી ટૂંક સમયમાં થવાની અપેક્ષા છે અને પરિવારના વકીલ કહે છે કે, તેઓ આરોપીઓને મુક્ત કરવાના દરેક પ્રયાસને પડકારવાનું ચાલુ રાખશે.

'ગેરસમજ થયેલો ખ્યાલ છે, આ તો શહાદતનું ઓપરેશન હતું' : સ્યુસાઈડ હુમલા અંગે સ્યુસાઈડ બોમ્બર વીડિયોમાં બોલતો સંભળાયો

વીડિયોના સ્થળ અને રેકોર્ડિંગ વિશે કોઈ માહિતી મળી નથી પણ બોમ્બરના ફરીદાબાદ ખાતેના અલ-ફલાહ મેડિકલ સ્કૂલના ખંડમાં વીડિયો બનાવ્યાની તપાસ ટીમને શંકા

(એજન્સી) તા.૧૮

લાલ કિલ્લા પર થયેલા વિસ્ફોટ, જેમાં ૧૩ લોકોના મોત થયા અને અન્ય ઘણા ઘાયલ થયા, તેના એક અઠવાડિયા પછી, મુખ્ય આરોપી ડો. ઉમર ઉન નબી દ્વારા કથિત રીતે રેકોર્ડ કરવામાં આવેલો એક વીડિયો સપાટી પર આવ્યો છે. આ વીડિયોમાં તે આત્મઘાતી બોમ્બિંગની ચર્ચા કરતો જોવા મળે છે અને તેને 'શહાદત ઓપરેશન' (martyrdom operation) તરીકે ઉલ્લેખે છે.

'શહાદત ઓપરેશન' પર નિવેદન

(જો કે, TNIE સ્વતંત્ર રીતે આ વીડિયોની સત્યતા ચકાસી શકતું નથી) વીડિયોમાં ડો. ઉમર નબી કહે છે : 'સૌથી વધુ ગેરસમજ થયેલા ખ્યાલોમાંનો એક છે જેને આત્મઘાતી બોમ્બિંગ તરીકે સંબોધવામાં આવે છે. તે એક શહાદત ઓપરેશન છે. તેની સામે અનેક દલીલો અને વિરોધાભાસો લાવવામાં આવ્યા છે. જ્યારે કોઈ વ્યક્તિ ધારે છે કે તે ચોક્કસ જગ્યાએ ચોક્કસ સમયે ચોક્કસપણે મૃત્યુ પામશે, ત્યારે તે એ ધારણાથી વિરુદ્ધ જાય છે કે કોઈ વ્યક્તિ ચોક્કસ



પરિસ્થિતિમાં મૃત્યુ પામશે.'

લાલ કિલ્લા વિસ્ફોટની વિગતો

ઘટના : ૧૦ નવેમ્બરના રોજ, સાંજે લગભગ ૬.૫૨ વાગ્યે, લાલ કિલ્લા નજીક એક ધીમી ગતિની i20 કારમાં વિસ્ફોટ થયો હતો, જેમાં ૧૩ લોકોના મોત થયા હતા અને અન્ય ઘણા ઘાયલ થયા હતા. ડ્રાઇવર : વિસ્ફોટ સમયે ડો. ઉમર નબી વાહનની પાછળ હતો.

ડ્રોન દ્વારા હુમલાનું કાવતરૂં : નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ના અધિકારીઓએ જણાવ્યું હતું કે, દિલ્હીમાં લાલ કિલ્લાના વિસ્ફોટના કાવતરાખોરો વિસ્ફોટકો અને રોકેટ સાથે ડ્રોનને હથિયાર બનાવવા માટેની યોજના બનાવી રહ્યા હતા. સહ-ગુનેગારની ધરપકડ : NIAએ આત્મઘાતી બોમ્બર ડો. ઉમરના મુખ્ય સાથીદાર જસીર બિલાલ વાની ઉર્ફે ડેનિશની ધરપકડ કરી છે. જસીર દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લાના કાઝીગુંડનો રહેવાસી છે. ટેકનિકલ સહાય : NIAએ આરોપ મૂક્યો છે કે જસીર સક્રિય સહ-ગુનેગાર હતો અને તેણે ડ્રોનને સંશોધિત કરીને અને રોકેટ બનાવવાનો પ્રયાસ કરીને આતંકવાદી હુમલાઓ કરવા માટે ટેકનિકલ સહાય પૂરી પાડી હતી.

શિક્ષિત યુવાનોની ભરતી : દિલ્હી વિસ્ફોટની તપાસમાં ખુલાસો થયો છે કે જૈશ-એ-મોહમ્મદ જેવા આતંકવાદી સંગઠનો ડોકટરો સહિત ઉચ્ચ શિક્ષિત વ્યાવસાયિકોની ભરતી ઝડપથી વધારી રહ્યા છે. મોડ્યુલનો ખુલાસો : આ મહિનાની શરૂઆતમાં, ફરીદાબાદમાં મોટા પ્રમાણમાં વિસ્ફોટકો જપ્ત થયા પછી, જમ્મુ અને કાશ્મીર પોલીસે જૈશ-એ-મોહમ્મદ અને અંસાર ગઝવત-ઉલ-હિન્દ સાથે જોડાયેલા એક આંતર-રાજ્ય અને ટ્રાન્સનેશનલ મોડ્યુલનો પર્દાફાશ કર્યો હતો.

૫ વર્ષની ઉંમરે તેના માતા-પિતાનો સાથ છૂટી ગયો, તે તેની દાદીની છેલ્લી ઇચ્છા પૂરી કરવા માટે IPS અધિકારી બની

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

આ એક એવી છોકરીની વાર્તા છે જેણે માત્ર ૫ વર્ષની ઉંમરે પોતાના માતા-પિતાને ગુમાવ્યા હતા. તેની દાદીએ તેને ઉછેરી. તેણે માત્ર છોકરીને ટેકો આપ્યો જ નહીં, પરંતુ તેને સરકારી અધિકારી બનવા માટે હિંમત અને પ્રેરણા પણ આપી. અમે IPS અધિકારી અંશિકા જૈન વિશે વાત કરી રહ્યા છીએ. તેની વાર્તા કોઈને પણ આગળ વધવા માટે પ્રેરણા આપી શકે છે. તેના જીવનમાં અંધકાર હોવા છતાં, તેણીને પોતાનો પ્રકાશ મળ્યો. IPS અધિકારી અંશિકા જૈનનું જીવન ફક્ત UPSC સફળતાની વાર્તા નથી, પરંતુ અસહ્ય નુકસાન અને અટલ નિશ્ચયનો કરુણ દસ્તાવેજ પણ છે. દિલ્હીમાં જન્મેલી અંશિકાએ ૫ વર્ષની નાની ઉંમરે તેના માતા-પિતાને ગુમાવ્યા ત્યારે તેની આંખો સમક્ષ જીવનનો સૌથી ક્રૂર વળાંક જોયો. તે દુનિયાને સમજે તે પહેલાં, જીવનએ તેને એક ભયંકર શૂન્યાવકાશમાં ફેંકી દીધી જે કોઈપણ બાળકના સપનાઓને ચકનાચૂર કરી શકે છે. પરંતુ તે શૂન્યાવકાશ તેની વાર્તાનો અંત નહીં, પરંતુ શરૂઆત બની. આ ઊંડા દુઃખ અને એકલતા હોવા છતાં, અંશિકા જૈનની દાદીના પ્રેમ, બલિદાન અને અટલ શ્રદ્ધાએ તેને આગળ વધવા માટે પ્રકાશ આપ્યો. તેની દાદીએ તેને માત્ર ઉછેર્યો જ નહીં, પણ તેનામાં એક શિક્ષક તરીકેનું સ્વપ્ન પણ સેવ્યું, જેને અંશિકા પૂર્ણ કરવા માટે મક્કમ

હતી. ૨૦૧૯માં, જ્યારે તે UPSC પરીક્ષાની તૈયારી કરી રહી હતી, ત્યારે તેની દાદીએ પણ તેને છોડી દીધી. સતત ચાર વખત નિષ્ફળ ગયા પછી, તેણીએ તે પીડા અને સ્વપ્નને પોતાની શક્તિમાં ફેરવી દીધું અને અંતે IPS અધિકારી બની, પાંચમા પ્રયાસમાં અખિલ ભારતીય ક્રમાંક ૩૦૬ મેળવ્યો. અંશિકા જૈન દિલ્હીની રહેવાસી છે. રાષ્ટ્રીય રાજધાનીમાં શાળાકીય શિક્ષણ મેળવ્યા પછી, અંશિકાએ દિલ્હી યુનિવર્સિટીની પ્રખ્યાત રામજસ કોલેજમાંથી B.Comની ડિગ્રી મેળવી. ત્યારબાદ તેણીએ M.Com કરતી વખતે UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષાની તૈયારી શરૂ કરી. તેણીનું શિક્ષણ પૂર્ણ કર્યા પછી, તેણીએ એક બહુરાષ્ટ્રીય કંપની તરફથી મળેલી આકર્ષક નોકરીની ઓફરને નકારી કાઢી. તેણી પોતાનું સંપૂર્ણ ધ્યાન UPSC પરીક્ષાની તૈયારી પર કેન્દ્રિત કરવા માંગતી હતી. અંશિકા જૈનના અંગત જીવનની જેમ, તેણીનો UPSC માર્ગ પણ પડકારોથી ભરેલો હતો. તેણી પોતાની તૈયારી માટે સ્વ-અભ્યાસ પર આધાર રાખતી હતી. ૨૦૧૯માં, જ્યારે તે તેની તૈયારીના નિર્ણાયક તબક્કામાં હતી, ત્યારે તેણે તેની દાદી ગુમાવી. આ તેના માટે ભાવનાત્મક આઘાત હતો, કારણ કે તેની દાદી તેના સૌથી મોટા સમર્થક હતા અને તેના પરિવાર માટે. અંશિકા જૈન સતત ચાર વખત UPSC પરીક્ષામાં નાપાસ થઈ હતી. આ નિષ્ફળતાઓ અને વ્યક્તિગત સમસ્યાઓ છતાં, તેણીએ અભ્યાસ ચાલુ રાખ્યો અને પાંચમા પ્રયાસ માટે તૈયારી કરી. આખરે, અંશિકા જૈનની મહેનત રંગ લાવી અને તેણીએ UPSC સિવિલ સર્વિસીસ પરીક્ષા (CSE) ૨૦૨૨માં ૩૦૬મો ક્રમાંક મેળવ્યો. તેણીને ભારતીય પોલીસ સેવા (IPS)માં અધિકારી પદ મળ્યું. ૨૦૨૩માં, તેણીએ સાથી સિવિલ સેવક, IAS અધિકારી વાસુ જૈન સાથે લગ્ન કર્યા. IPS અંશિકા જૈનની સફળતાની વાર્તા સાબિત કરે છે કે અતૂટ ઇચ્છાશક્તિ અને સમર્પણ સાથે, વ્યક્તિ સૌથી મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ પોતાના લક્ષ્યો પ્રાપ્ત કરી શકે છે.

ચૂંટણીમાં નફરત માટે કોઈ સ્થાન નથી : ભાજપ સાંસદ અશ્વિની ચૌબેના સાંપ્રદાયિક ભાષણ સામે CJPએ રાજ્ય ચૂંટણી પંચનો સંપર્ક કર્યો

ભાગલપુરના પીરપૈંટીમાં ભાજપના વરિષ્ઠ નેતાએ 'મુસ્લિમ ભાઈઓ'ને તેમની વસ્તી ઘટાડવા વિનંતી કરી અને 'ઘૂસણખોરો'નો ઉલ્લેખ કરીને આદર્શ આચારસંહિતા અને બંધારણીય મૂલ્યોનું ઉલ્લંઘન કર્યું

(એજન્સી) તા.૧૮

૧૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બિહારના મુખ્ય ચૂંટણી અધિકારી અને ભારતના ચૂંટણી પંચને સુપરત કરાયેલી વિગતવાર ફરિયાદમાં સિટીઝન્સ ફોર જસ્ટિસ એન્ડ પીસ (CJP)એ ભાજપના સાંસદ અશ્વિનીકુમાર ચૌબે સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે, જેમણે ૯ નવેમ્બરના રોજ ભાગલપુરના પીરપૈંટીમાં ચૂંટણી પ્રચાર ભાષણ દરમિયાન 'અત્યંત સાંપ્રદાયિક, અપમાનજનક અને વસ્તી-લક્ષ્ય ટિપ્પણીઓ' કરી હતી.

જ્યારે બિહાર વિધાનસભા ચૂંટણી માટે આદર્શ આચારસંહિતા (MCC) અમલમાં છે, ત્યારે ભાજપના વરિષ્ઠ નેતા અને વર્તમાન સાંસદ ચૌબેએ રાજ્યની મુસ્લિમ વસ્તીને સીધી રીતે નિશાન બનાવતું ભાષણ આપ્યું હતું. પોતાના સંબોધનમાં તેમણે 'મુસ્લિમ ભાઈઓને' 'તેમની વસ્તી ઘટાડવા' અપીલ કરી અને દાવો કર્યો કે, 'ઘૂસપૈથીયે (ઘૂસણખોરો) સરહદ પારથી આવી રહ્યા છે.'

CJPએ જણાવ્યું હતું કે, ટિપ્પણીઓએ ઇરાદાપૂર્વક ભારતીય મુસ્લિમોને ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સ સાથે સરખાવ્યા છે અને મતદારોમાં ભય અને પૂર્વગ્રહ પેદા કરવા માટે સાંપ્રદાયિક રૂઢિપ્રયોગોનો ઉપયોગ કર્યો છે.

CJPએ ચૂંટણી પંચ અને રાજ્ય સત્તાવાળાઓ બંનેને ચૂંટણી પ્રક્રિયાની ન્યાયીતા અને અખંડિતતાનું રક્ષણ કરવા માટે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા વિનંતી કરી છે.

શ્રદ્ધા અને વિદેશીતાનું ખતરનાક મિશ્રણ :

ફરિયાદ મુજબ ચૌબેની ટિપ્પણીઓ ફક્ત ચૂંટણીના ભાષણથી ઘણી આગળ વધી ગઈ છે. તે ઇરાદાપૂર્વકના નફરતી ભાષણનું પ્રતિનિધિત્વ કરે છે જે ભારતીય મુસ્લિમોને વસ્તી વિષયક ખતરા અને વિદેશી ઘૂસણખોરો તરીકે દર્શાવે છે - એક વાર્તા જેનો ચૂંટણી પ્રચારમાં ચિંતાજનક રીતે વારંવાર ઉપયોગ થઈ રહ્યો છે.

એમ કહીને 'આપણી વસ્તી પણ ઘટી રહી છે. હું મારા મુસ્લિમ ભાઈઓને પણ અપીલ કરૂં છું : તમારી વસ્તી ઘટાડો. ઘૂસણખોરો સરહદ પારથી આવી રહ્યા છે. અમારી સરકાર તેમને દૂર કરવા માટે કામ કરી રહી છે,' સાંસદે નાગરિક અને બિન-નાગરિક વચ્ચેની રેખા તોડી નાખી, જેનો અર્થ એ થયો કે મુસ્લિમોની હાજરી શંકાસ્પદ છે.

CJPની ફરિયાદમાં ભાર મૂકવામાં આવ્યો છે કે, આવા ભાષણ ભારતીય મુસ્લિમોને અપ્રમાણિક બનાવે છે, તેમને તેમના પોતાના દેશમાં બહારના લોકો તરીકે દર્શાવે છે - એક પગલું જે ચૂંટણી લાભ મેળવવા માટે ધાર્મિક ઓળખને હથિયાર બનાવે છે.

મોહમ્મદ યાસીન શેખના ગુરૂના ૨૦ રૂપિયાએ બડે મિયાં બનાવવામાં કેવી રીતે મદદ કરી, જે હવે ૭૯ વર્ષ જૂનું સોબો કબાબ સીમાચિહ્ન છે જે મુંબઈની મોડી રાતની ભૂખ સંતોષે છે

(એજન્સી) નવી દિલ્હી, તા,૧૮

જેમ જેમ સાંજ પડતી જાય છે, તેમ તેમ બડે મિયાંની સામે એક અઢળક પ્રવાહમાં ગાડીઓ આવવા લાગે છે. કેટલાક ગ્રાહકો રોકાતાની સાથે જ બારીઓ નીચે કરી દે છે અને તેમની સીટ પર જ ખાવાના ઓર્ડર આપી દે છે. અન્ય ગ્રાહકો કારના બોનેટને પ્લાસ્ટિકની બોટલની મદદથી કામચલાઉ ટેબલમાં ફેરવી દે છે. કેટલાક લોકો ૭૯ વર્ષ જૂના સ્ટોલની સામેની ડાઇન-ઇન જગ્યામાં શેરી પાર કરે છે. આ દરમિયાન, સુગંધ આખી શેરીમાં ફેલાઈ જાય છે, જે ઓફિસ જનારાઓ, પાર્ટી કૂ, બ્રેક પર ડ્રાઇવરો અને અનિદ્રાના દર્દીઓને આકર્ષે છે જેઓ જાણે છે કે રાત લાંબી થાય ત્યારે ક્યાં ઉતરવું. લગભગ આઠ દાયકાઓથી, બડે મિયાં દક્ષિણ મુંબઈનું મહાન આફ્ટર-અવ

અમરેલીમાં વકફ તેમજ SIR જાગૃતિ માટેનો સેમિનાર યોજાયો

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૧૮

અમરેલીમાં વકફ અને એસઆઈઆર અંગે સેમિનાર યોજાયો હતો. અમરેલીના દારૂલ ઉલમ મહેબુબિયા ખાતે અમરેલી સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા ગુજરાતમાં મુસ્લિમની જે મિલકતો હોઈ તે વક્ફ હેઠળ નોંધાયેલી હોય અને તેને ઉમીદ પોર્ટલ ઉપર અપલોડ કરવા માટેની કાર્યવાહી ચાલુ છે. ત્યારે અમદાવાદથી ખાસ વક્ફ બોર્ડમાંથી ટીમ પધારી હતી. તો અમરેલી જિલ્લામાંથી તમામ તાલુકાના જિમ્મેદાર લોકો આવેલ જેને ઉમ્મીદ પોર્ટલ ઉપર ઓનલાઈન ફોર્મ કેમ ભરવું અને વક્ફને મિલકતોમાં કોઈ ભૂલચૂક હોય કે સુધારા હોય તે અંગેની માહિતી આપી હતી પ્રશ્નોત્તરી કરી હતી. સાથે-સાથે હાલમાં એસઆઈઆરની પણ ગુજરાતમાં કામગીરી શરૂ હોય ત્યારે અમદાવાદથી ખાસ મુજાહીદભાઈ નફિસ પધારેલ જેમણે સંપૂર્ણ માહિતી આપી હતી.

(તસવીર : માજીદખાન પઠાણ, અમરેલી)

આ કાર્યક્રમમાં વક્ફ બોર્ડના તોફિકભાઈ શેખ.મુન્શીજી મુરતુજાખાન, નબીલભાઈ, મુજાહિદભાઈ નફીસ mcc કન્વીનર નવેદભાઈ સિદીકી, અમદાવાદથી પધારેલ વક્ફને લગત સલાહ માટે બાઉભાઈ દામનગરવાળા જવાબદારી લીધેલ ટ્રસ્ટના ઓડિટ માટે કે અન્ય કોઈ સલાહ સૂચન માટે અમરેલીના સાકરીયા સી.એ દ્વારા સલાહ સૂચન અને સહકાર આપવા જણાવેલ છે sirના ફોર્મ ભરવામાં જમાત એ ઉલ્લેમાહએ હિન્દના સભ્યો દ્વારા જવાબદારી લીધેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા સમસ્ત જમાતના પ્રમુખ મહેબૂબ બાપુ કાદરી અને યુનુસભાઈ દેરડીવાળાએ જહેમત ઉઠાવેલ હતી.

જામનગર શહેર - જિલ્લા કોંગ્રેસ દ્વારા

મતદાર યાદીના ગણતરી ફોર્મમાં બી.એલ.ઓ.ની બેદરકારી અંગે કલેકટરને આવેદન અપાયું

જામનગર, તા.૧૮

ભારતના ચૂંટણીપંચ સ્પષ્ટ માર્ગદર્શિકા આપવામાં આવેલ છે કે બી.એલ.ઓ. દ્વારા ઘરે-ઘરે જઈને પહેલા તબક્કામાં ફોર્મ વિતરણ કરાવવામાં આવશે. બીજા તબક્કા માં આ ફોર્મમાં મતદારોની વિગત ભરવાની કામગીરી કરવામાં આવશે, અને શનિવાર અને રવિવારે મતદાન મથક પર જે વિસ્તારના બી.એલ.ઓ.ને કામગીરી સોંપવામાં આવી છે તે કરવની રહેશે. વિસ્તાર વાઈઝ કોંગ્રેસના કાર્યકરો સતત આ કામગીરી ચાલુ થઈ ત્યારથી બી.એલ.ઓ.ના સંપર્કમાં વિસ્તાર વાઈઝ હોય છે.

તા ૦૭-૧૧-૨૦૨૫ના રોજ જામનગર શહેર કોંગ્રેસ દ્વારા બી.એલ.ઓ.ની કામગીરી ઉપર ધ્યાન દોરવામાં આવ્યું હતું કે આપની સુચના મુજબ અને ચૂંટણી પક્ષની ગાઈડ લાઈન્સ મુજબ આપને ત્યાંથી નિમણૂક કરેલ બી.એલ.ઓ. એ જે કામગીરી કરવી જોઈએ તે વિસ્તાર વાઈઝ ખાસ કરીને જે સ્લમ વિસ્તાર છે. તે વિસ્તારમાં સંપૂર્ણપણે કામગીરી કરવામાં આવતી નથી. અમે દરેક બૂથ ઉપર

જઈને બી.એલ.ઓ.ની જયારે મુલાકાત લીધી ત્યારે તેમને જે ફોર્મ વિતરણ કરવામાં આવ્યા હતા તે ફોર્મ કાગળ ઉપર વિતરણ થઈ ગયેલ છે. પણ જે વિતરણ થયેલા ફોર્મ ઓનલાઈન ચડાવવાની કામગીરી અત્યંત ખરાબ છે.

જે સ્લમ વિસ્તાર છે તે વિસ્તારમાં માત્ર એક બી.એલ.ઓ.થી કામગીરી નહિ ચાલે એમાં સહાયજકો ની નિમણૂક તાત્કાલિક કરવામાં આવે સાથે-સાથે ટાર્ગેટ કરીને જે વિસ્તારને ક્યાંકને ક્યાંક મતદારોને તેના મત અધિકાર થી વંચિત કરવાની જે કામગીરી થઈ રહી છે. એ પણ જે-તે વિસ્તારોના મતદારોની મુલાકાત લીધી ત્યારે સ્પસ્ટ થાય છે કે ચૂંટણી પંચ પણ ક્યાંકને ક્યાંક સરકારના ઈશારે કામ કરે છે.

જેમ કે. ૭૭-ગ્રામ્ય વિસ્તાર વિધાનસભાના સ્લમ વિસ્તારના જે ૧૩ બુથો ત્યાં માત્ર બી.એલ.ઓ.જ હોય છે અને બીજા ગામડાઓમાં બી.એલ.ઓ.સાથે ૫ જેટલા સહાયકોની નિમણૂક કરવામાં પણ આવી છે. તો અમુક વિસ્તારને બી.એલ.ઓ. છે તે સ્થાનિક કોર્પોરેટર અને વિસ્તારના બી.એલ.એ.ને જવાબ પણ નથી આપતા.

SIRની કામગીરી જોતા એવું લાગે છે કે સરકાર આવી યોજનાઓ લઈ ગરીબો, મધ્યમો અને સ્લમ વિસ્તારના મતદારોનો મત અધિકાર છીનવાની રચના કરી રહી છે. આ મુદ્દે આજે જામનગરમાં શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા , પૂર્વ સાંસદ વિક્રમભાઈ માડમ ની આગેવાનીમાં જિલ્લા કલેક્ટરને આવેદન પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.

વઢવાણ તાલુકા પંચાયતના જરૂરી દસ્તાવેજ ધાબા ઉપર રઝળતી હાલતમાં

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૧૮

સુરેન્દ્રનગરની વઢવાણ તાલુકા પંચાયત વારંવાર પોતાની કામગીરીને લઈને વિવાદમાં આવતી હોય છે. હવે વઢવાણ તાલુકા પંચાયતના ધાબા ઉપરથી રઝળતી હાલતમાં જરૂરી દસ્તાવેજ મળી આવ્યા છે. જેમાં ખાસ કરીને ઓફિસની ફાઈલો કાગળ અને ખેડૂતોના સાતબારની નકલો સહિતની કિમતી જરૂરી ફાઈલો રઝળતી હાલતમાં મળી આવી છે. તાજેતરમાં વરસાદના કારણે આ ફાઈલો પલળી જવા પામી છે. આ ફાઈલોનો નાશ થઈ ગયો હોય અને કાગળ સડી ગયા હોય તે પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થયું છે. કોઈપણ રેકોર્ડ હોય તો તેનો નાશ કરવામાં આવે તો તેની યોગ્ય નિકાલ કરવામાં

માવઠાથી કિંમતી દસ્તાવેજનો થઈ ગયો નાશ

આવતો હોય છે પરંતુ વઢવાણ તાલુકા પંચાયત ખાતે સમગ્ર રેકોર્ડ ધાબા ઉપર ફેંકી દેવામાં આવ્યું છે અને રઝળતી હાલતમાં જોવા મળતા અધિકારીઓની કામગીરી સામે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. અલગ અલગ ગાંસડીઓ બાંધી અને આ જરૂરી દસ્તાવેજો ધાબા ઉપર ખડકી દેવામાં આવતા હાલની પરિસ્થિતિમાં કાગળો સડી ગયા છે. કોના દ્વારા આ કૃત્ય કરવામાં આવ્યું છે? તે દિશામાં તપાસ થાય તે જરૂરી છે.

જામનગર ખાતે શોરૂમમાંથી ૧૫ મોબાઈલ ફોનની ચોરી

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૧૮

જામનગરમાં અંબર સિનેમા રોડ પર આવેલા પ્રખ્યાત મોબાઈલ ફોનના શોરૂમમાંથી તેમાંજ એકાઉન્ટન્ટ તરીકે કામ કરતો શખ્સ રૂપિયા ૯ લાખ ૧૦ હજારની કિંમતના ૧૫ નંગ મોબાઈલ ફોન જુદા જુદા સમયે વેપારીની નજર ચૂકવી ચોરી કરી ગયો હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ચકચાર જાગી છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં અંબર સિનેમા રોડ પર પંચરત્ન કોમ્પ્લેક્સમાં યસ મોબાઈલ નામનો મોબાઈલનો શોરૂમ ધરાવતા રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ ખોડુભાઈ ગોહિલ કે જેઓએ પોતાના શોરૂમમાંથી ગત તા. ૫.૭.૨૦૨૫થી તા. ૧૭.૧૧.૨૦૨૫ના સમયગાળા દરમિયાન અલગ અલગ સમયે રૂપિયા નવ લાખ દસ હજારની કિંમતના ૧૫ નંગ મોબાઈલ ફોન ચોરી થઈ ગયાનું સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં જાહેર કર્યું છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ઉપરોક્ત સમયગાળા દરમિયાન પોતાની દુકાનમાંથી ૧૫ નંગ મોબાઈલ ફોનની ચોરી થઈ હોવાનું અને પોતાના શોરૂમમાં જ એકાઉન્ટન્ટ તરીકેનું કામ સંભાળતો કિશન ચેતનભાઈ બાવરીયા નામનો શખ્સ મોબાઈલ ફોનની ચોરી કરી લઈ ગયો હોવાનું જાહેર કર્યું છે. જેના આધારે સીટી બી. ડિવિઝન પોલીસની ટુકડીએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જેમાં સીસીટીવી કેમેરાની પણ મદદ લેવાઈ રહી છે અને એકાઉન્ટન્ટ હાલ ભાગી છૂટ્યો હોવાથી પોલીસ તેને શોધી રહી છે.

જૂનાગઢના ગિરનાર પર્વત પર ૭.૮ ડિગ્રી, ઠંડીનું મોજું ફરી વળ્યું

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ સહિત સોરઠભરમાં ઠંડીનું મોજુ ફરી વળ્યું હતું. જૂનાગઢ સહીત સોરઠ પંથકમાં ઠંડીની તીવ્રતામાં વધારો થઈ રહ્યો છે. આજે સવારે છેલ્લા બે દિવસથી તાપમાનમાં સતત ઘટાડો થઈ રહ્યો છે અને આજે લઘુતમ તાપમાન વધુ નીચે ઉતરી ગયું હતું તેના પરિણામે લોકોએ તીવ્ર ઠંડી અનુભવી હતી. આજે સવારે ગિરનાર પર્વત પર લઘુત્તમ તાપમાનનો પારો નીચે ઉતરીને ૭.૮ ડિગ્રીએ સ્થિર થયો હતો. જેના પરિણામે સમગ્ર પર્વતીય વિસ્તારોમાં ઠંડીનું મોજુ ફરી વળ્યું હતું. જૂનાગઢ શહેરમાં સવારે ૧૧.૮ ડિગ્રી ઠંડી રહેતા જનજીવનને અસર થઈ હતી. સવારે ઠંડી વધવાની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૮ ટકા રહેવાથી ઠંડી વધુ તીવ્ર બની હતી. બીજી તરફ આજે સવારે પવનની ઝડપ વધીને ૨.૮ કિલોમીટરની થઈ જતા વાતાવરણ ટાઢુંબોળ થઈ ગયું હતું.

પત્નીના આપઘાત કેસમાં કોન્સ્ટેબલ પતિને ૧ દિવસના રિમાન્ડ

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૮

પત્નીના આપઘાત કેસમાં મેંદરડા રહેતો પોલીસ કોન્સ્ટેબલ આશિષ લખમણ દયાતરને પોલીસે ૧ દિવસના રિમાન્ડય પર મેળવી પુરાવા મેળવવા ક્વાયત શરૂ કરી હતી. લગ્ન જીવન દરમ્યાન અન્ય મહિલાઓ સાથેના આડા સંબંધને શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપી મારકુટ કરી પોલીસ કર્મી પતિ આશિષ દયાતરે મરી જવા મજબૂર કરતા પત્ની ભાવિશાબેને ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ કેસમાં માળિયા હાટીના તાલુકાના માતરવાણીયા ગામના વતની અને મેંદરડા પોલીસ ક્વોર્ટસમાં રહેતા કોન્સ્ટેબલ પતિ આશિષ દયાતરની ધરપકડ બાદ સોમવારે તપાસનીશ ચોરવાડના પીઆઈ એસ.આઈ. મંઘરાએ ૩ દિવસના રિમાન્ડની માગણી સાથે કોર્ટમાં રજૂ કર્યો હતો. અદાલતે મંગળવાર સાંજ સુધી એક દિવસના રિમાન્ડશ મંજૂર કરતા ડિજિટલ પુરાવા એકત્ર કરવા, આરોપીના મેંદરડા ખાતેના પોલીસ ક્વાર્ટરમાં સર્ચ, અન્ય સ્ત્રીઓ સાથેના સંબંધ મુદ્દે તપાસ, પૂછપરછ હાથ ધરી હતી.

જામનગર મનપાની સોલિડ વેસ્ટ શાખાની બલિહારી, કચરા ગાડીની વેનમાં માણસોની હેરાફેરી

જામનગર મહાનગરપાલિકાની સોલિડ વેસ્ટ શાખા હસ્તકના કચરા કલેકશન વેનમાં સંખ્યાબંધ લોકો મુસાફરી કરતા જોવા મળ્યા હતા. આવા વાહનો અને તેમાં સવારી કરનારાઓ માટે ભયજનક હોવા ઉપરાંત રસ્તા પરથી પસાર થતા અન્ય વાહન ચાલકો માટે પણ મોટું જોખમ બને છે.

શહેરમાં પવનચક્કીથી ખંભાળીયા ગેઈટ તરફના માર્ગે આવી ગાડી દોડતી જોવા મળી હતી, ત્યારે જાણે શહેરમાં ટ્રાફિકના કાયદાઓનો 'કચરો' થઈ ગયો હતો. ટુ-વ્હીલરમાં ટ્રીપલ સવારીના કેસ કરતી પોલીસને આ ગાડી નહીં દેખાતી હોય...? આ ગાડીમાં પાછળની તરફ નંબર પ્લેટ પણ નથી...! દેખાવ પરથી આ ગાડી મનપાની કચરા કલેકશન વેન હોવાનું જણાઈ આવે છે, ત્યારે આ મુદ્દે તંત્રની પણ કોઈ જવાબદારી થાય કે નહીં...? પોલીસ દ્વારા 'નેત્રમ'નો ઉપયોગ કરી સીસીટીવી ફૂટેજ ચકાસી આ મુદ્દે કડક અને દાખલારૂપ કાર્યવાહી કરવી જરૂરી છે.

મુખ્યમંત્રી-કમિશનરની સૂચનાથી તંત્ર સક્રિય

કોડીનાર પાલિકાના ચીફ ઓફિસર દ્વારા DLP રોડનું સઘન નિરીક્ષણ

(સંવાદદાતા દ્વારા)

કોડીનાર, તા.૧૮

મુખ્યમંત્રી અને પ્રાદેશિક કમિશનરની સીધી સૂચનાને પગલે કોડીનાર નગરપાલિકાનું તંત્ર વિકાસકાર્યોની ગુણવત્તા જાળવવા માટે સક્રિય બન્યું છે. આ કાર્યવાહીના ભાગરૂપે, કોડીનાર નગરપાલિકાના ચીફ ઓફિસર બી.આર.ગોહિલ દ્વારા DLP (ડિફેક્ટ લાયેબિલિટી પીરિયડ) અંતર્ગત આવતા તમામ રોડ-રસ્તાઓનું તાત્કાલિક સ્થળ નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. શહેરી વિકાસના કાર્યોમાં ગુણવત્તા જળવાઈ રહે તે મુખ્ય હેતુથી, ચીફ ઓફિસર ગોહિલએ એન્જિનિયર સહિતના સ્ટાફની એક ટીમ સાથે આ તપાસ હાથ ધરી હતી. નિરીક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય DLP હેઠળ બનેલા અથવા જેનું નિર્માણ કાર્ય ચાલુ છે તેવા તમામ રોડની ગુણવત્તા, નિર્ધારિત માપદંડો અને તેમની હાલની ભૌતિક સ્થિતિ ચકાસવાનો હતો. મુખ્યમંત્રી અને પ્રાદેશિક કમિશનરની સૂચનાથી થયેલી આ સઘન કાર્યવાહીને કારણે કોડીનાર શહેરના નાગરિકોને સુવિધાપૂર્ણ અને ટકાઉ રોડ-રસ્તા મળી રહેશે તેવી આશા જન્મી છે. નગરપાલિકા તંત્રની આ સક્રિયતાને શહેરના નાગરિકો તરફથી સારો આવકાર મળી રહ્યો છે.

જૂનાગઢ ખાતે મેમણવાડા સહિતના વિસ્તારોમાં મતદાર જાગૃતિ કેમ્પ યોજાયો

જૂનાગઢ, તા.૧૮

મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અન્વયે માંગરોલીયા ઘાંચી, જમાતખાના મેમણ વાડા મસ્જિદ પાસે અવેરનેસ કેમ્પ યોજાયો હતો. જેમાં ચંપા ફળિયા, ઘાચીની કમાન, મેમણવાડા, પિંઝાર ફળિયા, માંગરોલીયા ઘાંચી જમાતખાના, ચિતાખાના ચોક તથા ધોબી ગલી, સન્માન એપાર્ટમેન્ટ વિસ્તાર, કસાઈવાડા વિસ્તાર, સરવણ ફળિયા, જીવાસા ચકલા, દારૂવાળા નાકા , ડાંગરા ચોક વિસ્તારના મતદારોએ આ અવેરનેસ કેમ્પનો લાભ લીધો હતો. ઉલ્લેખનીય છે કે મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં આગામી તા.૨૨ અને ૨૩ નવેમ્બરના રોજ સવારે ૯થી બપોરે ૧ કલાક સુધી વિશેષ કેમ્પનું દરેક મતદાન મથક પર આયોજન થનાર છે. જેમાં જિલ્લાના તમામ મતદારોને પોતાની વિગતોની તપાસ કરવા, જરૂરી સુધારા કરવા અને લોકશાહીની પ્રક્રિયામાં સક્રિય રીતે ભાગીદારી બનવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

ક્વોલીફાઈડ અધિકારીઓની ભરતી કેમ કરવામાં આવતી નથી ?

જૂનાગઢ કોર્પોરેશનનું ઈન્ચાર્જથી ચલાવવામાં આવતું 'ગાડું' : સરકારની ગાઈડલાઈનનું સરેઆમ ઉલ્લંઘન

ક્વોલીફાઈડ કર્મચારીઓની તાત્કાલિક ભરતી કરવા શહેરીજનોની માંગણી

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ તા. ૧૮

જૂનાગઢ કોર્પોરેશનનું 'ગાડુ' ક્વોલીફાઈડ કર્મચારી અધિકારી ન મળવાના કારણે ઈન્ચાર્જથી ચલાવાય છે. એકને એક અધિકારી -કર્મચારીને અન્ય વિભાગનો ચાર્જ આપી વધારાની કામગીરીનો બોજ આપી દેવામાં આવતો હોવાની વિગતો બહાર આવતા લોક ચર્ચા જગી છે. જૂનાગઢ શહેરમાં રસ્તા સહિતની પ્રાથમિક સુવિધાઓ અસરકારક રીતે મળતી ન હોવાના કારણે આમ જનતા અને શહેરીજનો ઘણાં લાંબા સમયથી મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. પ્રજાના કોઈ કામ સારી રીતે થતા ન હોવાની ફરિયાદો જાણે કાયમી ધોરણે ઘર કરી ગઈ હોય તેવી હાલત છે. દરમ્યાન જૂનાગઢ કોર્પોરેશનના સત્તાધિશો-પદાધિકારીના અવારનવાર મુખ્યમંત્રી દ્વારા કલાસ લેવામાં આવે છે અને ઠપકો આપી પ્રજાકીય સુવિધા બાબતે ખાસ કરીને રસ્તા બાબતે કડક આદેશો જારી થતાં હાલ કોર્પોરેશન તંત્ર રસ્તા બાબતે દોડતું થઈ ગયું છે. જૂનાગઢ શહેરના રસ્તા તેમજ વિકાસની પ્રક્રિયા માટે સરકાર દ્વારા ખૂબજ મોટી ગ્રાન્ટ આપવામાં આવતી હોવા છતાં પણ કોર્પોરેશનના અણઘડ તંત્રને કારણે કોઈ કામ ઢંગથી થતા ન હોવાની અનેક ફરિયાદો ઉઠી છે. આ ઉપરાંત વિકાસના કામોમાં નબળી કામગીરી કરનાર કોન્ટ્રાકટર સામે પગલા લેવાતા નથી. ઉપરાંત ગેરેંટીવાળા કામો પણ ફરિવાર તંત્ર દ્વારા કરાવવામાં આવતા ન હોવાની લોક ચર્ચા છે. આવી એજન્સીને બ્લેક લીસ્ટ ન કરવી જોઈએ ? જો કે, તેમ થતું નથી. જૂનાગઢ કોર્પોરેશનમાં એક બાબત વર્તળોમાં ચર્ચાય છે કે જૂનાગઢ કોર્પોરેશનમાં સરકારના કોઈ નિયમોનું પાલન થતું નથી અને આડેધડ કામગીરી થતી હોવાના કારણે અનેક સમસ્યાઓ ઉભી થાય છે. ?

દરમ્યાન ગુજરાત મુલ્કી સેવાના નિયમ મુજબ એક વર્ષથી વધુ સમય સુધી કોઈને ચાર્જ ન આપી શકાય તેવી સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં ૯ મહિનાથી ઘણાં લાંબા સમય સુધી એકને એક અધિકારીને એકથી વધુ ચાર્જ સોંપી કામ ચલાવવામાં આવે છે. ઉપરાંત કોર્પોરેશનનું ગાડું ઈન્ચાર્જથી ચાલી રહ્યું છે. ખરેખર તો જે તે શાખા-વિભાગનાં હેડ-અધિકારીની લાયકાત અનુસાર કર્મચારી અધિકારીની ભરતી થવી જોઈએ પરંતુ જૂનાગઢ કોર્પોરેશનમાં એમ થતું નથી. જે તે શાખાના કવોલીફાઈડ કર્મચારીના અભાવે અન્ય કર્મચારીઓને જે તે વિભાગનો ચાર્જ સોંપી દેવામાં આવે છે અને આવું ઘણા સમય થયા ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં માત્ર એકજ વાર ભરતી પ્રક્રિયા થઈ અને તેમાં પણ મોટાભાગના અધિકારીઓ ઓછો પગાર અને જૂનાગઢ શાસકોના અણઘડ વહીવટના કારણે હાજર થયા નહીં. જૂનાગઢ કોર્પોરેશનમાં કવોલીફાઈડ કર્મચારી નોકરી કરવા પણ તૈયાર નથી. ? એટલા માટેજ જૂનાગઢ કોર્પોરેશનના વહીવટી માળખામાં પારદર્શકતા આવે અને લોકોની સમસ્યાઓનું નિરાકરણ થઈ જાય તેમજ વિકાસ કામો પણ સારી રીતે થાય તેમજ નાણાંનો વેડફાટ ન થાય તે તમામ બાબતોને સાંકળી અને જૂનાગઢ કોર્પોરેશનનું વહીવટી માળખું સુદૃઢ બનાવવા માટે કવોલીફાઈડ કર્મચારીઓની તત્કાલ ભરાતી કરવાની માંગ ઉઠવા પામી છે.

વાપીના છિરી ગ્રામ પંચાયત કાળના ગેરકાયદેસર બાંધકામ ઉપર મનપાનું બુલડોઝર ચાલ્યું

(સંવાદદાતા દ્વારા)

વાપી, તા.૧૮

વાપી મહાનગરપાલિકામાં સમાવેશ પહેલા છિરી ગ્રામ પંચાયત વિસ્તારમાં આવતા ગેરકાયદેસર બાંધકામને મહાનગરપાલિકા દ્વારા ડેમોલેશન કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ વાપી મહાનગરપાલિકા જાહેર થતા પહેલા છિરી ગ્રામ પંચાયતના અગાઉના શાસકોના દોરમાં છિરી હદ વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલું હતું. જે ગેરકાયદેસર બાંધકામને લઈને વાપી મનપા દ્વારા નોટિસ ફટકારવામાં આવી હતી. જેમાં આજરોજ વાપી મહાનગરપાલિકાના કમિશનર તથા અધિકારીઓની હાજરીમાં ગેરકાયદેસર કરાયેલા બાંધકામ ઉપર બુલડોઝર ચલાવવામાં આવ્યા હતા સત્તા પક્ષમાં

(તસવીર : શકીલ સૈયદ, વાપી)

રહેલા નેતાઓ દ્વારા આ ગેરકાયદેસર બાંધકામ મનપાના ધ્યાને આવતા તાત્કાલિક તોડવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

છિરી વિસ્તારમાં રહેતા કોંગ્રેસ કાર્યકર્તા ઈમરાન મિર્ઝા ઉર્ફે અનનુંભાઈ દ્વારા વાતચીત કરતા જણવા મળ્યું કે છિરી ગ્રામ પંચાયતના સમયે સત્તા પક્ષમાં રહેલા નેતાઓ દ્વારા આ ગેરકાયદેસર બાંધકામ કરાયેલું હતું. તો પંચાયતના કાર્યકાળમાં કેટલાક ભ્રષ્ટાચાર પણ આચરી ચુક્યા હોય એવું છિરીની પ્રજામાં આ અવાજ ઉઠી રહ્યો છે .

ખાંભા : પોસ્ટ ઓફિસની સિલકના રૂ.૧.૨ લાખની ઉચાપત

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૧૮

ખાંભા તાલુકાના ભાણીયા ગામની બ્રાંચ ઓફિસના આસી.બ્રાંચ પોસ્ટ માસ્તરે સરકારી સિલકના નાણાં રૂ.૧.૨ લાખની ઉચાપત કરી છેતરપિંડી કરતા ખાંભા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.પ્રાપ્ત માહિતી અનુસાર ખાંભા તાલુકાના ભાણીયા ગામની બ્રાંચ ઓફિસમાં આસી.બ્રાંચ પોસ્ટ માસ્ટર તરીકે ફરજ બજાવતા પારસકુમાર જશુભાઈ ગજેરા (રહે રાભડા તા રાજુલા) (ખડાધાર) ભાણીયામાં સરકારી કર્મચારી તરીકે કાર્યરત હતા. ગત તા.૧૨/૦૮/૨૦૨૪ના ફરજ દરમ્યાન પોસ્ટ ઓફિસની ખુલતી સિલકના તેમની પાસે નીકળતા નાણા કુલ રૂા.૧,૦૨,૩૧૬/- સરકારી તિજોરીમાં રજૂ કરવાના બદલે તેણે પોતાના અંગત ખર્ચ માટે ઉપયોગ કરી વાપરી સરકારી નાણાનો દુરઉપયોગ કરિ સરકારી નાણાંની ઉચાપતનો બનાવ સામે આવ્યો હતો. જેથી સબ ડિવિઝનલ પોસ્ટ ઈન્સ્પેક્ટર સજજન કુમાર લીલુરામે ખાંભા પોલીસમાં આસી. બ્રાંચ પોસ્ટ માસ્ટર પારસકુમાર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સાયલા : ટ્રેક્ટરે પલટી મારી, ૭ને ઈજા

સુરેન્દ્રનગર,તા.૧૮

સાયલા બાયપાસ પાસે ટ્રેક્ટર પલટી મારી ગયું હતુ, આ ઘટનામાં સાત લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના સમાચાર છે.

મળતી માહિતી અનુસાર ખેત મજૂરીના કામ પરથી એક ટ્રેક્ટર આવી રહ્યું હતું, જે સાયલા બાયપાસ ખાતે પલટી મારતા આ અકસ્માત થયો હતો. ૪- મહિલા, ૧- યુવાન, ૨-સગીર વયના બાળકો ઈજાગ્રસ્ત થયા હોવાનું સામે આવ્યું છે. તમામ ઈજાગ્રસ્તોને સાયલા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જો કે, ચાર લોકોને વધુ ઈજા જણાતા સુરેન્દ્રનગર ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

ગૃહમંત્રી શાહના હસ્તે

ભાવનગર ખાતે ભાજપ કાર્યાલયનું ઉદ્દઘાટન થશે

ભાવનગર, તા.૧૮

આગામી ૨૦ નવેમ્બરના રોજ નારી ચોકડી ખાતે જિલ્લા ભાજપ કાર્યાલયના ઉદ્દઘાટન પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ અને ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિત રહેશે. તે અંતર્ગત પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી, જેમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણીયા અને રાજયના કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘણીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, પચીસ હજાર જેટલા કાર્યકર્તાઓ અને શુભેચ્છકોની જનમેદનીમાં બન્ને મહાનુભાવોનો સન્માન સમારોહ રાખવામાં આવનાર છે.

કતકપરા : મંગેતરના મોતનું લાગી આવતા યુવતીનો આપઘાત

જૂનાગઢ, તા.૧૮

માણાવદરના કતકપરા ગામે મંગેતરના મૃત્યુનું લાગી આવતા યુવતીએ તળાવમાં ડૂબી જતા મોત નિપજયાનું માણાવદર પોલીસ મથકે નોંધાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર માણાવદર પોલીસ મથકે હરસુખભાઈ ધીરૂભાઈ પરમારે જાહેર કરેલ કે પોતાની મૃતક પુત્રી ભારતીબેન (ઉ.વ.૧૮)ની ૨ વર્ષ પહેલા પ્લાસવા ગામ ખાતે રહેતા અરવીંદભાઈ બાંભણીયા સાથે સગાઈ થયેલ હતી. જેનું આશરે પંદર દિવસ પહેલા પાણીમાં ડૂબી જવાથી મોત નિપજયું હતું. તેનું લાગી આવતા તેણીએ તળાવમાં ડૂબી જતા મોત નિપજયાંનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

વડોદરા નજીક હાઈવે પર એસટી બસ ઉભેલી ટ્રકમાં ઘૂસી ગઈ, ૨૦થી વધુ મુસાફરોને ઈજા

વલસાડના છ પરીક્ષાર્થી મુસાફરોમાંથી ત્રણ ઈજાગ્રસ્ત; એસએસજી હોસ્પિટલમાં સારવાર હેઠળ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૮

અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર દેણા નજીક આજે વહેલી સવારે ગંભીર અકસ્માત સર્જાયો હતો. વાપીથી ચાણસ્મા જતી એસટી બસ રસ્તા પર ઉભેલી ટ્રકમાં ઘૂસી જતા બસના મુસાફરોમાં હાહાકાર મચી ગયો હતો. અકસ્માતમાં લગભગ ૨૦થી વધુ લોકોને ઈજા પહોંચી હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક વડોદરાની એસએસજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલુ છે.

અકસ્માતમાં બસના ડ્રાઈવર અને કંડક્ટર સહિતના અનેક લોકોને મધ્યમથી લઈને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી છે. બસના ડ્રાઈવરને ગંભીર ઈજા થતા સર્જરી વિભાગમાં સારવાર લેવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ વલસાડના પારડી તાલુકાના નાના વાઘછીપા ગામના છ વિદ્યાર્થીઓ મહેસાણા ખાતે પરીક્ષા આપવા જતાં હતાં. આમાંથી ત્રણ વિદ્યાર્થીઓને આ અકસ્માતમાં ઈજા પહોંચી હતી.

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ.નિકુલભાઈ પટેલ હોસ્પિટલમાં પહોંચ્યા હતા અને તેમણે જણાવ્યું કે વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર આપીને પાછા મહેસાણા મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી છે, કારણ કે તેમનો આવતીકાલે પરીક્ષા સમય છે. ડૉ.પટેલે એમ પણ જણાવ્યું કે વિદ્યાર્થીઓની હાલત સ્થિર છે અને મોટું જોખમ ટળ્યું છે.

પોલીસ અને ફાયર વિભાગની ટિમો સ્થળ પર પહોંચી બચાવ કાર્ય હાથ ધર્યું હતું. અકસ્માતને કારણે હાઈવે પર ટ્રાફિક જામ થયો હતો, જે બાદમાં ધીમે-ધીમે સામાન્ય સ્થિતિમાં આવ્યો હતો. ટ્રકને રસ્તા પરથી હટાવીને માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો હતો. આ અકસ્માત અંગે દેણા પોલીસ દ્વારા નોંધ લેવામાં આવી છે પ્રાથમિક તારણ મુજબ દૃશ્યતા ઓછી હોવા કે ઊંઘના ઝોકાથી બસ ડ્રાઈવરનું ધ્યાન નહીં રહેતા અકસ્માત થયો હોવાનું માનવામાં આવે છે.

વડોદરાના સમા વિસ્તારમાં દારૂની હાટડીઓથી ત્રસ્ત મહિલાઓ મોરચો લઈ પોલીસ ભવન પહોંચી

વડોદરાના સમા વિસ્તારમાં ખુલ્લેઆમ દારૂની હાટડીઓ ચાલતી હોવાથી આજે સ્થાનિક મહિલાઓએ મોરચો કાઢી પોલીસ કમિશનર સમક્ષ રજૂઆત કરી હતી. પોસ્ટર્સ સાથે સૂત્રોચ્ચાર કરતી મહિલાઓએ આક્ષેપ કર્યો હતો કે, સમા નવી નગરી અને અન્ય વિસ્તારમાં પોલીસની રહેમનજર હેઠળ અનેક સ્થળે દારૂના ધંધા ચાલતા હોવાથી દારૂ પીવા કે લેવા આવતા નશેબાજો વાહનો આડેધડ પાર્ક કરે છે. જેથી ટ્રાફિકની પણ સમસ્યા સર્જાય છે. પોલીસ સમક્ષ રજૂઆત કરીએ એટલે રેડ પાડવા આવે છે,પણ તેઓ જાય તે સાથે જ દારૂના ધંધા શરૂ થઈ જતા હોય છે.ક્યારેક તો એમ્બ્યુલન્સ પણ જઈ ના શકે તેવી સ્થિતિ હોય છે.જેથી પોલીસ કમિશનરે તાત્કાલિક પગલાં લેવા જોઈએ. **(તસવીર : અતિક શેખ, વડોદરા)**

ઠાસરાના અમૃતપુરામાં બોક્સાઈટ લીઝ મામલે ગ્રામજનોનો ઉગ્ર વિરોધ

ગૌચર જમીન અને પશુપાલન પર જોખમની ભીતિ, ગાંધીચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૮

ઠાસરા તાલુકાના અમૃતપુરા ગામમાં બોક્સાઈટની લીઝ ફાળવવાના મુદ્દે આજે ખેડા જીપીસીબીના અધિકારી અને અધિક નિવાસી કલેક્ટર દ્વારા લોકસુનાવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ સુનાવણીમાં ગ્રામજનોએ લીઝનો સખત વિરોધ કરીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. ગ્રામજનોનું કહેવું છે કે, લીઝ માટે ફાળવાયેલી જમીન અમૃતપુરાની ગૌચર જમીન છે, જેના પર ગામના મોટી સંખ્યામાં ખેડૂતો અને પશુપાલકો નિર્ભર છે. અહીંના પશુપાલકો રોજનું આશરે ૨૫૦૦ લીટર દૂધ અમૂલ ડેરીમાં ભરાવે છે, જેનું વાર્ષિક આર્થિક મૂલ્ય લગભગ ૩ કરોડ જેટલું થાય છે. આ ગૌચર જમીન પર લીઝ નાખવાથી

પશુઓના ઘાસચારા પર, ખેતીની જમીનની ફળદ્રુપતા પર અને સમગ્ર પર્યાવરણ પર વિપરીત અસર થશે, જેના કારણે ગામની આર્થિક કરોડરજ્જુ તૂટી જવાની ભીતિ છે. ગ્રામજનોએ સુનાવણી દરમિયાન એવી પણ માગણી કરી હતી કે, લીઝ ફાળવણી અમૃતપુરા ગામની હોવાથી આસપાસના અન્ય ગ્રામજનોને બદલે સ્થાનિકોની રજૂઆતોને પ્રાથમિકતા આપીને સાંભળવામાં આવે. ગામના લોકોએ સંગઠિત થઈને ખુલ્લો વિરોધ દર્શાવ્યો હતો અને જો આ લીઝને મંજૂરી આપવામાં આવશે તો ગામ આખું ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવા માટે તૈયાર હોવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. લોકસુનાવણીના અંતે, હાજર અધિકારીઓએ ગ્રામજનોની તમામ રજૂઆતો અને માગણીઓને ધ્યાનથી સાંભળીને નોંધી લીધી હતી. અધિકારીઓએ કહે છે કે, હાલમાં તેમના મંતવ્યો લેવામાં આવ્યા છે અને હવે પછી નિયમ મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

અંકલેશ્વર : નોટિફાઈડ એરિયા ઓથોરિટીનો સપાટો : ૪ દુકાનો સીલ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૮

અંકલેશ્વર નોટિફાઈડ એરિયા ઓથોરિટી દ્વારા ફિકોમ ચોકડી સ્થિત પાર્થ કોમ્પ્લેક્સમાં આવેલી ચાર દુકાનદારો લાંબા સમયથી વેરાની ભરપાઈ ન કરાતા ૪ દુકાનોને સીલ કરી દેવામાં આવી હતી.

અંકલેશ્વર નોટિફાઈડ એરિયા ઓથોરિટીએ ટેક્સ બાકીદાર વિરૂદ્ધ કડક વલણ અપનાવતા મંગળવારે મહત્વપૂર્ણ કાર્યવાહી કરી હતી. ફિકોમ ચોકડી સ્થિત પાર્થ કોમ્પ્લેક્સમાં આવેલી ચાર દુકાનદારો દ્વારા લાંબા સમયથી વેરાની ભરપાઈ ન કરાતા

(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

અધિકારીઓએ સીલિંગની કાર્યવાહી કરી હતી. ૪ દુકાનોનો કુલ રૂા.૧૦ લાખ જેટલો વેરો બાકી હોવા છતાં સંબંધિત દુકાનધારકોએ ચુકવણી ન કરતાં તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે પોલીસ કાફલો સાથે રાખવામાં આવ્યો હતો. આ અંગે નોટિફાઈડ એરિયા ઓથો.ના ચીફ ઓફિસર ચિંતન પટેલે જણાવ્યુ હતું કે, બાકી રહેલો વેરો તાત્કાલિક નહીં ભરનાર સામે કડક પગલાં લેવામાં આવશે.

વડોદરામાંથી રૂા.૧.૭૫ લાખના MD ડ્રગ્સ સાથે કેરિયર ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૮

વડોદરાના રાવપુરા મચ્છીપીઠ વિસ્તારમાં આવેલા મોદી હાઉસ નામના મકાનમાં એમડી ડ્રગ્સનો ધંધો ચાલતો હોવાની વિગતો મળતા એસ.ઓ.જી.એ વોચ રાખી હતી. જે દરમિયાન મકાનના ત્રીજા માળેથી મહમદ રફીક ઈકબાલભાઈ મલેક ઝડપાઈ ગયો હતો. પોલીસે રૂા.પોણા બે લાખનું ૫૮ ગ્રામ એમડી ડ્રગ્સ, વેચાણના રોકડાનું ૧૪,૭૦૦, ડિજિટલ વજન કાંટો અને મોબાઈલ કબજે કર્યા હતા. આ ડ્રગ્સ કોની પાસેથી મેળવ્યું હતું અને કેટલા સમયથી ધંધો કરતો હતો તેની પોલીસે તપાસ શરૂ કરી છે. આ ઉપરાંત તેની પાસે નિયમિત કોણ કોણ ડ્રગ્સ લેવા આવતું હતું તેની પણ પૂછપરછ માટે રિમાન્ડની તજવીજ હાથ ધરી છે.

હિંમતનગર વોટર પાર્કના પાર્ટનર પાસે પાંચ કરોડની ખંડણી માંગ્યાની ફરિયાદ

હિંમતનગર, તા.૧૮

હિંમતનગર જેમ જેમ વિકાસની હરણફાળ ભરી રહ્યું છે તેમ તેમ હિમતનગરમાં દિવસેને દિવસે ગુનાહોનું પ્રમાણ પણ વધતું જાય છે, વોટર પાર્કના પાર્ટનર પાસે મોબાઈલ પર પાંચ કરોડ ખંડણી માંગી છે. જો ના આપે તો જાનથી મારી નાખવાની ધમકી અપાયાની ફરિયાદ નોંધાઈ છે.હિંમતનગર આરટીઓ બાયપાસ પર આવેલ વોટરવિલેના પાર્ટનર બિનઆમીન દાઉદભાઈ વિજાપુરા ઉપર મોબાઈલ ધારક ૯૪૨૬૭૪૧૭૦૯ ઉપરથી અજાણ્યા શખ્સે વ્હોટ્સએપ કોલ કરી તેમજ વ્હોટ્સએપ મેસેજ કરી હિન્દી ભાષામાં ધમકી આપી હતી કે "ખાલિદભાઈ કે યહાં પાંચ કરોડ ભીજવા દો સવાલ પૂછતાં

(તસવીર : વારિસ સૈયદ, હિંમતનગર)

કીસ બાત કે તો વળતો જવાબ મળ્યો હતો કે તુમ્હારે ઔર તુમ્હારી ફેમિલી કે પ્રોટેક્શન કે બદલે પાંચ કરોડ ભીજવા દો વરના ગોલી માર દૂંગા" એટલુંજ નહીં ફેમિલીના સભ્યો ઉપર પણ ૧૨/૧૧/૨૫ અને ૧૫/૧૧/૨૫ના રોજ વાહટ્સએપ મેસેજ કરી બે કરોડ ખંડણી માંગવાના વાહટ્સએપ મેસેજ કરેલ છે, જેથી બિનઆમીન દાઉદભાઈ વિજાપુરા એ ગેરકાયદેસર રીતે ખંડણી માંગવાની ફરિયાદ હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશને ૨૦૨૩ની કલમ ૦૮(૪) ૩૫૧ (૪) મુજબ ફરિયાદ નોંધાવી હતી, આ ફરિયાદના પગલે સાબરકાંઠા ક્રાઈમ બ્રાન્ચે બીન આમીન વિજાપુરાનું નિવેદન લઈ ખંડણી ખોર આરોપીને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

ભરૂચ અંકલેશ્વર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કાર્યવાહી

અંકલેશ્વરના ગડખોલ પાટિયે કોમ્પલેક્ષની ૮ દુકાનોને બૌડાનું સીલ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૮

અંકલેશ્વરના ગડખોલ પાટીયા વિસ્તારમાં આવેલ કોમ્પલેક્ષમાં ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતા ભરૂચ અંકલેશ્વર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કુલ ૮ દુકાનોને સીલ કરી દેવામાં આવી હતી બૌડા દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીના કારણે ગેરકાયદેસર બાંધકામ કરનાર તત્વોમાં ફફડાટ ફેલાયો હતો. અંકલેશ્વરના ગડખોલ પાટિયા પાસે આવેલ તુલસી પત્ર કોમ્પલેક્ષમાં પરવાનગી વગર બાંધકામ કરતા ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ બૌડા દ્વારા મિલકત સીલ કરી દેવામાં આવી હતી.

(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

મળતી માહિતી અનુસાર બાંધકામ અંગેની પરવાનગી ન હોવા છતાં બિલ્ડરે ગેરકાયદેસર બાંધકામ કરી કોમ્પલેક્ષની દુકાનો વેચાણ કરી દીધી હતી. જો કે, બૌડા દ્વારા દુકાનદારોને સમય આપી અને દુકાનમાં રહેલ માલ સામાન બહાર કાઢવા જણાવ્યું હતું. જેથી વેપારીઓએ પોતાનો માલસામાન કાઢી લીધો હતો. બૌડા દ્વારા કોમ્પ્લેક્સની કુલ ૮ દુકાનો સીલ કરવામાં આવી હતી. ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ બૌડાએ અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસની મદદ લઈ ગેરકાયદેસર બાંધકામ કરેલ મિલકતો સીલ કરી હતી. તંત્ર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીના કારણે ગેરકાયદેસર બાંધકામ કરનાર તત્વોમાં ફફડાટ ફેલાયો હતો.

લીંબાસીથી મરાલા તરફના બિસ્માર માર્ગનું રિસરફેસિંગ

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૮

માતર તાલુકાના લીંબાસીથી મરાલા માર્ગ પર ૧.૫૦ કિમીના રિસરફેસિંગ કાર્યે હવે ગતિ પકડી છે. માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા હાથ ધરાયેલા આ વિકાસ કામથી વિસ્તારના નાગરિકોને સુરક્ષિત, સરળ અને આરામદાયક મુસાફરીનો અનુભવ મળશે. રોડના રિસરફેસિંગનું કામ પૂર્ણ થયા બાદ લીંબાસી, મરાલા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વાહન વ્યવહાર વધુ સુગમ બનશે. ખેડૂતો, વિદ્યાર્થીઓ, રોજગાર માટે આવનજાવન કરનાર નાગરિકો તેમજ તાત્કાલિક સેવાઓ માટે આ માર્ગ વધુ સજ્જ અને ઉપયોગી બની રહેશે. વિકાસના આ કામને લઈને સંબંધિત વિભાગ દ્વારા સ્થળ પર સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે તથા કામની ગુણવત્તાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. ગ્રામ્ય વિસ્તારોને મજબૂત માર્ગ વ્યવસ્થા સાથે જોડવાનો સરકારનો સંકલ્પ આ કાર્ય દ્વારા વધુ મજબૂત બનશે. માર્ગ સુવિધાઓમાં સુધારાથી સામાજિક-આર્થિક વિકાસને વેગ મળશે અને સ્થાનિક નાગરિકોના જીવનમાં સકારાત્મક બદલાવ આવશે.

હિંમતનગર હાથમતી વિયર પર ઓવરબ્રિજના નવા વર્ષે લોકાર્પણની શક્યતા

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૧૮

હિંમતનગરમાં ખેડ તસિયા અને ઈડર સ્ટેટ હાઈવેને જોડતા હાથમતી વિયર પર નિર્માણાધીન ઓવરબ્રિજનું ૯૫ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. ૨૨ કરોડના ખર્ચે બની રહેલા આ ઓવરબ્રિજનું આગામી નવા વર્ષે લોકાર્પણ થઈ શકે છે. ૨૧૦ મીટર લાંબા અને ફૂટપાથ સાથે ૧૬ મીટર પહોળા આ ઓવરબ્રિજથી શહેરમાં ટ્રાફિકનું ભારણ ઘટશે. હાલમાં બંને તરફના એપ્રોચ રોડનું કામ ચાલી રહ્યું છે.હિંમતનગર-ખેડબ્રહ્મા રેલવે અન્ડરપાસ તરફ અને ખેડ તસિયા તરફના એપ્રોચ રોડના છેડે કામ ચાલી રહ્યું છે. ઓવરબ્રિજ પર ફૂટપાથની પેરાફીટ અને વીજ પોલના વાયરિંગની પ્રક્રિયા પણ પ્રગતિમાં છે. હિંમતનગર R&B સ્ટેટના આસી. એન્જિનિયર નિર્મલભાઈ ચૌધરીએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, ઓવરબ્રિજનું ૯૫ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે અને કામગીરી અંતિમ તબક્કામાં છે. ૧૮ નવેમ્બરથી ૧૮ ડિસેમ્બર સુધીમાં ઓવરબ્રિજનું કામ સંપૂર્ણપણે પૂર્ણ થઈ જશે. આ કામગીરી પૂર્ણ થતાં આગામી નવા વર્ષે ઓવરબ્રિજનું લોકાર્પણ થઈ શકે છે.

સર્વર ડાઉન થતાં કામ ઠપ

સાવલી તા.માં કમોસમી વરસાદ બાદ પાક સહાય માટે ૭/૧૨ ઉતારા લેવા ખેડૂતોની ભાગદોડ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૮

સાવલી તાલુકામાં કમોસમી વરસાદથી કપાસ, તમાકુ, ડાંગર, દિવેલા, શાકભાજી, સોયાબીન સહિતના પાકને મોટું નુકસાન થયું છે. રાજ્ય સરકારે આ નુકસાનીને ધ્યાને લઈ પાક સહાયનું પેકેજ જાહેર કર્યું હોય એટલામાં, ઓનલાઈન અરજી માટે ખુબ જરૂરી એવા ૭/૧૨ અને ૮-અના ઉતારા મેળવવા ખેડૂતો આજે મોટી સંખ્યામાં સાવલી તાલુકા સેવા સદન અને વિવિધ જનસેવા કેન્દ્રોમાં ઉમટી પડ્યા હતા. પરંતુ, સેવા સદનમાં સર્વર ડાઉન થતા ખેડૂતોની મુશ્કેલીઓમાં વધારો થયો. લાંબી કતારોમાં કલાકો સુધી ઊભા રહેવા છતાં ઉતારા ન મળતા ખેડૂત વર્ગમાં ભારે રોષ જોવા

મળ્યો હતો. બીજી તરફ, સમગ્ર તાલુકાનાં જનસેવા કેન્દ્રોમાં પણ ઈન્ટરનેટ ધીમું રહેતા અને સર્વર વારંવાર બંધ પડી જવાથી કામકાજ અટવાઈ જવાના બનાવો સામે આવ્યાં. પરિણામે, સહાય મેળવવા માટે જરૂરી દસ્તાવેજો મેળવવાની પ્રક્રિયા જ સ્થગિત થઈ ગઈ છે. ખેડૂત ગિરિશભાઈ પટેલે જણાવ્યું કે, "સવારથી લાઈનમાં ઊભાં છીએ, પરંતુ સર્વર ચાલે ત્યારે જ કામ થશે એવો જવાબ મળે છે. ખેડૂતોનું સમય અને પૈસા બન્ને વેડફાઈ રહ્યા છે. સરકાર તાત્કાલિક પગલાં ભરે તેવી અમારી માંગ છે." ખેડૂતો દ્વારા માંગ ઉઠી છે કે તંત્ર તરત સર્વરની સમસ્યાનો ઉકેલ લાવે જેથી પાક વળતર મેળવવાની પ્રક્રિયા ઝડપી અને સરળ બને.

બનાસકાંઠાના ખેડૂતોની મુશ્કેલી

મગફળીની ખરીદીમાં ૩૫ કિલોની જગ્યાએ ૩૦ કિલોની ભરતી ચલાવવા માગણી

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૧૮

બનાસકાંઠામાં ખેડૂતો અને ભારતીય કિસાન સંઘે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ટેકાના ભાવે મગફળી ખરીદી અંગે રજૂઆત કરી છે. ખેડૂતોએ ૩૫ કિલોની જગ્યાએ ૩૦ કિલોની ભરતી કરવાની માંગ કરી છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર, કમોસમી વરસાદને કારણે મગફળીને નુકસાન થયું છે, જેના કારણે વજન ઓછું આવે છે. સરકાર દ્વારા ૩૫ કિલોની ભરતીનો નિયમ બનાવવામાં આવતા ખેડૂતોની મગફળી રિજેક્ટ કરવામાં આવી રહી છે.

રિજેક્ટ થયેલો માલ ખેડૂતોને ટેકાના ભાવ (રૂા.૧૪૫૨)ને બદલે ખુલ્લા બજારમાં રૂા.૧૦૦૦થી રૂા.૧૧૦૦માં વેચવો પડે છે, જેનાથી તેમને મોટું નુકસાન થઈ રહ્યું છે. સરકારી કોથળામાં પણ ૩૫ કિલો મગફળી સમાતી ન હોવાનો ખેડૂતોએ દાવો કર્યો છે. ખેડૂતોએ જણાવ્યું કે અન્ય જિલ્લાઓમાં ૩૦થી ૩૨ કિલોની ભરતી કરવામાં આવે છે, પરંતુ બનાસકાંઠામાં આ સુવિધા ઉપલબ્ધ નથી. તેમણે તાત્કાલિક અસરથી ૩૦ કે ૩૨ કિલોની ભરતીથી ખરીદી શરૂ કરવાની માંગ કરી છે. જો આ માગણી સ્વીકારવામાં નહીં આવે, તો રિજેક્ટ થયેલો તમામ મગફળીનો જથ્થો કલેક્ટર કચેરી સામે ઢગલા કરવામાં આવશે તેવી ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે.

વડાલીમાં હાઈવે રોડ પર ૬ દુકાનનાં તાળા તૂટ્યા

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૧૮

સાબરકાંઠા જિલ્લાના વડાલીમાં સોમવારની રાત્રિના સમયે હાઈવે રોડ પર આવેલી ૬ દુકાનોને નિશાન બનાવવામાં આવી હતી. તસ્કરોએ ત્રણ દુકાનોના તાળા તોડી ચોરીનો પ્રયાસ કર્યો હતો, જ્યારે અન્ય ત્રણ દુકાનોના તાળા તોડવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, વડાલી શહેરના હાઈવે રોડ પર શ્રીજી કોમ્પ્લેક્સ સામે આવેલા ભંડારી કોમ્પ્લેક્સમાં તસ્કરોએ પ્રવેશ કર્યો હતો. તેમણે એન.કે. ટ્રેડિંગ અને જય અંબે ફૂટવેર નામની દુકાનોના તાળા તોડી અંદરનો સામાન વેરવિખેર કર્યો હતો. આ ઉપરાંત, નજીકમાં આવેલી રિદ્ધિ સિદ્ધિ નામની દુકાનને પણ નિશાન બનાવી સામાન વેરવિખેર કરાયો હતો. ભંડારી કોમ્પ્લેક્સમાં આવેલી એમ.કે. એન્ટરપ્રાઈઝ નામની દુકાનનું તાળું તોડવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. હાઈવે રોડ પર આવેલી સાગર સ્ટુડિયો અને નાગણેશ્વરી પ્રિન્ટ નામની દુકાનોના તાળા તોડવાના પ્રયાસો પણ સફળ થયા ન હતા. આ સમગ્ર ઘટના અંગે દુકાન માલિકોએ તાત્કાલિક વડાલી પોલીસને જાણ કરી હતી. માહિતી મળતા જ વડાલી પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા કોંગ્રેસ દ્વારા રોડ, પાણી અને એસઆઈઆર મુદ્દે મ્યુ.કમિશનરને ઉગ્ર રજૂઆત કરાઈ

ડામરથી અનોખો વિરોધ, ગંદા પાણીનો ગ્લાસ લઈને રજૂઆત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૮

વડોદરા શહેર કોંગ્રેસે રોડ ભ્રષ્ટાચાર, ગંદા પાણીની સમસ્યા તથા એસઆઈઆર (સ્પેશ્યલ ઈન્સેન્ટિવ રિવિઝન) મુદ્દે મ્યુ.કમિશનરને ઉગ્ર રજૂઆત કરી હતી. કોંગ્રેસે મ્યુ. કમિશનરને રજૂઆત કરી હતી કે, વોર્ડ ૧૨માં હલકી ગુણવત્તાના રોડ બનાવવાના ભ્રષ્ટાચાર સામે કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો હતો. ફક્ત દંડ પૂરતો નથી, ભ્રષ્ટ કોન્ટ્રાક્ટર સામે પોલીસ ફરિયાદ કરીને કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. કમિશનર ઓફિસની બહાર કાળા ડામરથી બીજેપી લખી અને સૂત્રોચ્ચાર કરીને અનોખો વિરોધ દર્શાવાયો હતો. વોર્ડનં.૪ અને ૧૨માં પીવાના ગંદા પાણીની સમસ્યા અંગે પણ કોંગ્રેસે મ્યુ.કમિશનરને ઉગ્ર રજૂઆત કરી હતી, અને મ્યુ. કમિશનરની ટેબલ પર જ ગ્લાસમાં ગંદું પાણી મૂકી

(તસવીર : અતિક શેખ, વડોદરા)

જણાવ્યું હતું કે, નાગરિકો આવી મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. થોડા સમય પહેલા વોર્ડ નં.૨માં કમળા અને કોલેરાના કેસ સામે આવ્યા હતાં. આ ઉપરાંત એસઆઈઆર અંગે ૨૦૦૨ પછી તૂટી ગયેલી વસાહતોના રહેવાસીઓને એન્યુમરેશન ફોર્મ આપવામાં આવે અને મતદાર યાદીમાંથી તેમનાં નામો નીકળી ન જાય તેનું ધ્યાન રાખવા માગણી કરી હતી.

ગ્રામસભા બહિષ્કાર : પાણીબાર જૂથ ગ્રામ પંચાયતમાં વહીવટી ગેરરીતિ સામે લોકોનો વિરોધ !

(સંવાદદાતા દ્વારા)

પાવીજેતપુર, તા.૧૮

પાવીજેતપુર તાલુકાના પાણીબાર જૂથ ગ્રામ પંચાયતમાં ગ્રામસભા ન ભરાવવાના કારણે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તા.૧૭/૧૧/૨૦૨૫ના રોજ યોજાયેલી ગ્રામસભાનો ગ્રામ પંચાયતના સભ્યો અને ગ્રામજનોએ બહિષ્કાર કર્યો હતો. ગ્રામસભામાં નિયમો અનુસાર એજન્ડા થકી સભ્યોને જાણ કરવામાં આવી હોવા છતાં, કુલ દસ સભ્યો પૈકી માત્ર ત્રણ સભ્યો જ હાજર રહ્યા હતા, જ્યારે સાત સભ્યો ગેરહાજર હતા. વર્ષ ૨૦૨૫માં ૮,૯,૧૦માં માસમાં એકપણ ગ્રામસભા ભરાઈ નથી. સામાજીક એકતા જાગૃતિ મિશન, છોટાઉદેપુર જિલ્લા પ્રભારી વિષ્ણુભાઈ રાઠવા દ્વારા આપવામાં આવેલી વિગતો અનુસાર, પંચાયત દ્વારા વર્ષ ૨૦૨૫માં આજ દિન સુધી એક પણ સામાન્ય સભા કે ગ્રામસભા ભરવામાં આવી નથી. ગેરહાજર રહેલા સભ્યો અને પંચાયતના વહીવટી તંત્રની ગંભીર બેદરકારી સામે આક્રોશ વ્યક્ત કરતા, વિષ્ણુભાઈ રાઠવાએ જણાવ્યું કે : સરકારના પરિપત્ર મુજબ ગ્રામસભા ભરાઈ નહોતી. વખતોવખત સરકારના પરિપત્રોનો અનાદર થતો હોવાથી અને લોકશાહીના પાયા સમાન ગ્રામસભા ન ભરાતા, ગ્રામ પંચાયતના લોકોએ આજે સર્વસંમતિથી ગ્રામસભાનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો. ગ્રામજનોએ હાજર પંચાયત બોડીના સભ્યો તેમજ ગ્રામજનોની સહીઓ સાથે જિલ્લા પ્રશાસન સમક્ષ લેખિત રજૂઆત કરી છે. તેમણે ગેરરીતિ આચારનાર ગ્રામ પંચાયત સચિવ તેમજ સરપંચ સામે તાત્કાલિક કાયદેસરની તપાસ હાથ ધરવા અને કાયદાકીય પગલાં લેવા માંગણી કરી છે. આ મામલે જિલ્લા કક્ષાએથી વહેલી તકે પગલાં લેવાય અને ગ્રામ પંચાયતમાં નિયમિત ગ્રામસભાનું આયોજન થાય તેવી ગ્રામજનોની માંગણી છે.

તાપમાન શૂન્ય ડિગ્રીએ પહોંચતા ઠેર-ઠેર બરફની ચાદર છવાઈ !

હિલ સ્ટેશન આબુમાં ઝીરો ડિગ્રીએ સર્જ્યો બર્ફીલો માહોલ : રાજ્યમાં સૌથી ઠંડુ દાહોદ

રાજ્યમાં હંમેશા સૌથી ઠંડુ રહેતું નલિયા આ વખતે દાહોદથી પાછળ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

ગુજરાતમાં હાલ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. આ સીઝનના સૌથી નીચા ૯.૯ ડિગ્રી તાપમાન સાથે નલિયાને પાછળ છોડી દાહોદ ઠંડુગાર રહ્યું છે. રાજ્યમાં બીજા નંબરનું ઠંડું શહેર ૧૦.૫ ડિગ્રી સાથે નલિયા રહ્યું છે. ત્યારે ગુજરાતને અડીને આવેલા રાજસ્થાનના એકમાત્ર હિલસ્ટેશન માઉન્ટ આબુમાં તાપમાન શૂન્ય ડિગ્રીએ પહોંચી જતાં બર્ફીલો માહોલ જામ્યો છે. જેને લઈને આબુમાં ગુઝ્ઝૂઓની ભીડ જામી છે અને ઠંડીની મજા માણતા જોવા મળ્યા છે. આબુમાં હોટલો અને પાર્કિંગમાં પાર્ક કરાયેલાં વાહનો પર બરફના થર જામી ગયા છે. આજે વહેલી સવારથી જ આબુ ખાતે લોકો ઠંડીથી બચવા તાપણાં કરતા જોવા મળ્યા હતા. આબુ ખાતે અનેક જગ્યાએ બરફની ચાદર છવાઈ ગઈ હતી. પાર્કિંગ કરેલી ગાડીઓમાં, ગાર્ડનમાં અને પોલો ગ્રાઉન્ડ ખાતે બરફની ચાદર છવાઈ હતી. ગુરુ શિખર, નક્કી ઝીલમાં વાતાવરણ ઠંડુંગાર જોવા મળી રહ્યું છે. નક્કી તળાવ પર લોકો ઠંડીનો આનંદ માણતા જોવા મળ્યા હતા. સવારમાં બરફ જામી જતાં જાણે કાશ્મીરમાં હોય એવો અહેસાસ પ્રવાસીઓને થઈ રહ્યો છે. પ્રવાસીઓ આવી ઠંડીમાં પણ બોટિંગની મજા માણી રહ્યા છે તો કોઈ ગરમ ચાની ચુસ્કીઓ લઈ અનેરો આનંદ ઉઠાવી રહ્યા છે. હાલ તાપમાન શૂન્ય ડિગ્રીએ પહોંચી ગયું છે, જોકે ડિસેમ્બર મહિનામાં તાપમાન માઈનસ ડિગ્રીમાં પહોંચી જશે તેમ જણાય છે. પ્રવાસીઓના જણાવ્યા અનુસાર આબુમાં બહુ સરસ વાતાવરણ છે. મનાલી જવા કરતાં આબુ જવું વધુ સારું છે. હાલ ઠંડી લાગે છે એટલે તાપણું કરીએ છીએ. અહીં નક્કી લેક જોવાની ખૂબ મજા આવે છે. ખૂબ એન્જોય કરી રહ્યા છીએ. આબુમાં લોકોએ એક વખત તો જરૂર આવવું જોઈએ. રાજ્યના મોટા ભાગનાં શહેરોમાં રાત્રિના અને વહેલી સવારના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, જેના લીધે ઠંડીમાં વધારો થયો છે. આ સિઝનનું સૌથી ઓછું લઘુતમ તાપમાન દાહોદમાં ૯.૯ ડિગ્રી નોંધાયું છે. જ્યારે બીજા નંબર પર નલિયામાં ૧૦.૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. મહાનગરોની વાત કરવામાં આવે તો સુરતને બાદ કરતાં તમામમાં ૧૫ ડિગ્રી નીચે લઘુતમ તાપમાન નોંધાયું છે. રોજ તાપમાનનો પારો બેથી ત્રણ ડિગ્રી ગગડતાં રાજ્યમાં ઠંડીનો માહોલ જામતો જાય છે. આગામી દિવસોમાં હજુ તાપમાનમાં ઘટાડો નોંધાતાં ઠંડી ભુક્કા બોલાવશે. સમગ્ર ગુજરાતમાં સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછું અને ન્યૂનતમ તાપમાન પણ સામાન્ય કરતાં નીચું રહેતાં રાજ્યમાં ઠંડકનો અનુભવ વધી રહ્યો છે. જ્યારે સૌથી ઓછું ઠંડું ઓખા રહ્યું જ્યાં ન્યૂનતમ તાપમાન ૨૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં ન્યૂનતમ તાપમાન ૧૩.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું અને મહત્તમ તાપમાન ૨૯.૭ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. રાજ્યમાં હાલમાં બેવડી સિઝનનો અનુભવ થશે. રાજ્યમા મોટા ભાગના જિલ્લાઓનું તાપમાન સામાન્ય કરતાં નીચું નોંધાયું છે.

રાજ્યભરમાં ૪૪ હજાર BLO દ્વારા કામગીરી જારી : મુખ્ય નિર્વાચન અધિકારી

રાજ્યમાં હજુ ૧૦૦ ટકા મતદારોને ફોર્મ પહોંચ્યા નથી : ફોર્મ માટે ૪ ડિસે.ની મુદત

૯ ડિસેમ્બરે ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં હાલ મતદાર યાદી સુધારણા કામગીરી ચાલી રહી છે. રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી હારિત શુક્લાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં હાલ ૪૪ હજાર જેટલા BLO કામગીરીમાં જોડાયેલા છે. રાજ્યમાં અત્યાર સુધી ૯૯.૬ ટકા મતદારોને ફોર્મ પહોચાડી દેવામાં આવ્યા છે. ૪ ડિસેમ્બર સુધીમાં તમામ ફોર્મ એકત્રિત કરાશે અને ૯ ડિસેમ્બરે ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિદ્ધ કરાશે. ગુજરાતમાં ડીસેમ્બર બાદ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે SIRની તેના પર અસર થશે કે નહીં તેને લઈ સવાલ કરાતા ચૂંટણી કરાવવાનું કામ રાજ્ય ચૂંટણી પંચનું છે એટલે આ બાબતે અમે કશું કહી શકીએ નહીં.

SIRની કામગીરી માટે ફોર્મ ભરાયા બાદ ૯ ડિસેમ્બરે ડ્રાફ્ટ મતદાર યાદી પ્રસિદ્ધ કરાશે. ડ્રાફ્ટ જાહેર થયા પછી ૮ જાન્યુઆરી સુધી કોઈનું નામ રહી ગયું હોય તો ઉમેરો કરી શકાશે. ઓનલાઈન દ્વારા પણ વિગતો ભરી શકાય છે. દરેક ફોર્મ પર આપેલ QR કોડ સ્કેન કરતા સીધું ઓનલાઈન ફોર્મ ખુલશે. શુક્લાએ કહ્યું કે, જો ૨૦૦૨ની મતદાર યાદીમાં નામ મળે છે તો કોઈ વધારાની સાબિતી આપવાની રહેશે નહીં. રાજ્યમાં ૫૦%થી વધુ મતદારો એવા છે જેમના માતા-પિતા અથવા દાદાના નામ મળી ગયા છે અને નવી યાદીમાં તેમના નામ સાથે લિંક થઈ ચૂક્યા છે. SIRની કામગીરી માટે BLO ત્રણ વખત મળશે, 'બુક અ કોલ' સુવિધા પણ ઉપલબ્ધ છે. BLOએપ પર 'બુક અ કોલ' સુવિધા ઉપલબ્ધ છે, જેથી મતદાર સમય નક્કી કરી BLOને મળી શકે. દરેક ફોર્મ પર BLOનું નામ અને નંબર દર્શાવાયેલ છે. મતદાર યાદી એક સતત પ્રક્રિયા છે. ફાઈનલ યાદી ફેબ્રુઆરી ૨૦૨૬માં પ્રસિદ્ધ થશે. નામ રહી જાય તો ફાઈનલ યાદી પછી પણ ફરી ફોર્મ ભરી નામ દાખલ કરી શકાશે. હાલ રાજ્યના BLO, મામલતદાર સહિતના અધિકારીઓ મતદારોને મદદરૂપ થવા માટે સતત કામગીરી કરી રહ્યા છે અને ઓછામાં ઓછાં દસ્તાવેજો સાથે મતદારોનું નામ યાદીમાં દાખલ થાય તે દિશામાં પ્રયત્નશીલ છે. હાલમાં SIRની કામગીરી ચાલી રહી છે જેને લઈને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અસર થશે કે નહીં તે બાબતે હારિત શુક્લાને પૂછતા તેમણે જણાવ્યું કે, ચૂંટણી કરવાનું કામ રાજ્ય ચૂંટણી પંચનું છે એટલે અમે આ બાબતે કશું કહી શકીએ નહીં. તેમજ રાજ્ય ચૂંટણી પંચને આ બાબતે પૂછતા તેમણે જણાવ્યું કે, SIRની કામગીરી ચાલી રહી છે એટલે હાલ કશું કહી શકાય નહીં.

આંતરરાષ્ટ્રીય સ્કેમ સિન્ડિકેટ સાથે મળીને સાયબર સેન્ટરે માનવ તસ્કરી સાયબર ક્રાઈમના ગુનાનો કર્યો પર્દાફાશ

'ધ ઘોસ્ટ' નામથી આંતરરાષ્ટ્રીય 'સાયબર સ્લેવરી' રેકેટ ચલાવનાર ઝડપાયો : ૧૪ દિ'ના રિમાન્ડ પર

લાલચ આપી યુવાનોને ફસાવવાનો અને ગેરકાયદે મ્યાનમાર લઈ જઈ ગુનામાં ધકેલતો હતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

રાજ્યના અદ્યતન સાયબર સેન્ટર ફોર એક્સેલન્સ દ્વારા આજે વધુ એક મોટી સફળતા મેળવવામાં આવી છે. સાયબર સેન્ટર ફોર એક્સેલન્સ એ મ્યાનમારના KK પાર્ક અને કમ્બોડિયા ખાતે ચાઈનીઝ સાયબર માફિયા દ્વારા સંચાલિત 'સાયબર સ્લેવરી' સ્કેમ સેન્ટરો માટે યુવાનોને સપ્લાય કરતા મુખ્ય સૂત્રધાર-એજન્ટ નીલેશ પુરોહિત ઉર્ફે નીલને ઝડપી પાડ્યો છે. જેને રિમાન્ડ પર લેવામાં આવ્યો છે. આ સાથે અન્ય વધુ બે આરોપીઓને પણ ઝડપી લેવાયા છે. સાયબર ક્રાઈમના વધતા ગુનાઓ સામે કડક કાર્યવાહી કરવાના સીઆઈડી ક્રાઈમ પોલીસ મહાનિર્દેશક ડો. કે.એલ.એન. રાવ અને નાયબ પોલીસ મહાનિરીક્ષક પરીક્ષિતા રાઠોડના આદેશોને પગલે, પોલીસ અધિક્ષકશ્રી ડૉ. રાજદીપસિંહ ઝાલા, સંજય કેશવાલા, અને વિવેક ભેડાના સુપરવિઝન હેઠળ આ સમગ્ર ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. સાયબર સેન્ટર ઓફ એક્સલન્સની ટીમે ટેકનિકલ એનાલિસિસ દ્વારા 'ઘોસ્ટ' (Ghost) તરીકે કામ કરતા અને મલેશિયા ભાગી જવાની ફિરાકમાં રહેલા નીલ પુરોહિતને ગાંધીનગર ખાતેથી ઝડપી પાડ્યો હતો. તેના બે મુખ્ય સાથીદાર સબ-એજન્ટ હિતેશ સોમૈયા અને સોનલ ફળદુની પણ ધરપકડ કરવામાં આવી હતી. આજે નીલ પુરોહિતના ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. અને આ રેકેટના વધુ બે આરોપીઓ ભાવદીપ જાડેજા અને હરદીપ જાડેજાની પણ ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં બહાર આવ્યું છે કે નિલેશ પુરોહિત એક અત્યંત સુવ્યવસ્થિત આંતરરાષ્ટ્રીય સાયબર-સ્લેવરી નેટવર્ક ચલાવતો હતો. તે ૧૨૬થી વધુ સબ-એજન્ટોનું સંચાલન કરતો હતો. એટલું જ નહીં, આરોપી ૩૦થી વધુ પાકિસ્તાની એજન્ટોના સંપર્કમાં હતો અને ૧૦૦થી વધુ ચાઈનીઝ તથા વિદેશી કંપનીઓના HR નેટવર્ક સાથે સીધો કનેક્શન ધરાવતો હતો, જે સાયબર-ફ્રોડ સ્કેમ કેમ્પમાં માણસો સપ્લાય કરતા હતા. આરોપી અન્ય ૧૦૦૦થી વધારે નાગરિકોને સાયબર સ્લેવરી માટે ઉપરોક્ત દેશોમાં મોકલવા ડીલ કરી ચૂક્યો હોવાનું તપાસમાં ધ્યાને આવ્યું છે. જેમાંથી ઓપરેશન પાર પાડયાના આગળના દિવસે જ આરોપીએ એક પંજાબના નાગરીકને કમ્બોડિયા મોકલ્યો હોવાનું તપાસમાં ખુલ્યું છે. આ આરોપી દુબઈ, લાઓસ, થાયલેન્ડ, મ્યાનમાર તથા ઈરાનનો પ્રવાસ કર્યો હોવાનું પણ તપાસમાં જણાઈ આવ્યું છે. આરોપીએ દક્ષિણ પુર્વ એશિયાઈ દેશોની ટીકીટ બુક કરાવી ભારત, શ્રીલંકા, ફિલિપાઈન્સ, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, નાઈજીરિયા, ઇજિપ્ત, કેમેરૂન, બેનિન અને ટ્યુનિશિયા જેવા દેશોના ૫૦૦થી વધુ નાગરિકોને સીધા અથવા દુબઈ મારફતે મ્યાનમાર, કમ્બોડિયા, વિયેતનામ અને થાઈલેન્ડ ખાતે સાયબર સ્લેવરી માટે મોકલ્યા હતા. આરોપી નિલેશ પુરોહિત આ સમગ્ર આંતરરાષ્ટ્રીય નેટવર્ક માટે ભરતી, ટ્રાફિકિંગ રૂટ્સ, નાણાકીય વ્યવસ્થા અને ક્રોસ-બોર્ડર કનેક્શન અંગે સંચાલન અને નિયંત્રણ કરતો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ ભેજાબાજની મોડસ ઓપરેન્ડી પણ ગજબની હતી. આરોપી ટેલિગ્રામ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વિદેશમાં ઊંચા પગારની ડેટા એન્ટ્રી જોબ્સની લાલચ આપી નાગરિકોને ફસાવતો હતો. ભોગ બનનારના પાસપોર્ટ જપ્ત કરી તેમને બંધક બનાવવામાં આવતા. ત્યારબાદ, તેમને ગેરકાયદેસર રીતે મોઈ નદી મારફતે સરહદ પાર

રેકેટના અન્ય વધુ બે સૂત્રધારોની પણ ધરપકડ

કરાવી મ્યાનમારના KK પાર્ક, મ્યાવાડી ટાઉનશિપ જેવા ચાઈનીઝ હબમાં લઈ જઈ ફિશિંગ, ક્રિપ્ટો સ્કેમ, પોન્ઝી સ્કીમ, અને ડેટિંગ એપ દ્વારા છેતરપિંડી જેવા સાયબર ગુનાઓ કરવા માટે બળજબરી કરવામાં આવતી હતી. સહકાર ન આપનારને શારીરિક અને માનસિક હેરાનગતિ કરવામાં આવતી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી નીલ પુરોહિત વ્યક્તિ દીઠ આશરે ૨૦૦૦ ડોલરથી ૪૫૦૦ ડોલર (રૂ. ૧.૬ લાખથી રૂ. ૩.૭ લાખ) કમિશન મેળવતો હતો, જેમાંથી સબ-એજન્ટોને ૩૦ થી ૪૦ ટકા આપતો હતો. આ સમગ્ર રેકેટમાં નાણાકીય વ્યવહારોને છુપાવવા માટે મ્યુલ એકાઉન્ટ્સ અને પાંચથી વધુ ક્રિપ્ટો વોલેટ્સ મારફતે કરોડો રૂપિયાના ટ્રાન્ઝેક્શન થતા હતા. ભારત સરકાર દ્વારા થાઈલેન્ડ અને મ્યાનમાર સરકારના સહયોગથી સેનાની મદદથી ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા, જેમાં છેલ્લા ત્રણ વર્ષમાં આશરે ૪૦૦૦ ભારતીય નાગરિકોને મુક્ત કરાવી સ્પેશિયલ ફ્લાઈટ દ્વારા ભારત પરત લાવવામાં આવ્યા છે. આ પૈકી મોટા ભાગના ભોગ બનનારાઓએ તેમના નિવેદનોમાં એજન્ટ તરીકે નીલ પુરોહિતનું નામ આપ્યું હતું, જે આ ધરપકડમાં મુખ્ય કડી સાબિત થયું છે.

વડાપ્રધાન PM-KISAN યોજનાનો આજે હપ્તો રિલીઝ કરી ખેડૂતો સાથે સંવાદ કરશે

રાજ્યના ખેડૂતોને સહાય-મંજૂરી પત્રોનું મુખ્યમંત્રીના હસ્તે વિતરણ

રાજ્યના ૪૯.૩૧ લાખથી વધુ ખેડૂતોને રૂા.૯૮૬ કરોડથી વધુની સહાય મળશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલ તા.૧૯ નવેમ્બરના રોજ તામીલનાડુના કોઇમ્બતુર ખાતેથી "પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજના"નો ૨૧મો હપ્તો રિલીઝ કરશે. આ કાર્યક્રમના માધ્યમથી વડાપ્રધાન દેશના ખેડૂતો સાથે સંવાદ કરીને વિશેષ સંબોધન કરશે. જે અનુસંધાને ગાંધીનગર ખાતે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાનો કાર્યક્રમ યોજાશે. આ સંદર્ભે વિગતો આપતા કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના હસ્તે પીએમ કિસાન યોજનાના ૨૧માં હપ્તા પેટે સમગ્ર દેશના ૯ કરોડથી વધુ ખેડૂતોને રૂા.૧૮,૦૦૦ કરોડથી વધુની સહાય વિતરણ કરવામાં આવશે. જે પૈકી ગુજરાતના આશરે ૪૯.૩૧ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂા.૯૮૬ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે. આ સમારોહમાં મુખ્યમંત્રીના હસ્તે પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાના લાભાર્થીઓ ઉપરાંત વિવિધ કૃષિ અને બાગાયત યોજનાના લાભાર્થી ખેડૂતોને પણ સહાય-મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવશે. રાજ્ય કક્ષાના કાર્યક્રમ ઉપરાંત દરેક ICAR, કેન્દ્રીય કૃષિ યુનિવર્સિટીઓ, રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખાતે પણ આ કાર્યક્રમનું આયોજન કરીને વડાપ્રધાનના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આ કાર્યક્રમોમાં વિવિધ પદાધિકારી-અધિકારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, પીએમ-કિસાન યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ભારતના કુલ ૧૧ કરોડથી વધુ ખેડૂત પરિવારોને ૨૦ હપ્તાના માધ્યમથી કુલ ૩,૯૧,૦૦૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. જે અન્વયે ગુજરાતના લાભાર્થી ખેડૂત પરિવારોને પણ ૨૦ હપ્તાના માધ્યમથી અત્યાર સુધીમાં કુલ રૂા.૨૧,૦૮૬ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં ચૂકવવામાં આવી છે.

શહેરમાં રૂા.૯.૧૫ લાખના ગાંજા સાથે ત્રણ આરોપીઓની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

અમદાવાદ શહેર પોલીસના સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG)એ નશાના કારોબાર વિરૂદ્ધ મોટી કાર્યવાહી કરી છે સોમવારે બાતમીના આધારે SOGએ મહાકાળી ઈન્ડસ્ટ્રીઝ પાસેથી એક ઓટોરિક્ષાને અટકાવીને તેમાંથી રૂ.૯.૧૫ લાખની કિંમતનો ૧૮.૩ કિલોગ્રામ ગાંજો (મારિજુઆના) જપ્ત કર્યો છે. પોલીસે આ મામલે રાજેશ્વરીબેન (ઉર્ફે ચાચલી રાઠોડ, ભાવેશભાઈ પરમાર અને સાહિલ ગારંગે નામના ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. SOG ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે આરોપીઓ કાલુપુરથી નરોડા પાટિયા તરફ ઓટોરિક્ષામાં ગાંજાનો મોટો જથ્થો લઈ જઈ રહ્યા છે. આ માહિતીના આધારે SOGની ટીમે બે સરકારી પંચ સાક્ષીઓને સાથે રાખી મહાકાળી ઈન્ડસ્ટ્રીઝ પાસે વોચ ગોઠવી હતી. સાંજે ૬.૩૦ વાગ્યે શંકાસ્પદ ઓટોરિક્ષાને અટકાવી તલાશી લેતા મુસાફરો પાસેની ત્રણ કાપડની બેગમાંથી BOPP ટેપથી વીંટાળેલા નવ પાર્સલ મળી આવ્યા હતા. FSL અધિકારી દ્વારા કરાયેલા પ્રાથમિક પરીક્ષણમાં આ પદાર્થ ગાંજો હોવાની પુષ્ટિ થઈ હતી. જપ્ત કરાયેલા ગાંજાનું વજન ૧૮ કિલો ૩૦૦ ગ્રામ થયું હતું, જેની કિંમત રૂ.૯.૧૫ લાખ આંકવામાં આવી છે. પોલીસે ગાંજા ઉપરાંત ત્રણ મોબાઈલ ફોન અને રોકડ સહિત કુલ રૂ.૯.૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીઓએ કબૂલ્યું કે તેઓએ આ જથ્થો મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના તારદાણા ગામની રહેવાસી જ્યોતિ તામચે પાસેથી કુબેરનગર વિસ્તારમાં ફરીથી વેચાણ કરવા માટે મેળવ્યો હતો. રિક્ષાચાલકની સંડોવણી ન જણાતા તેને છોડી મુકવામાં આવ્યો હતો. ત્રણેય મુખ્ય આરોપીઓ સામે NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી સપ્લાય ચેઈનની વધુ કડીઓ શોધવા તપાસ હાથ ધરાઈ છે.

રાજ્યમાં દારૂબંધીના કાયદાની ઐસીતૈસી કરતા બનાવોનો સિલસિલો જારી

મહિલા બુટલેગરોએ પોલીસ સામે બિયરની બોટલો ફેંકતા હોબાળો : આખરે ઝડપી લેવાઈ

પ્રથમ તો રીક્ષા દોડાવી ભાગવાનો પ્રયાસ કર્યો; પોલીસને ગાળો પણ ભાંડી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

રાજ્યમાં દારૂબંધીનો કાયદો હોવા છતાં રોજેરોજ દારૂબંધી જેવું કંઈ છે જ નહિ તેવા બનાવો બહાર આવતા રહે છે. દારૂનો ધંધો કરનારા બેફામ બની કાયદો હાથમાં લઈ રહ્યા છે.

અમદાવાદમાં નરોડા પોલીસે બિયરનો જથ્થો લઈને આવી રહેલી મહિલાઓને પકડવા પીછો કર્યો હતો. ત્યારે મહિલાઓ પોલીસથી બચવા રીક્ષામાં નાસી રહી હતી. અચાનક રીક્ષા ઊભી રાખીને મહિલાઓએ પોલીસની હાજરીમાં તેમની સામે રોડ પર બિયરની બોટલોને ફેંકી હોબાળો મચાવ્યો હતો. પોલીસથી બચવા મહિલાઓએ દારૂની બોટલને પોલીસ પર કેમ ફેંક્યા હતા. આ અંગે પોલીસે મહિલાઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

નરોડા પોલીસને બાતમી મળી હતી કે નાના ચિલોડા તરફથી બે મહિલા રીક્ષામાં બિયરનો જથ્થો લઈને છારાનગર જઈ રહી છે, જેના આધારે પોલીસે રીક્ષા આવતાં પીછો કર્યો હતો. પોલીસથી બચવા શરૂઆતમાં રીક્ષા દોડાવી હતી.

એ બાદ સરદારનગર પોલીસ સ્ટેશનની હદમાં મહિલાઓ બિયરના થેલા ફેંક્યા હતા. પોલીસ આવતાં મહિલાઓએ રોડ પર બિયરની બોટલ પોલીસની સામે જ ફેકી હતી, જોકે બનાવ બનતાં રાહદારીઓ પણ ગભરાઈ ગયા હતા.

પોલીસકર્મીઓ પર બોટલ-કેન ફેંકતા થોડા સમય માટે અફરાતફરી મચી ગઈ હતી. આ સમયે પોલીસ તથા મહિલાઓ વચ્ચે ઝપાઝપી પણ થઈ હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે. મહિલાઓનો બિયરની બોટલો ફેંકતો વીડિયો પણ વાઈરલ થયો છે, જેમાં તેમણે પોલીસને બીભત્સ ગાળો પણ આપી રહી હતી. જાહેર રોડ લઈ બિયરની બોટલો ફેંકતાં રોડ પર બિયરનો જથ્થો પડ્યો હતો. એના કારણે પોલીસને રોડ પરથી બિયરનો જથ્થો હટાવવાની ફરજ પડી હતી. જોકે, પોલીસે સમયસૂચકતા વાપરી બંને મહિલાઓને તાત્કાલિક કાબૂમાં લઈ લીધી હતી. સ્થળ પરથી મળી આવેલી બેગની તલાશી લેતા તેમાંથી બિયરના અનેક ટીન મળી આવ્યા હતા, જે પોલીસે કબજે કર્યા છે. નરોડા પોલીસે આ મામલે પ્રોહિબિશન એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને આ મહિલાઓ કોઈ મોટા બુટલેગિંગ નેટવર્કનો હિસ્સો છે કે કેમ, તે દિશામાં વધુ તપાસ ચાલી રહી છે.

ગુજરાતના ધારાસભ્ય અને પૂર્વ ધારાસભ્ય દ્વારા કરાઈ માંગ

બે સ્થળે નામ ધરાવતા મતદારોને શોધવા રાજ્ય ચૂંટણી પંચ સોફ્ટવેર ટેક્નોલોજીનો ઉપયોગ કરે

મુખ્ય ચૂંટણી કમિશનરને લેખિત રજૂઆત

અમદાવાદ, તા.૧૮

સુપ્રીમ કોર્ટ દ્વારા ચૂંટણી પંચને નોટિસ ઈસ્યુ કરી બે સ્થળે નામ ધરાવતા મતદારોને શોધી કાઢવા સોફ્ટવેર ટેક્નોલોજી ઉપલબ્ધ હોવા છતાં તેનો ઉપયોગ કેમ કરવામાં આવતો નથી બાબતે ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે. રાજ્ય ચૂંટણી પંચ બે સ્થળે નામ ધરાવતા મતદારોને શોધવા ઉપલબ્ધ સોફ્ટવેર ટેક્નોલોજીનો ઉપયોગ કરે તેવી માંગ સાથે 'અમદાવાદના જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને લેખિત રજૂઆત કરવામાં આવી છે. લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે, આપણી ચૂંટણી પ્રણાલી એ લોકશાહીનો પાયો છે. દરેક ભારતીય નાગરિકો ચૂંટણી પંચ ઉપર વિશ્વાસ ધરાવે છે. નાગરિકોનો વિશ્વાસ જાળવી રાખવો એ ચૂંટણી કમિશનની સર્વોચ્ચ ફરજ છે. ચૂંટણી પંચ સોફ્ટવેર ટેક્નોલોજી દ્વારા મતદારયાદીઓ શુદ્ધ કરવાની પ્રક્રિયા સહેલાઈથી પૂર્ણ કરી શકે છે. હાલ ચાલી રહેલ SIR પ્રક્રિયા અંતર્ગત મતદારયાદી સુધારણા પ્રક્રિયાનો મુખ્ય ઉદ્દેશ મતદાર યાદીના શુદ્ધિકરણ દ્વારા ભારતીય સંવિધાને આપેલા એક ભારતીય નાગરિકને એક મત આપવાનો અધિકાર સુરક્ષિત રહે અને કોઈપણ ભારતીય નાગરિકનું નામ મતદારયાદીમાં ઉમેરવાથી બાકાત ના રહી જાય. ચૂંટણી પંચની ગાઈડ લાઈન મુજબ બે સ્થળે મતદાર તરીકે નામ જણાઈ આવતા જેલની સજા અને દંડની જોગવાઈ છે. તેવા સમયે જ્યારે રાજ્ય ચૂંટણી કમિશન પાસે મતદારયાદીમાંથી બે સ્થળે નામ ધરાવતા મતદારોને શોધવા માટેની સોફ્ટવેર ટેક્નોલોજી ઉપલબ્ધ છે ત્યારે ચૂંટણી પંચની નિષ્ક્રિયતા અને લાલિયાવાડીનો નિર્દોષ મતદાતાઓ જટિલ કાનૂની પ્રક્રિયાનો ભોગ ના બને માટે રાજ્યમાં બે સ્થળે નામ ધરાવતા વિશેષ કરીને પરપ્રાંતિય મતદારોની ચુસ્ત ચકાસણી કરી તેમના સંવૈધાનિક અધિકાર મુજબ સ્વેચ્છાએ કોઈપણ એક રાજ્ય કે સ્થળની મતદારયાદીમાં તેમના નામ યથાવત રાખી અન્ય મતદારયાદીમાંથી કમી કરી સમ કાનૂની કાર્યવાહીથી રક્ષણ આપવામાં આવે. સુપ્રીમ કોર્ટે પણ ગત સપ્તાહે SIR બાબતે સુનાવણી દરમ્યાન ચૂંટણી પંચને સભ્ય ટિપ્પણી દ્વારા વેધક પ્રશ્ન કર્યો છે કે બે સ્થળે નામ ધરાવતા મતદારોને શોધવા માટેનું સોફ્ટવેર ઉપલબ્ધ હોવા છતાં ક્યા કારણોસર સોફ્ટવેર ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવતો નથી. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને નોટિસ પાઠવી સોફ્ટવેરના ઉપયોગ કરવા બાબતે ૧૫ દિવસનો સમય આપી ૨૬ નવેમ્બરના રોજ પોતાનો જવાબ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે. SIRની ચાલુ પ્રક્રિયા દરમ્યાન રાજ્યની એકથી વધુ લોકસભા કે વિધાનસભાની મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો તથા ગુજરાત રાજ્યમાં રોજગાર મેળવવા આવેલા પરપ્રાંતિયો-બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ઓરિસ્સા સહિત અન્ય રાજ્યોના મૂળ વતનની મતદાર યાદીમાં તેમના નામો યથાવત હોવા છતાં ગુજરાત રાજ્યની ઔદ્યોગિક વસાહતો-અમદાવાદ, સુરત, અંકલેશ્વર, ભરૂચ, કચ્છના કંડલા, વડોદરા, જામનગર સહિત અમદાવાદના પૂર્વ વિસ્તાર સહિત કોટ વિસ્તારોમાં ગુજરાતના સરનામે ભાડુઆત તરીકે વસવાટ કરતા હજારો પરપ્રાંતિય મતદારોના નામ મતદારયાદીમાં હોવા અંગેની ગંભીર બાબતો સામે આવી રહી છે તેવા સંજોગોમાં ગુજરાત રાજ્યની મતદારયાદીમાં નામ સમાવિષ્ટ કરાવવા પરપ્રાંતિય મતદારો તેમના મૂળ રાજ્યની ૨૦૦૨ની મતદાર યાદીમાંથી વાલી વારસોના નામનો પુરાવો આપે ત્યારે તેમના મૂળ રાજ્યના ચૂંટણી પંચ તથા મતદારયાદીની સોફ્ટવેર ટેક્નોલોજી દ્વારા યોગ્ય ચકાસણી કર્યા બાદ જ મતદાતાનું નામ તેની સ્વેચ્છાએ કોઈપણ એક રાજ્યની મતદાર યાદીમાં રાખવામાં આવે તેવી માંગ છે.

શહેરમાં વાહનોનું ચોક્કસ યાદીનું રજિસ્ટર જાળવી રાખવા આદેશ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૮

દિલ્હીમાં કારમાં થયેલા બ્લાસ્ટ બાદ અમદાવાદ શહેરની પોલીસ એક્ટિવ થઈ ગઈ છે. અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિક દ્વારા વાહનોનું ચોક્કસ યાદીનું રજિસ્ટર મેન્ટેન કરવા માટે એક ખાસ પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. ગેરેજમાં મોડીફિકેશન માટે આવતી ગાડીઓની યાદી મેન્ટેન કરવા માટે સૂચના આપવામાં આવી છે. ગેરેજમાં કોઈ પણ વાહન વેચાણ કે રિપેરિંગ માટે આવે તો ચોક્કસ વિગતોનું રજિસ્ટર્ડ બનાવવા માટે કડક સૂચના અપાઈ છે. તેમજ ગેરેજ પરના CCTVનું ૩૦ દિવસ સ

વેસ્ટ બેંકમાં સરકારના ટેકાથી યહૂદી-ટોળાનો આતંક



(એજન્સી) તા.૧૮

કબજવાળા વેસ્ટ બેંકમાં ઇઝરાયેલી સૈન્યના રક્ષણ હેઠળ પેલેસ્ટીની ગામો ગેરકાયદેસર યહૂદી ઇમિગ્રન્ટ્સ માટે ખુલ્લા મેદાન બની ગયા છે. તાજેતરના અઠવાડિયામાં સંગઠિત યહૂદી ટોળા, કેટલાક રાઇફલ અને લાકડીઓથી સજ્જ અને કેટલાક મશાલો સાથે, કબજાવાળા પેલેસ્ટીની નગરો અને ગામોમાં હિંસા ફેલાવી રહ્યા છે. ઇઝરાયેલી સૈનિકો માત્ર ગેરકાયદેસર યહૂદી ટોળાઓને આશ્રય આપતા નથી, પરંતુ વાર્ષિક ઓલિવ પાક માટે પેલેસ્ટીની ખેડૂતોને તેમના ખેતરોમાં પ્રવેશતા પણ અટકાવે છે.

યહૂદી ટોળા દ્વારા થતી હિંસા એક સ્પષ્ટ પેટર્નને અનુસરે છે જ્યાં વસાહતીઓ ઘરો પર હુમલો કરે છે, ઓલિવના બગીચાઓ બાળી નાખે છે, ગ્રામજનોને માર મારે છે અને ખેડૂતોને તેમની જમીનમાંથી કાઢી મૂકે છે. અસંખ્ય આંતરરાષ્ટ્રીય પ્રત્યક્ષદર્શીઓના અહેવાલો અને વીડિયોઝ બતાવે છે કે યહૂદી વસાહતીઓ સૈનિકો સાથે યહૂદી વસાહતો પર ઉતરી રહ્યા છે, તેમના ખેતરોનો બચાવ કરતા પેલેસ્ટિનિયનો પર ટીયર ગેસ અથવા જીવંત દારૂગોળો છોડે છે. દરમિયાન, પશ્ચિમી મીડિયા, ઇઝરાયેલી સૈન્યની નકલ કરીને, આ હુમલાઓને "ફ્લેશ પોઇન્ટ" અથવા "ઘર્ષણ" તરીકે દર્શાવી રહ્યું છે. ઓક્ટોબરથી, જ્યારે પેલેસ્ટીનમાં ઓલિવ પાકની લણણીની મોસમ શરૂ થઈ, ગેરકાયદેસર યહૂદી વસાહતીઓએ ૨૫૯ વખત ખેડૂતો પર હુમલો કર્યો છે. જ્યારે પેલેસ્ટીની નાગરિકો તેમના ગામડાઓનો બચાવ કરવાનો પ્રયાસ કરે છે, ત્યારે તેમને મારી નાખવામાં આવે છે અથવા ધરપકડ કરવામાં આવે છે. આમાં અમેરિકન પેલેસ્ટીની નાગરિકોનો સમાવેશ થાય છે જેમને અનિશ્ચિત સમય માટે અટકાયતમાં રાખવામાં આવ્યા છે અથવા મૃત્યુ પામ્યા છે, જ્યારે યહૂદી હત્યારાઓ પર ક્યારેય આરોપ મૂકવામાં આવ્યો નથી. હિંસા એટલી સામાન્ય બની ગઈ છે કે સરકારી મંત્રીઓ "ઇઝરાયેલની ભૂમિ" ના રક્ષકો તરીકે ટોળાઓની ખુલ્લેઆમ પ્રશંસા કરે છે. યહૂદી વસાહતીઓ હવે ધીમી ગતિએ ચાલતી સત્તાવાર જોડાણ વ્યૂહરચનામાં આઘાતજનક સૈનિકો તરીકે કાર્ય કરે છે, જે રાજ્ય અને જાગ્રત સમુહ વચ્ચેની રેખાને ઝાંખી પાડે છે. ઇઝરાયેલી સૈનિકોની સતર્ક નજર હેઠળ, યહૂદી ટોળાએ ઓલિવ પાકનું ફિલ્માંકન કરી રહેલા પત્રકારો પર હુમલો કર્યો. દરમિયાનગીરી કરવાનો ઇન્કાર કરતાં, ઇઝરાયેલી સેનાએ પેલેસ્ટીની ખેડૂતો અને આંતરરાષ્ટ્રીય કાર્યકરો પર સ્ટીલ-પ્લેટેડ રબર ગોળીઓ અને ટીયર ગેસ છોડ્યા, ઓલિવ ચૂંટનારાઓને વિખેરી નાખ્યા અને યહૂદી ટોળાને ઓલિવ વૃક્ષો કાપીને બાળી નાખવાની મંજૂરી આપી. બીજા એક આગચંપી હુમલામાં, યહૂદી યુવાનોએ ૧૩ નવેમ્બરના રોજ એક મસ્જિદમાં આગ લગાવી, દિવાલો પર યહૂદી વિરોધી ગ્રેફિટી છાંટી અને કારને આગ લગાવી દીધી.

ઇઝરાયેલી કસ્ટડીમાં પેલેસ્ટીની મૃત્યુમાં વધારો થયો છે, જેલ ગાર્ડે બેફામ દુર્વ્યવહારનું વર્ણન કર્યું

(એજન્સી) તા.૧૮

ઉપરનો અડધો ભાગ ભરવાનું કહેવામાં આવ્યું હતું અને નીચેના બે વિભાગોને અગાઉના SIR વિગતો સાથે છોડી દેવાનું કહેવામાં આવ્યું હતું. અન્ય ઘણા વિસ્તારોમાં, મતદારોને બધા વિભાગો ભરવાનું કહેવામાં આવ્યું હતું. ઘણા BLOએ અનિશ્ચિત દેખાયા કે જો કોઈ મતદાર એક જ બૂથ અથવા નજીકના વિસ્તારમાં સ્થળાંતર થયો હોય તો ફોર્મનું વિતરણ કરવું કે નહીં. કોઈમ્બતુરના એક BLO એ જણાવ્યું હતું કે, "ઘણી અંધાધૂંધી છે. આપણી પાસે સ્પષ્ટતા નથી. ધોરણો મુજબ, BLO સ્થળાંતર થયેલા મતદારને ફોર્મ આપી શકતો નથી. જોકે, નવા સરનામા હોવા છતાં મારા બૂથ પર મતદાન કરવા આવતા લોકો ફોર્મ માંગે છે." તિરુચીના એક BLOએ જણાવ્યું કે જે ભાડૂઆતો એક જ વિસ્તારમાં રહેવા ગયા હતા તેઓ સામાન્ય રીતે તેમના ભૂતપૂર્વ મકાનમાલિકોને ફોર્મ એકત્રિત કરવા માટે ચેતવણી આપે છે અને BLO સામાન્ય રીતે તેમને સોંપવાનો ઇન્કાર કરતા નથી. મેદાવક્કમના વેંગૈવાસલમાં રહેવાસીઓએ ફરિયાદ કરી હતી કે ઘરે ઘરે મુલાકાતો થઈ રહી નથી અને BLOએ એક સરળ રસ્તો પસંદ કર્યો છે. એસ.લક્ષ્મીએ જણાવ્યું હતું કે ચારથી પાંચ BLO એક રેશન શોપમાંથી ફોર્મનું વિતરણ કરી રહ્યા હતા જ્યાં લોકો કતારમાં ઉભા રહે છે. એક BLO એ કહ્યું કે તેઓ શરૂઆતમાં ઘરોની મુલાકાત લેતા હતા પરંતુ તેમને ખબર પડી કે ઘણા સ્થળાંતરિત થઈ ગયા છે અને ઘણા તાળાબંધ હતા. "તેથી, અમે સ્થાનિક રાજકારણીઓના સમર્થનથી રેશન શોપ પર બેસીને ફોર્મનું વિતરણ કરવાનું નક્કી કર્યું."

મતદારો અગાઉના સરની વિગતો મેળવી શક્યા નથી

જે લોકોએ તેમના ગણતરી ફોર્મ મેળવ્યા છે, તેમાંથી ઘણા તેમને ભરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. મતદારો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને બે શ્રેણીઓમાં વિભાજિત કરી શકાય છે - લોકો, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોના લોકો, ફોર્મમાં શું ભરવું તે જાણતા નથી, અને અગાઉના SIR (૨૦૦૨-૨૦૦૫)માંથી વિગતો મેળવવામાં અસમર્થતા.

તિરૂવન્નામલાઈના ઈસુકાઝી કટ્ટેરી ગામમાં, એક વૃદ્ધ મહિલાનો સમર્થનનો અભાવ હોવાનો શોક વ્યક્ત કરતો વીડિયો સોશિયલ મીડિયા પર ફરતો થયો છે.તેમણે કહ્યું કે, "અમને સમજાતું નથી કે ક્યાં લખવું કે ફોટા પેસ્ટ કરવા. જો કોઈ ભૂલ થાય છે, તો અમને મૃત માનવામાં આવશે. ફોર્મ વહેંચનારા લોકોએ મદદ માટે કોઈની નિમણૂક કરવી જોઈતી હતી. જ્યારે અમે તેમને પૂછીએ છીએ, ત્યારે તેઓ અમને કોઈ પરિચિત વ્યક્તિ દ્વારા તે ભરવાનું કહે છે." શોલિંગનલ્લુરના સતીશ ગેલીએ કહ્યું કે તેમના EPIC નંબરનો ઉપયોગ કરીને ૨૦૦૫ના રોલમાં તેમનું નામ શોધવાનું એક મુશ્કેલ કાર્ય હતું, કારણ કે ઓનલાઈન રેકોર્ડ સામાન્ય TN-પ્રીફિક્સ્ડ ફોર્મેટ બતાવતા નહોતા. તેમણે કહ્યું કે, "માનક TN નંબરને બદલે, રોલમાં FYL થી શરૂ થતો એક અલગ નંબર હતો. મને મારૂં નામ ફક્ત મેન્યુઅલી શોધ કરીને મળ્યું."

તેનકાસીના કલાથિમાડમમાં, બીડી રોલર એસ. કન્યામ્મલે કહ્યું: "તેઓએ અગાઉના SIR પાસેથી વિગતો માંગી છે. મને તે વિશે ખબર નથી. BLO એ મને શક્ય તેટલી વહેલી તકે ફોર્મ ભરવા અને સબમિટ કરવા કહ્યું. જોકે, કોઈપણ પક્ષ કાર્યકર અથવા BLOની મદદ વિના, હું તે ભરી શકતો નથી."

બીજા કિસ્સામાં ૨૦૦૫માં ચેન્નાઈ સ્થળાંતર કરનારા ૬૮ વર્ષીય નિવૃત્ત બેંકરે કહ્યું કે ફોર્મ ૨૦૦૨ની વિગતો માંગે છે જ્યારે તેમનું નામ તેમના વતન નમાક્કલમાં હતું. "માહિતી શોધવા માટે આપેલી લિંક પણ મદદરૂપ નથી," તેમણે ઉમેર્યું કે, ECI એ પ્રક્રિયા સમજાવતો એક પગલું-દર-પગલાંનો વિડિઓ વ્યાપકપણે જાહેર કરવો જોઈએ.

વધુ પડતા બોજવાળા BLOsએ ફરિયાદો અને પ્રશ્નોનું નિરાકરણ કરવું પડે છે

બૂથ લેવલ ઓફિસરો મતદારો માટે SIRનો ચહેરો હોવાથી, તેઓ મતદારો તરફથી આવતી બધી ફરિયાદો અને પ્રશ્નોના જવાબ આપે છે, ઉપરાંત કવાયતના વિશાળતાથીણે પગલે વધુ પડતો બોજ તેમના માથે હોય છે.

મીડિયા દ્વારા વાત કરાયેલા ઘણા BLO અને સુપરવાઈઝરોએ જણાવ્યું હતું કે તેઓ વિતરણ પ્રક્રિયામાં વધુ પડતા કામના બોજવાળા હતા. "વ્યક્તિનું ગણતરી ફોર્મ શોધવામાં ઘણો સમય લાગે છે અને બહુવિધ દસ્તાવેજોનો સંદર્ભ લેવો પડે છે.

કેટલીક જગ્યાએ, ફક્ત એક જ BLO ફોર્મનું વિતરણ કરે છે, અને અમારે લોકોના પ્રશ્નોના પૂરના જવાબ આપવા પડે છે, "વેલ્લોરમાં આંગણવાડી કાર્યકર રહેલા BLOએ જણાવ્યું. સવારે આંગણવાડીમાં કામ કર્યા પછી તે સાંજે ફોર્મનું વિતરણ કરતી હતી, નોંધ્યું હતું કે તેની પાસે ઘણીવાર ખાવાનો કે શૌચાલયનો ઉપયોગ કરવાનો સમય પણ હોતો નથી.

બીજા BLOએ કહ્યું કે ઘણા ગણતરી ફોર્મમાં દરવાજાના નંબર નહોતા. "કેટલાક લોકો ફક્ત વોર્ડ નંબર અથવા વિસ્તારના નામનો ઉલ્લેખ કરે છે. ફક્ત તે માહિતીથી ઘર શોધવાનું મુશ્કેલ છે. સરનામું શોધવા માટે અમારે મતદાર યાદી અને BLO મોબાઈલ એપ્લિકેશન સહિત અનેક દસ્તાવેજો તપાસવા પડે છે."

ચેન્નાઈના એક BLOએ જણાવ્યું કે ઘણા લોકોએ ફોર્મ ભરવામાં મદદ કરવા માટે તેમને વિનંતી કરી હતી, પરંતુ તેઓ તે કરી શક્યા નહીં.

હવે, ચૂંટણી નોંધણી અધિકારીઓએ રહેણાંક કલ્યાણ સંગઠનો અને કાર્યકરોનો સંપર્ક કરવાનું શરૂ કર્યું છે જેથી તેઓ SIR પ્રક્રિયામાં સામેલ થઈ શકે અને તેમને ફોર્મ ભરવામાં મદદની જરૂર હોય તેવા લોકોને મદદ કરવા માટે કહી શકાય.

વિપક્ષી પક્ષોની ફરિયાદો સ્વીકારતા કે ક્રુદ્ધ મ્ન્છ ઘણી જગ્યાએ BLO સાથે છે, તિરૂચીના એક BLOએ કહ્યું, "અમે ઈચ્છીએ કે ન ઈચ્છીએ, તેઓ સાથે આવે છે. ભલે વિરોધ પક્ષો વાંધો ઉઠાવે, તેઓ ખરેખર ખાતરી કરવામાં મદદ કરે છે કે કોઈ મતદાર બાકી ન રહે. પ્રક્રિયામાં ગેરરીતિ માટે કોઈ અવકાશ નથી."

અધિકારીઓ મુલાકાત લે ત્યારે સ્થળાંતર કરનારા અથવા કામ પર હોય તેવા લોકો માટે કોઈ ફોર્મ નથી

ભારતના ચૂંટણી પંચે જણાવ્યું હોવા છતાં કે મતદાર યાદીમાં નામ ધરાવતા ૯૨% થી વધુ લોકોને ગણતરીના ફોર્મ મળ્યા છે, પરંતુ ક્ષેત્રના પુરાવા સૂચવે છે કે ફોર્મ મેળવનારા મતદારોની વાસ્તવિક સંખ્યા નોંધપાત્ર રીતે ઓછી હોઈ શકે છે.

ચેન્નાઈ જેવા શહેરોમાં જ્યાં ભાડાના મકાનમાં રહેતા લોકો માટે વારંવાર સ્થળાંતર થવું અસામાન્ય નથી, ત્યાં સમસ્યા વધુ સ્પષ્ટ દેખાય છે.

ટોન્ડિયારપેટના એક ભાડૂઆતે, નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે તેણે તાજેતરમાં બે વાર પોતાનું ઘર બદલ્યું છે અને માત્ર એક મહિના પહેલા કોરૂક્કુપેટના કન્નન સ્ટ્રીટથી ટોન્ડિયારપેટના વીરા કુટ્ટી સ્ટ્રીટમાં સ્થળાંતર કર્યું છે. તેણે કહ્યું કે તેને નવા કે જૂના સરનામાં પર ફોર્મ મળ્યા નથી, ભલે તેના પરિવારમાં ત્રણ મતદારો છે.

નાંગનલ્લુરમાં એક મતદાર, જે ૧૨ વર્ષથી એક જ ચાર માળના એપાર્ટમેન્ટમાં રહે છે અને સમગ્ર વિસ્તારમાં મતદાન કરે છે, તે જૂનમાં ગ્રાઉન્ડ ફ્લોર ફ્લેટથી બીજા માળના યુનિટમાં સ્થળાંતર થઈ. બિલ્ડિંગની મુલાકાત લેનારા એક BLOએ તેમને ગણતરી ફોર્મ આપવાનો ઈન્કાર કર્યો હતો અને મતદારને કહ્યું હતું કે ફોર્મ ફક્ત હાલના મતદાર યાદીમાં દર્શાવેલ ચોક્કસ દરવાજા નંબર પર રહેતા લોકોને જ આપવામાં આવશે. કોઈમ્બતુરના ઉરૂમંડમપાલયમના એક અધિકારીએ સ્વીકાર્યું કે ઘણા લોકો જેમણે તાજેતરમાં સરનામાં બદલ્યા છે તેઓ નિર્દેશ કરી રહ્યા છે કે તેઓ અગાઉ જ્યાં મતદાન કર્યું હતું ત્યાંના BLOનો સંપર્ક કરે તો પણ તેઓ ફોર્મ મેળવી શકતા નથી.

મદુરાઈના એમ લક્ષ્મીએ જણાવ્યું હતું કે દૈનિક વેતન કામદારો સવારે વહેલા નીકળી જાય છે અને મોડા પાછા ફરે છે, તેથી જ્યારે અધિકારીઓ ફોર્મ આપવા માટે જાય છે ત્યારે તેઓ ઉપલબ્ધ હોતા નથી.

જો પશ્ચિમ બંગાળમાં SIR કવાયત દરમિયાન યોગ્ય સાચા મતદારોના નામો કાઢી નાખવામાં આવશે તો"રક્તપાત"ની ચેતવણી આપતા TMCના નેતા

વાયરલ થયેલા વીડિયોમાં પક્ષના એક ધારાસભ્ય ચંદ્રનાથ સિંહાની હાજરીમાં એક સ્થાનિક નેતાએ આવા વિધાનો કર્યા હતા

(એજન્સી) કોલકાતા, તા.૧૮

જો પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી રહેલી ખાસ સઘન મતદાર યાદી રિવિઝન એટલે કે એસઆઈઆરની કવાયત દરમિયાન જો કોઈ યોગ્ય અને કાયદેસરના મતદારોના નામો કાઢી નાખવામાં આવશે તો ''રક્તપાત''ની થશે એવી ટીએમસીના એક નેતાએ આપેલી ચેતવણીનો વિડીયો વાયરલ થઈ રહ્યો છે.

સોમવારે બીરભૂમ જિલ્લામાં બોલપુર પાસેના સુપુર ગામે યોજાયેલા એક કાર્યક્રમમાં એક નેતાએ આવા વિધાનો કર્યા હતા ત્યારે ટીએમસીના ધારાસભ્ય ચંદ્રનાથ સિંહા પણ સ્થળ પર હાજર હોવાનું કહેવાય છે. તેમની હાજરીમાં એક નેતાએ આવું વિવાદભર્યું નિવેદન કર્યું હતું.

સમાચાર સંસ્થાએ સ્વતંત્ર રીતે આ વીડિયોની સચ્ચાઈની ચકાસણી કરી નથી એટલે સમાચાર સંસ્થા વિડિયોની સત્યતાનું

સમર્થન કરતી નથી. કથિત વીડિયોમાં ટીએમસીના સ્થાનિક નેતા બાબુદાસ એવું બોલતા સંભળાયા છે કે પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીઓની સઘન ઊંડી સુધારણા કરવામાં આવી રહી છે. અમને આ કવાયત સામે વાંધો નથી પરંતુ જો એક પણ કાયદેસરના મતદાનનું નામ કાઢી નાખવામાં આવશે તો તેના ગંભીર પરિણામો આવશે. જો મુખ્યમંત્રી આદેશ આપે તો અમે એ લોકોના સ્મશાન ગૃહમાં અંતિમ સંસ્કાર કરી નાખીશું. અજય નદી બાજુમાં જ છે અને ભાજપના એજન્ટોને અમે નદીમાં ફેંકી દેશો અને તરવા માટે મજબૂર કરશો.

જોકે આવા નિવેદન પછી પણ ધારાસભ્ય સિંન્હા તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નહોતી. કાર્યક્રમમાં તેઓ મંચ પર હાજર હતા.

આ કહેવાતા વિડીયો અંગે બોલપુર જિલ્લા ભાજપના પ્રમુખ શ્યામ પદામંડલ કહે છે કે ભાજપ પણ કાંઈ શાંતિથી બેસી નહીં રહે. ટીએમસીના નેતાઓ હિંસા કરવાની ધમકીઓ અમારા કાર્યકરોને આપી રહ્યા છે તો શું એ લોકો એમ માને છે કે ભાજપ ચૂપચાપ બેઠો રહેશે? એસઆઈઆરની પ્રક્રિયા ચૂંટણી પંચ કરી રહ્યું છે અને ભાજપ તેમાં સામેલ નથી પરંતુ ટીએમસી આ બાબતને રાજકીય રૂપ આપે છે.

તામિલનાડુના મહેસૂલ કર્મચારી સંગઠને SIR કાર્યનો બહિષ્કાર શરૂ કર્યો

રાજ્યવ્યાપી બહિષ્કારનો હેતુ તમામ અધિકારીઓ માટે યોગ્ય તાલીમ, બૂથ લેવલ ઓફિસર તરીકે વધારાના અધિકારીઓની નિમણૂક અને BLO સ્તરે પૂરતી સંખ્યા તૈનાત કરવાનો છે

(એજન્સી) ચેન્નાઈ, તા.૧૮

તામિલનાડુના ફેડરેશન ઓફ રેવન્યુ એસોસિએશનના સભ્યોએ વધુ પડતા કાર્યભાર, અપૂરતી માનવશક્તિ, સમયમર્યાદાના દબાણ અને અપૂરતી તાલીમના વિરોધમાં મંગળવારથી SIR કાર્યનો બહિષ્કાર શરૂ કર્યો છે. બહિષ્કાર પહેલા સોમવારે સાંજે 'પેરૂંધીરાલ (સામૂહિક) અપીલ' કાર્યક્રમ દરમિયાન એસોસિએશનના સભ્યોએ ૩૨ જિલ્લાના કલેક્ટરોને અરજી કરી હતી. એસોસિએશને જણાવ્યું હતું કે, તેઓએ તાલુકા અને જિલ્લા મુખ્યાલયોમાં પણ વિરોધ પ્રદર્શનો કર્યા હતા. FERA રાજ્ય સંયોજક એમ.પી. મુરૂગાયને જણાવ્યું હતું કે, 'અમે આજથી SIR સંબંધિત કોઈપણ કાર્યમાં હાજરી આપી રહ્યા નથી.' તેમણે પુનરોચ્ચાર કર્યો કે મહેસૂલ વિભાગનું નિયમિત કાર્ય ચાલુ રહેશે અને ઉતાવળમાં મતદાર યાદીઓના ખાસ સઘન સુધારણાના અમલીકરણને કારણે ઉદ્ભવતા મુદ્દાઓ પર બહિષ્કારને કારણે

તેને કોઈ અસર થશે નહીં. રાજ્યવ્યાપી બહિષ્કારનો હેતુ તમામ અધિકારીઓને યોગ્ય તાલીમ, બૂથ લેવલ ઓફિસર તરીકે વધારાના અધિકારીઓની નિમણૂક અને BLO સ્તરે પૂરતી સંખ્યા તૈનાત કરવાનો છે. એસોસિએશને મોડીરાત સુધી કલેક્ટરો દ્વારા સમીક્ષા બેઠકો યોજવાનો અને સમીક્ષાઓના નામે દરરોજ ત્રણ વીડિયો કોન્ફરન્સ કરવાનો વિરોધ કર્યો છે. ૪ ડિસેમ્બરના રોજ પૂર્ણ થનારા ચાલુ ખાસ સઘન સુધારામાં ફોર્મનું વિતરણ અને સંગ્રહ, તેમને ઓનલાઈન અપલોડ અને સમીક્ષા બેઠકો યોજવાનો સમાવેશ થાય છે.

શંકાને આધારે સમગ્ર સમુદાયને નિશાન બનાવવામાં આવી રહ્યાનો જમ્મુ અને કાશ્મીર વિદ્યાર્થી સંઘનો આરોપ, વડાપ્રધાનને દરમિયાનગીરી કરવાનો અનુરોધ

(એજન્સી) શ્રીનગર, તા.૧૮

જમ્મુ અને કાશ્મીર વિદ્યાર્થી સંઘના એક નિવેદનમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે દિલ્હીના લાલ કિલ્લાના વિસ્ફોટ પછી ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં કાશ્મીરી વિદ્યાર્થીઓને હેરાનગતિ કરવામાં આવી રહી છે. તેમની પાસેથી મકાનો ખાલી કરવામાં આવી રહ્યા છે અને ધમકીઓ આપવામાં આવી રહી છે અને એ રીતે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. સમગ્ર સમાજ સામે રાખવામાં આવી કિન્નાખોરીનો અંત લાવવા માટે જાહેરમાં દરમિયાનગીરી કરવા વિદ્યાર્થીઓ એસોસિએશને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અપીલ કરી છે. વિદ્યાર્થીઓ એસોસિએશનના રાષ્ટ્રીય કન્વીનર નાસીર ખુએસામીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે દિલ્હીના હુમલા પછી ચોક્કસ સમાજને નિશાન બનાવવામાં આવી રહ્યો છે અને ખાસ કરીને ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન અને દિલ્હીની

J & K Students Association
We Rise by Lifting Others

યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતા અને ત્યાં રહેતા કાશ્મીરી વિદ્યાર્થીઓની ભારે હેરાનગતિ કરવામાં આવી રહી છે. કાશ્મીરના વિદ્યાર્થીઓ ભારતની લોકશાહીમાં માને છે અને મુખ્ય પ્રવાહમાં જોડાયેલા છે અને આતંકવાદ સાથે જોડાયેલા નથી. પરંતુ એમને આતંકવાદી ચિતરવામાં આવી રહ્યા છે અને સત્તાવાળાઓ તથા લોકો તરફથી અનેક રાજ્યોમાં એમની હેરાનગતિ કરવામાં આવી રહી છે. મકાન માલિકોએ કાશ્મીરી વિદ્યાર્થીઓ પાસેથી મકાનો ખાલી કરાવી દીધા છે અને ડરને કારણે અનેક વિદ્યાર્થીઓને કાશ્મીર પરત ફરી જવાની ફરજ પડી છે. તેમણે કહ્યું હતું કે ધડાકાની તપાસ થાય તેની સામે અમને કોઈ વાંધો ન હોય પરંતુ કેન્દ્ર સરકારે સામૂહિક શંકાના વાતાવરણને રોકવું જોઈએ અને કાશ્મીરી વિદ્યાર્થીઓની સુરક્ષા માટે પગલાં લેવા જોઈએ. તેમણે કહ્યું હતું કે અમે આ બાબતમાં જાહેર નિવેદન કરવા વડાપ્રધાનને વિનંતી કરી છે. દેશના અન્ય દરેક નાગરિકની જેમ કાશ્મીરી પણ આ દેશનો એક ભાગ છે. વિદ્યાર્થી સંગઠને દિલ્હીના ધડાકાની સખત શબ્દોમાં ટીકા કરી હતી અને ન્યાયી તપાસ કરવા માટે અને દોષિતો સામે કડક પગલાં લેવા માટે માગણી કરી હતી. દિલ્હીના ધડાકા પછી પોલીસે જમ્મુ અને કાશ્મીરના એકલા ફરીદાબાદમાં રહેતા ૫૦૦ કાશ્મીરીઓની તપાસ અને ચકાસણી કરી લીધી છે. એનઆઈએ દ્વારા હવે વધુ વ્યાપક કાવતરાની દિશામાં તપાસને કેન્દ્રિત કરવામાં આવી છે.

અટકાયતમાં લેવાયેલા પુત્રને મળવા ન દેવાતા કાશ્મીરી પિતાએ અગ્નિસ્નાન કરી લીધું, હતાશામાં પગલું લીધું હોવાનું જાહેર

(એજન્સી) શ્રીનગર, તા.૧૮

જમ્મુ અને કાશ્મીરના કાઝીગુંડ દક્ષિણ વિસ્તારમાં રહેતા બિલાલ અહેમદ વાણી નામની એક વ્યક્તિએ અટકાયતમાં લેવાયેલા પોતાના પુત્રને મળવા ન દેવા હતાશ થઈને અગ્નિસ્નાન કરી લેતાં એમનું કરુણ મૃત્યુ થયું હોવાનું જાહેર થયું છે. કાઝીગુંડ વિસ્તારમાં ફળ વેચતા વેપારી બિલાલ અહેમદ ૯૦ ટકા જેટલા દાઝી ગયા હતા અને એમને અનંતનાગની હોસ્પિટલ લઈ જવાયા હતા અને ત્યારથી શ્રીનગરની એસએમએચએસ હોસ્પિટલ લઈ જવાયા હતા જ્યાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. બિલાલ અહેમદ નામના આ કાશ્મીરી નાગરિકના મૃત્યુ અંગે એવી વિગતો બહાર આવી છે કે મૃતક કાશ્મીરી વેપારીના પુત્ર જસીર બિલાલ અને એમના ભાઈ નવીલ વાણીની અટકાયત કરવામાં આવી હતી અને અત્યારે જે આતંકવાદ વિરોધી તપાસ ચાલી રહી છે તેના સંદર્ભમાં એમની અટકાયત કરવામાં આવી હતી. યુપીના સહારનપુરમાં અટકાયતમાં લેવાયેલા ડોક્ટર આદિલ રાઠેરની બાજુમાં જ

આ પરિવાર રહે છે અને આતંકના શંકાસ્પદ મોડ્યુલના આધારે બંનેની ધરપકડ કરવામાં આવી હતી તેમ સત્તાવાર સુત્રોએ જણાવ્યું હતું. પોતાના અટકાયતમાં લેવાયેલા દીકરા અને ભાઈને મળી શક્યા ન હોવાથી લાચારીમાં માનસિક રીતે હારી અને થાકી ગયેલા બિલાલ અહેમદે આવી રીતે પોતાના શરીરને આગ ચાંપી દઈ અંતિમ પગલું લીધું હોવાનું મનાય છે. રાજકીય આગેવાનોએ તપાસનો સામનો કરી રહેલા પરિવારો સાથે અત્યંત વધુ પડતી અને અતિરેકભરી કડકાઈ તથા સંવેદના વગરની કાર્યવાહી બદલ સત્તાવાળાઓને દોષિત ઠરાવ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી મહેબુબા મુફ્તીએ જણાવ્યું હતું કે બિલાલ અહેમદે એમના અટકાયતમાં લેવાયેલા પુત્રને મળવાની વિનંતી માત્ર કરી હતી પરંતુ સત્તાવાળાઓ પરિવારથી અટકાયતીઓને વિખુટા પાડી રહ્યા છે અને એમને લાચારીભરી દશામાં મૂકી રહ્યા છે. શ્રીનગરના પૂર્વ મેયર જુનેદ અઝીમ મટ્ટુએ બધાને દોષિત ઠરાવવાના આશંકાના વધતા જતા હવામાનની ટીકા કરી હતી અને ચેતવણી આપી હતી કે નાગરિકોને જે બંધારણીય રક્ષણ અપાયું છે તેને તરછોડી શકાય નહીં. મહેબુબાના પુત્રી ઈલતીજા મુફ્તીએ કહ્યું હતું કે કાશ્મીરીઓને નાગરિકો તરીકે જોવાને બદલે માત્ર શકમંદ તરીકે જ જોવામાં આવી રહ્યા છે એ પ્રવાહને આ ઘટના ઉજાગર કરે છે અને નાગરિકોને સામુહિક સજા કરવાનું હવામાન બનાવવામાં આવે છે. જાણીતા ધારાશાસ્ત્રી પ્રશાંત ભૂષણે પણ જણાવ્યું હતું કે આતંકવાદી ઘટનાઓ અંગેની તપાસ નીતિમત્તાની તમામ મર્યાદાઓ પાર કરી રહી છે અને નિર્દોષ પરિવારજનો અને લોકો હેરાનગતિનો ભોગ બની રહ્યા છે.

અંજુમને ઈસ્લામ પોરબંદર દ્વારા વકફ ઉમીદ પોર્ટલ અને એસ.આઈ.આર. અંગે માર્ગદર્શન શિબિર યોજાઈ

હુસેનભાઈ દલે ઉપસ્થિત રહી સવિશેષ માર્ગદર્શન આપ્યું, SIR ફોર્મ હેલ્પ સેન્ટર મતદાર યાદી સુધારણાના અંતિમ તબક્કા સુધી ચાલુ રહેશે

જૂનાગઢ, તા.૧૮

ગુજરાત રાજ્ય વકફ બોર્ડ અને સુન્ની અંજુમને ઈસ્લામ પોરબંદર દ્વારા પોરબંદર ખાતે સુન્ની અંજુમને ઈસ્લામની ઓફીસે ઉમીદ પોર્ટલ ઉપર વકફ મિલ્કતોની ઓનલાઈન નોંધણી અને મતદાર યાદી ખાસ વિસ્તૃત સુધારણા અંગે માર્ગદર્શન આપવા શિબિર યોજાઈ હતી. જેમાં વકફ બૉર્ડના ચેરમેન ડૉ. મોહસીનભાઈ લોખંડવાલા, ડીરેક્ટરો જીશાનભાઈ નકવી તથા આસીફભાઈ સલોતની સુચનાથી નિવૃત્ત નાયબ મામલતદાર અને વકફ એક્ટ નિષ્ણાંત હુસેનભાઈ દલ ઉપસ્થિત રહ્યા હતા અને વકફ ઉમીદ પોર્ટલ તથા એસ.આઈ.આર. અંગે સવિશેષ માર્ગદર્શન આપ્યું હતું તથા શ્રોતાઓના પ્રશ્નોના જવાબો આપ્યા હતા. આ આયોજન સુન્ની અંજુમને ઈસ્લામ કમીટી તરફથી કરવામાં આવ્યું હતું. સુન્ની અંજુમને ઈસ્લામ કમીટીના ઉપ પ્રમુખ અકબરભાઈ સેલોત, સેક્રેટરી અશરફભાઈ પટેલ, ખજાનચી દાઉદભાઈ શેઠા, ઓડીટર યાકુબભાઈ મુલ્લા, ફારૂકભાઈ બઘાડ, ઈસ્માઈલભાઈ શેરવાની વગેરે આગેવાનોએ આ કાર્યક્રમ માટે જહેમત ઉઠાવી હતી અને ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું. સુન્ની અંજુમને ઈસ્લામની ઓફીસે દશ જેટલા કોમ્પ્યુટર સેટ ઉપર પચ્ચીસેક યુવાનોની ટીમ પોરબંદરના મતદારોના એસ.આઈ.આર.ના ગણતરી ફોર્મ ભરવાનું ભગીરથ કાર્ય કરી રહી છે. આ કાર્ય દિવસે અને રાતે સતત ચાલુ છે અને નાત જાતના ભેદભાવ વગર તમામ મતદારો માટે ફ્રી સેવા અપાય છે. આ હેલ્પ સેન્ટર મતદાર યાદી સુધારણા કાર્યક્રમનાં અંતિમ તબક્કા ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ચાલુ રહેશે. નોટીસના વાંધા જવાબ અને અપીલ અરજી સુધીની કામગીરી કરશે એવું સુન્ની અંજુમને ઈસ્લામ કમીટીના ઉપ પ્રમુખ અકબરભાઈ સેલોતે જણાવ્યું હતું.

ગીર સોમનાથ પોલીસ દ્વારા કાશ્મીરના વધુ બે શંકાસ્પદ વ્યક્તિની અટકાયત

(સંવાદદાતા દ્વારા)

પ્રભાસપાટણ, તા.૧૮

જૂનાગઢ પોલીસ મહાનિરીક્ષક તથા પોલીસ અધિક્ષક, ગીરસોમનાથએ અતિ સંવેદનશીલ બોર્ડર એવા દરીયાઇ કાંઠાના વિસ્તારમાં આવેલ મસ્જિદો/મદ્રેસાઓ/દરગાહોમાં સઘન ચેકિંગના કરવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને જયદિપસિંહ જાડેજા, પોલીસ અધિક્ષક, ગીરસોમનાથના માર્ગદર્શન મુજબ તાજેતરમાં દિલ્હી ખાતે થયેલ બોમ્બ વિસ્ફોટ બાદ સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લા પોલીસ દ્વારા વાહન ચેકિંગ, હોટેલ-ધાબા ચેકિંગ, અવાવરૂ સ્થળોના ચેકિંગ, રેલવે-બસ સ્ટેશન ચેકિંગ, મસ્જિદ મદ્રેસા વગેરે સ્થળોએ ખૂબ જ ઘનિષ્ઠ ચેકિંગ હાથ ધરી હતી. તાજેતરમાં નવાબંદર મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ત્રણ શંકાસ્પદ કાશ્મીરી ઇસમો પકડાયેલ હતા જેથી આ બાબતને ગંભીરતાથી લઇ જિલ્લાના જુદા-જુદા વિસ્તારમાં સઘન ચેકિંગ કરવા આદેશ કરતા વેરાવળ સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ/ચેકિંગ દરમ્યાન મુસાફરખાનામાંથી વધુ બે શંકાસ્પદ વ્યક્તિઓ (એક મહિલા સહિત) મળી આવતા અટકાયત કરી બંનેની હાલ વિશેષ પૂછપરછ ચાલુ છે. બે શંકાસ્પદ વ્યક્તિઓના નામ, મહમદસીદીક નજીરઆમદ મીર, (ઉ.વ.૨૭) તથા શબનમબેગમ મહમદસીદીક નજીરઆમદ મીર (ઉ.વ.૨૩ બંને રહે.ભટ્ટપોરા, હયામા, જી.કુપવાડા, રાજય જમ્મુ કાશ્મીર) છે.

સુરત : રંગ ઉપવન મલ્ટીલેવલ પે એન્ડ પાર્કના ઈજારદારને બ્લેક લિસ્ટ કરવા દરખાસ્ત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૭

શહેરના સેન્ટ્રલ ઝોનમાં આવેલ ગાંધી બાગ રંગ ઉપવન ખાતે મલ્ટી લેવલ પે એન્ડ પાર્કનાં વિવાદાસ્પદ ઈજારદારને બ્લેક લિસ્ટ કરવા માટે વહીવટી તંત્ર દ્વારા કવાયત શરૂ કરવામાં આવી છે. ઈજારદાર દ્વારા છેલ્લા ઘણા સમયથી ટેન્ડરની શરતો અને નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવતાં તંત્ર દ્વારા આ અંગેની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવી છે. બીજી તરફ અત્યાર સુધી વહીવટી તંત્રે ઈજારદારને છ નોટિસ પાઠવીને ૧૨ હજારનો દંડ વસુલ કર્યો છે જ્યારે અગાઉ ગાર્ડન વિભાગની જગ્યામાં ગેરકાયદેસર રીતે પાર્કિંગ કરાવીને ભાડુ વસૂલ કરવા બાબતે ઈજારદાર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી હતી.ગાંધીબાગમાં રંગ ઉપવન ખાતે આવેલ મલ્ટીલેવલ પે એન્ડ પાર્ક માટે મહાનગર પાલિકા દ્વારા ડી એલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વાર્ષિક ૨૪.૧૧ લાખ રૂપિયાથી પે એન્ડ પાર્કની કામગીરી કરવા માટે નિર્ધારિત કરવામાં આવેલ હતો. જે અંગે ઈજારદાર દ્વારા છ લાખ રૂપિયાની પરફોમન્સ ગેરંટી ડિપોઝીટ અને ૪૮ હજાર રૂપિયા સિક્યુરિટી ડિપોઝીટ પણ જમા કરાવવામાં આવેલ હતી. જો કે, છેલ્લા કેટલાક સમયથી મલ્ટીલેવલ પે એન્ડ પાર્કમાં ઈજારદાર દ્વારા ટેન્ડરની શરતો અને બોલીઓનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોવાનું ફલિત થયું હતું. જે અંગે સેન્ટ્રલ ઝોન દ્વારા અત્યાર સુધી કુલ છ નોટિસ પાઠવીને દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. આમ છતાં, ઈજારદાર દ્વારા કાર્યપદ્ધતિમાં કોઈપણ પ્રકારનો સુધારો કરવામાં આવ્યો ન હતો. આટલું ઓછું હોય તેમ ટેન્ડરરે પે એન્ડ પાર્કની પાસે જ આવેલ ગાર્ડન વિભાગની જમીન પર પણ ગેરકાયદેસર રીતે પાર્કિંગ કરાવીને ભાડુ વસૂલાત કરવાનો ઘટસ્ફોટ થયો હતો. જેને પગલે ઈજારદાર વિરૂદ્ધ પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી હતી. આ તમામ પ્રકારની લાપરવાહી અને નિયમોનાં ઉલ્લંઘનને પગલે હવે સેન્ટ્રલ ઝોન દ્વારા ટેન્ડરર ડી એલ ઈન્ફ્રા.ને બ્લેકલિસ્ટ કરવા અંગેની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે.

અસલી સોનુ બતાવી નકલી સોનુ પધરાવી દઈ લોકો સાથે છેતરપિંડી કરતી ગેંગને રાજુલા પોલીસે ઝડપી પાડી

અમદાવાદ, કડી, ગોધરા, રાજુલા તેમજ રાજસ્થાનમાં છેતરપિંડી આચરેલ હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૧૮

રાજ્યના અલગ-અલગ જિલ્લામાં શુદ્ધ સોનુ બતાવી નકલી સોનુ વેચી લોકો સાથે છેતરપિંડી કરતી મૂળ બનાસકાંઠાની હાલ અમદાવાદ રહેતી ગેંગને રાજુલા પોલીસે ઝડપી પાડી હતી.

(તસવીર : માજીદખાન પઠાણ, અમરેલી)

અમરેલી જિલ્લામા બનવા પામેલ મિલકત સંબધી ગુનાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને ગુનો ડિટેક્ટ કરવા જિલ્લા પોલીસ વડા સંજય ખરાત એ સૂચના આપેલ હતી. રાજુલામાં થોડા દિવસ પહેલા એક બનાવમાં એક ગેંગના શખ્સે અસલી સોનું બતાવી ૧૦ લાખ કિંમત કહી ચાર લાખમાં આ સોનુ વેચી નીકળી ગયા હતા સોનુ લેનાર શખ્સે આ સોનાની ખરાઇ કરાવતા સોનું નકલી હોવાનું માલૂમ પડતા રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદ અન્વયે સર્વેલન્સ ટીમ દ્વારા અલગ-અલગ દિશામા તથા અલગ-અલગ સીસીટીવી દ્વારા તપાસ કરતા અને અજાણ્યા આરોપીઓ હતા. જેથી હ્યુમન તથા ટેક્નિકલ સોર્સ આધારે આ ગેંગ અમદાવાદની હોવાનું ખૂલતા પોલીસે (૧) અર્જુનભાઇ પુનમભાઇ મારવાડી, (૨) નરેશભાઇ પુનભાઇ મારવાડી, (૩) રણછોડ ઉર્ફે બાંકીયો રામાભાઇ મારવાડી રહે. ત્રણેય હાલ. અમદાવાદ, નહેરૂનગર મુળ.દેમાઇ તા.બાયડ જિ.અરવલ્લી)ના હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું હતું. ઉપરોકત ગુનાનો આરોપીઓ અમદાવાદ મુકામે રહેતા હોય અને મુળ બનાસકાઠાના વતની હોય અને ઓટો રિક્ષા લઇ અને અલગ-અલગ જિલ્લાઓના વિસ્તારોમા આવી અને સરકારી પડતર જગ્યાઓમા ઝૂપડા બાંધી વસવાટ કરે છે ત્યાં પ્લાસ્ટિકના ફુલોનો ધંધો કરે છે અને રિક્ષા મારફતે અલગ-અલગ શહેરો તથા તાલુકાઓમા ફુલ વેચવાના બહાને આવી વેપારી તથા સામાન્ય માણસો સાથે ખોદકામ કરતી વખતે સોનું મળી આવેલ હતું. તેવુ જણાવી લાલચ આપી અને વિશ્વાસ કેળવી ઓરીઝનલ સોનુ સેમ્પલ તરીકે બતાવી અને બાદમા ડુપ્લિકેટ સોનું વેચી અને વિશ્વાસઘાત છેતરપિંડી કરી લોકો પાસેથી પૈસા પડાવતા હોવાની કબૂલાત આપેલ હતી. આ આરોપીઓ એ રાજસ્થાન ગોધરા, કડી અમદાવાદ સહિત છેતરપિંડી કરી હોવાનું જણાવ્યું હતું. ચારેય આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાનું પણ સામે આવ્યું છે.

ડિંડોલીમાં વિધવાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચે શારીરિક શોષણ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૮

શહેરનાં ડિંડોલી વિસ્તારમાં રહેતી વિધવાને તેના પતિના મિત્રએ પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરવાની તેમજ દીકરીઓને અપનાવવાની લાલચ આપી શારીરીક શૌષણ કરતાં ભારે ચકચાર મચી જવા પામી છે. ઘટનાને પગલે પીડિતા દ્વારા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરતાં પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ડિંડોલીમાં પંચદેવ બંગ્લોઝમાં રહેતા રાહુલ સંજીવ ઉદપુરે તેના વિસ્તારમાં રહેતા મિત્રનું ગત ૧૯મે ૨૦૨૪માં અવસાન થયા બાદ તેની ૩૦ વર્ષીય પત્નીને મદદ કરવાના બહાને અવાર-નવાર તેના ઘરે જતો હતો. આ દરમિયાન રાહુલે પરિણીતાને પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરવાની તેમજ તેની દીકરીઓને અપનાવવાની લોભામણી વાતો કરી તેની મરજી વિરૂદ્ધ શારીરીક સંબંધો બાંધ્યા હતા. જો કે, પીડિતા દ્વારા લગ્ન કરવા અંગે જણાવતાં આરોપી નરાધમે ઈન્કાર કરી દીધો હતો. જેને પગલે ગત રોજ પીડિતા દ્વારા ડિંડોલી પોલીસ મથકમાં રાહુલ ઉદપુરે વિરૂદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

ગીર સોમનાથમાં ૧૦.૨૩ લાખ મતદારોને SIR અંતર્ગત ફોર્મની વહેંચણી

પ્રભાસ પાટણ, તા.૧૮

ભારતના ચૂંટણી પંચ દ્વારા તા.૧/૧/૨૦૨૬ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદીનો સઘન સુધારણા કાર્યક્રમ બહાર પાડવામાં આવેલ છે. જેમાં મતદારો દ્વારા એન્યુમરેશન ફોર્મ (ગણતરી ફોર્મ)માં વિગતો ભરી BLOને ગણતરી ફોર્મ પરત આપવાની કામગીરી હાલ ચાલુ છે. ગીર સોમનાથ જિલ્લામાં ૧૦,૨૩,૭૮૫/- કુલ મતદારો આવેલ છે. જેમાં ૧૦૪૨ બી.એલ.ઓની નિમણૂંક થયેલ છે. ૧૦,૨૩,૭૮૫/- મતદારોને SIRના ગણતરી ફોર્મ વહેંચણી કરવામાં આવેલ છે. તે પૈકી તા.૧૮/૧૧/૨૦૨૫ના સાંજના ૪:૦૦ કલાક સુધીમાં ૨,૮૮,૨૮૧/- (૨૮.૧૬%)મતદારોના ગણતરી ફોર્મ ડિજિટાઈઝ્ડ કરવામાં આવેલ છે.

આથી ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ મતદારોને આ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમમાં સક્રિય સહયોગ આપવા માટે અનુરોધ કરાયો છે કે, તેઓ તેમના સંબંધિત BLO દ્વારા આપવામાં આવેલા ગણતરી ફોર્મમાં તમામ વિગતો ધ્યાનપૂર્વક અને ચોકસાઈ પૂર્વક ભરી દે.ભરેલું ફોર્મ તુરંત જ સંબંધિત BLOને પરત આપી દેવામાં આવે, ગણતરી ફોર્મ પરત કરવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવી અત્યંત જરૂરી છે, આ સઘન સુધારણા કાર્યક્રમમાં તમામ મતદારોની સક્રિય ભાગીદારી જરૂરી છે. જેથી તમામ મતદારો ગણતરી ફોર્મમાં આપની પાસે ઉપલબ્ધ વિગતો યોગ્ય રીતે ભરી આપનું ગણતરી ફોર્મ BLOને વહેલી તકે પરત આપી મતદારયાદીમાં આપના નામનો સમાવેશ કરાવી ભારતીય લોકશાહીના પાયાને વધુ મજબૂત બનાવવામાં મદદરૂપ થશો.

મહિધરપુરાના મકાનના ચોથા માળે જ્વેલરી પોલિસીંગના કારખાનામાં આગ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૮

શહેરના મહિધરપુરા વિસ્તારમા આવેલા એક ચારના માળના મકાનના ચોથા માળે બ્લાસ્ટ થતાં આજુબાજુના વિસ્તારમાં અફરાતફરી મચી જવા પામી હતી. જ્વેલરી પોલિસીંગ કરવાની સાથે રૂમમાં સિલિન્ડર લીકેજ બાદ આગ લાગવા પામી હતી. આ સાથે આગ ફીજના કમ્પ્રેસર સુધી પહોચતા તેમાં ધડાકો થયો હતો. ઘટનાની જાણ ફાયર વિભાગને કરતા ફાયર જવાનોએક કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ફાયર વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ, સુરતના રામપુરા મેઈન રોડ પર પાટીદાર ભવન પાસે ગ્રાઉન્ડ પ્લસ ચાર માળનું એક મકાન આવેલું છે. જેમાં ચોથા માળે જ્વેલરી પોલિસીંગ કરવામાં આવે છે અને આ સાથે ત્યાં જ કારીગરો પણ રહે છે. આજે બપોર બાદ કારીગરો દ્વારા રસોઈ બનાવવામાં આવી રહી હતી ત્યારે ગેસ લીકેજની જાણ થતાં ત્રણ જેટલા કારીગરો રૂમમાંથી બહાર આવી ગયા હતા. રૂમમાં પડેલા ગાદલાઓમાં ગેસના કારણે આગ લાગી હતી. ગાદલાઓમાં લાગેલી આગ ગણતરીના સમયમાં જ ફીજ સુધી પહોંચતા તેના કોમ્પ્રેસરમાં ધડાકો થયો હતો. ધડાકાનો અવાજ સાંભળતા બિલ્ડિંગમાંથી રહીશો બહાર દોડી આવ્યા હતા. બ્લાસ્ટનો અવાજ એટલો જોરદાર હતો કે આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી જવા પામી હતી. ઘટનાની જાણ ફાયર વિભાગને કરતા ફાયર જવાનો દ્વારા ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો અને રૂમમાં રહેલા ગેસના બીજા સિલિન્ડરોને પણ જવાનો દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા.

અલથાણમાં પાલિકાના સ્વિમિંગ પૂલમાં ક્લોરીન ગેસ લિકેજ થતાં અફરાતફરી મચી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૮

શહેરના અલથાણ ખાતે આવેલા પાલિકાના સ્વિમિંગ પૂલમાં આજે સવારે ક્લોરીન ગેસનો બાટલો લિકેજ થવા લાગ્યો હતો. જેને પગલે ત્યાં હાજર ઈન્સ્ટ્રકટર સહિતના સ્ટાફમા અફરાતફરી મચી ગઈ હતી. ઘટના અંગે જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિને ધ્યાને રાખીને અને સાવચેતીના ભાગરૂપે સ્વિમિંગ પૂલની દીવાલને અડીને આવેલી એક સોસાઈટીના રહીશોને પોતાના ઘરોમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને ત્યાર બાદ ફાયર બ્રિગેડની ટીમ દવારા ગેસ લિકેજને કન્ટ્રોલમાં કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ફાયર બ્રિગેડના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અલથાણ ખાતે પાલિકા દ્વારા સંચાલીત સ્વિમિંગ પૂલમાં આજે સવારે લગભગ ૧૧ વાગ્યે સ્વિમિંગ પૂલમાં કોઈ સભ્યો નહી હતા, જોકે ત્યાં સ્ટાફ હાજર હતો. દરમિયાન અચાનક ક્લોરીન ગેસનો બાટલો લિકેજ થવા લાગ્યો હતો. આ અંગે ખબર પડતા સ્ટાફમાં અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટના અંગે ફાયર કંટ્રોલને જાણ કરવામાં આવી હતી જેથી ફાયર બ્રિગેડની ટીમ તાતકાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર જવાનો દ્વારા લિકેજ થઈ રહેલા ૫૦ કિલો ક્લોરીન ગેસના બોટલને એક્સપર્ટ દ્વારા પાણીમાં નાંખી ત્યાર બાદ બહાર કાઢીને લિકેજ થતા બંધ કરવામાં આવ્યું હતું. જો કે, આ કામગીરી દરમિયાન સ્વિમિંગ પૂલની દીવાલને અડીને આવેલી એક સોસાયટીના ૩૦થી ૪૦ જેટલા રહીશોને તમામને સાવચેતીના ભાગરૂપે પોતાના ઘરોમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. કોઈ જાનહાની થવા પામી નથી. જો કે, ઘટનાને પગલે સોસાઈટીના રહીશે ગભરાઈ ગયા હતા. આ સમગ્ર સ્થિતિ નિયત્રંણમા આવી જતા તમામે રાહત અનુભવી હતી.

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં નવજાત બાળકીને તરછોડી માતા ફરાર

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૮

નવી સિવિલ હોસ્પિટલમાં પોતાની નવજાત બાળકીને જન્મ આપ્યા બાદ માતા તેને વોર્ડમાં લાવારીસની જેમ છોડીને ફરાર થઇ ગઈ હતી. લાંબા સમય સુધી તે પરત નહીં આવતા આ અંગે સ્ટાફ દ્વારા ડોક્ટરને જાણ કરવામાં આવી હતી અને ત્યાર બાદ આ સમગ્ર મામલે માતા સામે ખટોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવવામાં આવી હતી. ખટોદરા પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પાંડેસરા ખાતે આવેલ ગણેશનગરમાં રહેતા નીતાબેન શૈલેષ ચંદાના એ ચારેક દિવસ પહેલા નવી સિવિલ હોસ્પિટલમાં નવજાત બાળકીને જન્મ આપ્યો હતો ત્યાર બાદ આ નવજાત બાળકીને એનઆઈસીયુ વોર્ડમા ખસેડવામાં આવ્યું હતું. જો કે, ગઈ કાલે તે પોતાની માવતર તરીકેની ઓળખ છુપાવાના ઈરાદાથી પોતાની નવજાત બાળકીને વોર્ડમાં ત્યજીને ફરાર થઈ ગઈ હતી. એટલું જ નહીં લાંબા સમય સુધી તે વોર્ડમાં પરત નહીં આવતા સ્ટાફ દવારા માતાની શોધખોળ કરવામાં આવી હતી જો કે, તે હાજર નહિ મળી આવતા આ અંગે સ્ટાફ દ્વારા ડોકટરોને જાણ કરવામાં આવી હતી અને ત્યાર બાદ આ અંગે નીતાબેન વિરૂદ્ધ ખટોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે તેની ગુનો નોંધીને તેની શોધખોળ હાથ ધરી છે.

પત્ની, પુત્ર અને પુત્રીની હત્યા કરનારો નરાધમ અપરાધી ૭ દિવસના રિમાન્ડ પર

'ફાંસી આપો...ફાંસી આપો...' લોકોએ કોર્ટ પરિસર બહાર નારા લગાવ્યા

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર,તા.૧૮

ભાવનગર શહેર જિલ્લામાં ભારે ખળભળાટ અને ચકચાર મચાવનારી ઘટનામાં પોતાના જ પત્ની, પુત્ર અને પુત્રીને મોતને ઘાટ ઉતારી દેનાર ભાવનગરના ફોરેસ્ટ ઓફિસર નરાધમ અપરાધીને ભાવનગર પોલીસે ભાવનગરની કોર્ટમાં રજુ કરી ૧૪ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. જયારે અત્રેની અદાલતે આરોપીના ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. પોલીસ બંદોબસ્ત સાથે રજુ કરાયેલા આરોપીને કોર્ટ નજીક લવાતા લોકોના ટોળા ઉમટી પડયા હતા. જે પૈકીના કેટલાક લોકોએ આરોપીને 'ફાંસી આપો'ના નારા પણ લગાવ્યા હતા અને ભાવનગર જિલ્લા રબારી સમાજના આગેવાનોએ આરોપી સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે, ફાંસી આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી અને મરણજનારના પરિવારજનોને ન્યાય મળે તે માટે રબારી સમાજ પરિવારજનો સાથે રહેશે તેમ પણ આગેવાનોએ જણાવ્યું હતું. ભાવનગરમાં ફરજ બજાવતા ફોરેસ્ટ અધિકારી શૈલેષ ખાંભલાએ પોતાના પરિવારના સભ્યોની હત્યા કરી અગાઉથી તૈયાર કરેલા ખાડામાં દાટી દઈ બનાવના પુરાવાનો નાશ કર્યો હતો. બાદમાં પરિવાર ગુમ થયાની ઉપજાવી કાઢેલી અરજી પોલીસ સ્ટેશનમાં આપી પોલીસને અને રબારી સમાજને ગુમરાહ કર્યો હતો. આ રીતે આરોપીએ જે ગુનો કર્યો હતો તે ખુલ્લો પડી જતા પોલીસે આરોપીને ઝડપી લીધો હતો.

(તસવીર : ફૈઝલ કાઝી, ભાવનગર)

વિપક્ષના આગેવાનો દ્વારા રસ્તો રોકી વિરોધ

જામનગર કાલાવડ નાકા પાસેના મંજુર બ્રિજનું કામ શરૂ નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી

(સંવાદદાતા દ્વારા)

જામનગર,તા.૧૮

કાલાવડ નાકા પાસેનો નવો મંજુર થયેલ બ્રિજ બનાવવા બાબતે કોર્પોરેટર જેનબબેન ખફી, કાર્યકર અસલમ ખીલજી, હાજી રિઝવાન જુણેજાએ મ્યુ. કમિશનરને રજૂઆત કરી હતી. આજે આ પ્રશ્ને રસ્તા રોકો આંદોલન કર્યુંહતું. કાલાવડ બ્રિજ અંદાજીત રકમ ૨૦ કરોડ રૂપિયાના ખર્ચે છેલ્લા છ માસથી મંજુર થયેલ જેની ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ થઈ ગયેલ પાર્ટી નિમાઈ ગયેલ બ્રિજની ડિઝાઈન પણ તૈયાર થઈ ગયેલ આ વિસ્તારમાં પછાત વર્ગ, દલિત, બક્ષીપંચ વર્ગ રહેતો હોઈ ઈરાદાપૂર્વક પક્ષપાતિ વલણ રાખી આ પુલનું કામ ચાલુ કરવામાં આવતુ નથી તેવો આક્ષેપ વિપક્ષ દ્વારા કરવામાં આવ્યો છે. છેલ્લા ચાર વર્ષથી આ પુલ મંજૂર કરાવવા બાબતે કેટલાક આંદોલનો કરવા પડયા. કેટલાક જતન કરવા પડયા ત્યારે જઈ આ પુલ મંજુર થયો છે. જે.એમ.સી. દ્વારા પુલ ઉપર જે હાઈટગેઈટ લગાવવામાં આવેલ છે તે તા.૧૭/૧૧/૨૫ના રોજ બપોર નમી ગયો હતો. સદનસીબે કોઈ આકસ્મિક ઘટના અટકેલ છે. ઘટના સ્થળે પહોંચી તંત્રને જાણ કરી તાત્કાલિક અધિકારીઓને બોલાવી હાઈટગેઈટ રીપેર કરાવેલ શું સત્તાધીશો મોરબી પુલ, ગંભીરા બ્રિજ અને રાજકોટ ગેમઝોન જેવી દુર્ઘટના સર્જાય તેની રાહ જોઈ રહ્યુ છે? તંત્ર સત્તાધિશો કુંભકર્ણની ઘોર નિંદ્રામાંથી કયારે જાગશે ? તેવો પ્રશ્ન આવેદનપત્રમાં ઉઠાવાયો છે. તો આજરોજ તારીખ ૧૮ને મંગળવારના રોજ ના છુટકે રસ્તા રોકો આંદોલન કરવાની ફરજ પડી હતી. તાત્કાલિક ધોરણે કાલાવડ પુલનું કામ ચાલુ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચીમકી ઉચ્ચારી છે.

સુરતના વેપારીને દિલ્હીના ઠગે રૂા.૨૭ લાખનો ચુનો ચોપડ્યો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૮

સુરત-કડોદરા રોડ પર સારોલી સ્થિત શ્રી કુબેરજી વર્લ્ડ ટેક્સટાઈલ માર્કેટમાં ધંધો કરતા વેપારી પાસેથી દિલ્હીના ગેલેક્ષી ક્લોથ હાઉસ ફર્મના સંચાલકોએ લેડિઝ શૂટ કાપડનો માલ ખરીદી રૂપિયા ૨૬.૯૭ લાખનું પેમેન્ટ નહી આપી ચુનો ચોપડ્યો હતો. જેને પગલે ઠગાઈનો ભોગ બનેલ વેપારી દ્વારા સારોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.સારોલી પોલીસના જણાવ્યા મુજબ પુણા કુંભારિયા રોડમાં લેન્ડ માર્ક એમ્પાયરની પાછળ ન્યુ મોર્ડન ટાઉનપાર્કમાં રહેતા ૩૫ વર્ષીય હરીશભાઈ દિવાનચંદ શર્મા સારોલીમાં શ્રી કુબેરજી વર્લ્ડ ટેક્ષટાઈલ માર્કેટમાં શ્રી ગણેશ ટેક્ષટાઈલ્સ ફર્મના નામથી ધંધો કરે છે. મૂળ હરિયાણાનાં રેવાડીના વતની હરીશભાઈ પાસેથી સમયસર પેમેન્ટ ચુકવી આપવાનો વિશ્વાસ ભરોસો આપી દિલ્હી, ભજનપુરા, ચાંદબાધ ખાતે ગેલેક્ષી ક્લોથ હાઉસના માલિક ઝુએબ અલી ઉર્ફે સની અને દલાલ મોહમદ રેહાનએ ગત તા.૬ માર્ચ ૨૦૨૨થી ૪ ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં અલગ અલગ બિલ ચલણથી કુલ રૂપિયા ૫૩,૯૨,૦૫૨નો લેડિઝ શૂટ કાપડનો માલ ખરીદ્યો હતો. જેમાંથી રૂપિયા ૨૬,૯૪,૫૩૦ ચુકવ્યા હતા જ્યારે બાકીના લેવાના નિકળતા રૂપિયા ૨૬,૯૭,૫૫૨માંથી ૬,૫૦,૦૦૦નો ચેક આપ્યો હતો. જે ચેક હરીશભાઈએ પોતાના બેન્કના ખાતામાં જમા કરાવતા બાંઉસ થયો હતો. આ અંગે હરીશભાઈએ કોર્ટમાં નેગોશીયબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો છે. જ્યારે રૂપિયા ૨૦,૪૭,૫૫૨ની ઉઘરાણી કરવા છતાંયે આરોપીઓએ પેમેન્ટ ચુકવવામાં ઠાગાઠેયા કર્યા હતા. બનાવ અંગે હરીશભાઈની ફરિયાદને આધારે પોલીસે બંને સામે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

નામ બદલેલ છે.

મારૂ જુનું નામ- રાણા નિર્મલાબેન પ્રકાશચંદ્ર હતું જે બદલીને નવું નામ- રાણા નિર્મલાબેન પ્રકાશભાઈ રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.

તી. રાણા નિર્મલાબેન પ્રકાશભાઈ
સરનામું:- એ/૪૩, હરી દર્શન સોસાયટી, દીવા રોડ, અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જી. ભરૂચ.

નામ બદલેલ છે

મારૂ જુનું નામ પટેલ રાહિન હારૂન ઇસ્માઇલ હતુ જે બદલીને નવું નામ પટેલ રાહિન હારૂન ઇસ્માઇલ કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : બી-૧૦૬, બિલાલ પાર્ક, મણુબર રોડ, ભરૂચ-૩૯૨૦૦૧.

જાહેર નોટિસ

મે. ભરૂચના મામલતદાર સાહેબની કોર્ટમા.
જ. નો. અ. નં. ૮૪/૨૦૨૫

અરજદાર :ફરીદાબાનું વજીરખાં પઠાણ ની દિકરી (રહીમખાન શરીફખાં પઠાણ ની પત્નિ) રહે. જુમ્મા મસ્જીદ પાસે, પાલેજ, તા.જી.ભરૂચ.

વિરૂદ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી, ગ્રામ પંચાયત, પાલેજ

આથ

ગુજરાત હાઈકોર્ટનો GPSCને વેધક સવાલ : શું વધુ માર્ક્સ ધરાવતા EWS ઉમેદવારને જનરલ કેટેગરીમાં સ્થાન મળી શકે ?

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC)ની ભરતી પ્રક્રિયા અને અનામત નીતિના અમલીકરણને લઈને ફરી એકવાર કાયદાકીય વિવાદ સર્જાયો છે. ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ સુનાવણી દરમિયાન GPSC અને રાજ્ય સરકાર પાસે જવાબ માંગ્યો છે કે, "શું વધુ માર્ક્સ ધરાવતા આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારને જનરલ (ઓપન) કેટેગરીમાં સમાવી શકાય કે કેમ?"

આ પ્રકરણની વિગત એવી છે કે, GPSC દ્વારા લેવામાં આવેલી ભરતી પરીક્ષામાં એક EWS કેટેગરીના ઉમેદવારે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી. અરજદારનો દાવો છે કે તેણે પરીક્ષામાં મેળવેલા ગુણ જનરલ કેટેગરીના કટ-ઓફ કરતા વધારે છે. સામાન્ય રીતે, સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓ અને અનામતના નિયમો મુજબ, જો કોઈ અનામત વર્ગનો ઉમેદવાર જનરલ કેટેગરીના મેરિટ જેટલા ગુણ મેળવે, તો તેને જનરલ કેટેગરીની સીટ ફાળવવામાં આવે છે (જેને 'Meritorious Reserved Candidate' કહેવાય છે).

જોકે, અરજદારની રજૂઆત મુજબ, તેને વધુ માર્ક્સ હોવા છતાં જનરલ કેટેગરીમાં સ્થાન આપવાને બદલે EWS કેટેગરીમાં જ ગણવામાં આવ્યો છે, જે તેની સાથે અન્યાય છે. અરજદારની દલીલો સાંભળ્યા બાદ ગુજરાત હાઈકોર્ટે આ મુદ્દાને ગંભીર ગણાવ્યો હતો. કોર્ટે GPSC સમક્ષ નીચે મુજબના મુદ્દે સ્પષ્ટતા માંગી છે : જો EWS ઉમેદવાર મેરિટના ધોરણે જનરલ કેટેગરીમાં સ્થાન મેળવવાને પાત્ર હોય, તો તેને ત્યાં સ્થાન કેમ નથી મળતું ? શું EWS અનામતનો લાભ લીધા વગર માત્ર મેરિટ પર જનરલ કેટેગરીમાં માઈગ્રેશન શક્ય છે ?હાઈકોર્ટે આ અંગે GPSC સત્તાધીશો અને રાજ્ય સરકારને નોટિસ પાઠવીને સત્વરે જવાબ રજૂ કરવા આદેશ આપ્યો છે.

આ કેસનો ચુકાદો ભવિષ્યની તમામ સરકારી ભરતીઓ પર દૂરગામી અસર કરી શકે છે. જો કોર્ટ એવો નિર્દેશ આપે કે વધુ ગુણ ધરાવતા EWS ઉમેદવારોને જનરલ કેટેગરીમાં શિફ્ટ કરવા જોઈએ, તો તેનાથી EWS કેટેગરીની બેઠકો અન્ય જરૂરિયાતમંદ ઉમેદવારો માટે ખાલી થશે, પરંતુ સાથે જ જનરલ કેટેગરીના કટ-ઓફ પર પણ તેની અસર પડી શકે છે.હવે આ મામલે આગામી સુનાવણીમાં GPSC શું ખુલાસો કરે છે તેના પર ઉમેદવારોની નજર રહેલી છે.

કેન્દ્ર અને રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા ૨૧ નવેમ્બરે આયોજન

રાજ્યમાં ઓઈલ અને કેમિકલ ઉદ્યોગોમાં અકસ્માત સર્જાય તો તેના વ્યવસ્થાપન અંગે યોજાશે મોકડ્રીલ

ગુજરાત એક ઔદ્યોગિક રાજ્ય હોઈ દરેક આપત્તિ માટે સજ્જ રહેવું અનિવાર્ય : મંત્રી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૮

કેન્દ્રના રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સંયુક્ત ઉપક્રમે ગુજરાતમાં તેલ અને રાસાયણિક આપત્તિ વ્યવસ્થાપન માટે રાજ્ય સ્તરની મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતના વિવિધ જિલ્લામાં સ્થિત મુખ્ય રિફાઈનરીઓ અને રાસાયણિક હબ ખાતે આગામી તા.૨૧ નવેમ્બરના રોજ યોજાનારી આ મોકડ્રીલની તૈયારીઓ સુનિશ્ચિત કરવા આપત્તિ વ્યવસ્થાપન રાજ્ય મંત્રી સંજયસિંહ મહીડાની ઉપસ્થિતિમાં SEOC-ગાંધીનગર ખાતે ટેબલ ટોપ એક્સરસાઈઝ યોજાઈ હતી, જેમાં મંત્રીએ મોકડ્રીલને વધુ સાર્થક અને સફળ બનાવવા તમામ સંલગ્ન વિભાગો-સંસ્થાઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે, આ મોકડ્રિલનો મુખ્ય ઉદ્દેશ્ય ઓઈલ અને કેમિકલ ઉદ્યોગોમાં ભવિષ્યમાં અકસ્માત સર્જાય ત્યારે ત્વરિત પ્રતિભાવ આપવા માટેની રાજ્યની તૈયારી, વિવિધ સરકારી વિભાગો અને ખાનગી ઉદ્યોગો વચ્ચેનો સંકલન અને માનવ સંસાધન તથા સાધનોની અસરકારકતા ચકાસવાનો છે. ગુજરાત એક ઔદ્યોગિક રાજ્ય હોવાને કારણે રાજ્યમાં આવતી દરેક આપત્તિઓ માટે સજ્જ રહેવું ખૂબ જ અનિવાર્ય છે. એમાં પણ જામનગર, હજીરા, વાડીનાર અને કંડલા જેવા સ્થળોએ મુખ્ય રિફાઈનરીઓ, રાસાયણિક હબ અને મોટા ટેક-સ્ટોરેજ સુવિધાઓની હાજરીને કારણે દરેક કટોકટી સામે સંપૂર્ણપણે તૈયાર રહેવું આવશ્યક છે. તેમણે ભૂતકાળમાં બનેલી ભોપાલ ગેસ દુર્ઘટના અને વિશાખાપટ્ટનમ સ્ટાયરીન ગેસ લીક જેવી વિનાશક ઘટનાઓનો ઉલ્લેખ કરીને ઓઈલ અને રાસાયણિક અકસ્માતો સામે તૈયારીનું મહત્ત્વ પણ સમજાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, આ મોકડ્રીલ પૂરવાર કરશે કે, આપણું ગુજરાત સંકટના સમયે એક સંયુક્ત ટીમ તરીકે કાર્ય કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. તેમણે દેશના આર્થિક હિતો માટે રાજ્યના સૌથી મહત્ત્વપૂર્ણ મોટા પેટ્રોકેમિકલ હબ, રિફાઈનરીઓ અને ઔદ્યોગિક ક્લસ્ટર્સની સલામતી સુનિશ્ચિત કરવાની જવાબદારી પર વિશેષ ભાર મૂક્યો હતો.

ગુજરાતને આપત્તિ વ્યવસ્થાપનનું રોલ મોડલ રાજ્ય ગણાવતા મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિએ જણાવ્યું હતું કે, ગુજરાત પર આવતી દરેક આપત્તિ માટે સંપૂર્ણ વ્યવસ્થાને સજ્જ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે વિવિધ વિષયો પર આપત્તિ વ્યવસ્થાપનની મોકડ્રીલનું આયોજન કરવામાં આવે છે. ગુજરાત દેશનું મેજર પેટ્રો કેમિકલ હબ હોવાથી ઓઈલ અને રસાયણ સંબંધિત આવતી કોઈપણ આપત્તિ સામે તૈયાર રહેવું પણ ખૂબ જ જરૂરી છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સભ્ય લેફ્ટ. જનરલ સૈયદ અતા હસનૈને સમગ્ર મોકડ્રીલને સફળ બનાવવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે, વર્ષ ૨૦૦૧માં ગુજરાતમાં આવેલા ભૂકંપ, બિપોરજોય વાવાઝોડું તેમજ તાજેતરમાં જ થયેલી વિમાન દુર્ઘટના દરમિયાન રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી અને તૈયારીઓની સરાહના કરી હતી. આ ટેબલ ટોપ એક્સરસાઈઝમાં NDMA, GSDMA, NDRF, SDRF, વિવિધ સૈન્ય દળો ઉપરાંત વિવિધ સંલગ્ન વિભાગો, સંસ્થાઓના પ્રતિનિધિ-નોડલ અધિકારીઓ તેમજ જિલ્લા કલેક્ટરોએ મોકડ્રીલ માટેની સંપૂર્ણ તૈયારીની માહિતી આપી હતી.

અંકલેશ્વર NH ૪૮ પર ટ્રકમાં આગ ફાટી નીકળતા દોડધામ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૮

અંકલેશ્વર-ભરુચ વચ્ચે ને.હા. નં.૪૮ પર કેબલ બ્રિજ પાસે પસાર થઈ રહેલી હાઈવા ટ્રકના પાછળના ટાયરોમાં અચાનક આગ ફાટી નીકળતા ડ્રાઈવર સહિત માર્ગ પર પસાર થતા વાહન ચાલકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.અંકલેશ્વર નેશનલ હાઈવે પર કેબલ બ્રિજ પાસે પસાર થઈ રહેલી હાઈવા ટ્રકના પાછળના ટાયરોમાં અચાનક આગ ફાટી નીકળતા ડ્રાઈવર સહિત માર્ગ પર પસાર થતા વાહનચાલકોમાં ભયનો માહોલ સર્જાયો હતો.ઘટનાની જાણ થતા ફાયર ફાયટરોની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર બ્રિગેડે ત્વરિત કામગીરી હાથ ધરી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ નિયંત્રણમાં આવતા જાનહાની ટળી હતી.સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની નોંધાઈ નથી. આગ લાગવાનું કારણ પ્રાથમિક અંદાજ મુજબ ટાયર ઓવર હીટ થવું અથવા ઘર્ષણ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.આગના પગલે નેશનલ હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિકજામની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું.

(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વરમાં "જન જાતીય ગૌરવ દિવસ" નિમિત્તે સફળ મહિલા રોજગાર ભરતી મેળો યોજાયો

અંકલેશ્વર, તા.૧૮

ભારત સરકારનાં કૌશલ્ય વિકાસ મંત્રાલય દ્વારા સ્થાપિત જન શિક્ષણ સંસ્થાન (JSS) ભરૂચ અને શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ ટ્રસ્ટ અંકલેશ્વર દ્વારા જિલ્લા રોજગાર કચેરી ભરૂચના સંકલનમાં અંકલેશ્વરમાં મહિલા રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેળાનું આયોજન ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી વર્ષ અંતર્ગત 'જન જાતીય ગૌરવ દિવસ' નિમિત્તે કરવામાં આવ્યું હતું. ભરતી મેળામાં આશરે ૧૦૦ જેટલી બહેનો હાજર રહી હતી, જેમાંથી આશરે ૨૫ બહેનોને નોકરી માટે શોર્ટલિસ્ટ કરવામાં આવી હતી. દહેજ સ્થિત યોકોહામા કંપની તરફથી બીપીન તીરગર અને એમ.આર.એફ. કંપની તરફથી ભાવીક પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે તેમની કંપનીઓમાં ઉપલબ્ધ રોજગારીઓ અને લાભો વિશે ઉમેદવાર બહેનોને માહિતી આપી હતી અને ઈન્ટરવ્યુ પણ લીધા હતાં. જન શિક્ષણ સંસ્થાનનાં નિયામક ઝયનુલ સૈયદે સ્વાગત પ્રવચન થકી મેળાની રૂપરેખા રજૂ કરી હતી. જિલ્લા રોજગાર કચેરીના પ્લેસમેન્ટ ઓફિસર જિજ્ઞેશ રાણાએ સ્થાનિક બેરોજગાર યુવક-યુવતીઓ માટે સરકાર દ્વારા ઉપલબ્ધ રોજગારીની તકો વિશે માહિતી આપી હતી. રામકૃષ્ણ વિવેકાનંદ ટ્રસ્ટના પ્રમુખ ડૉ. હરીશ શાહે આશીર્વચન આપીને બહેનોને આ તકનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો હતો. સરકારના સીએનવી ઈન્સ્પેક્ટર કનકસિંહ ડાભી, રોજગાર કાઉન્સેલર સંજય પરમાર, જેએસએસના લાઈવલીહુડ કો-ઓર્ડીનેટર ક્રિષ્ના કઠોલીયા તથા સ્ટાફ સભ્યો અને રામકૃષ્ણ વિવેકાનંદ ટ્રસ્ટના ચૌલા શાહ, ડૉ. જીનલ પટેલ તથા સ્ટાફ સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

ખાનકાહ-એ-બરકાતિયા મરહેરા શરીફ દ્વારા "નિશાન-એ-તાજ-ઉલ-ઔલમા"થી હઝરત અલ્લામા ગુલામ મુસ્તફા કાદરી બરકાતી કિબલા સન્માનિત

(સંવાદદાતા દ્વારા)

પાટણ, તા.૧૮

દારૂલ ઉલૂમ અનવર-એ-રેઝા નવસારીના સ્થાપક સભ્ય અલ્લામા ગુલામ મુસ્તફા કાદરી બરકાતી સાહેબને તેમની શૈક્ષણિક, ધાર્મિક અને સેવાકિય પ્રવૃત્તિઓના સન્માનમાં માટે ખાનકાહ-એ-બરકાતિયા મરહેરા શરીફ તરફથી પ્રતિષ્ઠિત "નિશાન-એ-તાજ-ઉલ-ઔલમા"થી સન્માનિત કરવામાં આવ્યા છે. ખાનકાહ-એ-બરકાતિયાના સજ્જાદનશીન પ્રોફેસર ડૉ. સૈયદ મુહમ્મદ અમીન મિયાં કાદરી બરકાતી, સૈયદ મુહમ્મદ અશરફ કાદરી (પ્રખ્યાત સાહિત્યકાર) અને સૈયદ નજીબ હૈદર મિયાં નૂરી દ્વારા પ્રશંસા પત્ર અને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા છે અલ્લામા ગુલામ મુસ્તફા કાદરી બરકાતી દ્વારા શિક્ષણક્ષેત્રે ઘણી લાંબી સેવાઓ કરેલ છે ખાસ કરીને દારૂલ ઉલુમ અનવારે રઝા નવસારીની એક ભાડાના મકાનથી સ્થાપના કરી તેને આજે છોકરા છોકરીઓના જુદા જુદા બે દારૂલ ઉલુમ સુધી પહોંચાડી ત્યાં હાલમાં અંદાજીત ૬૦૦થી વધુ બાળકોને દિની તાલીમ આપવામાં આવે છે. તેમજ ૧૨ સાયન્સ સુધીની અંગ્રેજી માધ્યમ રોયલ ઈંગ્લિશ સ્કૂલના માધ્યમથી અંદાજિત ૧૨૦૦ બાળકો દુન્યવી શિક્ષણ આપી શિક્ષિત કરવામાં આવી રહ્યા છે પોતાનું આખું જીવન માત્ર શિક્ષણની સેવા માટે સમર્પિત કરી દીધેલ છે. આ સન્માન હઝરતના સતત પરિશ્રમ, શિક્ષણ સંઘર્ષ, ઉચ્ચ નૈતિકતા, પ્રામાણિકતા અને ધર્મ પ્રત્યેની સેવાનો સ્પષ્ટ પુરાવો છે. ઉલ્લેખનીય છે કે, ખાનકાહ-એ-બરકાતિયા મરહેરા શરીફથી સમગ્ર વિશ્વના લોકો માહિતગાર છે. ખાનકાહ-એ-બરકતિયા તરફથી અલ્લામા ગુલામ મુસ્તફા સાહેબનું સન્માનીત થવું તે દારૂલ ઉલુમ અનવારે રઝા નવસારી તેમજ તેમના સમગ્ર ટ્રસ્ટી મંડળ અને સ્ટાફ સહિત સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ આનંદ અને ગર્વની વાત છે.

વડોદરાના કાલાઘોડા વિસ્તારમાં પાર્ક કરેલી બે કારમાં ભીષણ આગ લાગતા દોડધામ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૮

વડોદરા શહેરના વ્યસ્ત કાલાઘોડા વિસ્તાર પાસે આવેલ રાજેશ્રી ટોકીઝ સામેની પાર્કિંગ જગ્યામાં મંગળવારે બપોરે બે કારમાં અચાનક ભીષણ આગ લાગી હતી. ઘટનાએ આસપાસ ભારે દહેશત ફેલાવી હતી. મળતી માહિતી અનુસાર પાર્કિંગમાં ઉભેલી બે કાર અચાનક સળગી ઉઠતાં સ્થળેથી ધુમાડાના ઘેરા વાદળો ઉઠવા લાગ્યા હતા. ઘટનાની જાણ તાત્કાલિક વડોદરા મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી. જાણ મળ્યા બાદ ફાયર ફાઈટર્સની ટીમ ફાયર ટેન્ડર સાથે સ્થળ પર પહોંચી હતી અને તાત્કાલિક આગ પર કાબુ મેળવ્યો હતો. આગના કારણે બંને કાર બળીને ખાક થઇ ગઈ હતી. ઘટનાસ્થળે પોલીસ પણ પહોંચી હતી અને સમગ્ર મામલાની તપાસ હાથ ધરી છે. હાલ સુધીમાં આગ લાગવાનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી, પરંતુ પ્રાથમિક તારણો મુજબ શોર્ટ સર્કિટ અથવા ઈંધણ લીકેજને કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન વ્યક્ત કરવામાં આવી રહ્યું છે.

અંકલેશ્વરની ઈકરા ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલ ખાતે શાળાના પ્રમુખ મૌલાના સુલેમાન ભૈયાત, સેક્રેટરી ઈમરાન પટેલ, ઉપપ્રમુખ ફૈયાઝ સુલેમાન ભૈયાત, જો. સેક્રેટરી ઉસમાન ખાન, યુનુસભાઈ નવાબ, સિનિયર ટ્રસ્ટી એસ.ડી. પટેલ, શાળાના એડ્મીનીસ્ટ્રેટર અનિશુદ્દીન કુરેશી અલહાસમી, નાહેદા ઉસમાન ખાન તથા શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ વધે તે હેતુસર સાયન્સ લેબનું ઉદ્ઘાટન કરાયું હતું. આ સાયન્સ લેબ માટે શાળા સેક્રેટરી ઈમરાન પટેલના સહયોગ અને પ્રયાસોથી એલિવસ લાઈફસાયન્સ કંપનીએ સીએસઆર અંતર્ગત અંદાજે ૩ લાખ ઉપરાંતના સાયન્સ લેબ માટે સાધનો અર્પણ કરાયા હતા. જે માટે શાળાના પ્રમુખ તથા ટ્રસ્ટી મંડળે એલીવસ કંપનીનો આભાર વ્યક્ત કર્યો હતો. (તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

ડીસા તાલુકાના મોટી ઘરનાળમાં પશુપાલક ઉપર હુમલો

ડીસા, તા.૧૮

ડીસા તાલુકાના મોટી ઘરનાળના સતીષભાઈ ગમનભાઈ દેસાઈ રાબેતા મુજબ દુધ ભરાવવા ગામની દુધ ડેરી પર ગયા હતા. તેઓ ડેરીના ટેસ્ટર બાબુભાઈ મહાદેવભાઈ જોષીને કાંટો ઝીરો કરીને દુધ ભરવા વિનંતી કરી હતી. આ સમયે બાજુમાં હાજર કિરણભાઈ પાંચાભાઈ દેસાઈએ કાંટો ઝીરો નહીં થાય, દુધ ભરાવવું હોય તો ભરો નહીતર દુધ લઈને જાઓ તેમ કહેતા બોલાચાલી થઈ હતી. કિરણભાઈએ સતીષભાઈને અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું. ઘટના દરમ્યાન કિરણભાઈના ફઈના દિકરા ધવલભાઈ રામાભાઈ દેસાઈ પણ દોડી આવી અપશબ્દો બોલી ઝઘડો કર્યો હતો. જોકે, સતીષભાઈના કાકાના દિકરા રમેશભાઈ મગનભાઈ દેસાઈ તથા પેંગાભાઈ લીલાભાઈ દેસાઈ વચ્ચે પડી મામલો થાળે પાડયો હતો.બાદમાં સતીષભાઈ ડેરીમાંથી બહાર નીકળતા જ દુધ ડેરીની સામેના પાણીના ટાંકા પાસે બંનેએ ફરીથી તેમની સાથે ઝગડો કરી ગડદા પાટુથી માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે સતીષભાઈએ બન્ને શખ્સો સામે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

અંડર-૧૯ નેશનલ વોલીબોલ સ્પર્ધામાં ગુજરાતનો દબદબો

યુવા ખેલાડી કૌસેન મલેકે ટીમનું સફળ નેતૃત્વ કર્યું

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૮

મધ્યપ્રદેશના ગદરવાલા ખાતે તારીખ ૧૩ નવેમ્બર ૨૦૨૫થી ૧૭ નવેમ્બર ૨૦૨૫ સુધી આયોજિત ૬૯મી SGFI શાળાકીય અંડર-૧૯ નેશનલ વોલીબોલ સ્પર્ધા ગુજરાત રાજ્ય તેમનો શ્રેષ્ઠ દેખાવ રહ્યો હતો. આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં દેશભરની કુલ ૩૬ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં ગુજરાતની ટીમે શરૂઆતથી જ દમદાર પ્રદર્શન જાળવી રાખ્યું હતું. તેમણે બ્રોન્ઝ મેડલ અને ટ્રોફી પોતાના નામે કરી ગુજરાતનું નામ રાષ્ટ્રીય સ્તરે રોશન કર્યું છે. ગુજરાતની આ સફળતામાં મુખ્ય ભૂમિકા ભજવનાર કૌસેન મલેક ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના વાડજ ગામના યુવા પ્રતિભાશાળી ખેલાડી છે. કૌસેન મલેક હાલમાં રાજ્ય સરકાર દ્વારા સંચાલિત વોલીબોલ એકેડમી, નડિયાદ ખાતે સઘન તાલીમ લઈ રહ્યા છે. નેશનલ સ્પર્ધામાં તેમણે કેપ્ટન તરીકેની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી, ટીમના તમામ ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કપરા સંજોગોમાં પણ ટીમને સંભાળી રાખી. તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાતે આ બ્રોન્ઝ મેડલ મેળવીને રાજ્યમાં વોલીબોલના વિકાસને નવી દિશા આપી છે.

પત્ની, પુત્ર અને પુત્રીની હત્યા કરનારો નરાધમ અપરાધી ૭ દિવસના રિમાન્ડ પર

'ફાંસી આપો...ફાંસી આપો...' લોકોએ કોર્ટ પરિસર બહાર નારા લગાવ્યા

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર,તા.૧૮

ભાવનગર શહેર જિલ્લામાં ભારે ખળભળાટ અને ચકચાર મચાવનારી ઘટનામાં પોતાના જ પત્ની, પુત્ર અને પુત્રીને મોતને ઘાટ ઉતારી દેનાર ભાવનગરના ફોરેસ્ટ ઓફિસર નરાધમ અપરાધીને ભાવનગર પોલીસે ભાવનગરની કોર્ટમાં રજુ કરી ૧૪ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. જયારે અત્રેની અદાલતે આરોપીના ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. પોલીસ બંદોબસ્ત સાથે રજુ કરાયેલા આરોપીને કોર્ટ નજીક લવાતા લોકોના ટોળા ઉમટી પડયા હતા. જે પૈકીના કેટલાક લોકોએ આરોપીને 'ફાંસી આપો'ના નારા પણ લગાવ્યા હતા અને ભાવનગર જિલ્લા રબારી સમાજના આગેવાનોએ આરોપી સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે, ફાંસી આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી અને મરણજનારના પરિવારજનોને ન્યાય મળે તે માટે રબારી સમાજ પરિવારજનો સાથે રહેશે તેમ પણ આગેવાનોએ જણાવ્યું હતું. ભાવનગરમાં ફરજ બજાવતા ફોરેસ્ટ અધિકારી શૈલેષ ખાંભલાએ પોતાના પરિવારના સભ્યોની હત્યા કરી અગાઉથી તૈયાર કરેલા ખાડામાં દાટી દઈ બનાવના પુરાવાનો નાશ કર્યો હતો. બાદમાં પરિવાર ગુમ થયાની ઉપજાવી કાઢેલી અરજી પોલીસ સ્ટેશનમાં આપી પોલીસને અને રબારી સમાજને ગુમરાહ કર્યો હતો. આ રીતે આરોપીએ જે ગુનો કર્યો હતો તે ખુલ્લો પડી જતા પોલીસે આરોપીને ઝડપી લીધો હતો.

(તસવીર : ફૈઝલ કાઝી, ભાવનગર)

અલથાણમાં પાલિકાના સ્વિમિંગ પૂલમાં ક્લોરીન ગેસ લિકેજ થતાં અફરાતફરી મચી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૮

શહેરના અલથાણ ખાતે આવેલા પાલિકાના સ્વિમિંગ પૂલમાં આજે સવારે ક્લોરીન ગેસનો બાટલો લિકેજ થવા લાગ્યો હતો. જેને પગલે ત્યાં હાજર ઈન્સ્ટ્રકટર સહિતના સ્ટાફમા અફરાતફરી મચી ગઈ હતી. ઘટના અંગે જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિને ધ્યાને રાખીને અને સાવચેતીના ભાગરૂપે સ્વિમિંગ પૂલની દીવાલને અડીને આવેલી એક સોસાઈટીના રહીશોને પોતાના ઘરોમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને ત્યાર બાદ ફાયર બ્રિગેડની ટીમ દવારા ગેસ લિકેજને કન્ટ્રોલમાં કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ફાયર બ્રિગેડના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અલથાણ ખાતે પાલિકા દ્વારા સંચાલીત સ્વિમિંગ પૂલમાં આજે સવારે લગભગ ૧૧ વાગ્યે સ્વિમિંગ પૂલમાં કોઈ સભ્યો નહી હતા, જોકે ત્યાં સ્ટાફ હાજર હતો. દરમિયાન અચાનક ક્લોરીન ગેસનો બાટલો લિકેજ થવા લાગ્યો હતો. આ અંગે ખબર પડતા સ્ટાફમાં અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટના અંગે ફાયર કંટ્રોલને જાણ કરવામાં આવી હતી જેથી ફાયર બ્રિગેડની ટીમ તાતકાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર જવાનો દ્વારા લિકેજ થઈ રહેલા ૫૦ કિલો ક્લોરીન ગેસના બોટલને એક્સપર્ટ દ્વારા પાણીમાં નાંખી ત્યાર બાદ બહાર કાઢીને લિકેજ થતા બંધ કરવામાં આવ્યું હતું. જો કે, આ કામગીરી દરમિયાન સ્વિમિંગ પૂલની દીવાલને અડીને આવેલી એક સોસાયટીના ૩૦થી ૪૦ જેટલા રહીશોને તમામને સાવચેતીના ભાગરૂપે પોતાના ઘરોમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. કોઈ જાનહાની થવા પામી નથી. જો કે, ઘટનાને પગલે સોસાઈટીના રહીશે ગભરાઈ ગયા હતા. આ સમગ્ર સ્થિતિ નિયત્રંણમા આવી જતા તમામે રાહત અનુભવી હતી.

આણંદ : ટ્રેનમાંથી મહિલાના પર્સની ચોરી

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૮

નવી મુંબઈ વાસ્તુશાંતિ ટાવર કલમબોલી વિસ્તારમાં રહેતાં કમલાદેવી રૂપચંદ પારીખ પોતાનાં પતિ સાથે ગત મંગળવારે બિકાનેર બાંદ્રા એક્સપ્રેસ ટ્રેનમાં મુંબઈ જતાં હતાં. અને આણંદ રેલ્વે સ્ટેશન આવતાં પહેલાં કમલાદેવી અને તેઓના પતિ રૂપચંદ સુઈ ગયાં હતાં. જે દરમિયાન તકનો લાભ ઉઠાવી કોઈ અજાણ્યો ઈસમ કમલાદેવીના લેડીઝ પર્સમાં રાખેલ મંગળસુત્ર કિંમત રૂપિયા ૯૫,૯૯૧ની મત્તાની ચોરી કરી નાસી ગયો હતો. બીજી બાજુ આણંદ રેલ્વે સ્ટેશન આવતાં બંને પતિ-પત્ની ઊંઘમાંથી જાગીને જોતાં લેડીઝ પર્સ મળી આવ્યું નહોતું. આણંદ રેલ્વે પોલીસ મથકે ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

નામ બદલેલ છે.
મારૂ જુનું નામ- રાણા નિર્મલાબેન પ્રકાશચંદ્ર હતું જે બદલીને નવું નામ- રાણા નિર્મલાબેન પ્રકાશભાઈ રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.
લી. રાણા નિર્મલાબેન પ્રકાશભાઈ
સરનામું:- એ/૪૩, હરી દર્શન સોસાયટી, દીવા રોડ, અંકલેશ્વર, તા. અંકલેશ્વર, જી. ભરૂચ.

નામ બદલેલ છે
મારૂ જુનું નામ પટેલ રાહિન હારૂન ઈસ્માઈલ હતુ જે બદલીને નવું નામ પટેલ રાહિન હારૂન ઈસ્માઈલ કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : બી-૧૦૯, બિલાલ પાર્ક, મણુબર રોડ, ભરૂચ-૩૬૨૦૦૧.

જમ્મુ કાશ્મીરથી નીકળેલ બીએસએફ જવાનોની બાઈક રેલીનું ભાભરમાં સ્વાગત કરાયું

(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૮

૬૧માં બીએસએફ સ્થાપના દિવસના સંદર્ભમાં રાષ્ટ્રીય એકતા, રાષ્ટ્રીય સુરક્ષામાં બીએસએફના ગૌરવશાળી યોગદાન અંગે અને ડ્રગ્સના દુરૂપયોગ સાથે લોકોમાં જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી રાષ્ટ્રીય એકતા પર જાગૃતિ લાવવા માટે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) દ્વારા જમ્મુ-કાશ્મીરથી ભૂજ (ગુજરાત) સુધી એક મોટર સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે અને તે ૦૯ નવેમ્બર ૨૦૨૫થી ૨૦ નવેમ્બર ૨૦૨૫ એમ ૧૨ દિવસ સુધી જમ્મુ કાશ્મીરથી ભૂજ સુધી આશરે ૧૬૪૮ કિલોમીટરનું અંતર કાપીને સંદેશો આપવામાં આવનાર છે. આ મોટર સાઇકલ રેલીનો ભવ્ય ફ્લેગ ઓફ સમારોહ શહીદ વીર દેવ સ્ટેડિયમ, બીએસએફ કેમ્પ પલોરા ખાતે યોજાયો હતો, રેલીને ડિજી દ્વારા લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ રેલીનો હેતુ રાષ્ટ્રીય એકતા અને દેશભક્તિનો સંદેશો ફેલાવવાનો છે. રેલીમાં ભાગ લેનારા અનેક રાજ્યોમાંથી પસાર થઈ આજે સુઈગામ નડાબેટ બોર્ડરથી વહેલી સવારે ભાભર ખાતે આવી પહોંચતા ભાભર પીઆઈ એસ.ડી. ચૌધરી, પોલીસ સ્ટાફ અને સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

જાહેર નોટિસ
મે. ભરૂચના મામલતદાર સાહેબની કોર્ટમા.
જ. નો. અ. નં. ૮૪/૨૦૨૫
અરજદાર :ફ

ગુજરાત હાઈકોર્ટનો GPSCને વેધક સવાલ : શું વધુ માર્ક્સ ધરાવતા EWS ઉમેદવારને જનરલ કેટેગરીમાં સ્થાન મળી શકે ?

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC)ની ભરતી પ્રક્રિયા અને અનામત નીતિના અમલીકરણને લઈને ફરી એકવાર કાયદાકીય વિવાદ સર્જાયો છે. ગુજરાત હાઈકોર્ટે એક મહત્ત્વપૂર્ણ સુનાવણી દરમિયાન GPSC અને રાજ્ય સરકાર પાસે જવાબ માંગ્યો છે કે, "શું વધુ માર્ક્સ ધરાવતા આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારને જનરલ (ઓપન) કેટેગરીમાં સમાવી શકાય કે કેમ?" આ પ્રકરણની વિગત એવી છે કે, GPSC દ્વારા લેવામાં આવેલી ભરતી પરીક્ષામાં એક EWS કેટેગરીના ઉમેદવારે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી. અરજદારનો દાવો છે કે તેણે પરીક્ષામાં મેળવેલા ગુણ જનરલ કેટેગરીના કટ-ઓફ કરતા વધારે છે. સામાન્ય રીતે, સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓ અને અનામતના નિયમો મુજબ, જો કોઈ અનામત વર્ગનો ઉમેદવાર જનરલ કેટેગરીના મેરિટ જેટલા ગુણ મેળવે, તો તેને જનરલ કેટેગરીની સીટ ફાળવવામાં આવે છે (જેને 'Meritorious Reserved Candidate' કહેવાય છે).

જોકે, અરજદારની રજૂઆત મુજબ, તેને વધુ માર્ક્સ હોવા છતાં જનરલ કેટેગરીમાં સ્થાન આપવાને બદલે EWS કેટેગરીમાં જ ગણવામાં આવ્યો છે, જે તેની સાથે અન્યાય છે. અરજદારની દલીલો સાંભળ્યા બાદ ગુજરાત હાઈકોર્ટે આ મુદ્દાને ગંભીર ગણાવ્યો હતો. કોર્ટે GPSC સમક્ષ નીચે મુજબના મુદ્દે સ્પષ્ટતા માંગી છે : જો EWS ઉમેદવાર મેરિટના ધોરણે જનરલ કેટેગરીમાં સ્થાન મેળવવાને પાત્ર હોય, તો તેને ત્યાં સ્થાન કેમ નથી મળતું ? શું EWS અનામતનો લાભ લીધા વગર માત્ર મેરિટ પર જનરલ કેટેગરીમાં માઈગ્રેશન શક્ય છે ?હાઈકોર્ટે આ અંગે GPSC સત્તાધીશો અને રાજ્ય સરકારને નોટિસ પાઠવીને સત્વરે જવાબ રજૂ કરવા આદેશ આપ્યો છે.

આ કેસનો ચુકાદો ભવિષ્યની તમામ સરકારી ભરતીઓ પર દૂરગામી અસર કરી શકે છે. જો કોર્ટ એવો નિર્દેશ આપે કે વધુ ગુણ ધરાવતા EWS ઉમેદવારોને જનરલ કેટેગરીમાં શિફ્ટ કરવા જોઈએ, તો તેનાથી EWS કેટેગરીની બેઠકો અન્ય જરૂરિયાતમંદ ઉમેદવારો માટે ખાલી થશે, પરંતુ સાથે જ જનરલ કેટેગરીના કટ-ઓફ પર પણ તેની અસર પડી શકે છે.હવે આ મામલે આગામી સુનાવણીમાં GPSC શું ખુલાસો કરે છે તેના પર ઉમેદવારોની નજર રહેલી છે.

કેન્દ્ર અને રાજ્યના આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા ૨૧ નવેમ્બરે આયોજન

રાજ્યમાં ઓઈલ અને કેમિકલ ઉદ્યોગોમાં અકસ્માત સર્જાય તો તેના વ્યવસ્થાપન અંગે યોજાશે મોકડ્રિલ

ગુજરાત એક ઔદ્યોગિક રાજ્ય હોઈ દરેક આપત્તિ માટે સજ્જ રહેવું અનિવાર્ય : મંત્રી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૮

કેન્દ્રના રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સંયુક્ત ઉપક્રમે ગુજરાતમાં તેલ અને રાસાયણિક આપત્તિ વ્યવસ્થાપન માટે રાજ્ય સ્તરની મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતના વિવિધ જિલ્લામાં સ્થિત મુખ્ય રિફાઈનરીઓ અને રાસાયણિક હબ ખાતે આગામી તા.૨૧ નવેમ્બરના રોજ યોજાનારી આ મોકડ્રીલની તૈયારીઓ સુનિશ્ચિત કરવા આપત્તિ વ્યવસ્થાપન રાજ્ય મંત્રી સંજયસિંહ મહીડાની ઉપસ્થિતિમાં SEOC-ગાંધીનગર ખાતે ટેબલ ટોપ એક્સરસાઈઝ યોજાઈ હતી, જેમાં મંત્રીએ મોકડ્રીલને વધુ સાર્થક અને સફળ બનાવવા તમામ સંલગ્ન વિભાગો-સંસ્થાઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. મંત્રીએ જણાવ્યું હતું કે, આ મોકડ્રિલનો મુખ્ય ઉદ્દેશ્ય ઓઈલ અને કેમિકલ ઉદ્યોગોમાં ભવિષ્યમાં અકસ્માત સર્જાય ત્યારે ત્વરિત પ્રતિભાવ આપવા માટેની રાજ્યની તૈયારી, વિવિધ સરકારી વિભાગો અને ખાનગી ઉદ્યોગો વચ્ચેનો સંકલન અને માનવ સંસાધન તથા સાધનોની અસરકારકતા ચકાસવાનો છે. ગુજરાત એક ઔદ્યોગિક રાજ્ય હોવાને કારણે રાજ્યમાં આવતી દરેક આપત્તિઓ માટે સજ્જ રહેવું ખૂબ જ અનિવાર્ય છે. એમાં પણ જામનગર, હજીરા, વાડીનાર અને કંડલા જેવા સ્થળોએ મુખ્ય રિફાઈનરીઓ, રાસાયણિક હબ અને મોટા ટેક-સ્ટોરેજ સુવિધાઓની હાજરીને કારણે દરેક કટોકટી સામે સંપૂર્ણપણે તૈયાર રહેવું આવશ્યક છે. તેમણે ભૂતકાળમાં બનેલી ભોપાલ ગેસ દુર્ઘટના અને વિશાખાપટ્ટનમ સ્ટાયરીન ગેસ લીક જેવી વિનાશક ઘટનાઓનો ઉલ્લેખ કરીને ઓઈલ અને રાસાયણિક અકસ્માતો સામે તૈયારીનું મહત્ત્વ પણ સમજાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, આ મોકડ્રીલ પૂરવાર કરશે કે, આપણું ગુજરાત સંકટના સમયે એક સંયુક્ત ટીમ તરીકે કાર્ય કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. તેમણે દેશના આર્થિક હિતો માટે રાજ્યના સૌથી મહત્ત્વપૂર્ણ મોટા પેટ્રોકેમિકલ હબ, રિફાઈનરીઓ અને ઔદ્યોગિક ક્લસ્ટર્સની સલામતી સુનિશ્ચિત કરવાની જવાબદારી પર વિશેષ ભાર મૂક્યો હતો. ગુજરાતને આપત્તિ વ્યવસ્થાપનનું રોલ મોડલ રાજ્ય ગણાવતા મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતિ રવિએ જણાવ્યું હતું કે, ગુજરાત પર આવતી દરેક આપત્તિ માટે સંપૂર્ણ વ્યવસ્થાને સજ્જ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે વિવિધ વિષયો પર આપત્તિ વ્યવસ્થાપનની મોકડ્રીલનું આયોજન કરવામાં આવે છે. ગુજરાત દેશનું મેજર પેટ્રો કેમિકલ હબ હોવાથી ઓઈલ અને રસાયણ સંબંધિત આવતી કોઈપણ આપત્તિ સામે તૈયાર રહેવું પણ ખૂબ જ જરૂરી છે. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સભ્ય લેફ્ટ. જનરલ સૈયદ અતા હસનૈને સમગ્ર મોકડ્રીલને સફળ બનાવવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે, વર્ષ ૨૦૦૧માં ગુજરાતમાં આવેલા ભૂકંપ, બિપોરજોય વાવાઝોડું તેમજ તાજેતરમાં જ થયેલી વિમાન દુર્ઘટના દરમિયાન રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી અને તૈયારીઓની સરાહના કરી હતી. આ ટેબલ ટોપ એક્સરસાઈઝમાં NDMA, GSDMA, NDRF, SDRF, વિવિધ સૈન્ય દળો ઉપરાંત વિવિધ સંલગ્ન વિભાગો, સંસ્થાઓના પ્રતિનિધિ-નોડલ અધિકારીઓ તેમજ જિલ્લા કલેક્ટરોએ મોકડ્રીલ માટેની સંપૂર્ણ તૈયારીની માહિતી આપી હતી.

મ્યુનિ. કમિશનરે રોડ પર ઉતરી કામગીરીની તપાસ-સમીક્ષા કરી

અમદાવાદમાં રોડ-રસ્તાના તમામ કામ ૩૧ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરી દેવાશે

મુખ્યમંત્રી સાથેની બેઠક બાદ તંત્ર એક્શન મોડમાં : ક્વોલિટી રોડ બનાવવા સૂચના

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં જ મહાનગરપાલિકાના કમિશનરો અને મેયર વગેરે સાથે વીડિયો કોન્ફરન્સથી બેઠક કરીને શહેરના તમામ રોડ રસ્તાઓને ગુણવત્તાયુક્ત બનાવવા માટેની સૂચના આપી હતી. મુખ્યમંત્રી સાથેની બેઠક બાદ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના રોડ રસ્તાની કામગીરીને લઈને ઝડપ દેખાડવામાં આવી છે. મ્યુનિ. કમિ. બંછાનિધિ પાની દ્વારા રોડ બનાવવાની કામગીરીમાં જાતે નિરીક્ષણ કરી ગુણવત્તાયુક્ત રોડ બનાવવા તેમજ બાકી રહેલા રોડ ૩૧ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરવા માટેની કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓને સૂચના આપવામાં આવી છે.

મ્યુનિસિપલ કમિશનરે દક્ષિણ-પશ્ચિમ ઝોનના જોધપુર વોર્ડ વિસ્તારમાં, એસ.જી. હાઈવે પાસે આવેલા નિર્વાણ પાર્ટી પ્લોટથી સરદાર પટેલ રિંગ રોડ તરફ તાજેતરમાં ખોલવામાં આવેલા ૩૦ મીટર પહોળા નવા માર્ગ પર ચાલી રહેલી હોટ મિક્સ રોડ સરફેસિંગ કામગીરીનું સ્થળ પર જઈને નિરીક્ષણ કર્યું હતું. હોટ મિક્સ રોડ વર્કની કામગીરી દરમિયાન કમિશનરે સેન્સર પેવરથી રોડના યોગ્ય કેમ્બરની તપાસ, હોટમિક્સ મટિરિયલનું માનક તાપમાન જળવાય છે કે નહીં તેની ચકાસણી, તેમજ અન્ય મહત્વના ટેક્નિકલ પરિબળોની સમીક્ષા કરી હતી. કમિશનરે સ્થળ પર હાજર ઈજનેરો અને અધિકારીઓને શહેરમાં ચાલતા રોડના કામો દિવસ અને રાત ચાલુ રાખવા તેમજ ગુણવત્તાનાં દરેક ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા સ્પષ્ટ સૂચનાઓ આપી છે. રોડ બનાવવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે જેમાં તાપમાન એક વખત સેટ કર્યા બાદ આધુનિક મશીન દ્વારા કામગીરી થતી હોય છે જેથી તમામ બાબતો ઉપર નિરીક્ષણ કરીને સૂચના આપવામાં આવી છે. કોન્ટ્રાક્ટરો પોતાના કામો ગુણવત્તા યુક્ત કરે અને ફિલ્ડમાં રહી તેના ઉપર ધ્યાન રાખે તેવી પણ સૂચના અધિકારીઓને આપી હતી.

મુખ્યમંત્રી સાથે થયેલી બેઠક બાદ કમિશનરે તમામ ઝોન અને રોડ પ્રોજેક્ટ વિભાગના ઈજનેરો સાથે બેઠક કરીને શહેરના વિવિધ વિસ્તારોમાં જ્યાં પણ રોડ બાકી છે ત્યાં ઝડપી કામગીરી પૂર્ણ કરવા સૂચના આપીક્હતી. જે પણ રોડ પર ખાડા પડ્યા છે અથવા રિસરફેસ કરવાની જરૂરિયાત છે ત્યાં તાત્કાલિક રીસરફેસ કરવા માટે જણાવ્યું હતું. ૩૧ ડિસેમ્બર સુધીમાં બાકી ૨૦૦ જેટલા રોડ પુરા કરવા માટે જણાવ્યું છે અત્યાર સુધીમાં ૩૨ જેટલા રોડની કામગીરી પૂર્ણ થઈ છે. હાલમાં અમદાવાદ શહેરમાં ૧૩ પ્લાન્ટ દિવસ-રાત કાર્યરત છે. એટલું જ નહીં દરરોજ સરેરાશ ૬૫૦૦થી ૭૦૦૦ મેટ્રિક ટન રિસરફેસિંગનું કામ ચાલી રહ્યું છે.

મ્યુનિસિપલ કમિશનરે નિરીક્ષણ કરેલા એસ.જી. હાઈવે પર એસપી ઓફિસની સામેથી સરદાર પટેલ રિંગ રોડ તરફ જવા માટેનો નવો ૩૦ મીટરનો રોડ તૈયાર થતા એસ.જી. હાઈવે અને એસપી રિંગ રોડ વચ્ચેની કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે, તેમજ એસ.જી. હાઈવે પરનુ ટ્રાફિક ભારણ નોંધપાત્ર રીતે ઘટાડવામાં મદદ મળશે. મ્યુનિ. કમિ. બંછાનિધિ પાની સાથે રોડ વિભાગના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર મીરાંત પરીખ, સિટી ઈજનેર હરપાલસિંહ ઝાલા અને રોડ પ્રોજેક્ટ વિભાગના એડિશનલ સિટી ઈજનેર પ્રણય શાહ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

શિક્ષણ બોર્ડની કારોબારી સહિત વિવિધ પાંચ સમિતિઓની પુનઃ રચના કરાઈ

કારોબારી અને પરીક્ષા સમિતિમાં આચાર્ય સંઘના પ્રતિનિધિને સ્થાન ન મળતા રોષ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની મંગળવારના રોજ મળેલી સામાન્ય સભામાં વિવિધ પાંચ સમિતિઓની પુનઃ રચના કરવામાં આવી હતી. બોર્ડ દ્વારા રચવામાં આવેલી કારોબારી અને પરીક્ષા સમિતિ જેવી મહત્વની સમિતિઓમાં આ વખતે આચાર્ય સંઘના પ્રતિનિધીને સ્થાન ન મળતા રોષ ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વિવિધ પાંચ જેટલી સમિતિઓની દરવર્ષે નવીન રચના કરવામાં આવતી હોય છે. જેને લઈને મંગળવારના રોજ બોર્ડની સામાન્ય સભા બોલાવવામાં આવી હતી. આ સામાન્ય સભામાં શિક્ષણ બોર્ડની પાંચ સમિતિઓ કારોબારી સમિતિ, પરીક્ષા સમિતિ, શૈક્ષણિક સમિતિ, નાણા સમિતિ અને અભ્યાસ સમિતિની પુનઃ રચના કરવામાં આવી હતી. જેમાં બોર્ડની સૌથી મહત્વની ગણાતી કારોબારી સમિતિમાં સરકારી સભ્યોમાંથી મનુ પાવરા અને પરસોત્તમ સોનારાનો સમાવેશ કરાયો હતો. જ્યારે ચૂંટાયેલી સભ્યોમાંથી સંચાલક મંડળના ડો. જે.વી. પટેલ, માધ્યમિક શિક્ષણ વિભાગના નિલેશ સોનારા અને વહીવટી વિભાગના સભ્ય વિનોદ પટેલનો સમાવેશ કરાયો છે. જ્યારે શિક્ષણ બોર્ડની પરીક્ષા સમિતિમાં જશવંત રાવલ, નિદત્ત બારોટ, અજીત પટેલ તથા ભાવિન ભટ્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની શાળાઓ માટે શિક્ષણની સૌથી મોટી જવાબદારી જેમના શિરે છે, અને જેઓ શાળાઓના શૈક્ષણિક અને વહીવટી પ્રશ્નો બોર્ડ સુધી સતત લઈ જઈ શકે છે તેવા આચાર્ય સંવર્ગને કારોબારી તેમજ પરીક્ષા સમિતિમાંથી બકાત રાખવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.

સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલનું અન્ય બોર્ડ સાથે જોડાણ અંગે વાલીઓ નારાજ

વાલીઓ સાથેની બેઠકમાં ૫૦ ટકા કરતા વધુ વાલીઓ ICSE બોર્ડમાં જોડાવવા અસંમત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

શહેરની પ્રતિષ્ઠીત સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલમાં ગુજરાત બોર્ડ બંધ કરી ICSE સાથે જોડાણ કરવાના નિર્ણય બાદ મેનેજમેન્ટ દ્વારા મંગળવારના રોજ વાલીઓની એક બેઠક બોલાવી હતી. જેમાં મંગળવારે પ્રાયમરી વિભાગના વાલીઓની બેઠકમાં મોટાભાગના વાલીઓએ બોર્ડ ફેરફારના નિર્ણયનો વિરોધ કર્યો હોવાનું સામે આવ્યું છે. સરેરાશ ૫૦ ટકા કરતા વધુ વિદ્યાર્થીઓએ સ્કૂલના નિર્ણય સાથે સહમતી સાધી ન હોવાનું સામે આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના નારણપુરા વિસ્તારમાં આવેલી સેન્ટ ઝેવિર્યસ લોયલામાં ધોરણ-૧થી ૮ ખાનગી સ્કૂલ ચાલે છે, જ્યારે ધોરણ-૯થી ૧૨ ગ્રાન્ટેડ વર્ગો ચલાવવામાં આવે છે. સ્કૂલ દ્વારા પ્રાથમિક વિભાગને નવા શૈક્ષણિક વર્ષથી ગુજરાત બોર્ડના બદલે ICSE બોર્ડ સાથે જોડાવવાનો નિર્ણય કર્યો છે. આ માટે સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા પ્રાથમિક વિભાગના વાલીઓને એક પત્ર મોકલી સ્કૂલના નિર્ણયની જાણ કરી હતી. પત્રમાં સ્કૂલ દ્વારા જણાવાયું હતું કે, આગામી શૈક્ષણિક વર્ષથી સ્કૂલને ICSE બોર્ડમાં કન્વર્ટ કરવાની શરૂ કરાશે. અત્યાર સ્કૂલમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ પર તેની કોઈ અસર નહીં પડે. વર્તમાન વિદ્યાર્થીઓને ICSEમાં શિફ્ટ થવું કે, ગુજરાત બોર્ડ સાથે ચાલુ રહેવું એ અંગેનો વિકલ્પ પસંદ કરવાની તક અપાશે. દરમિયાન, મંગળવારના રોજ સ્કૂલના હોલમાં વાલીઓ માટેની બેઠક મળી હતી. જેમાં સ્કૂલે વાલીઓને જણાવ્યું હતું કે, સ્કૂલને ICSE બોર્ડમાં તબદીલ કરવા જઈ રહ્યા છીએ તેની માહિતી આપી વાલીઓ પાસે સંમતિ માંગવામાં આવી હતી. જેના પગલે અંદાજે ૫૦ ટકા કરતા પણ વધુ વાલીઓએ સ્કૂલના આ નિર્ણય સામે વિરોધ નોંધાવ્યો હોવાનું જાણવા મળે છે. વાલીઓના મત અનુસાર, બોર્ડ બદલાશે તો સ્કૂલની ફીમાં જંગી વધારો થશે. સ્કૂલના પ્રાથમિક વિભાગમાં ધોરણ-૧થી ૮ના વાલીઓ બેઠકમાં હાજર રહ્યા હતા. જોકે, ધોરણ-૭ અને ૮ના વાલીઓને સમજાવવામાં આવ્યા હતા કે તેમના બાળકો આગામી વર્ષમાં ધોરણ-૯માં જશે અને ધોરણ-૯ તો સ્કૂલનું ગ્રાન્ટેડ છે અને ગુજરાત બોર્ડ સાથે જ જોડાયેલુ છે. જેથી તેમના બાળકોને પ્રશ્ન ઉભો નહી થાય. જેથી ધોરણ-૭ અને ૮ના વાલીઓ પૈકી મોટાભાગના વાલીઓએ ICSE બોર્ડ માટે સંમતિ આપી હતી. પરંતુ ધોરણ-૧થી ૬ના વાલીઓએ વિરોધ નોંધાવ્યો હતો.

સેવન્થ ડે સ્કૂલને વાલીઓએ માન્યતા સહિતના પુરાવા રજૂ કરવા અલ્ટીમેટમ આપ્યું

જો મેનેજમેન્ટ ૭ દિવસમાં પુરાવા ન આપે તો સ્કૂલનો વહીવટ સરકાર હસ્તક લેવા માંગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

ખોખરામાં આવેલી સેવન્થ ડે સ્કૂલને AMC દ્વારા શરતભંગ અંગે નોટિસ ફટકારવામાં આવ્યા બાદ મંગળવારે વાલીઓ સ્કૂલ પર પહોંચ્યા હતા અને માન્યતા સહિતના પુરાવા માંગ્યા હતા. વાલીઓ દ્વારા સ્કૂલ સમક્ષ સાત દિવસમાં પુરાવા રજૂ કરવા માટે આવેદન આપવામાં આવ્યું છે. જો સ્કૂલ માન્યતા સહિતના પુરાવા ન આપે તો સ્કૂલનો વહીવટ સરકાર હસ્તક લેવામાં આવે તેવી માગણી પણ કરાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સેવન્થ ડે સ્કૂલમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીની હત્યાની ઘટના બાદ ભારે વિવાદ ઉભો થયો હતો. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્કૂલ સામે તપાસ માટે કમિટીની રચના કરી હતી. કમિટી દ્વારા સ્કૂલ પાસે માન્યતા સહિતના અનેક પુરાવા માંગ્યા હતા. પરંતુ સ્કૂલ દ્વારા પુરતા પુરાવા રજૂ કરવામાં આવ્યા ન હતા. ત્યારબાદ, તાજેતરમાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા સ્કૂલને નોટિસ ફટકારી હતી. જેમાં કોર્પોરેશન દ્વારા સ્કૂલની જગ્યા ભાડાપટ્ટા પર આપવામાં આવી હતી. પરંતુ તેની શરતોનો ભંગ થતો હોવાની તપાસમાં ખૂલતા નોટિસ ફટકારવામાં આવી હતી. આમ, સ્કૂલને પુરાવાઓને લઈને મળેલી નોટિસ બાદ વાલીઓ ચિંતામા મુકાયા હતા. જેને લઈને સેવન્થ ડે સ્કૂલ જનઆક્રોશ વાલી મંડળ સંઘર્ષ સમિતિ દ્વારા મંગળવારના રોજ સ્કૂલ પર પહોંચી આવેદનપત્ર સુપરત કર્યું હતું. વાલીઓ દ્વારા સ્કૂલ પાસે માન્યતા સહિતના પુરાવા માંગવામાં આવ્યા છે. વાલીઓએ ૭ દિવસમાં પુરવાનાની નકલ આપવામાં આવે તેવી માગ સ્કૂલ મેનેજમેન્ટ સમક્ષ કરી છે. જો સ્કૂલ પુરાવા ન આપે તો સ્કૂલનું વહીવટ સરકાર હસ્તક લેવામાં આવવું જોઈએ તેવી માગણી પણ વાલીઓ દ્વારા કરવામાં આવી છે. સ્કૂલ મેનેજમેન્ટના દાવા અનુસાર, તેમની પાસે BU સહિતની તમામ પરવાનગી ઉપલબ્ધ છે. આ અંગે પહેલા જ્યારે ડોક્યુમેન્ટ માંગવામાં આવ્યા ત્યારે સ્કૂલ તરફથી આપવામાં આવ્યા હતા. હવે ફરી ફાઈલ તૈયાર કરીને પુરાવા માંગવામાં આવતા રજૂ કરવામાં આવશે. સ્કૂલનું એક ટ્રસ્ટ જમીન લે છે અને અન્ય એક ટ્રસ્ટ શિક્ષણ આપે છે તેવો દાવો પણ મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવ્યો છે.

શહેરના ભાઈપુરા-હાટકેશ્વરમાં ૯૬ દબાણો પર તંત્રનું બુલડોઝર ફર્યું

૨૧ દિવસ પહેલા ખાલી કરવાની નોટિસ આપી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

અમદાવાદના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યાના પગલે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટીપી રોડ ખોલવાની કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત શહેરના પૂર્વ વિસ્તારમાં ભાઈપુરા- હાટકેશ્વર વોર્ડમાં બાબુલાલની ચાલીથી ભૂંડની ચાલી તરફના રોડ પરના દબાણો દૂર કરીને પહોળો કરવાની કામગીરી મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ અને દક્ષિણ ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. ટીપી રોડમાં આવતા નાના મોટા કાચા પાકા ૯૬ જેટલા દબાણો દૂર કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ અને પૂર્વ ઝોનના એસ્ટેટ વિભાગના જણાવ્યા અનુસાર, શહેરના ભાઈપુરા-હાટકેશ્વર વોર્ડમાં આવતા બાબુલાલની ચાલી પંજાબીની ચાલીથી ભૂંડની ચાલી તરફ રોડ આવેલો છે. જે હાલમાં હયાત ૬થી ૯ મીટર સુધીનો રોડ છે, આ રોડ ખૂબ જ સાંકડો હોવાના કારણે અવરજવરમાં તકલીફ પડતી હતી. રોડ ઉપર વાહનોની અવર-જવર વધારે હોવાથી ટ્રાફિક થઈ જતો હતો જેથી ટીપી રોડને પહોળો કરવાની કામગીરી હાથ પર લેવામાં આવી હતી. ટીપી રોડ ૧૨ મીટરનો મંજૂર થયેલો છે. જો કે, હયાત રોડ નાનો હોવાના કારણે દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

આ હયાત રોડ ઉપર આવેલા કોમર્શિયલ અને રહેણાંક બંને મળીને કુલ ૯૬ જેટલા મકાનો છે. નાના-મોટા કાચા પાકા મકાનો જેસીબી વડે દૂર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. મોટાભાગે મકાનો અને દુકાનોમાં નાનો મોટો ભાગ જ તૂટી રહ્યો છે. આખી દુકાન કે મકાન દબાણમાં નથી. લોકોએ ટીપી રોડ ઉપર ગેરકાયદેસર રીતે દુકાનો અને મકાનો બનાવી દીધા હતા જેથી કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા ૨૧ દિવસ પહેલા ખાલી કરવાની નોટિસ આપી હતી. જે બાદ આજે આ ડિમોલેશનની કાર્યવાહી કરવામાં આવી હતી.

શહેરના ભાઈપુરા વોર્ડમાં ડિમોલિશન અટકાવવા કાઉન્સિલરો અને રહેવાસીઓનો ઉગ્ર વિરોધ પ્રદર્શન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

ડ્રાફ્ટ ટીપીમાં સ્થાપિત હિતો માટે ત્રીજો ફેરફાર કરી ફાઈનલ ટીપી મંજૂર થયા વગર અને વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વગર ભાઈપુરા વોર્ડમાં રાધાકૃષ્ણ નગર, શ્રીનાથજી, નેશનલ પાર્ક સહિત ગરીબ અને મધ્યમ અને પછાત વર્ગના રહેવાસીઓના મકાનો તોડતા અટકાવવા પૂર્વ ઝોનની કચેરી ખાતે રહેવાસીઓ અને અગ્રણીઓ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજી ડે.મ્યુનિસિપલ કમિશનર વિપુલ ઠક્કરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.

રજૂઆત કરતાં રહેવાસીઓએ જણાવ્યું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નગર રચના યોજના નંબર ૨૫ ખોખરા મહેમદાવાદમાં ત્રીજો ફેરફાર કરી ભાઈપુરા વોર્ડ આવેલ રાધાકૃષ્ણ નગર, શ્રીનાથજી, નેશનલ પાર્ક સહિત વિસ્તારની આજુબાજુમાં મોટા રોડ હયાત હોવા છતાં ડેડ રોડ ઉપર બિનજરૂરી અને ગરીબ મધ્યમ અને પછાત વર્ગની નિવાસ કરતી વસ્તીમાં સર્વે નંબર ૨૨૪ મૂળ ખંડ નંબર ૭૧૦ અંતિમ ખાંડ નંબર ૧,૦૦૯/૧૨૩ મંજૂર કરવામાં આવેલ ડ્રાફ્ટ ટીપીમાં ત્રણ-ત્રણ વખત સ્થાપિત હીતો માટે સુધારો કરી અને ડ્રાફ્ટ ટીપી મંજૂર થયા વગર કે ફાઈનલ ટીપી મંજૂર થયા વગર તેમજ રહેવાસીઓના વાંધા સૂચનો મંગાવ્યા વગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વારંવાર તોડી પાડવાની ધમકી ઉચ્ચારવામાં આવી રહી છે જેથી સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ ફેલાયો છે અને બેઘર બનવાની દહેશત હોય માનસિક, શારીરિક, આર્થિક અસહ્ય ત્રાસ વેઠી રહ્યા છે.

ડે.મ્યુ.કમિશનરને આવેદનપત્ર પાઠવાયું

ઉપરોક્ત વિસ્તારમાં છેલ્લા ૪૦ વર્ષો ઉપરાંતથી મકાનોમાં રહેનાર તેઓના બાપદાદાના સમયથી અહીંયા વસવાટ કરતા આવ્યા છે તેમના બાળકોના જન્મથી લઈને તેમનો સ્કૂલ કોલેજનો અભ્યાસ પણ અહીંયાથી કરતા આવ્યા છે તેમજ પ્રસંગો પણ અહીંયા ઉજવતા આવ્યા છે બધી જ્ઞાતિના નાગરિકો આ વિસ્તારમાં એકતાથી રહે છે આ વિસ્તારના લોકો બધા તહેવાર ઉત્સવ તેમજ અન્ય સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક પ્રસંગો ધામધૂમથી ઉજવતા આવ્યા છે તેમની ત્રણ-ત્રણ પેઢીઓ આ વિસ્તારમાં રહીને એકતાનું પ્રતિક બન્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ વિસ્તારની ડ્રાફ્ટ ટીપીમાં ત્રણ-ત્રણ વખત બિનજરૂરી ફેરફાર કરવામા આવેલ છે તેમના વાંધા સૂચનો લીધા વગર તેઓને સાંભળ્યા વગર આસપાસ જરૂરી પૂરતા રોડ રસ્તા હોવા છતાં એવા વિસ્તારને છીન્ન ભિન્ન કરવાની ખોટી યોજનાઓ બનાવીને કુટુંબ સાથે રહેતા નાગરિકોને હેરાન પરેશાન કરી રાત દિવસની ઊંઘ હરામ કરાઈ છે. તેઓને વૈકલ્પિક વ્યવસ્થા વગર કે ટીપી ફાઈનલ થયા વગર મકાનો તોડી પાડી બેઘર બનાવતા અટકાવવા આજરોજ પૂર્વઝોનની કચેરી ખાતે રહેવાસીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મ્યુનિસિપલ કાઉન્સિલર જગદીશ રાઠોડ, ઇકબાલ શેખ, કાળુ ભરવાડ, ઝુલફીખાન પઠાણ, પૂર્વ મ્યુનિસિપલ કાઉન્સિલર જ્યોર્જ ડાયસ, બળદેવભાઈ દેસાઈ, રણજીત બારડની આગેવાની હેઠળ ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજી ડે.મ્યુ.કમિશનર વિપુલ ઠક્કરને આવેદનપત્ર આપી વિગતવાર રજૂઆત કરવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટનો નિર્ણય : રાજ્ય બાર કાઉન્સિલની ચૂંટણીનું સુધારેલું સમયપત્રક જાહેર

ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીની સમયમર્યાદા માર્ચ ૨૦૨૬ સુધીની નક્કી કરાઈ

ડિગ્રી વેરિફિકેશન બાકી હોય તો પણ વકીલોને મતદાનનો હંગામી અધિકાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

સુપ્રીમ કોર્ટે મંગળવારે ૧૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં

મુઝફ્ફરનગરના મુસ્લિમો દ્વારા આતંકવાદ સામે ઉગ્ર દેખાવો, મુસ્લિમોને જ નિશાન બનાવવાની કાર્યવાહી સામે જોરદાર વિરોધ

દિલ્હીના બોમ્બ ધડાકા બદલ સમગ્ર સમાજને દોષિત ઠરાવવાના પ્રયાસો સામે રોષ ઠાલવતા મુસ્લિમો, મુસ્લિમો આતંકવાદને સંપૂર્ણપણે નકારી કાઢે છે એ સમજી લેવું જોઈએ

(એજન્સી) મુઝફ્ફરનગર, તા.૧૮

દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન પાસે થયેલા પ્રચંડ વિસ્ફોટ પછીના દિવસોમાં મુઝફ્ફરનગરના મુસ્લિમોએ સોમવારે આતંકવાદ અને આતંકવાદી પ્રવૃત્તિઓના વિરોધમાં જોરદાર ઉગ્ર દેખાવો કર્યા હતા અને દિલ્હી વિસ્ફોટ બદલ માત્ર મુસ્લિમ સમુદાયને નિશાન બનાવવા સામે રોષ અને આક્રોશ ઠાલવ્યા હતા. મુસ્લિમોએ મોટી સંખ્યામાં રસ્તા પર આવીને આતંકવાદ સામે દેખાવો કર્યા હતા અને અહિલ્યાબાઈ ચોકમાં જોરદાર વિરોધ કાર્ય યોજવામાં આવ્યું હતું જ્યાં હિન્દુસ્તાની પસમંદા મંચના સભ્યો અને મુસ્લિમ નાગરિકો એકત્ર થયા હતા અને આતંકવાદના પૂતળા બાળવામાં આવ્યા હતા અને દિલ્હી વિસ્ફોટની પાછળ જે કોઈ જવાબદાર હોય તેમની સામે કડક પગલાં લેવાની મુસ્લિમોએ માગણી કરી હતી.

દિલ્હીના ધડાકામાં કેટલાક મુસ્લિમ નાગરિકો સહિત ૧૩ નાગરિકોનાં મોત થયા હતા. તેમ છતાં મુસ્લિમ યુવાનો અને ખાસ કરીને કાશ્મીરના યુવાનોને દોષિત ઠરાવીને એમને જ ઓનલાઇન નિશાન બનાવવામાં આવી રહ્યા છે એવો રોષ મુઝફરનગરના મુસ્લિમોએ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે અમે એટલા માટે રસ્તા પર આવીને એ સ્પષ્ટ કર્યો છે કે મુસ્લિમો આતંકવાદનો સંપૂર્ણપણે વિરોધ કરે છે અને તેને નકારી કાઢે છે.

દેખાવકારોએ આતંકવાદ વિરોધી સંદેશા સાથેના બેનર અને પાટીયા પણ ફરકાવ્યા હતા અને સૂત્રોચ્ચાર કરીને એકતા માટેની અપીલ કરી હતી. પસમંદા મંચના સભ્યોએ જણાવ્યું હતું કે અમે દેશને એ બતાવવા માંગીએ છીએ કે આતંકવાદનો કોઈ ધર્મ હોતો નથી અને મુસ્લિમો એવા તમામ પ્રકારના આતંક અને હિંસાનો વિરોધ કરે છે અને અમે પીડિત એ કોઈપણ ધર્મના હોય અમે એ પીડિતોની સાથે ઊભા છીએ. દેખાવમાં જોડાયેલા એકબીજા અગ્રણીએ જણાવ્યું હતું કે જ્યારે જ્યારે આવા હુમલા થાય છે ત્યારે કેટલાક લોકો આખા સમાજને દોષારોપણ કરવા લાગે છે અને એ ઘણું ખોટું છે. દિલ્હીના ધડાકામાં મુસ્લિમોનાં પણ મોત થયા છે અને અમને પણ હાની પહોંચી છે જેનો અમને રોષ છે. આતંકવાદી જૂથો સામે રોષ વ્યક્ત કરવા માટે તે સંગઠનોના પૂતળા બાળવામાં આવ્યા હતા અને પાકિસ્તાન વિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. એક વરિષ્ઠ મુસ્લિમ નાગરિકે જણાવ્યું હતું કે આતંકવાદ માનવજાતની વિરુદ્ધની હિંસા છે અને અમે આતંકવાદને કોઈપણ રીતે ઈસ્લામ સાથે જોડવા દઈશું નહીં અને નિર્દોષ નાગરિકોને નિશાન બનાવવા માટે તેનો ઉપયોગ થવા દઈશું નહીં. દિલ્હી ધડાકા પાછળ અપરાધીઓને જલ્દી ઓળખી કાઢવા તેમણે સરકારને અનુરોધ કર્યો હતો. વિરોધ કાર્યક્રમના આયોજકોએ જણાવ્યું હતું કે દિલ્હી ધડાકા પાછળના લોકો જલ્દી ઝડપાઈ જાય અને એમને સખત સજા થાય એ સરકારે સુનિશ્ચિત કરવું જોઈએ કેમ કે આ પ્રકારની હિંસા દેશની વિરુદ્ધમાં છે અને તમામ સમાજ એ દિશામાં એક સાથે છે. દેખાવકારોએ જણાવ્યું હતું કે સોશિયલ મીડિયામાં હકીકતોની ચકાસણી કર્યા વિના મુસ્લિમો સામે નફરત ફેલાવી દેવામાં આવી રહી છે એટલે અમે વિરોધ કાર્યક્રમ કરવાનું નક્કી કર્યું હતું. દેખાવ કરનારે એક યુવાને જણાવ્યું હતું કે અમે અહીં આવીને એ સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે અમે મુસ્લિમો આતંકવાદ અને સંપૂર્ણપણે નકારી કાઢીએ છીએ. તમે સામાન્ય મુસ્લિમોને દોષિત ઠરાવી શકો નહીં કેમ કે એ લોકોએ આવું કર્યું જ નથી. કેટલાક લોકોએ કહ્યું હતું કે ધડાકામાં મુસ્લિમ પણ માર્યા ગયા છે એ દર્શાવે છે કે આતંકવાદ કોઈ ધર્મના ભેદભાવ વિના દરેકને નિશાન બનાવે છે. કોણ હિન્દુ છે કે કોણ મુસ્લિમ એ આતંકવાદીઓ જોતા નથી અને નિર્દોષ લોકોનાં મોત થાય છે અને પરિવારો વેરવિખેર થાય છે જેનું અમને બધાને દુઃખ છે. એકતા જાળવી રાખવાના અને દેશમાં શાંતિ રાખવાના તથા દેશને હિંસા અને નફરતથી મુક્ત રાખવાના સંકલ્પ સાથે શાંતિપૂર્ણ રીતે દેખાવનું સમાપન થયું હતું.

યુનુસે હસીના વિરૂદ્ધના ચુકાદાનું સ્વાગત કર્યું, જણાવ્યું કે કોઈપણ કાયદાથી ઉપર નથી

(એજન્સી) તા,૧૮

બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસે સોમવારે પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના અને તેમના સહાયકો સામેના ખાસ ટ્રિબ્યુનલના ચુકાદાની પ્રશંસા કરતા જણાવ્યું કે આ નિર્ણય એક મૂળભૂત સિદ્ધાંતને ફરીથી સમર્થન આપે છે : 'કોઈ પણ વ્યક્તિ, સત્તા ગમે તે હોય, કાયદાથી ઉપર નથી.'

બાંગ્લાદેશના આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલે (ICT-BD) ગયા વર્ષના વિદ્યાર્થી બળવા દરમિયાન 'માનવતા વિરૂદ્ધના ગુનાઓ' માટે ૭૮ વર્ષીય હસીના અને તેમના પૂર્વ ગૃહમંત્રી, અસદુઝમાન ખાન કમાલને ગેરહાજરીમાં મૃત્યુદંડની સજા ફટકારી છે.

ગયા વર્ષે ૫ ઓગસ્ટના રોજ ભારે વિરોધ પ્રદર્શનો બાદ બાંગ્લાદેશથી ભાગી ગયા પછી હસીના ભારતમાં રહે છે. કોર્ટે અગાઉ તેમને ભાગેડુ જાહેર કર્યા હતા. કમલ પણ ભારતમાં હોવાનું માનવામાં આવે છે. આજે, બાંગ્લાદેશની અદાલતોએ એટલી સ્પષ્ટતાથી વાત કરી છે કે તેમના શબ્દો સમગ્ર દેશમાં અને તેનાથી આગળ ગુંજતા રહે છે. યુનુસે એક નિવેદનમાં જણાવ્યું કે, 'આ સજા અને સજા એક મૂળભૂત સિદ્ધાંતને ફરીથી સમર્થન આપે છે : કોઈ પણ વ્યક્તિ, ભલે તેની શક્તિ ગમે તે હોય, કાયદાથી ઉપર નથી.' ગયા વર્ષે ઓગસ્ટમાં, ભારે વિરોધ પ્રદર્શનો બાદ હસીનાના ૧૬ વર્ષના શાસનને ઉથલાવી દેવાયા બાદ, યુનુસે ભારત ભાગી ગયા પછી, યુનુસે વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. ચુકાદા પર ટિપ્પણી કરતા, હસીનાએ આરોપોને 'પક્ષપાતી અને રાજકીય રીતે પ્રેરિત' ગણાવીને નકારી કાઢ્યા અને જણાવ્યું કે આ નિર્ણય 'લોકશાહી આદેશ વિનાની ચૂંટાયેલી સરકાર' દ્વારા સ્થાપિત અને નેતૃત્વ હેઠળના 'કઠોર ટ્રિબ્યુનલ' દ્વારા આપવામાં આવ્યો હતો.

તેમના નિવેદનમાં, યુનુસે જણાવ્યું કે આ ચુકાદો જુલાઈ અને ઓગસ્ટ ૨૦૨૪ના બળવાથી પ્રભાવિત હજારો લોકોને અને હજુ પણ નુકસાનનો શોક વ્યક્ત કરી રહેલા પરિવારોને ન્યાય આપે છે.

તેમણે જણાવ્યું કે, 'આપણે વર્ષોના જુલમથી તૂટી ગયેલા લોકશાહી પાયાના પુનઃનિર્માણના ક્ષણે ઉભા છીએ. ચર્ચા થઈ રહેલા ગુનાઓ, જેમ કે યુવાનો અને બાળકો જેમનો એકમાત્ર શસ્ત્ર તેમનો અવાજ હતો તેમની સામે ઘાતક બળનો ઉપયોગ, આપણા કાયદાઓ અને સરકાર અને નાગરિકો વચ્ચેના મૂળભૂત બંધન બંનેનું ઉલ્લંઘન કરે છે. આ કૃત્યો બાંગ્લાદેશીઓના મુખ્ય મૂલ્યો-ગૌરવ, સ્થિતિસ્થાપકતા અને ન્યાય પ્રત્યેની પ્રતિબદ્ધતાને ઠેસ પહોંચાડે છે.

બંગાળમાં એસઆઈઆર દરમ્યાન નકલી અને ખામીયુક્ત મતદારોને શોધી કાઢવા માટે ચૂંટણી પંચ એઆઈનો ઉપયોગ કરશે

(એજન્સી) કોલકાતા, તા.૧૮

પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા મતદાર યાદીઓના ખાસ સઘન પુનરાવર્તન (Special Intensive Revision-SIR) દરમિયાન નકલી અથવા મૃત્યુ પામેલા મતદારોના સમાવેશને રોકવા માટે ભારતીય ચૂંટણી પંચ (EC) આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ચકાસણી પ્રણાલીનો ઉપયોગ કરવા જઈ રહ્યું છે, એમ એક વરિષ્ઠ અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું. AI સિસ્ટમ મતદાર ડેટાબેઝમાં ફોટોગ્રાફ્સની ચહેરાની સમાનતાઓનું વિશ્લેષણ કરીને એકથી વધુ સ્થળોએ નોંધાયેલા વ્યક્તિઓને ઓળખવામાં મદદ કરશે. ચૂંટણી પંચના અધિકારીએ PTIને જણાવ્યું હતું કે, 'અમે AIની મદદ લઈ રહ્યા છીએ કારણ કે મતદારોના ફોટોગ્રાફ્સના દુરૂપયોગ અંગેની ફરિયાદોમાં વધારો થયો છે, ખાસ કરીને સ્થળાંતરિત કામદારોના કિસ્સામાં.' AI ટેકનોલોજીનો ઉપયોગ :

AI-સક્ષમ ચહેરા મેચિંગ ટેકનોલોજીનો ઉપયોગ એવા કિસ્સાઓ શોધવા માટે કરવામાં આવશે જ્યાં એક જ મતદારનો ફોટોગ્રાફ મતદાર યાદીઓમાં બહુવિધ સ્થાનો પર દેખાય છે. મહત્વનું પગલું : આ પગલું એટલા માટે મહત્વપૂર્ણ બન્યું છે કે સ્થળાંતરિત કામદારોના ફોટોગ્રાફ્સનો મતદાર નોંધણી દરમિયાન દુરૂપયોગ થતો હોવાની ફરિયાદો વધી છે. જો કે, અધિકારીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) ચકાસણી પ્રક્રિયામાં મુખ્ય ભૂમિકા ભજવતા રહેશે.

> 'AI ચકાસણીમાં સહાય કરશે. પરંતુ ટેકનોલોજીના ઉપયોગ છતાં, BLOsની ભૂમિકા નિર્ણાયક રહેશે. તેમણે ઘરે-ઘરે જઈને મતદારોના ફોટોગ્રાફ્સ લેવા પડશે,' અધિકારીએ જણાવ્યું હતું.

● BLOsની ભૂમિકા : બૂથ-લેવલ એજન્ટ્સ (BLAs) દ્વારા ભરેલા ફોર્મ સબમિટ કરવામાં આવે તો પણ, BLOsને સહી ચકાસણી માટે વ્યક્તિગત રીતે ઘરે જવું જરૂરી છે.

● જવાબદારી : અધિકારીએ કડક જવાબદારીના ધોરણો પર પણ ભાર મૂક્યો હતો. 'જો ગણતરી અને ફોર્મ ભરવાનું કામ પૂર્ણ થયા પછી કોઈ નકલી અથવા મૃત મતદાર પકડાય છે, તો તેની જવાબદારી સંબંધિત પોલિંગ સ્ટેશનના BLOની રહેશે.' BLAs પણ મતદારો પાસેથી હાથથી લખેલા નિવેદનો મેળવશે, જે પુષ્ટિ કરશે કે ફોર્મ તેમની હાજરીમાં ભરવામાં આવ્યા હતા.

પર્યાવરણ : સુપ્રીમ કોર્ટે ખુદનો કડક ચુકાદો પાછો ખેંચી લીધો, જસ્ટિસ ભૂયાને સખત વાંધો લીધો

સુપ્રીમ કોર્ટે મંગળવારે નવો આદેશ આપીને પોતાનો ૧૬ મેનો એક ચુકાદો પાછો લઈ લીધો છે : અગાઉના ચુકાદામાં સરકાર ઉપર કાનૂનનો ગાળિયો મજબૂત બનાવીને પર્યાવરણના કિસ્સાઓમાં પૂર્વ મંજૂરી (ઈસી)ને ગેરકાનૂની ગણાવતો ચુકાદો અપાયો હતો, મંગળવારના નિર્ણય પર જસ્ટિસ ભુયાને સખત રીતે પોતાની અસંમતિ દર્શાવી

(એજન્સી) તા.૧૮

સુપ્રીમ કોર્ટે 2:1 બહુમતીથી, મંગળવારે ૧૬ મેના તેના ચુકાદાને પાછો ખેંચ્યો જેમાં કેન્દ્રને પર્યાવરણીય ધોરણોનું ઉલ્લંઘન કરતા પ્રોજેક્ટ્સને પૂર્વવર્તી પર્યાવરણીય મંજૂરીઓ (ECs) આપવાથી પ્રતિબંધિત કરવામાં આવ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ, ન્યાયાધીશ ઉજ્જલ ભુયાન અને ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રનની બનેલી બેન્ચે વંશશક્તિ ચુકાદા સામે દાખલ કરાયેલી લગભગ ૪૦ સમીક્ષા અને સુધારા અરજીઓના બેચ પર ત્રણ અલગ અલગ ચુકાદા આપ્યા. ન્યાયાધીશ એ.એસ. ઓકા, જે હવે નિવૃત્ત થઈ ગયા છે, અને ન્યાયાધીશ ઉજ્જલ ભૂયાનની બેન્ચ દ્વારા ૧૬ મેના રોજ આપેલા ચુકાદામાં પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEFCC) અને સંબંધિત અધિકારીઓને પર્યાવરણીય ધોરણોનું ઉલ્લંઘન કરતા પ્રોજેક્ટ્સને પૂર્વવર્તી EC આપવા પર રોક લગાવવામાં આવી હતી. CJI ગવઈ અને ન્યાયાધીશ ચંદ્રને ૧૬

મેના ચુકાદાને યાદ કર્યો અને મુદ્દાઓની પુનર્વિચારણા માટે યોગ્ય બેન્ચ સમક્ષ આ મામલો રજૂ કર્યો. CJIએ કહ્યું કે, 'જો મંજૂરીની સમીક્ષા કરવામાં નહીં આવે તો ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના જાહેર પ્રોજેક્ટ્સ તોડી પાડવા પડશે. મારા ચુકાદામાં, મેં રિકોલ કરવાની મંજૂરી આપી છે. મારા ભાઈ.. ન્યાયાધીશ ભૂયાન દ્વારા મારા ચુકાદાની ટીકા કરવામાં આવી છે'. ન્યાયાધીશ ભૂયાનએ સખત અસંમતિ વ્યક્ત કરતા કહ્યું કે પૂર્વવર્તી મંજૂરીઓ પર્યાવરણીય કાયદા માટે અજાણ છે. તેમણે જાળવી રાખ્યું કે 'પર્યાવરણીય કાયદામાં પૂર્વવર્તી પર્યાવરણીય મંજૂરીનો કોઈ ખ્યાલ નથી,' આ વિચારને 'પર્યાવરણીય ન્યાયશાસ્ત્ર માટે એક અભિશાપ, દુષ્ટતાને સમર્પિત શાપ' તરીકે વર્ણવ્યો. CJIએ કહ્યું કે કોર્ટે 'જાણ્યું છે કે ૨૦૧૩ના નોટિફિકેશન તેમજ ૨૦૨૧ના ઓફિસ મેમોરેન્ડમમાં, આ યોજના ભારે દંડ લાદવા પર પર્યાવરણીય મંજૂરી આપવાની મંજૂરી આપવા માટે હતી.' વિગતવાર ચુકાદાની રાહ જોવાઈ રહી છે. ૯ ઓક્ટોબરના રોજ, CJIની આગેવાની હેઠળની બેન્ચે કપિલ સિબ્બલ, મુકુલ રોહતગી અને સોલિસિટર જનરલ તુષાર મહેતા સહિત અનેક વરિષ્ઠ વકીલોને સાંભળ્યા બાદ ચુકાદો અનામત રાખ્યો હતો, જે વિવિધ ઔદ્યોગિક અને માળખાકીય સંસ્થાઓ તેમજ સરકારી સંસ્થાઓ તરફથી હાજર રહ્યા હતા અને ચુકાદાની સમીક્ષા અથવા ફેરફારની તરફેણમાં દલીલ કરી હતી.

દિલ્હી બ્લાસ્ટ : શું હમાસ-શૈલીની યુક્તિઓ ભારત માટે નવો માથાનો દુખાવો બની રહી છે ?

(એજન્સી) તા.૧૮

ભારતીય સુરક્ષા એજન્સીઓ માટે છેલ્લા એક વર્ષથી એક અદૃશ્ય અને વધુ ખતરનાક પડકાર ઊભો થયો છે. યુએસ-નિયુક્ત આતંકવાદી જૂથ હમાસ, ભલે ઈઝરાયેલ સાથેના સંઘર્ષ પછી નબળું પડી રહ્યું હોય, પરંતુ તેની વૈચારિક અસર દક્ષિણ એશિયા, ખાસ કરીને પાકિસ્તાનમાં વિસ્તરી રહી છે. વર્ષની શરૂઆતમાં થયેલા પહેલગામ હુમલામાં ૨૦૨૩માં ઈઝરાયેલમાં હમાસ દ્વારા કરવામાં આવેલા હત્યાકાંડ સાથે આશ્ચર્યજનક સમાનતાઓ જોવા મળી હતી. હવે, એક નવો ખુલાસો સામે આવ્યો છે કે હરિયાણામાં પકડાયેલા 'વ્હાઇટ કોલર' આતંકવાદી મોડ્યુલ દ્વારા ડ્રોનનો ઉપયોગ કરીને હમાસ-શૈલીના હુમલા કરવાની યોજના ઘડાઈ હતી.

ડ્રોન દ્વારા હુમલાનું આતંકવાદી કાવતરૂં : કાવતરાનો ખુલાસો : લાલ કિલ્લા પરના હુમલાના સહ-ગુનેગાર જાસીર બિલાલ વાની ઉર્ફે ડેનિશની ધરપકડ બાદ આ કાવતરૂં ઉકેલાયું. આ હુમલામાં ૧૪ લોકો માર્યા ગયા હતા. મોડસ ઓપરેન્ડી : તપાસકર્તાઓએ જણાવ્યું કે જૈશ-એ-મોહમ્મદ (JeM) સાથે સંકળાયેલું આ મોડ્યુલ અનેક શહેરોમાં રોકેટ-શૈલીના બોમ્બ તરીકે ઉપયોગમાં લેવા માટે ડ્રોનને સંશોધિત કરવાની પ્રક્રિયામાં હતું. ડ્રોન કેમેરાથી પણ સજ્જ થવાના હતા. હમાસ સાથે સમાનતા : આ મોડસ ઓપરેન્ડી ૨૦૨૩માં હમાસ દ્વારા ઈઝરાયેલ પરના આક્રમણ જેવી જ છે, જ્યારે મહત્તમ વિનાશ માટે સશસ્ત્ર ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

પાકિસ્તાનમાં હમાસની વધતી હાજરી : મિડલ ઈસ્ટ ફોરમના યુએસ-સ્થિત અહેવાલ મુજબ, ઈઝરાયેલ સાથેના બે વર્ષના યુદ્ધ પછી મધ્ય પૂર્વમાં નબળું પડેલું હમાસ હવે પાકિસ્તાનમાં આશ્રય શોધી રહ્યું છે. આર્મી ચીફની ચિંતા : આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ તાજેતરમાં ચિંતા વ્યક્ત કરી હતી કે હમાસ, લશ્કર-એ-તૈયબા (LeT) અને જૈશ જેવા પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથો સાથે, ભારતની સુરક્ષા માટે કાયમી ખતરો છે. પીઓકેમાં કોન્ફરન્સ : આ વર્ષે ફેબ્રુઆરીમાં પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK)માં એક 'ભારત-વિરોધી' કોન્ફરન્સમાં હમાસના કેટલાક ટોચના અધિકારીઓની હાજરી બાદ ભારતીય ગુપ્તચર એજન્સીઓએ હમાસ પર નજર રાખવાનું શરૂ કર્યું. આંતરરાષ્ટ્રીય જોડાણ : ૫ ફેબ્રુઆરીએ (જેને પાકિસ્તાનમાં 'કાશ્મીર એકતા દિવસ' તરીકે મનાવવામાં આવે છે) વાયરલ વીડિયોમાં હમાસના નેતાઓને LeT અને જૈશ જેવા સંગઠનો દ્વારા આવકારવામાં આવ્યા હતા. હમાસના ઈરાન ખાતેના પ્રતિનિધિ ડો. ખાલિદ અલ-કદૌમીએ આ પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું. ભારત વિરોધી પ્રવચનો : હમાસના નેતાઓએ કાશ્મીર અને પેલેસ્ટીનને મુસ્લિમો માટે 'જોડિયા સંઘર્ષ' તરીકે રજૂ કરીને ભારત વિરોધી ભાષણો આપ્યા હતા, જેનાથી નવી દિલ્હીના સુરક્ષા વર્તુળોમાં ગંભીર ચિંતા ફેલાઈ હતી.

પહેલગામ હુમલામાં હમાસની યુક્તિઓ : ફેબ્રુઆરીની મીટિંગના અઠવાડિયા પછી થયેલા પહેલગામ આતંકવાદી હુમલામાં, જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા, આ વૈચારિક જોડાણની અસર સ્પષ્ટપણે જોવા મળી હતી. મોડસ ઓપરેન્ડીમાં સમાનતા : લશ્કરના આતંકવાદીઓ દ્વારા હેલ્મેટ-માઉન્ટેડ બોડી કેમનો ઉપયોગ કરીને ઓળખ તપાસવી અને પછી પ્રવાસી વિસ્તારમાં બિન-મુસ્લિમોને ગોળી મારવી-આ એવી યુક્તિઓ છે જે સામાન્ય રીતે હમાસ સાથે સંકળાયેલી છે. વિશાળ સરખામણી : પહેલગામમાં પ્રવાસીઓ શાંતિપૂર્ણ રજાઓ માણી રહ્યા હતા ત્યારે હુમલો થયો, તેવી જ રીતે હમાસે ઈઝરાયેલમાં સંગીત ઉત્સવમાં ભાગ લેતા લોકો પર આક્રમણ કર્યું હતું. નિષ્ણાતોનો મત : યુએસ પેન્ટાગોનના પૂર્વ અધિકારી માઈકલ રૂબિને કહ્યું કે, 'વેકેશન રિસોર્ટ, મધ્યમ વર્ગના હિંદુઓને નિશાન બનાવવું સ્પષ્ટપણે દર્શાવે છે કે પાકિસ્તાનીઓ હવે આ જ યુક્તિનો પ્રયાસ કરી રહ્યા છે.' ઈઝરાયેલના ભારતીય રાજદૂત રૂવેન આઝારે પણ પહેલગામ હુમલા અને ૭ ઓક્ટોબર (૨૦૨૩)ના ઈઝરાયેલ પરના હુમલા વચ્ચે સમાનતાઓ હોવાનું જણાવ્યું હતું.

જૈશ-હમાસ જોડાણ અને તુર્કી કનેક્શન : દિલ્હી બ્લાસ્ટ કેસમાં તપાસ આગળ વધતાં જૈશ અને હમાસ વચ્ચેના સંભવિત જોડાણ પર પણ પ્રકાશ પડ્યો છે. અંકારા સ્થિત હેન્ડલર : તપાસકર્તાઓ માને છે કે અંકારા સ્થિત જૈશ હેન્ડલર લાલ કિલ્લાના બોમ્બર ડો. ઉમરના સીધા સંપર્કમાં હતો. તુર્કીની મુલાકાત : સૂત્રોના જણાવ્યા અનુસાર, ડો. ઉમર અને ફરીદાબાદ આતંકવાદી મોડ્યુલના કેટલાક સભ્યો ૨૦૨૨માં તુર્કી ગયા હતા, જ્યાં તેઓ કથિત રીતે હેન્ડલરને મળ્યા હતા. સંભવિત જોડાણ : ભલે તુર્કીએ આ આરોપોને નકાર્યા હોય, પરંતુ તે હમાસનું કટ્ટર સમર્થક રહ્યું છે. આથી, જૈશ અને હમાસના ઓપરેટિવ્સ વચ્ચે સંભવિત જોડાણની શક્યતા રહેલી છે. આ સંજોગોમાં, પાકિસ્તાન અને પીઓકે હમાસની વિચારધારા માટે સુરક્ષિત આશ્રયસ્થાન તરીકે ઉભરી રહ્યા છે, જે ભારતીય સુરક્ષા એજન્સીઓ માટે ઝડપથી એક મોટો પડકાર બની રહ્યો છે.

દર આઠ મિનિટે એક બાળક ગુમ થવાના અહેવાલ પર ચિંતા વ્યક્ત કરતી સુપ્રીમ કોર્ટ

નોડલ અધિકારી નિયુક્ત કરવા માટે છ અઠવાડિયાની કેન્દ્રની વિનંતી ફગાવી; સુપ્રીમ કોર્ટે ૯ ડિસેમ્બરની સમયમર્યાદા નક્કી કરી

(એજન્સી) તા.૧૮

સુપ્રીમ કોર્ટે ભારતમાં દર આઠ મિનિટે એક બાળક ગુમ થાય છે તેવા સમાચાર પર ગંભીર ચિંતા વ્યક્ત કરી, આ મુદ્દાને ચિંતાજનક અને તાત્કાલિક વ્યવસ્થિત ધ્યાન આપવાની જરૂર ગણાવી. જસ્ટિસ બી.વી. નાગરત્ના અને આર. મહાદેવનની બેન્ચે ગુમ થયેલા બાળકો અને દેશના દત્તક અને ટ્રેસિંગ મિકેનિઝમની અસરકારકતા સંબંધિત કેસની તપાસ કરતી વખતે આ અવલોકન કર્યું હતું. જસ્ટિસ નાગરત્નાએ ટિપ્પણી કરી કે હાલનું દત્તક માળખું એટલું જટિલ અને સમય માંગી લે તેવું છે કે તે ઘણીવાર લોકોને ગેરકાયદેસર માર્ગો તરફ ધકેલી દે છે. સુનાવણી દરમિયાન, કેન્દ્ર, જેનું પ્રતિનિધિત્વ વધારાના સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટી દ્વારા કરવામાં આવ્યું હતું, તેણે દેશભરમાં ગુમ થયેલા બાળકોના કેસોની દેખરેખ માટે નોડલ અધિકારીની નિમણૂક કરવા માટે છ અઠવાડિયાની માંગ કરી હતી. કોર્ટે વિનંતીને નકારી કાઢી અને સરકારને ૯ ડિસેમ્બર સુધીમાં નિમણૂક પૂર્ણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. બેન્ચે ૧૪ ઓક્ટોબરના રોજ જારી કરાયેલા તેના અગાઉના આદેશનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સંચાલિત મિશન વાત્સલ્ય પોર્ટલ પર પ્રકાશન માટે નોડલ અધિકારીઓ નિયુક્ત કરવા અને તેમની વિગતો રજૂ કરવા જણાવ્યું હતું. કોર્ટે ભાર મૂક્યો હતો કે પોર્ટલ પર અપલોડ કરાયેલી કોઈપણ ફરિયાદ તાત્કાલિક કાર્યવાહી માટે આ અધિકારીઓ સાથે વારાફરતી શેર કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટે અગાઉ કેન્દ્રને ગુમ થયેલા બાળકોને શોધવામાં સામેલ પોલીસ એકમો વચ્ચે સંકલન સુધારવા માટે ગૃહ મંત્રાલય હેઠળ એક સમર્પિત ઓનલાઈન પ્લેટફોર્મ સ્થાપવા કહ્યું હતું, જેમાં રાજ્યો વચ્ચે વાતચીતમાં નોંધપાત્ર અંતરનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ચાલુ કાર્યવાહી ગુરિયા સ્વયં સેવી સંસ્થા દ્વારા દાખલ કરાયેલી અરજીમાંથી ઉદ્ભવી છે, જેમાં અપહરણ અથવા ગુમ થયેલા બાળકોના વણઉકેલાયેલા કેસોને પ્રકાશિત કરવામાં આવ્યા હતા. સંગઠને ઉત્તર પ્રદેશમાં એવા કિસ્સાઓ તરફ ધ્યાન દોર્યું હતું જ્યાં સગીરોની સંગઠિત નેટવર્ક દ્વારા ઝારખંડ, મધ્યપ્રદેશ અને રાજસ્થાન સહિતના રાજ્યોમાં કથિત રીતે તસ્કરી કરવામાં આવી હતી.

તાપમાન શૂન્ય ડિગ્રીએ પહોંચતા ઠેર-ઠેર બરફની ચાદર છવાઈ !

હિલ સ્ટેશન આબુમાં ઝીરો ડિગ્રીએ સર્જ્યો બર્ફીલો માહોલ : રાજ્યમાં સૌથી ઠંડુ દાહોદ

રાજ્યમાં હંમેશા સૌથી ઠંડુ રહેતું નલિયા આ વખતે દાહોદથી પાછળ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

ગુજરાતમાં હાલ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. આ સીઝનના સૌથી નીચા ૯.૯ ડિગ્રી તાપમાન સાથે નલિયાને પાછળ છોડી દાહોદ ઠંડુગાર રહ્યું છે. રાજ્યમાં બીજા નંબરનું ઠંડું શહેર ૧૦.૫ ડિગ્રી સાથે નલિયા રહ્યું છે. ત્યારે ગુજરાતને અડીને આવેલા રાજસ્થાનના એકમાત્ર હિલસ્ટેશન માઉન્ટ આબુમાં તાપમાન શૂન્ય ડિગ્રીએ પહોંચી જતાં બર્ફીલો માહોલ જામ્યો છે. જેને લઈને આબુમાં ગુજ્જુઓની ભીડ જામી છે અને ઠંડીની મજા માણતા જોવા મળ્યા છે. આબુમાં હોટલો અને પાર્કિંગમાં પાર્ક કરાયેલાં વાહનો પર બરફના થર જામી ગયા છે. આજે વહેલી સવારથી જ આબુ ખાતે લોકો ઠંડીથી બચવા તાપણાં કરતા જોવા મળ્યા હતા. આબુ ખાતે અનેક જગ્યાએ બરફની ચાદર

છવાઈ ગઈ હતી. પાર્કિંગ કરેલી ગાડીઓમાં, ગાર્ડનમાં અને પોલો ગ્રાઉન્ડ ખાતે બરફની ચાદર છવાઈ હતી. ગુરુ શિખર, નક્કી ઝીલમાં વાતાવરણ ઠંડુગાર જોવા મળી રહ્યું છે. નક્કી તળાવ પર લોકો ઠંડીનો આનંદ માણતા જોવા મળ્યા હતા. સવારમાં બરફ જામી જતાં જાણે કાશ્મીરમાં હોય એવો અહેસાસ પ્રવાસીઓને થઈ રહ્યો છે. પ્રવાસીઓ આવી ઠંડીમાં પણ બોટિંગની મજા માણી રહ્યા છે તો કોઈ ગરમ ચાની ચુસકીઓ લઈ અનેરો આનંદ ઉઠાવી રહ્યા છે. હાલ તાપમાન શૂન્ય ડિગ્રીએ પહોંચી ગયું છે, જોકે ડિસેમ્બર મહિનામાં તાપમાન માઈનસ ડિગ્રીમાં પહોંચી જશે તેમ જણાય છે. પ્રવાસીઓના જણાવ્યા અનુસાર આબુમાં બહુ સરસ વાતાવરણ છે. મનાલી જવા કરતાં આબુ જવું વધુ સારું છે. હાલ ઠંડી લાગે છે એટલે તાપણું કરીએ છીએ. અહીં નક્કી લેક જોવાની ખૂબ મજા આવે છે. ખૂબ એન્જોય કરી રહ્યા છીએ. આબુમાં લોકોએ એક વખત તો જરૂર આવવું જોઈએ. રાજ્યના મોટા ભાગનાં શહેરોમાં રાત્રિના અને વહેલી સવારના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, જેના લીધે ઠંડીમાં વધારો થયો છે. આ સિઝનનું સૌથી ઓછું લઘુતમ તાપમાન દાહોદમાં ૯.૯ ડિગ્રી નોંધાયું છે. જ્યારે બીજા નંબર પર નલિયામાં ૧૦.૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. મહાનગરોની વાત કરવામાં આવે તો સુરતને બાદ કરતાં તમામમાં ૧૫ ડિગ્રી નીચે લઘુતમ તાપમાન નોંધાયું છે. રોજ તાપમાનનો પારો બેથી ત્રણ ડિગ્રી ગગડતાં રાજ્યમાં ઠંડીનો માહોલ જામતો જાય છે. આગામી દિવસોમાં હજુ તાપમાનમાં ઘટાડો નોંધાતાં ઠંડી ભુક્કા બોલાવશે. સમગ્ર ગુજરાતમાં સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછું અને ન્યૂનતમ તાપમાન પણ સામાન્ય કરતાં નીચું રહેતાં રાજ્યમાં ઠંડકનો અનુભવ વધી રહ્યો છે. જ્યારે સૌથી ઓછું ઠંડું ઓખા રહ્યું જ્યાં ન્યૂનતમ તાપમાન ૨૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં ન્યૂનતમ તાપમાન ૧૩.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું અને મહત્તમ તાપમાન ૨૯.૭ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. રાજ્યમાં હાલમાં બેવડી સિઝનનો અનુભવ થશે. રાજ્યમા મોટા ભાગના જિલ્લાઓનું તાપમાન સામાન્ય કરતાં નીચું નોંધાયું છે.

સુપ્રીમ કોર્ટનો નિર્ણય : રાજ્ય બાર કાઉન્સિલની ચૂંટણીનું સુધારેલું સમયપત્રક જાહેર

ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીની સમયમર્યાદા માર્ચ ૨૦૨૬ સુધીની નક્કી કરાઈ

ડિગ્રી વેરિફિકેશન બાકી હોય તો પણ વકીલોને મતદાનનો હંગામી અધિકાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

સુપ્રીમ કોર્ટે મંગળવારે ૧૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્ટેટ બાર કાઉન્સિલની ચૂંટણીઓ માટે સુધારેલું સમયપત્રક જાહેર કર્યું છે. લાંબા સમયથી પડતર ચૂંટણીઓ અને વકીલોની કાયદાની ડિગ્રીના વેરિફિકેશનમાં થઈ રહેલા વિલંબની ચિંતાઓ વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સર્વોચ્ચ અદાલતે નિર્દેશ આપ્યો છે કે, આ ચૂંટણીઓ જાન્યુઆરી ૩૧ થી એપ્રિલ ૩૦, ૨૦૨૬ દરમિયાન પાંચ તબક્કામાં યોજવામાં આવે. ગુજરાત સ્ટેટ બાર કાઉન્સિલની ચૂંટણીની સમયમર્યાદા માર્ચ ૨૦૨૬ સુધીની નક્કી કરવામાં આવી છે.

વેરિફિકેશન બાકી હોય તો પણ વકીલો મતદાન કરી શકશે

જસ્ટિસ સૂર્ય કાન્ત, જસ્ટિસ ઉજ્જવલ ભુયાન અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહની બેન્ચે આ આદેશ જારી કર્યો હતો. કોર્ટે એક મહત્ત્વપૂર્ણ રાહત આપતા જણાવ્યું છે કે, જે વકીલોની કાયદાની ડિગ્રીનું વેરિફિકેશન હજુ પણ બાકી છે, તેઓને પણ ચૂંટણીમાં હંગામી ધોરણે મતદાન કરવાનો અધિકાર મળશે. જો કે, કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જો ભવિષ્યમાં કોઈ વકીલની ડિગ્રી બનાવટી કે અમાન્ય જણાશે, તો તે વ્યક્તિને આગળની કાર્યવાહીમાં ભાગ લેતા અટકાવવામાં આવશે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાત (BCG)ની વેરિફિકેશન કમિટીના સભ્ય અનિલ કેલ્લાએ જણાવ્યું હતું કે, 'અમે વકીલોનું વેરિફિકેશન કરી રહ્યા છીએ અને તે આ મહિનાના અંત સુધી ચાલુ રહેશે. તેથી, જે લોકો વેરિફિકેશન ફોર્મ ભરવાનું બાકી છે, તેઓ ફોર્મ ભરી શકશે અને બાર કાઉન્સિલની ચૂંટણીમાં મતદાન કરવા માટે લાયક બનશે.'

ડિગ્રી વેરિફિકેશનના પડકારોને ધ્યાનમાં રાખીને, સુપ્રીમ કોર્ટે ચૂંટણી પ્રક્રિયાની દેખરેખ માટે એક મિકેનિઝમની રચના કરી છે :

- પ્રાદેશિક કક્ષાએ: હાઈ-પાવર્ડ ઈલેક્શન મોનિટરિંગ કમિટીઓ (HPEMCs)ની રચના કરવામાં આવી છે.
- સર્વોચ્ચ સ્તરે : સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશના નેતૃત્વમાં એક હાઈ-પાવર્ડ સુપરવાઈઝરી કમિટીની રચના કરવામાં આવી છે, જેનું નામ અલગથી જાહેર કરવામાં આવશે.

અદાલતે સ્વીકાર્યું હતું કે હજારો ડિગ્રીઓનું વેરિફિકેશન કરવામાં સ્ટેટ બાર કાઉન્સિલને વ્યવહારિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, પરંતુ સ્પષ્ટ કર્યું કે વેરિફિકેશન ચાલુ હોવાને કારણે ચૂંટણીઓ અનિશ્ચિત સમય માટે મુલતવી રાખી શકાય નહીં. કોર્ટે બનાવટી ડિગ્રી ધારકો અને વકીલો તરીકે પોઝ કરનારા આદત મુજબના ગુનેગારોને કારણે કડક વેરિફિકેશનને જરૂરી ગણાવ્યું. તમામ યુનિવર્સિટીઓને આદેશ આપવામાં આવ્યો છે કે તેઓ વેરિફિકેશન માટેની વિનંતીઓ મળ્યાના એક સપ્તાહમાં વરિષ્ઠ કાયદા ફેકલ્ટી સભ્યની અધ્યક્ષતામાં એક વિશેષ સમિતિની રચના કરે. યુનિવર્સિટીઓ આ માટે માત્ર નિર્ધારિત ફી જ વસૂલી શકશે. સુપ્રીમ કોર્ટે ભારપૂર્વક જણાવ્યું છે કે ચૂંટણીઓ HPEMCsની દેખરેખ હેઠળ નિર્ધારિત સમયપત્રક મુજબ જ આગળ વધશે અને કોઈપણ પ્રકારનું વિસ્તરણ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. હાઈ-પાવર્ડ સુપરવાઈઝરી કમિટીના નિર્ણયો અંતિમ ગણાશે અને તેને સિવિલ કોર્ટ કે હાઈ કોર્ટ સમક્ષ પડકારી શકાશે નહીં.

સુરત એરપોર્ટ પર રૂ.૧ કરોડથી વધુના હાઈબ્રિડ ગાંજા સાથે મુસાફરની ધરપકડ

આરોપી ધાબળા, ગેમના ખોખામાં ગાંજાના પેકેટ છુપાવીને લાવ્યો હતો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૮

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આજે પોલીસને મોટી સફળતા મળી છે. અત્યાર સુધી તો ટ્રેનો દ્વારા તેમજ શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી હાઈબ્રિડ ગાંજાની હેરાફેરી કરવામાં આવી રહી હતી. જો કે, હવે આ ગાંજા માફિયાઓ હવાઈ માર્ગનો ઉપયોગ કરી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. પોલીસે સુરત એરપોર્ટ પરથી એક મુસાફરની ધરપકડ કરી હતી અને ત્યાર બાદ તેની બેગ સહિતના સામાનની ચકિંગ કરવામાં આવી હતી. ત્યારે પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આરોપીની પાસે રહેલ કંબલ તથા ગેમના ખોખાની અંદરથી હાઈબ્રીડ ગાંજાના પેકેટ મળી આવ્યા હતા. એટલું જ નહીં આરોપી આ ગાંજાનો જથ્થો લઈને મુંબઈ જવાની તૈયારીમાં હતો જો કે, તે પહેલા પોલીસે તેને દબોચી લીધો હતો અને તેની પાસેથી એક કરોડથી પણ વધુની કિંમતનો ગાંજાનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સુરત એરપોર્ટ પર સંયુક્ત ઓપરેશન હેઠળ સુરત પોલીસ અને સીઆઈએસએફની મદદ સાથે એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ દ્વારા બેંગકોકથી સુરત એરપોર્ટ પર પહોંચેલા જાફર અકબર ખાનને સુરત એરપોર્ટ પર સુરત સિટી ડીસીબી કસ્ટમ્સ અને CISFએ સંયુક્ત કામગીરી કરી ઝડપી પાડવામાં આવ્યો હતો ત્યાર બાદ પોલીસ દ્વારા આરોપીની બેગ સહિતના સામાનની સઘન તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આરોપી પાસેથી લગભગ ૪.૦૫૫ કિલોગ્રામ વજનના હાઈડ્રોપોનિક વીડ (હાઈબ્રિડ ગાંજા)ના ૮ પેકેટ મળી આવ્યા હતા. આ ગાંજાની કિંમત રૂા.૧.૪૧ કરોડ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ અને કસ્ટમ્સ વિભાગના જણાવ્યા મુજબ આ ઉચ્ચ ગુણવત્તાવાળા હાઈબ્રિડ ગાંજાની બજારમાં મોટી કિંમત છે અને આ રીતે નશીલો પદાર્થ પકડાવવાના આ સુરત એરપોર્ટ પર અત્યાર સુધીના સૌથી મોટી નાર્કોટિક્સ જપ્તીની એક ઘટના છે. આરોપી જાફર ખાનની ધરપકડ કર્યા બાદ તેની વિરૂદ્ધમાં એનડીપીએસ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે કે આરોપી આ ગાંજાનો જથ્થો ક્યાંથી લાવ્યો હતો, સુરતમાં તે કોને પહોંચાડવાનો હતો અને આ આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતા ડ્રગ્સ હેરાફેરી નેટવર્કમાં અન્ય કોણ કોણ સંડોવાયેલું છે. તેમજ બેંગકોકથી સુરતની ફ્લાઈટનો ઉપયોગ કરીને ગાંજો લાવવાનું આ નેટવર્ક ઝડપાતા આંતરરાષ્ટ્રીય ડ્રગ્સની હેરાફેરીના મૂળ સુધી પહોંચવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

નવસારી-મરોલી રોડ પર સર્જાયો ગમખ્વાર અકસ્માત

મોબાઈલમાં વ્યસ્ત કાર ચાલકે અકસ્માત સર્જતા એક સાથે પિતા-પુત્રના થયા કરૂણ મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

નવસારી-મરોલી રોડ પર આવેલા સાગરા ઓવરબ્રિજ પર આજે ગંભીર અકસ્માત સર્જાયો હતો. મોબાઈલમાં વ્યસ્ત કારચાલકે બાઈકને અડફેટે લીધી હતી, જેથી બાઈકમાં સવાર પિતા-પુત્રનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. આ અકસ્માત એટલો ભયાનક હતો કે, બાઈકસવાર પુત્ર બ્રિજ પરથી ૩૦ ફૂટ નીચે ફંગોળાઈ ગયો હતો. બીજી તરફ અકસ્માત સર્જનાર કારચાલકની પોલીસે અટકાયત કરી છે.

આ અંગે પ્રાપ્ત પ્રાથમિક માહિતી અનુસાર, કારચાલક મરોલીથી નવસારી તરફ આવી રહ્યો હતો, જ્યારે પિતા-પુત્ર નવસારીથી મરોલી તરફ જઈ રહ્યા હતા. કારચાલક પૂરઝડપે વાહન હંકારી રહ્યો હતો અને મોબાઈલ

કારની ભયંકર ટક્કરથી પુત્ર બ્રિજ પરથી ૩૦ ફૂટ નીચે ફંગોળાયો

પર વાત કરી રહ્યો હતો, જેના કારણે તેણે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેથી કાર સામેથી આવતી બાઈક સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કાર ગોળ ફરીને બ્રિજની દીવાલ સાથે અથડાઈ હતી.

આ અકસ્માતમાં બાઈકસવાર પિતાનું બ્રિજ પર જ અવસાન થયું હતું, જ્યારે પુત્ર બ્રિજ પરથી નીચે પટકાતાં તેનું પણ મોત નીપજ્યું હતું. જ્યારે કારચાલકને સામાન્ય ઈજાઓ થતાં તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સારવાર બાદ કારચાલકની અટકાયત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે મૃતક પિતા-પુત્ર અને કારચાલક આ ત્રણેય મરોલીના જ રહેવાસી છે.

આ ઘટનાની જાણ થતાં જ મરોલી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મરોલી સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મૃતકનાં નામ
અમૃત મિસ્ત્રી
હિરેન અમૃત મિસ્ત્રી
કારચાલકનું નામ
હરીશ નવીન મિસ્ત્રી

સુરતના ત્રણ યુવકોને પોસ્ટમાં નોકરી અપાવાના બહાને બે ઠગોએ છેતરપિંડી કરી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૭

શહેરના પાલ વિસ્તારના ત્રણ યુવકોને પોસ્ટ વિભાગમાં સરકારી નોકરી અપાવવાની લાલચ આપી યુવકો પાસેથી બે ઠગોએ રૂપિયા ૧૬.૯૦ લાખ પડાવી લીધા હતા અને નોકરી ઈચ્છુક યુવકોને ઉગત વિભાગ કાર્યકારી સહકારી મંડળીના સર્વર અને આઈ.પી. એડ્રેસનો ઉપયોગ કરી પોસ્ટ ઓફિસના બોગસ મેસેજ અને લિંક મોકલી છેતરપિંડી કરી હતી. જેને પગલે ઠગાઈનો ભોગ બનેલ ત્રણેય યુવકો દ્વારા આરોપી વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરાવવામાં આવી છે.

અઠવા પોલીસના જણાવ્યા મુજબ પાલ ગામમાં જૈન દેરાસર નજીક, લુહાર મહોલ્લો ખાતે રહેતા નિર્ભય પ્રફુલભાઈ ગજજર (ઉ.વ.૨૮)એ ગતરોજ ભૂપેન્દ્ર શર્મા (રહે, સગરામપુરા) અને બ્રિજેશ પટેલ સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, આરોપીઓએ ગત નવેમ્બર ૨૦૨૪માં પોસ્ટ વિભાગમાં સરકારી નોકરી અપાવવાનું કહી તેમની પાસેથી ૩,૨૫,૦૦૦, ધ્રુવ સોલંકી પાસેથી ૬,૫૦,૦૦૦ અને મીત રાજેશ શાહ પાસેથી ૭,૧૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૧૬,૯૦,૦૦૦ પડાવ્યા હતા. પૈસા લીધા બાદ આરોપીઓએ ઉગત વિભાગ કાર્યકારી સહકારી મંડળી લિમિટેડના સર્વર અને આઈ.પી. એડ્રેસનો દુરૂપયોગ કરી બોગસ પોસ્ટ ઓફિસને લગતાં મેસેજ બનાવી ઓનલાઈન વોટ્સઅપ તેમજ લિંક દ્વારા મોકલી આપ્યા હતા. જો કે આ અંગે બાદમાં તપાસ કરતાં નોકરી વાંચ્છુ ત્રણેય યુવકો ઠગાઈનો ભોગ બન્યા હોવાનો ઘટસ્ફોટ થયો હતો.

ગુજરાતના ધારાસભ્ય અને પૂર્વ ધારાસભ્ય દ્વારા કરાઈ માંગ

બે સ્થળે નામ ધરાવતા મતદારોને શોધવા રાજ્ય ચૂંટણી પંચ સોફ્ટવેર ટેક્નોલોજીનો ઉપયોગ કરે

અમદાવાદ, તા.૧૮

સુપ્રીમ કોર્ટ દ્વારા ચૂંટણી પંચને નોટિસ ઈસ્યુ કરી બે સ્થળે નામ ધરાવતા મતદારોને શોધી કાઢવા સોફ્ટવેર ટેક્નોલોજી ઉપલબ્ધ હોવા છતાં તેનો ઉપયોગ કેમ કરવામાં આવતો નથી બાબતે ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે. રાજ્ય ચૂંટણી પંચ બે સ્થળે નામ ધરાવતા મતદારોને શોધવા ઉપલબ્ધ સોફ્ટવેર ટેક્નોલોજીનો ઉપયોગ કરે તેવી માંગ સાથે 'અમદાવાદના જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદીન શેખ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને લેખિત રજૂઆત કરવામાં આવી છે. લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે, આપણી ચૂંટણી પ્રણાલી એ લોકશાહીનો પાયો છે. દરેક ભારતીય નાગરિકો ચૂંટણી પંચ ઉપર વિશ્વાસ ધરાવે છે. નાગરિકોનો વિશ્વાસ જાળવી રાખવો એ ચૂંટણી કમિશનની સર્વોચ્ચ ફરજ છે. ચૂંટણી પંચ સોફ્ટવેર ટેક્નોલોજી દ્વારા મતદારયાદીઓ શુદ્ધ કરવાની પ્રક્રિયા સહેલાઈથી પૂર્ણ કરી શકે છે.

મુખ્ય ચૂંટણી કમિશનરને લેખિત રજૂઆત

હાલ ચાલી રહેલ SIR પ્રક્રિયા અંતર્ગત મતદારયાદી સુધારણા પ્રક્રિયાનો મુખ્ય ઉદ્દેશ મતદાર યાદીના શુદ્ધિકરણ દ્વારા ભારતીય સંવિધાને આપેલા એક ભારતીય નાગરિકને એક મત આપવાનો અધિકાર સુરક્ષિત રહે અને કોઈપણ ભારતીય નાગરિકનું નામ મતદારયાદીમાં ઉમેરવાથી બાકાત ના રહી જાય.

ચૂંટણી પંચની ગાઈડ લાઈન મુજબ બે સ્થળે મતદાર તરીકે નામ જણાઈ આવતા જેલની સજા અને દંડની જોગવાઈ છે. તેવા સમયે જ્યારે રાજ્ય ચૂંટણી કમિશન પાસે મતદારયાદીમાંથી બે સ્થળે નામ ધરાવતા મતદારોને શોધવા માટેની સોફ્ટવેર ટેક્નોલોજી ઉપલબ્ધ છે ત્યારે ચૂંટણી પંચની નિષ્ક્રિયતા અને લાલિયાવાડીનો નિર્દોષ મતદાતાઓ જટિલ કાનૂની પ્રક્રિયાનો ભોગ ના બને માટે રાજ્યમાં બે સ્થળે નામ ધેરાવતા વિશેષ કરીને પરપ્રાંતિય મતદારોની ચુસ્ત ચકાસણી કરી તેમના સંવૈધાનિક અધિકાર મુજબ સ્વેચ્છાએ કોઈપણ એક રાજ્ય કે સ્થળની મતદારયાદીમાં તેમના નામ યથાવત રાખી અન્ય મતદારયાદીમાંથી કમી કરી સમ કાનૂની કાર્યવાહીથી રક્ષણ આપવામાં આવે.

સુપ્રીમ કોર્ટે પણ ગત સપ્તાહે SIR બાબતે સુનાવણી દરમ્યાન ચૂંટણી પંચને સભ્ય ટિપ્પણી દ્વારા વેધક પ્રશ્ન કર્યો છે કે બે સ્થળે નામ ધરાવતા મતદારોને શોધવા માટેનું સોફ્ટવેર ઉપલબ્ધ હોવા છતાં કયા કારણોસર સોફ્ટવેર ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવતો નથી. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને નોટિસ પાઠવી સોફ્ટવેરના ઉપયોગ કરવા બાબતે ૧૫ દિવસનો સમય આપી ૨૬ નવેમ્બરના રોજ પોતાનો જવાબ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે.

SIRની ચાલુ પ્રક્રિયા દરમ્યાન રાજ્યની એકથી વધુ લોકસભા કે વિધાનસભાની મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો તથા ગુજરાત રાજ્યમાં રોજગાર મેળવવા આવેલા પરપ્રાંતિયો-બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ઓરિસ્સા સહિત અન્ય રાજ્યોના મૂળ વતનની મતદાર યાદીમાં તેમના નામો યથાવત હોવા છતાં ગુજરાત રાજ્યની ઔદ્યોગિક વસાહતો-અમદાવાદ, સુરત, અંકલેશ્વર, ભરૂચ, કચ્છના કંડલા, વડોદરા, જામનગર સહિત અમદાવાદના પૂર્વ વિસ્તાર સહિત કોટ વિસ્તારોમાં ગુજરાતના સરનામે ભાડુઆત તરીકે વસવાટ કરતા હજારો પરપ્રાંતિય મતદારોના નામ મતદારયાદીમાં હોવા અંગેની ગંભીર બાબતો સામે આવી રહી છે તેવા સંજોગોમાં ગુજરાત રાજ્યની મતદારયાદીમાં નામ સમાવિષ્ટ કરાવવા પરપ્રાંતિય મતદારો તેમના મૂળ રાજ્યની ૨૦૦૨ની મતદાર યાદીમાંથી વાલી વારસોના નામનો પુરાવો આપે ત્યારે તેમના મૂળ રાજ્યના ચૂંટણી પંચ તથા મતદારયાદીની સોફ્ટવેર ટેક્નોલોજી દ્વારા યોગ્ય ચકાસણી કર્યા બાદ જ મતદાતાનું નામ તેની સ્વેચ્છાએ કોઈપણ એક રાજ્યની મતદાર યાદીમાં રાખવામાં આવે તેવી માંગ છે.

લાલુ પરિવારમાં વિવાદ : તેજ પ્રતાપ યાદવે માતા-પિતાની માનસિક સતામણીની તપાસ કરવા કેન્દ્ર અને બિહાર સરકારને વિનંતી કરી

(એજન્સી) પટના, તા.૧૮

રાષ્ટ્રીય જનતા દળ (RJD) સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવના મોટા પુત્ર તેજ પ્રતાપ યાદવે આજે તેમની બહેન રોહિણી આચાર્યના સમર્થનમાં સામે આવીને કેન્દ્ર અને બિહાર સરકારને તેમના માતા-પિતા (લાલુ પ્રસાદ અને રાબડી દેવી) પર કોઈપણ પ્રકારની માનસિક સતામણી થઈ રહી હોય તો તેની તાત્કાલિક તપાસ કરાવવા વિનંતી કરી છે.

રોહિણી આચાર્યએ તાજેતરમાં તેમના ભાઈ તેજસ્વી યાદવ અને તેમના સહાયક સંજય યાદવ દ્વારા અપમાનિત થયા હોવાના આક્ષેપો કર્યા હતા, જેના પગલે તેજ પ્રતાપનું નિવેદન આવ્યું છે.

જાતિગત વિવાદ અને 'જયચંદ' પર દોષારોપણ :

બહેનનું સમર્થન : મહુઆ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી હારેલા તેજ પ્રતાપ યાદવે તેમના X હેન્ડલ પર પોસ્ટ કરીને બહેન રોહિણી આચાર્ય પ્રત્યે સમર્થન વ્યક્ત કર્યું હતું.

'જયચંદ' પર આક્ષેપ : તેમણે આ સમગ્ર કટોકટી માટે 'જયચંદો' (દેશદ્રોહીઓ માટેનું રૂપક)ને દોષી ઠેરવ્યા છે.

તપાસની માંગ : તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ અને બિહાર સરકારને આગ્રહ કર્યો છે કે, જો તેમના માતા-પિતા કોઈપણ પ્રકારની માનસિક સતામણીનો ભોગ બન્યા હોય તો તેની તપાસ કરવામાં આવે.

તેજ પ્રતાપે કહ્યું : 'એવું કહેવામાં આવી રહ્યું છે કે, કેટલાક લોકો, જયચંદો, મારા માતા-પિતા લાલુ પ્રસાદજી અને મારી માતાને માનસિક અને શારીરિક દબાણ હેઠળ રાખવાના પ્રયાસો કરી રહ્યા છે. જો આમાં જરા પણ સત્ય હોય તો તે માત્ર મારા પરિવાર પરનો હુમલો નથી પણ તે RJDના આત્મા પર સીધો પ્રહાર છે.' તેમણે વડાપ્રધાન, અમિત શાહજી અને બિહાર સરકારને આ મામલે નિષ્પક્ષ, કડક અને તાત્કાલિક તપાસ કરવા વિનંતી કરી છે.

સંગઠનમાં અનિયમિતતા અને ભ્રષ્ટાચારના આક્ષેપો :

તેજ પ્રતાપે તેમના પક્ષ 'જનશક્તિ જનતા દળ'ના એકાઉન્ટ પરથી શેર કરેલી પોસ્ટમાં સંગઠનના આંતરિક મુદ્દાઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો :

તેમણે લખ્યું કે, ટિકિટ વિતરણમાં અનિયમિતતાઓ, પૈસાના બદલામાં ટિકિટ આપવી અને ખુશામતખોરોની મિલીભગતની રાજનીતિએ એવા સ્તંભોની અવગણના કરી છે જેમણે વર્ષોથી RJD બનાવવા માટે રાત-દિવસ સમર્પણ કર્યું હતું.

તેમણે કહ્યું કે, 'આજે આ જ જયચંદો, લોભ અને ચાપલૂસીથી પ્રેરિત થઈને પરિવાર અને સંગઠન બંનેનો નાશ કરી રહ્યા છે.'

બહેનનું અપમાન અસહ્ય :

તેજ પ્રતાપે તેમની બહેનના કથિત અપમાન અંગે આક્રોશ વ્યક્ત કર્યો :

'રોહિણી દીદી સાથે જે કંઈ થયું છે તેનાથી હું હચમચી ગયો છું. મારી સાથે જે થયું તે મેં સહન કર્યું પણ હું મારી બહેનનું આ અપમાન સહન કરી શકતો નથી. તે અસ્વીકાર્ય અને અસહ્ય છે.' તેમણે કહ્યું.

તેમણે ધમકી આપી : 'હું તમામ જયચંદોને કહેવા માંગુ છું. જો તેઓ અમારા પરિવારને નિશાન બનાવશે તો બિહારની જનતા તેમને ક્યારેય માફ કરશે નહીં.'

તેમણે સરકારને તાત્કાલિક કાર્યવાહી કરવા વિનંતી કરી છે : 'જો કોઈએ મારી બહેન, મારી માતા અથવા મારા પિતા સાથે દુર્વ્યવહાર કર્યો હોય, ધક્કો માર્યો હોય, ગંદી ગાળો આપી હોય અથવા માનસિક/શારીરિક સતામણી કરી હોય તો તે સંજય યાદવ, રમીઝ નેમત ખાન અને પ્રિતમ યાદવ જેવા લોકો સામે તાત્કાલિક ગુનો નોંધીને FIR દાખલ થવી જોઈએ.'

ન્યાયની 'કિંમત' ? મુંબઈના ન્યાયાધીશ લાંચના આરોપમાં 'ફરાર', ક્લાર્ક રંગે હાથ ઝડપાયો

(એજન્સી) તા.૧૮

મહારાષ્ટ્રના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB)એ મુંબઈમાં રૂા.૧૫ લાખની લાંચના એક મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે, જેમાં એક કોર્ટ ક્લાર્કની ધરપકડ કરવામાં આવી છે અને એક એડિશનલ સેશન્સ જજ (ASJ)ને વોન્ટેડ આરોપી તરીકે નામ આપવામાં આવ્યું છે. આ કેસ જમીન વિવાદને લગતા એક વ્યાવસાયિક મુકદ્દમામાં અનુકૂળ ચુકાદો આપવાના બદલામાં લાંચની કથિત માગણી સાથે સંબંધિત છે. આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર માઝગાંવની સિવિલ અને સેશન્સ કોર્ટમાં પ્રિસાઈડિંગ એડિશનલ સેશન્સ જજ એજાઝુદ્દીન સલાઉદ્દીન કાઝી અને તેમના ક્લાર્ક-કમ-ટાઈપિસ્ટ ચંદ્રકાંત હનમંત વાસુદેવ છે. ACBએ ૪૦ વર્ષીય વાસુદેવની ધરપકડ કરી છે, જેઓ ફરિયાદી, બાંદ્રા સ્થિત ઉદ્યોગપતિ પાસેથી રૂા.૧૫ લાખની ગેરકાયદેસર લાંચ સ્વીકારતી વખતે રંગે હાથ ઝડપાયા હતા. આ ઉદ્યોગપતિની પત્નીની કંપની મિલકત વિવાદમાં ફસાયેલી હતી. આ નાટકીય ધરપકડ તરફ દોરી જતી ઘટનાઓની શરૂઆત સપ્ટેમ્બરમાં થઈ હતી, જ્યારે એક વ્યાવસાયિક મિલકતના બળજબરીથી કબજા અંગેનો કેસ ન્યાયાધીશ કાઝીની કોર્ટમાં ટ્રાન્સફર થયો હતો. સુનાવણી પછી ક્લાર્ક વાસુદેવે કથિત રીતે ફરિયાદીના સહકર્મીનો સંપર્ક કર્યો અને સૂચવ્યું કે સાહેબ (જજ) માટે કંઈક 'કરવું' જોઈએ જેથી અનુકૂળ ચુકાદો મળી શકે. આ શરૂઆતી વાતચીત બાદ રૂા.૨૫ લાખની ચોક્કસ માગણીમાં પરિણમી, જેમાં વાસુદેવે દાવો કર્યો કે, રૂા.૧૫ લાખ જજ કાઝી માટે છે અને બાકીના રૂા.૧૦ લાખ પોતાને માટે છે. વાટાઘાટો પછી લાંચની રકમ રૂા.૧૫ લાખ નક્કી કરવામાં આવી. લાંચ આપવા તૈયાર ન હોવાથી ફરિયાદીએ ACBનો સંપર્ક કર્યો, જેમણે માગણીની ખરાઈ કરી અને એક યોજનાબદ્ધ જાળ (ટ્રેપ) ગોઠવી. ૧૧ નવેમ્બરના રોજ વાસુદેવને નિશાન બનાવેલી રોકડ સ્વીકારત

તાપમાન શૂન્ય ડિગ્રીએ પહોંચતા ઠેર-ઠેર બરફની ચાદર છવાઈ !

હિલ સ્ટેશન આબુમાં ઝીરો ડિગ્રીએ સર્જ્યો બર્ફીલો માહોલ : રાજ્યમાં સૌથી ઠંડુ દાહોદ

રાજ્યમાં હંમેશા સૌથી ઠંડુ રહેતું નલિયા આ વખતે દાહોદથી પાછળ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

ગુજરાતમાં હાલ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. આ સીઝનના સૌથી નીચા ૯.૯ ડિગ્રી તાપમાન સાથે નલિયાને પાછળ છોડી દાહોદ ઠંડુગાર રહ્યું છે. રાજ્યમાં બીજા નંબરનું ઠંડું શહેર ૧૦.૫ ડિગ્રી સાથે નલિયા રહ્યું છે. ત્યારે ગુજરાતને અડીને આવેલા રાજસ્થાનના એકમાત્ર હિલસ્ટેશન માઉન્ટ આબુમાં તાપમાન શૂન્ય ડિગ્રીએ પહોંચી જતાં બર્ફીલો માહોલ જામ્યો છે. જેને લઈને આબુમાં ગુઝ્ઝુઓની ભીડ જામી છે અને ઠંડીની મજા માણતા જોવા મળ્યા છે. આબુમાં હોટલો અને પાર્કિંગમાં પાર્ક કરાયેલાં વાહનો પર બરફના થર જામી ગયા છે. આજે વહેલી સવારથી જ આબુ ખાતે લોકો ઠંડીથી બચવા તાપણાં કરતા જોવા મળ્યા હતા. આબુ ખાતે અનેક જગ્યાએ બરફની ચાદર

છવાઈ ગઈ હતી. પાર્કિંગ કરેલી ગાડીઓમાં, ગાર્ડનમાં અને પોલો ગ્રાઉન્ડ ખાતે બરફની ચાદર છવાઈ હતી. ગુરુ શિખર, નક્કી ઝીલમાં વાતાવરણ ઠંડુંગાર જોવા મળી રહ્યું છે. નક્કી તળાવ પર લોકો ઠંડીનો આનંદ માણતા જોવા મળ્યા હતા. સવારમાં બરફ જામી જતાં જાણે કાશ્મીરમાં હોય એવો અહેસાસ પ્રવાસીઓને થઈ રહ્યો છે. પ્રવાસીઓ આવી ઠંડીમાં પણ બોટિંગની મજા માણી રહ્યા છે તો કોઈ ગરમ ચાની ચુસકીઓ લઈ અનેરો આનંદ ઉઠાવી રહ્યા છે. હાલ તાપમાન શૂન્ય ડિગ્રીએ પહોંચી ગયું છે, જોકે ડિસેમ્બર મહિનામાં તાપમાન માઈનસ ડિગ્રીમાં પહોંચી જશે તેમ જણાય છે. પ્રવાસીઓના જણાવ્યા અનુસાર આબુમાં બહુ સરસ વાતાવરણ છે. મનાલી જવા કરતાં આબુ જવું વધુ સારું છે. હાલ ઠંડી લાગે છે એટલે તાપણું કરીએ છીએ. અહીં નક્કી લેક જોવાની ખૂબ મજા આવે છે. ખૂબ એન્જોય કરી રહ્યા છીએ. આબુમાં લોકોએ એક વખત તો જરૂર આવવું જોઈએ. રાજ્યના મોટા ભાગનાં શહેરોમાં રાત્રિના અને વહેલી સવારના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, જેના લીધે ઠંડીમાં વધારો થયો છે. આ સિઝનનું સૌથી ઓછું લઘુતમ તાપમાન દાહોદમાં ૯.૯ ડિગ્રી નોંધાયું છે. જ્યારે બીજા નંબર પર નલિયામાં ૧૦.૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે. મહાનગરોની વાત કરવામાં આવે તો સુરતને બાદ કરતાં તમામમાં ૧૫ ડિગ્રી નીચે લઘુતમ તાપમાન નોંધાયું છે. રોજ તાપમાનનો પારો બેથી ત્રણ ડિગ્રી ગગડતાં રાજ્યમાં ઠંડીનો માહોલ જામતો જાય છે. આગામી દિવસોમાં હજુ તાપમાનમાં ઘટાડો નોંધાતાં ઠંડી ભુક્કા બોલાવશે. સમગ્ર ગુજરાતમાં સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછું અને ન્યૂનતમ તાપમાન પણ સામાન્ય કરતાં નીચું રહેતાં રાજ્યમાં ઠંડકનો અનુભવ વધી રહ્યો છે. જ્યારે સૌથી ઓછું ઠંડું ઓખા રહ્યું જ્યાં ન્યૂનતમ તાપમાન ૨૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં ન્યૂનતમ તાપમાન ૧૩.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું અને મહત્તમ તાપમાન ૨૯.૭ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. રાજ્યમાં હાલમાં બેવડી સિઝનનો અનુભવ થશે. રાજ્યમા મોટા ભાગના જિલ્લાઓનું તાપમાન સામાન્ય કરતાં નીચું નોંધાયું છે.

સુપ્રીમ કોર્ટનો નિર્ણય : રાજ્ય બાર કાઉન્સિલની ચૂંટણીનું સુધારેલું સમયપત્રક જાહેર

ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીની સમયમર્યાદા માર્ચ ૨૦૨૬ સુધીની નક્કી કરાઈ

ડિગ્રી વેરિફિકેશન બાકી હોય તો પણ વકીલોને મતદાનનો હંગામી અધિકાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

સુપ્રીમ કોર્ટે મંગળવારે ૧૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્ટેટ બાર કાઉન્સિલની ચૂંટણીઓ માટે સુધારેલું સમયપત્રક જાહેર કર્યું છે. લાંબા સમયથી પડતર ચૂંટણીઓ અને વકીલોની કાયદાની ડિગ્રીના વેરિફિકેશનમાં થઈ રહેલા વિલંબની ચિંતાઓ વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સર્વોચ્ચ અદાલતે નિર્દેશ આપ્યો છે કે, આ ચૂંટણીઓ જાન્યુઆરી ૩૧ થી એપ્રિલ ૩૦, ૨૦૨૬ દરમિયાન પાંચ તબક્કામાં યોજવામાં આવે. ગુજરાત સ્ટેટ બાર કાઉન્સિલની ચૂંટણીની સમયમર્યાદા માર્ચ ૨૦૨૬ સુધીની નક્કી કરવામાં આવી છે.

વેરિફિકેશન બાકી હોય તો પણ વકીલો મતદાન કરી શકશે

જસ્ટિસ સૂર્ય કાન્ત, જસ્ટિસ ઉજ્જવલ ભુયાન અને જસ્ટિસ એન. કોટિશ્વર સિંહની બેન્ચે આ આદેશ જારી કર્યો હતો. કોર્ટે એક મહત્ત્વપૂર્ણ રાહત આપતા જણાવ્યું છે કે, જે વકીલોની કાયદાની ડિગ્રીનું વેરિફિકેશન હજુ પણ બાકી છે, તેઓને પણ ચૂંટણીમાં હંગામી ધોરણે મતદાન કરવાનો અધિકાર મળશે. જો કે, કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જો ભવિષ્યમાં કોઈ વકીલની ડિગ્રી બનાવટી કે અમાન્ય જણાશે, તો તે વ્યક્તિને આગળની કાર્યવાહીમાં ભાગ લેતા અટકાવવામાં આવશે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાત (BCG)ની વેરિફિકેશન કમિટીના સભ્ય અનિલ કેલ્લાએ જણાવ્યું હતું કે, 'અમે વકીલોનું વેરિફિકેશન કરી રહ્યા છીએ અને તે આ મહિનાના અંત સુધી ચાલુ રહેશે. તેથી, જે લોકો વેરિફિકેશન ફોર્મ ભરવાનું બાકી છે, તેઓ ફોર્મ ભરી શકશે અને બાર કાઉન્સિલની ચૂંટણીમાં મતદાન કરવા માટે લાયક બનશે.'

ડિગ્રી વેરિફિકેશનના પડકારોને ધ્યાનમાં રાખીને, સુપ્રીમ કોર્ટે ચૂંટણી પ્રક્રિયાની દેખરેખ માટે એક મિકેનિઝમની રચના કરી છે :

- પ્રાદેશિક કક્ષાએઃ હાઈ-પાવર્ડ ઈલેક્શન મોનિટરિંગ કમિટીઓ (HPEMCs)ની રચના કરવામાં આવી છે.
- સર્વોચ્ચ સ્તરે : સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશના નેતૃત્વમાં એક હાઈ-પાવર્ડ સુપરવાઈઝરી કમિટીની રચના કરવામાં આવી છે, જેનું નામ અલગથી જાહેર કરવામાં આવશે.

અદાલતે સ્વીકાર્યું હતું કે હજારો ડિગ્રીઓનું વેરિફિકેશન કરવામાં સ્ટેટ બાર કાઉન્સિલને વ્યવહારિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, પરંતુ સ્પષ્ટ કર્યું કે વેરિફિકેશન ચાલુ હોવાને કારણે ચૂંટણીઓ અનિશ્ચિત સમય માટે મુલતવી રાખી શકાય નહીં. કોર્ટે બનાવટી ડિગ્રી ધારકો અને વકીલો તરીકે પોઝ કરનારા આદત મુજબના ગુનેગારોને કારણે કડક વેરિફિકેશનને જરૂરી ગણાવ્યું. તમામ યુનિવર્સિટીઓને આદેશ આપવામાં આવ્યો છે કે તેઓ વેરિફિકેશન માટેની વિનંતીઓ મળ્યાના એક સપ્તાહમાં વરિષ્ઠ કાયદા ફેકલ્ટી સભ્યની અધ્યક્ષતામાં એક વિશેષ સમિતિની રચના કરે. યુનિવર્સિટીઓ આ માટે માત્ર નિર્ધારિત ફી જ વસૂલી શકશે. સુપ્રીમ કોર્ટે ભારપૂર્વક જણાવ્યું છે કે ચૂંટણીઓ HPEMCsની દેખરેખ હેઠળ નિર્ધારિત સમયપત્રક મુજબ જ આગળ વધશે અને કોઈપણ પ્રકારનું વિસ્તરણ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. હાઈ-પાવર્ડ સુપરવાઈઝરી કમિટીના નિર્ણયો અંતિમ ગણાશે અને તેને સિવિલ કોર્ટ કે હાઈ કોર્ટ સમક્ષ પડકારી શકાશે નહીં.

વડાપ્રધાન PM-KISAN યોજનાનો આજે હપ્તો રિલીઝ કરી ખેડૂતો સાથે સંવાદ કરશે

રાજ્યના ખેડૂતોને સહાય-મંજૂરી પત્રોનું મુખ્યમંત્રીના હસ્તે વિતરણ

રાજ્યના ૪૯.૩૧ લાખથી વધુ ખેડૂતોને રૂા.૯૮૬ કરોડથી વધુની સહાય મળશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલ તા.૧૯ નવેમ્બરના રોજ તામીલનાડુના કોઈમ્બતુર ખાતેથી "પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજના"નો ૨૧મો હપ્તો રિલીઝ કરશે. આ કાર્યક્રમના માધ્યમથી વડાપ્રધાન દેશના ખેડૂતો સાથે સંવાદ કરીને વિશેષ સંબોધન કરશે. જે અનુસંધાને ગાંધીનગર ખાતે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાનો કાર્યક્રમ યોજાશે.

આ સંદર્ભે વિગતો આપતા કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના હસ્તે પીએમ કિસાન યોજનાના ૨૧માં હપ્તા પેટે સમગ્ર દેશના ૯ કરોડથી વધુ ખેડૂતોને રૂા.૧૮,૦૦૦ કરોડથી વધુની સહાય વિતરણ કરવામાં આવશે. જેપૈકી ગુજરાતના આશરે ૪૯.૩૧ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂા.૯૮૬ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.

આ સમારોહમાં મુખ્યમંત્રીના હસ્તે પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાના લાભાર્થીઓ ઉપરાંત વિવિધ કૃષિ અને બાગાયત યોજનાના લાભાર્થી ખેડૂતોને પણ સહાય-મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવશે. રાજ્ય કક્ષાના કાર્યક્રમ ઉપરાંત દરેક ICAR, કેન્દ્રીય કૃષિ યુનિવર્સિટીઓ, રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખાતે પણ આ કાર્યક્રમનું આયોજન કરીને વડાપ્રધાનના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આ કાર્યક્રમોમાં વિવિધ પદાધિકારી-અધિકારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, પીએમ-કિસાન યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ભારતના કુલ ૧૧ કરોડથી વધુ ખેડૂત પરિવારોને ૨૦ હપ્તાના માધ્યમથી કુલ ૩,૯૧,૦૦૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. જે અન્વયે ગુજરાતના લાભાર્થી ખેડૂત પરિવારોને પણ ૨૦ હપ્તાના માધ્યમથી અત્યાર સુધીમાં કુલ રૂા.૨૧,૦૮૬ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં ચૂકવવામાં આવી છે.

નવસારી-મરોલી રોડ પર સર્જાયો ગમખ્વાર અકસ્માત

મોબાઈલમાં વ્યસ્ત કાર ચાલકે અકસ્માત સર્જતા એક સાથે પિતા-પુત્રના થયા કરૂણ મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૮

નવસારી-મરોલી રોડ પર આવેલા સાગરા ઓવરબ્રિજ પર આજે ગંભીર અકસ્માત સર્જાયો હતો. મોબાઈલમાં વ્યસ્ત કારચાલકે બાઈકને અડફેટે લીધી હતી, જેથી બાઈકમાં સવાર પિતા-પુત્રનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. આ અકસ્માત એટલો ભયાનક હતો કે, બાઈકસવાર પુત્ર બ્રિજ પરથી ૩૦ ફૂટ નીચે ફંગોળાઈ ગયો હતો. બીજી તરફ અકસ્માત સર્જનાર કારચાલકની પોલીસે અટકાયત કરી છે.

આ અંગે પ્રાપ્ત પ્રાથમિક માહિતી અનુસાર, કારચાલક મરોલીથી નવસારી તરફ આવી રહ્યો હતો, જ્યારે પિતા-પુત્ર નવસારીથી મરોલી તરફ જઈ રહ્યા હતા. કારચાલક પૂરઝડપે વાહન હંકારી રહ્યો હતો અને મોબાઈલ

કારની ભયંકર ટક્કરથી પુત્ર બ્રિજ પરથી ૩૦ ફૂટ નીચે ફંગોળાયો

પર વાત કરી રહ્યો હતો, જેના કારણે તેણે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેથી કાર સામેથી આવતી બાઇક સાથે ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કાર ગોળ ફરીને બ્રિજની દીવાલ સાથે અથડાઈ હતી.

આ અકસ્માતમાં બાઈકસવાર પિતાનું બ્રિજ પર જ અવસાન થયું હતું, જ્યારે પુત્ર બ્રિજ પરથી નીચે પટકાતાં તેનું પણ મોત નીપજ્યું હતું. જ્યારે કારચાલકને સામાન્ય ઈજાઓ થતાં તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સારવાર બાદ કારચાલકની અટકાયત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે મૃતક પિતા-પુત્ર અને કારચાલક આ ત્રણેય મરોલીના જ રહેવાસી છે.

આ ઘટનાની જાણ થતાં જ મરોલી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મરોલી સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

મૃતકનાં નામ
અમૃત મિસ્ત્રી
હિરેન અમૃત મિસ્ત્રી
કારચાલકનું નામ
હરીશ નવીન મિસ્ત્રી

મુંબઈમાં NCP નેતા બાબા સિદ્દીકીની હત્યાના કેસમાં વોન્ટેડ અનમોલ બિશ્નોઈનું અમેરિકાએ ભારતમાં પ્રત્યાર્પણ કર્યું

ઓક્ટોબર ૨૦૨૪માં બાબા સિદ્દીકીની હત્યા તેમજ મે ૨૦૨૨માં જાણીતા પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યાના કેસમાં અને અન્ય સંખ્યાબંધ અપરાધી કેસોમાં અનમોલ બિશ્નોઈ ભારતમાં વોન્ટેડ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈનું અમેરિકાએ ભારત પ્રત્યાર્પણ કર્યું છે. મુંબઈમાં એનસીપીના નેતા બાબા સિદ્દીકીની હત્યા અને પંજાબના જાણીતા ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યા સહિતના અનેક અપરાધી કેસમાં અનમોલ બિશ્નોઈ ભારતમાં વોન્ટેડ છે. બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાન સિદ્દીકીને અમેરિકાના હોમલેન્ડ સિક્યુરિટી વિભાગ તરફથી એક ઈ-મેઈલ મળ્યો હતો જે તેમણે NDTVને બતાવ્યો હતો. અમેરિકા વિભાગ દ્વારા ઈ-મેઈલમાં બાબા સિદ્દીકીના પુત્રને જાણ કરવામાં આવી હતી કે, અમેરિકાની ફેડરલ સરકારે અનમોલ બિશ્નોઈને અમેરિકામાંથી ભારત રવાના કરી દીધો છે અને ૧૮ નવેમ્બરના રોજ તેને રવાના કરી દેવામાં આવ્યો છે. ગેંગસ્ટર અનમોલ ૧૯મી નવેમ્બરના રોજ ભારત પહોંચી જાય તેવી ધારણા છે. ભારતમાં અનેક હિંસક ઘટનાઓ બાબતમાં અનમોલ સામે પોલીસ કેસ નોંધાયેલા છે. ઓક્ટોબર ૨૦૨૪માં એનસીપીના નેતા બાબા સિદ્દીકીની હત્યા તથા ૨૦૨૨ના મે મહિનામાં જાણીતા પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યાના કેસમાં આ ગેંગસ્ટરની સંડોવણી હોવાનું પોલીસમાં જાહેર થયેલું છે. હિન્દી ફિલ્મ જગતના સુપરસ્ટાર સલમાન ખાનના નિવાસસ્થાન ઉપર એપ્રિલ ૨૦૨૪માં ગોળીબાર થયાની ઘટનામાં પણ અનમોલ ગેંગ હોવાનું બહાર આવ્યું હતું. ગયા વર્ષે નવેમ્બરમાં અમેરિકામાં પોલીસે અનમોલ બિશ્નોઈની ધરપકડ કરી હતી. જો કે, ભારતમાં તેની અપરાધી પ્રવૃત્તિઓના સંદર્ભમાં તેની ધરપકડ કરવામાં આવી નહોતી. સૂત્રોએ જણાવ્યું હતું કે, અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ કરવા બદલ તેની ધરપકડ થઈ હતી અને હવે તેને ભારત રવાના કરવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રની અદાલતે નોન-બેલેબલ વોરંટ જાહેર કર્યા પછી અને ઈન્ટરપોલ દ્વારા રેડ કોર્નર નોટિસ જાહેર કરવામાં આવ્યા બાદ ભારતે ગેંગસ્ટરના પ્રત્યારોપણ માટેની પ્રક્રિયા શરૂ કરી હતી. ત્યારે ભારત સરકારને એવો અંદાજો નહોતો કે અનમોલને અમેરિકામાંથી રવાના કરી દેવામાં આવશે કેમ કે તેણે જે તે સમયે અમેરિકામાં આશ્રય મેળવવા માટેની અરજી પણ ત્યાંના સત્તાવાળાઓને કરી હતી. એટલે તેને રવાના કરી દેવાની ભારત સરકારને અપેક્ષા નહોતી. ગયા વર્ષે NIA દ્વારા તેને મોસ્ટ વોન્ટેડની યાદીમાં સામેલ કરવામાં આવ્યો હતો અને તેની ધરપકડ માટે રૂા.૧૦ લાખનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું તે પછી જ લોરેન્સનો નાનો ભાઈ પ્રકાશમાં આવ્યો હતો. અનમોલ સામે ભારતમાં ૧૮ જેટલા કેસો નોંધાયેલા છે જેમાં એક કેસ મૂસેવાલાની હત્યા કરનાર આરોપીઓને હથિયારો અને અન્ય મદદ કરવાનો પણ તેના પર આરોપ છે. આ પહેલા બિશ્નોઈ ગેંગના એક બીજા ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર દ્વારા હત્યાની જવાબદારી લેવામાં આવી હતી પણ એ પછી એવો દાવો કરવામાં આવ્યો હતો કે, એક હરિફ રાજકીય વ્યક્તિના હત્યાના બદલાના રૂપમાં આ હત્યા કરવામાં આવી હતી. લોરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બ્રાર એક સમયે યુનિવર્સિટીમાં સાથે ભણતા હતા અને મિત્રો હતા અને બાદમાં માફિયા ગેંગસ્ટર બની ગયા હતા અને અપરાધખોરીનું આંતરરાષ્ટ્રીય સામ્રાજ્ય ઊભું કર્યું હતું. ખંડણી ઉઘરાવવી તથા હત્યા અને ડ્રગ્સની હેરાફેરી તેમજ શસ્ત્રોની હેરાફેરી જેવી અપરાધી પ્રવૃત્તિઓમાં આ ગેંગસ્ટર પ્રવૃત્ત થઈ ગયા હતા. પરંતુ બાદમાં અનમોલ બિશ્નોઈની ધરપકડને કારણે આ ગેંગ છૂટી પડી ગઈ હતી. લોરેન્સ ગેંગ અને ગોલ્ડી બ્રાર અલગ થઈ ગયા હતા. લોરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી વચ્ચે દુશ્મનાવટ અને વિરોધની ખાઈ વધુ ઊંડી એટલા માટે બની ગઈ હતી કે, લોરેન્સને એવું લાગ્યું હતું કે, ગેંગસ્ટર બ્રાર તથા તેના બીજા સાથી ગેંગસ્ટર રોહિત ગોદારાએ અનમોલના જામીન મેળવવામાં મદદ કરી નહોતી. જો કે, પછી અનમોલને જામીન મળી ગયા હતા પરંતુ તેને જીપીએસ ટ્રેકર શરીર પર લગાડી રાખવાની અમેરિકાના સત્તાવાળાઓએ ફરજ પાડી હતી. જેના કારણે ખૂબ જ રોષે ભરાયેલા લોરેન્સ બિશ્નોઈએ ગોલ્ડી બ્રાર સાથે છેડો ફાડી નાખ્યો હતો અને હરિયાણાના કુખ્યાત ગેંગસ્ટર કાલા રાણાના ભાઈ નોની રાણા સાથે હાથ મિલાવ્યા હતા. સલમાન ખાનના ઘર ઉપર પણ ગોળીબાર અનમોલ દ્વારા કરાવવામાં આવ્યું હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું અને એવું પણ બહાર આવ્યું હતું કે, ગોળીબાર કરવા માટે શૂટરો વિક્કી ગુપ્તા અને સાગર પાલને પાનો ચઢાવવા માટે અનમોલ બિશ્નોઈએ નવ મિનિટ સુધી બંને શૂટરને મોટીવેશન ભાષણ આપ્યું હતું. બાબા સિદ્દીકીની હત્યા થઈ ત્યારે પણ અનમોલ બિશ્નોઈ હત્યારાઓ સાથે સતત સંપર્કમાં હતો એવું પોલીસમાં જાહેર થયું હતું.

ગુજરાતના ધારાસભ્ય અને પૂર્વ ધારાસભ્ય દ્વારા કરાઈ માંગ

બે સ્થળે નામ ધરાવતા મતદારોને શોધવા રાજ્ય ચૂંટણી પંચ સોફ્ટવેર ટેક્નોલોજીનો ઉપયોગ કરે

અમદાવાદ, તા.૧૮

સુપ્રીમ કોર્ટ દ્વારા ચૂંટણી પંચને નોટિસ ઈસ્યુ કરી બે સ્થળે નામ ધરાવતા મતદારોને શોધી કાઢવા સોફ્ટવેર ટેક્નોલોજી ઉપલબ્ધ હોવા છતાં તેનો ઉપયોગ કેમ કરવામાં આવતો નથી બાબતે ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે. રાજ્ય ચૂંટણી પંચ બે સ્થળે નામ ધરાવતા મતદારોને શોધવા ઉપલબ્ધ સોફ્ટવેર ટેક્નોલોજીનો ઉપયોગ કરે તેવી માંગ સાથે 'અમદાવાદના જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને લેખિત રજૂઆત કરવામાં આવી છે. લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે, આપણી ચૂંટણી પ્રણાલી એ લોકશાહીનો પાયો છે. દરેક ભારતીય નાગરિકો ચૂંટણી પંચ ઉપર વિશ્વાસ ધરાવે છે. નાગરિકોનો વિશ્વાસ જાળવી રાખવો એ ચૂંટણી કમિશનની સર્વોચ્ચ ફરજ છે. ચૂંટણી પંચ સોફ્ટવેર ટેક્નોલોજી દ્વારા મતદારયાદીઓ શુદ્ધ કરવાની

મુખ્ય ચૂંટણી કમિશનરને લેખિત રજૂઆત

પ્રક્રિયા સહેલાઈથી પૂર્ણ કરી શકે છે.

હાલ ચાલી રહેલ SIR પ્રક્રિયા અંતર્ગત મતદારયાદી સુધારણા પ્રક્રિયાનો મુખ્ય ઉદ્દેશ મતદાર યાદીના શુદ્ધિકરણ દ્વારા ભારતીય સંવિધાને આપેલા એક ભારતીય નાગરિકને એક મત આપવાનો અધિકાર સુરક્ષિત રહે અને કોઈપણ ભારતીય નાગરિકનું નામ મતદારયાદીમાં ઉમેરવાથી બાકાત ના રહી જાય.

ચૂંટણી પંચની ગાઈડ લાઈન મુજબ બે સ્થળે મતદાર તરીકે નામ જણાઈ આવતા જેલની સજા અને દંડની જોગવાઈ છે. તેવા સમયે જ્યારે રાજ્ય ચૂંટણી કમિશન પાસે મતદારયાદીમાંથી બે સ્થળે નામ ધરાવતા મતદારોને શોધવા માટેની સોફ્ટવેર ટેક્નોલોજી ઉપલબ્ધ છે ત્યારે ચૂંટણી પંચની નિષ્ક્રિયતા અને લાલિયાવાડીનો નિર્દોષ મતદાતાઓ જટિલ કાનૂની પ્રક્રિયાનો ભોગ ના બને માટે રાજ્યમાં બે સ્થળે નામ ધરાવતા વિશેષ કરીને પરપ્રાંતિય મતદારોની ચુસ્ત ચકાસણી કરી તેમના સંવૈધાનિક અધિકાર મુજબ સ્વેચ્છાએ કોઈપણ એક રાજ્ય કે સ્થળની મતદારયાદીમાં તેમના નામ યથાવત રાખી અન્ય મતદારયાદીમાંથી કમી કરી સમ કાનૂની કાર્યવાહીથી રક્ષણ આપવામાં આવે.

સુપ્રીમ કોર્ટે પણ ગત સપ્તાહે SIR બાબતે સુનાવણી દરમ્યાન ચૂંટણી પંચને સભ્ય ટિપ્પણી દ્વારા વેધક પ્રશ્ન કર્યો છે કે બે સ્થળે નામ ધરાવતા મતદારોને શોધવા માટેનું સોફ્ટવેર ઉપલબ્ધ હોવા છતાં કયા કારણોસર સોફ્ટવેર ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવતો નથી. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને નોટિસ પાઠવી સોફ્ટવેરના ઉપયોગ કરવા બાબતે ૧૫ દિવસનો સમય આપી ૨૬ નવેમ્બરના રોજ પોતાનો જવાબ રજૂ કરવા નિર્દેશ આપ્યો છે.

SIRની ચાલુ પ્રક્રિયા દરમ્યાન રાજ્યની એકથી વધુ લોકસભા કે વિધાનસભાની મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો તથા ગુજરાત રાજ્યમાં રોજગાર મેળવવા આવેલા પરપ્રાંતિયો-બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, ઓરિસ્સા સહિત અન્ય રાજ્યોના મૂળ વતનની મતદાર યાદીમાં તેમના નામો યથાવત હોવા છતાં ગુજરાત રાજ્યની ઔદ્યોગિક વસાહતો-અમદાવાદ, સુરત, અંકલેશ્વર, ભરૂચ, કચ્છના કંડલા, વડોદરા, જામનગર સહિત અમદાવાદના પૂર્વ વિસ્તાર સહિત કોટ વિસ્તારોમાં ગુજરાતના સરનામે ભાડુઆત તરીકે વસવાટ કરતા હજારો પરપ્રાંતિય મતદારોના નામ મતદારયાદીમાં હોવા અંગેની ગંભીર બાબતો સામે આવી રહી છે તેવા સંજોગોમાં ગુજરાત રાજ્યની મતદારયાદીમાં નામ સમાવિષ્ટ કરાવવા પરપ્રાંતિય મતદારો તેમના મૂળ રાજ્યની ૨૦૦૨ની મતદાર યાદીમાંથી વાલી વારસોના નામનો પુરાવો આપે ત્યારે તેમના મૂળ રાજ્યના ચૂંટણી પંચ તથા મતદારયાદીની સોફ્ટવેર ટેક્નોલોજી દ્વારા યોગ્ય ચકાસણી કર્યા બાદ જ મતદાતાનું નામ તેની સ્વેચ્છાએ કોઈપણ એક રાજ્યની મતદાર યાદીમાં રાખવામાં આવે તેવી માંગ છે.

PM મોદી રૂા.૬૦,૦૦૦ની કિંમતની લક્ઝરી 'રોમન બાગ' વોચ પહેરેલા જોવા મળ્યા, જેમાં ડાયલ પર ૧૯૪૭નો એક રૂપિયાનો સિક્કો છે : જાણો કઈ બ્રાન્ડની છે

(એજન્સી) તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર ભારતીય કારીગરીને લાઈમલાઈટમાં લાવી છે - આ વખતે જયપુર વોચ કંપનીની એક નોંધપાત્ર કાંડા ઘડિયાળ દ્વારા. સપ્ટેમ્બરથી નવેમ્બર દરમિયાન તેઓ ઘણી જાહેર હાજરીમાં જે ઘડિયાળ પહેરેલા જોવા મળ્યા છે તે છે રોમન બાગ, એક ટાઈમપીસ જે વારસો, નવીનતા અને રાષ્ટ્રીય ગૌરવને પ્રતિબિંબિત કરે છે.

૧૯૪૭નો એક સિક્કો ડિઝાઈનની મુખ્ય વસ્તુ બને છે : જે વસ્તુ રોમન બાગને ખરેખર અલગ પાડે છે તે તેનું ડાયલ છે. તેમાં ભારતનો પ્રતિકાત્મક ચાલતો વાઘ દર્શાવતો મૂળ ૧૯૪૭નો એક રૂપિયાનો સિક્કો છે. આ વિગત માત્ર કલાત્મક નથી - તે ભારતે તે જ વર્ષે કરેલા શક્તિશાળી પરિવર્તનનું પ્રતિનિધિત્વ કરે છે : સ્વતંત્રતા તરફ પગ મૂકવો અને પોતાની ઓળખમાં વિકાસ કરવો. આ ડિઝાઈન 'મેક ઈન ઈન્ડિયા' વિઝન સાથે મજબૂત રીતે જોડાયેલી છે જેને પીએમ મોદી ઉત્સાહપૂર્વક સમર્થન આપે છે.

આધુનિક એન્જિનિયરિંગ ભારતીય વારસા સાથે મળે છે : રોમન બાગ એક મજબૂત 43mm કેસ સાથે બનાવવામાં આવી છે, જે ટકાઉ 316L સ્ટેનલેસ સ્ટીલમાંથી તૈયાર કરવામાં આવ્યો છે. અંદર એક વિશ્વસનીય જાપાનીઝ મિયોટા ઓટોમેટિક મૂવમેન્ટ ચાલી રહી છે, જે

સરળ પ્રદર્શન અને રોજિંદી ચોકસાઈ માટે જાણીતી છે. એક પારદર્શક કેસ-બેક ઘડિયાળ પ્રેમીઓને મિકેનિક્સની ઝલક આપે છે, જ્યારે સેફાયર ક્રિસ્ટલ (આગળ અને પાછળ) સ્ક્રેચ રેઝિસ્ટન્સને વધારે છે. 5 ATM પાણી પ્રતિકાર સાથે, તે દૈનિક વસ્ત્રો માટે ભવ્ય છતાં વ્યવહારૂ રહે છે.

આ ઘડિયાળની કિંમત અંદાજે રૂા.૫૫,૦૦૦ અને રૂા.૬૦,૦૦૦ની વચ્ચે છે, જે પોતાને સાંસ્કૃતિક વાર્તામાં મૂળિયાં જાળવી રાખીને લક્ઝરી

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'રોમન બાગ' વોચ પહેરેલા જોવા મળ્યા છે, જે એક લક્ઝરી ટાઈમ

PM મોદી રૂ.૬૦,૦૦૦ની કિંમતની લક્ઝરી 'રોમન બાગ' વોચ પહેરેલા જોવા મળ્યા, જેમાં ડાયલ પર ૧૯૪૭નો એક રૂપિયાનો સિક્કો છે : જાણો કઈ બ્રાન્ડની છે

(એજન્સી) તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર ભારતીય કારીગરીને લાઈમલાઈટમાં લાવી છે - આ વખતે જયપુર વોચ કંપનીની એક નોંધપાત્ર કાંડા ઘડિયાળ દ્વારા. સપ્ટેમ્બરથી નવેમ્બર દરમિયાન તેઓ ઘણી જાહેર હાજરીમાં જે ઘડિયાળ પહેરેલા જોવા મળ્યા છે તે છે રોમન બાગ, એક ટાઈમપીસ જે વારસો, નવીનતા અને રાષ્ટ્રીય ગૌરવને પ્રતિબિંબિત કરે છે.

૧૯૪૭નો એક સિક્કો ડિઝાઈનની મુખ્ય વસ્તુ બને છે : જે વસ્તુ રોમન બાગને ખરેખર અલગ પાડે છે તે તેનું ડાયલ છે. તેમાં ભારતનો પ્રતિકાત્મક ચાલતો વાઘ દર્શાવતો મૂળ ૧૯૪૭નો એક રૂપિયાનો સિક્કો છે. આ વિગત માત્ર કલાત્મક નથી - તે ભારતે તે જ વર્ષે કરેલા શક્તિશાળી પરિવર્તનનું પ્રતિનિધિત્વ કરે છે : સ્વતંત્રતા તરફ પગ મૂકવો અને પોતાની ઓળખમાં વિકાસ કરવો. આ ડિઝાઈન 'મેક ઈન ઈન્ડિયા' વિઝન સાથે મજબૂત રીતે જોડાયેલી છે જેને પીએમ મોદી ઉત્સાહપૂર્વક સમર્થન આપે છે.

આધુનિક એન્જિનિયરિંગ ભારતીય વારસા સાથે મળે છે : રોમન બાગ એક મજબૂત 43mm કેસ સાથે બનાવવામાં આવી છે, જે ટકાઉ 316L સ્ટેનલેસ સ્ટીલમાંથી તૈયાર કરવામાં આવ્યો છે. અંદર એક વિશ્વસનીય જાપાનીઝ મિયોટા ઓટોમેટિક મૂવમેન્ટ ચાલી રહી છે, જે

સરળ પ્રદર્શન અને રોજિંદી ચોકસાઈ માટે જાણીતી છે. એક પારદર્શક કેસ-બેક ઘડિયાળ પ્રેમીઓને મિકેનિક્સની ઝલક આપે છે, જ્યારે સેફાયર ક્રિસ્ટલ (આગળ અને પાછળ) સ્ક્રેચ રેઝિસ્ટન્સને વધારે છે. 5 ATM પાણી પ્રતિકાર સાથે, તે દૈનિક વસ્ત્રો માટે ભવ્ય છતાં વ્યવહારૂ રહે છે.

આ ઘડિયાળની કિંમત અંદાજે રૂા.૫૫,૦૦૦ અને રૂા.૬૦,૦૦૦ની વચ્ચે છે, જે પોતાને સાંસ્કૃતિક વાર્તામાં મૂળિયાં જાળવી રાખીને લક્ઝરી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'રોમન બાગ' વોચ પહેરેલા જોવા મળ્યા છે, જે એક લક્ઝરી ટાઈમપીસ છે જેમાં ચાલતા વાઘના પ્રતીક સાથેનો મૂળ ૧૯૪૭નો એક રૂપિયાનો સિક્કો દર્શાવવામાં આવ્યો છે, 43mm સ્ટેનલેસ સ્ટીલની આ ઘડિયાળ જાપાનીઝ મિયોટા મૂવમેન્ટનો ઉપયોગ કરે છે અને તે ભારતના વારસા અને 'મેક ઈન ઈન્ડિયા'ની ભાવનાને પ્રતિબિંબિત કરે છે, આની કિંમત લગભગ રૂા.૫૫,૦૦૦-રૂા.૬૦,૦૦૦ છે અને તે સ્વદેશી ભારતીય કારીગરીની વધતી શ્રેષ્ઠતાને પ્રકાશિત કરે છે

હોરોલોજીમાં એક સુલભ પ્રવેશ તરીકે સ્થાન આપે છે. તેની પ્રીમિયમ ફિનિશ, વિગત પર ધ્યાન અને ઐતિહાસિક તત્ત્વ તેને માત્ર એક સામાન્ય એક્સેસરીઝ કરતાં ઘણું વધારે બનાવે છે, તે વાતચીતની શરૂઆત કરનાર બની જાય છે.

એક વાર્તા સાથેની બ્રાન્ડ : ગૌરવ મહેતા દ્વારા સ્થાપિત, જયપુર વોચ કંપની અનન્ય ભારતીય સ્મૃતિચિહ્નો, સિક્કાઓ, સ્ટેમ્પ્સ, પરંપરાગત પ્રતીકોને લક્ઝરી ટાઈમપીસમાં પરિવર્તિત કરવા માટે જાણીતી છે. આ બ્રાન્ડે વૈશ્વિક નામોના પ્રભુત્વવાળા બજારમાં ભારતીય લક્ઝરી ડિઝાઈનને ફરીથી વ્યાખ્યાયિત કરવા બદલ સતત માન્યતા મેળવી છે.

રોમન બાગની પસંદગી કરીને વડાપ્રધાન મોદી સ્વદેશી બ્રાન્ડ્સની વધતી શ્રેષ્ઠતાને પ્રકાશિત કરે છે. આ ઘડિયાળ એક ગૌરવપૂર્ણ સ્મૃતિપત્ર તરીકે ઊભી છે કે, ભારતીય સર્જનાત્મકતા અને લક્ઝરી કારીગરી વિશ્વ મંચ પર ચમકવા માટે તૈયાર છે.

મુંબઈમાં NCP નેતા બાબા સિદ્દીકીની હત્યાના કેસમાં વોન્ટેડ અનમોલ બિશ્નોઈનું અમેરિકાએ ભારતમાં પ્રત્યાર્પણ કર્યું

ઓક્ટોબર ૨૦૨૪માં બાબા સિદ્દીકીની હત્યા તેમજ મે ૨૦૨૨માં જાણીતા પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યાના કેસમાં અને અન્ય સંખ્યાબંધ અપરાધી કેસોમાં અનમોલ બિશ્નોઈ ભારતમાં વોન્ટેડ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈનું અમેરિકાએ ભારત પ્રત્યાર્પણ કર્યું છે. મુંબઈમાં એનસીપીના નેતા બાબા સિદ્દીકીની હત્યા અને પંજાબના જાણીતા ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યા સહિતના અનેક અપરાધી કેસમાં અનમોલ બિશ્નોઈ ભારતમાં વોન્ટેડ છે. બાબા સિદ્દીકીના પુત્ર ઝીશાન સિદ્દીકીને અમેરિકાના હોમલેન્ડ સિક્યુરિટી વિભાગ તરફથી એક ઈ-મેઈલ મળ્યો હતો જે તેમણે NDTVને બતાવ્યો હતો. અમેરિકા વિભાગ દ્વારા ઈ-મેઈલમાં બાબા સિદ્દીકીના પુત્રને જાણ કરવામાં આવી હતી કે, અમેરિકાની ફેડરલ સરકારે અનમોલ બિશ્નોઈને અમેરિકામાંથી ભારત રવાના કરી દીધો છે અને ૧૮ નવેમ્બરના રોજ તેને રવાના કરી દેવામાં આવ્યો છે. ગેંગસ્ટર અનમોલ ૧૯મી નવેમ્બરના રોજ ભારત પહોંચી જાય તેવી ધારણા છે. ભારતમાં અનેક હિંસક ઘટનાઓ બાબતમાં અનમોલ સામે પોલીસ કેસ નોંધાયેલા છે. ઓક્ટોબર ૨૦૨૪માં એનસીપીના નેતા બાબા સિદ્દીકીની હત્યા તથા ૨૦૨૨ના મે મહિનામાં જાણીતા પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યાના કેસમાં આ ગેંગસ્ટરની સંડોવણી હોવાનું પોલીસમાં જાહેર થયેલું છે. હિન્દી ફિલ્મ જગતના સુપરસ્ટાર સલમાન ખાનના નિવાસસ્થાન ઉપર એપ્રિલ ૨૦૨૪માં ગોળીબાર થયાની ઘટનામાં પણ અનમોલ ગેંગ હોવાનું બહાર આવ્યું હતું. ગયા વર્ષે નવેમ્બરમાં અમેરિકામાં પોલીસે અનમોલ બિશ્નોઈની ધરપકડ કરી હતી. જો કે, ભારતમાં તેની અપરાધી પ્રવૃત્તિઓના સંદર્ભમાં તેની ધરપકડ કરવામાં આવી નહોતી. સૂત્રોએ જણાવ્યું હતું કે, અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ કરવા બદલ તેની ધરપકડ થઈ હતી અને હવે તેને ભારત રવાના કરવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રની અદાલતે નોન-બેલેબલ વોરંટ જાહેર કર્યા પછી અને ઈન્ટરપોલ દ્વારા રેડ કોર્નર નોટિસ જાહેર કરવામાં આવ્યા બાદ ભારતે ગેંગસ્ટરના પ્રત્યારોપણ માટેની પ્રક્રિયા શરૂ કરી હતી. ત્યારે ભારત સરકારને એવો અંદાજો નહોતો કે અનમોલને અમેરિકામાંથી રવાના કરી દેવામાં આવશે કેમ કે તેણે જે તે સમયે અમેરિકામાં આશ્રય મેળવવા માટેની અરજી પણ ત્યાંના સત્તાવાળાઓને કરી હતી. એટલે તેને રવાના કરી દેવાની ભારત સરકારને અપેક્ષા નહોતી. ગયા વર્ષે NIA દ્વારા તેને મોસ્ટ વોન્ટેડની યાદીમાં સામેલ કરવામાં આવ્યો હતો અને તેની ધરપકડ માટે રૂા.૧૦ લાખનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું તે પછી જ લોરેન્સનો નાનો ભાઈ પ્રકાશમાં આવ્યો હતો. અનમોલ સામે ભારતમાં ૧૮ જેટલા કેસો નોંધાયેલા છે જેમાં એક કેસ મૂસેવાલાની હત્યા કરનાર આરોપીઓને હથિયારો અને અન્ય મદદ કરવાનો પણ તેના પર આરોપ છે. આ પહેલા બિશ્નોઈ ગેંગના એક બીજા ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર દ્વારા હત્યાની જવાબદારી લેવામાં આવી હતી પણ એ પછી એવો દાવો કરવામાં આવ્યો હતો કે, એક હરિફ રાજકીય વ્યક્તિના હત્યાના બદલાના રૂપમાં આ હત્યા કરવામાં આવી હતી. લોરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બ્રાર એક સમયે યુનિવર્સિટીમાં સાથે ભણતા હતા અને મિત્રો હતા અને બાદમાં માફિયા ગેંગસ્ટર બની ગયા હતા અને અપરાધખોરીનું આંતરરાષ્ટ્રીય સામ્રાજ્ય ઊભું કર્યું હતું. ખંડણી ઉઘરાવવી તથા હત્યા અને ડ્રગ્સની હેરાફેરી તેમજ શસ્ત્રોની હેરાફેરી જેવી અપરાધી પ્રવૃત્તિઓમાં આ ગેંગસ્ટર પ્રવૃત્ત થઈ ગયા હતા. પરંતુ બાદમાં અનમોલ બિશ્નોઈની ધરપકડને કારણે આ ગેંગ છૂટી પડી ગઈ હતી. લોરેન્સ ગેંગ અને ગોલ્ડી બ્રાર અલગ થઈ ગયા હતા. લોરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી વચ્ચે દુશ્મનાવટ અને વિરોધની ખાઈ વધુ ઊંડી એટલા માટે બની ગઈ હતી કે, લોરેન્સને એવું લાગ્યું હતું કે, ગેંગસ્ટર બ્રાર તથા તેના બીજા સાથી ગેંગસ્ટર રોહિત ગોદારાએ અનમોલના જામીન મેળવવામાં મદદ કરી નહોતી. જો કે, પછી અનમોલને જામીન મળી ગયા હતા પરંતુ તેને જીપીએસ ટ્રેકર શરીર પર લગાડી રાખવાની અમેરિકાના સત્તાવાળાઓએ ફરજ પાડી હતી. જેના કારણે ખુબ જ રોષે ભરાયેલા લોરેન્સ બિશ્નોઈએ ગોલ્ડી બ્રાર સાથે છેડો ફાડી નાખ્યો હતો અને હરિયાણાના કુખ્યાત ગેંગસ્ટર કાલા રાણાના ભાઈ નોની રાણા સાથે હાથ મિલાવ્યા હતા. સલમાન ખાનના ઘર ઉપર પણ ગોળીબાર અનમોલ દ્વારા કરાવવામાં આવ્યું હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું અને એવું પણ બહાર આવ્યું હતું કે, ગોળીબાર કરવા માટે શૂટરો વિક્કી ગુપ્તા અને સાગર પાલને પાનો ચઢાવવા માટે અનમોલ બિશ્નોઈએ નવ મિનિટ સુધી બંને શૂટરને મોટીવેશન ભાષણ આપ્યું હતું. બાબા સિદ્દીકીની હત્યા થઈ ત્યારે પણ અનમોલ બિશ્નોઈ હત્યારાઓ સાથે સતત સંપર્કમાં હતો એવું પોલીસમાં જાહેર થયું હતું.

ફરી વખત કોંગ્રેસ નેતાગીરી સામે શિંગડાં ભરાવતા થરૂર

ભારે શરદી અને કફ હોવા છતાં વડાપ્રધાન મોદીના વક્તવ્યમાં હાજરી આપી અને બાદમાં ખૂબ પ્રશંસા પણ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

કોંગ્રેસના સાંસદ શશી થરૂરે ફરી એક વખત કોંગ્રેસ પક્ષની નેતાગીરીની નારાજગી વહોરી લીધી હોય તેવું લાગે છે. તેમણે ફરી વખત પોતાની સોશિયલ પોસ્ટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ખૂબ પ્રશંસા કરી હતી. કોંગ્રેસના સાંસદે જણાવ્યું હતું કે દિલ્હીમાં વડાપ્રધાનના વક્તવ્યના એક ખાનગી કાર્યક્રમમાં મને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડાપ્રધાને વિકાસ માટેની ભારતની રચનાત્મક અધિરાઈ અને બ્રિટિશ કાળ પછીની માનસિકતા તરફ વિકાસ માટે આગળ વધવાની વૃત્તિ જેવા વિષય પર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. વડાપ્રધાને પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, ભારત એક વિકસિત બજાર તરીકે વિકાસ પામી રહ્યું છે એટલું જ માત્ર નથી પરંતુ વિશ્વ આખા માટે એક મોડેલ બનીને પણ ઊભરી રહ્યું છે. શશી થરૂરે વડાપ્રધાનના પ્રવચન અંગે

મને ખૂબ જ આનંદ છે કે હું પણ પ્રેક્ષકોમાં હાજર હતો : થરૂર

લખ્યું હતું કે વડાપ્રધાનના વક્તવ્યનો મોટો ભાગ મેકોલેની ભારત પર લાગુ કરવામાં આવેલી ૨૦૦ વર્ષ જૂની ગુલામીની માનસિકતાથી છુટકારો મેળવવાના મુદ્દા ઉપર જ કેન્દ્રિત હતો. વડાપ્રધાને ભારતના વારસા તથા ભારતની ભાષાઓ અને જ્ઞાન પદ્ધતિમાં ભારતના ગૌરવને પુનઃસ્થાપિત કરવા માટેના ૧૦ વર્ષના રાષ્ટ્રીય શિક્ષણ મિશનને આગળ વધારવા માટે પણ અપીલ કરી હતી. વાયરલ થયેલા વીડિયોમાં દેખાઈ આવતું હતું કે શશી થરૂર ભાજપના નેતા અને પૂર્વ કાયદા મંત્રી રવિશંકર પ્રસાદની ડાબી તરફ ખૂબ જ આરામથી બેઠા છે અને હળવાશના મિજાજમાં દેખાય છે. એમની જમણી તરફ કોંગ્રેસના નેતા ગુલામ નબી આઝાદ પણ દેખાય છે. શશી થરૂરે વડાપ્રધાનની પ્રશંસા કરી તે કોંગ્રેસના નેતાઓને નહીં ગમે એ નક્કી વાત છે અને કોંગ્રેસના નેતાએ વડાપ્રધાનની પ્રશંસા કરી હોય એવું આ પહેલી વખત પણ બન્યું નથી એટલે કોંગ્રેસના નેતાઓ તરફથી કોઈ અનુકૂળ પ્રતિક્રિયા નહીં આવે એવી શક્યતા છે. એક તબક્કે ઓપરેશન સિંદૂર પછી પણ શશી થરૂરે વડાપ્રધાનની પ્રશંસા ખૂબ કરી હતી અને એક વખત તો તેમણે વડાપ્રધાનને ભારત માટે ખૂબ જ મૂલ્યવાન જણસ ગણાવ્યા હતા. આવું કહીને તેમણે કોંગ્રેસના નેતાઓનો રોષ વહોરી લીધો હતો. એક તબક્કે કોંગ્રેસના નેતાએ ગાંધી પરિવારના નેતૃત્વની પણ ટીકા કરી હતી અને ત્યારે પણ એવું કહેવા લાગ્યું હતું કે શશી થરૂર અને કોંગ્રેસની નેતાગીરી વચ્ચે બહુ મોટી ખાઈ ઊભી થઈ ગઈ છે અને કદાચ એ ભાજપ તરફ ફૂદકો મારીને ચાલ્યા જશે.

લાલુ પરિવારમાં વિવાદ : તેજ પ્રતાપ યાદવે માતા-પિતાની માનસિક સતામણીની તપાસ કરવા કેન્દ્ર અને બિહાર સરકારને વિનંતી કરી

(એજન્સી) પટના, તા.૧૮

રાષ્ટ્રીય જનતા દળ (RJD) સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવના મોટા પુત્ર તેજ પ્રતાપ યાદવે આજે તેમની બહેન રોહિણી આચાર્યના સમર્થનમાં સામે આવીને કેન્દ્ર અને બિહાર સરકારને તેમના માતા-પિતા (લાલુ પ્રસાદ અને રાબડી દેવી) પર કોઈપણ પ્રકારની માનસિક સતામણી થઈ રહી હોય તો તેની તાત્કાલિક તપાસ કરાવવા વિનંતી કરી છે.

રોહિણી આચાર્યએ તાજેતરમાં તેમના ભાઈ તેજસ્વી યાદવ અને તેમના સહાયક સંજય યાદવ દ્વારા અપમાનિત થયા હોવાના આક્ષેપો કર્યા હતા, જેના પગલે તેજ પ્રતાપનું નિવેદન આવ્યું છે.

જાતિગત વિવાદ અને 'જયચંદ' પર દોષારોપણ :

બહેનનું સમર્થન : મહુઆ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી હારેલા તેજ પ્રતાપ યાદવે તેમના X હેન્ડલ પર પોસ્ટ કરીને બહેન રોહિણી આચાર્ય પ્રત્યે સમર્થન વ્યક્ત કર્યું હતું.

'જયચંદ' પર આક્ષેપ : તેમણે આ સમગ્ર કટોકટી માટે 'જયચંદો' (દેશદ્રોહીઓ માટેનું રૂપક)ને દોષી ઠેરવ્યા છે.

તપાસની માંગ : તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ અને બિહાર સરકારને આગ્રહ કર્યો છે કે, જો તેમના માતા-પિતા કોઈપણ પ્રકારની માનસિક સતામણીનો ભોગ બન્યા હોય તો તેની તપાસ કરવામાં આવે.

તેજ પ્રતાપે કહ્યું : 'એવું કહેવામાં આવી રહ્યું છે કે, કેટલાક લોકો, જયચંદો, મારા માતા-પિતા લાલુ પ્રસાદજી અને મારી માતાને માનસિક અને શારીરિક દબાણ હેઠળ રાખવાના પ્રયાસો કરી રહ્યા છે. જો આમાં જરા પણ સત્ય હોય તો તે માત્ર મારા પરિવાર પરનો હુમલો નથી પણ તે RJDના આત્મા પર સીધો પ્રહાર છે.' તેમણે વડાપ્રધાન, અમિત શાહજી અને બિહાર સરકારને આ મામલે નિષ્પક્ષ, કડક અને તાત્કાલિક તપાસ કરવા વિનંતી કરી છે.

સંગઠનમાં અનિયમિતતા અને ભ્રષ્ટાચારના આક્ષેપો :

તેજ પ્રતાપે તેમના પક્ષ 'જનશક્તિ જનતા દળ'ના એકાઉન્ટ પરથી શેર કરેલી પોસ્ટમાં સંગઠનના આંતરિક મુદ્દાઓ પર પણ પ્રકાશ પાડ્યો હતો :

તેમણે લખ્યું કે, ટિકિટ વિતરણમાં અનિયમિતતાઓ, પૈસાના બદલામાં ટિકિટ આપવી અને ખુશામતખોરોની મિલીભગતની રાજનીતિએ એવા સ્તંભોની અવગણના કરી છે જેમણે વર્ષોથી RJD બનાવવા માટે રાત-દિવસ સમર્પણ કર્યું હતું.

તેમણે કહ્યું કે, 'આજે આ જ જયચંદો, લોભ અને ચાપલૂસીથી પ્રેરિત થઈને પરિવાર અને સંગઠન બંનેનો નાશ કરી રહ્યા છે.'

બહેનનું અપમાન અસહ્ય :

તેજ પ્રતાપે તેમની બહેનના કથિત અપમાન અંગે આક્રોશ વ્યક્ત કર્યો :

'રોહિણી દીદી સાથે જે કંઈ થયું છે તેનાથી હું હચમચી ગયો છું. મારી સાથે જે થયું તે મેં સહન કર્યું પણ હું મારી બહેનનું આ અપમાન સહન કરી શકતો નથી. તે અસ્વીકાર્ય અને અસહ્ય છે,' તેમણે કહ્યું.

તેમણે ધમકી આપી : 'હું તમામ જયચંદોને કહેવા માંગુ છું. જો તેઓ અમારા પરિવારને નિશાન બનાવશે તો બિહારની જનતા તેમને ક્યારેય માફ કરશે નહીં.'

તેમણે સરકારને તાત્કાલિક કાર્યવાહી કરવા વિનંતી કરી છે : 'જો કોઈએ મારી બહેન, મારી માતા અથવા મારા પિતા સાથે દુર્વ્યવહાર કર્યો હોય, ધક્કો માર્યો હોય, ગંદી ગાળો આપી હોય અથવા માનસિક/શારીરિક સતામણી કરી હોય તો સંજય યાદવ, રમીઝ નેમત ખાન અને પ્રિતમ યાદવ જેવા લોકો સામે તાત્કાલિક ગુનો નોંધીને FIR દાખલ થવી જોઈએ.'

ટિકિટ વિલંબને કારણે હૈદરાબાદનું યુગલ સઉદી બસ દુર્ઘટનામાંથી આબાદ બચ્યું

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૮

સઉદી અરેબિયામાં થયેલી એક ભયાનક બસ દુર્ઘટનામાંથી હૈદરાબાદનું એક યુગલ માંડ-માંડ બચી ગયું હતું, કારણ કે, તેમની ટિકિટમાં વિલંબ થયો હતો. અબ્દુલ ખાદીરના મોટા પુત્ર સમીર અને તેમની પત્ની આયેશા તબસ્સુમ ૯મી નવેમ્બરે સઉદી અરેબિયા જવાના હતા પરંતુ સમયસર ટિકિટ ન મળવાને કારણે તેઓ મુસાફરી કરી શક્યા નહીં. અંતે તેઓ ૧૩મી નવેમ્બરે પ્રવાસ કરી શક્યા, જે દુર્ઘટનાના ચાર દિવસ પછીનો સમય હતો. આ અકસ્માતમાં તેમના નજીકના સંબંધીઓ સહિત અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા. પરિવારજનોએ આ ઘટનાને એક નિયતિનો વળાંક ગણાવ્યો, જેના કારણે તેમના જીવન બચી ગયા.

ઝિર્રા નટરાજ નગરના આખા પરિવારોનું મૃત્યુ : આ ગોઝારી ઘટનામાં સમીરના પિતા અબ્દુલ ખાદીર જેઓ તાપપચાબુત્રા પોલીસ હદમાં ઝિર્રા નટરાજ નગરના સુથાર હતા, તેમનું પણ મૃત્યુ થયું હતું. તેમની પત્ની ગૌસિયા બેગમ અને સસરા મોહમ્મદ મૌલાન પણ આ દુર્ઘટનાનો ભોગ બન્યા હતા. જો કે, ખાદીરનો નાનો પુત્ર અબ્દુલ શોએબ ઈજાઓ સાથે બચી ગયો હતો. તેમના પાડોશીઓ, મોહમ્મદ અલી અને તેમની પત્ની શાહીનાઝ બેગમ પણ આ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. તેલંગાણાના મંત્રી અઝહરુદ્દીન અને પૂર્વ મંત્રી શબ્બીર અલીએ શોકગ્રસ્ત પરિવારોની મુલાકાત લીધી અને તેમને સાંત્વના આપી હતી.

ગુડીમલકાપુર અને મલકપેટના પરિવારો પણ ભોગ બન્યા :

ગુડીમલકાપુર વિસ્તારના મોગલ નગરના ઈરફાન અહેમદ તેમના પત્ની હુમેરા નાઝનીન, માતા સાબીહા સુલતાના અને બાળકો ઈઝાન અને હમદાન સાથે આ દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા હતા. કરવાનના ધારાસભ્ય કૌસર મોહીદ્દીને પણ શોકગ્રસ્ત સંબંધીઓની મુલાકાત લીધી અને તેમને દિલાસો આપ્યો. આ દરમિયાન મુસારામબાગમાં મલકપેટના ધારાસભ્ય અહેમદ બાલાલાએ રશીદના ઘરે મુલાકાત લીધી, જેમની પત્ની અમીના બેગમ અને મોટી પુત્રી અનીસ ફાતિમા મૃતકોમાં સામેલ હતા. રશીદ, જેમને બે પુત્રી અને એક પુત્ર છે, તેઓ આઘાતમાં ગરકાવ હતા. ધારાસભ્યએ ઊંડો શોક વ્યક્ત કર્યો અને પરિવારને તમામ શક્ય મદદની ખાતરી આપી.

'JDU જો બે લાખનું વચન પૂરૂં કરશે તો છોડી દઈશ' : બિહારમાં હાર બાદ પ્રશાંત કિશોર

(એજન્સી) તા.૧૮

જન સુરાજ પાર્ટીના વડા પ્રશાંત કિશોરે તાજેતરમાં સંપન્ન થયેલી બિહાર વિધાનસભાની ચૂંટણીમાં તેમની પાર્ટીના કારમા પરાજય પછી તેમની પ્રથમ પ્રતિક્રિયામાં 'સરકાર બદલવામાં નિષ્ફળતા' માટે 'મૌન ઉપવાસ' (મૌન રહેવાનું વ્રત) કર્યું હતું. કિશોરે મીડિયા સાથે વાત કરતી વખતે તેમની પાર્ટીના નબળા પ્રદર્શનની સંપૂર્ણ જવાબદારી લીધી હતી. 'અમે અમારા તરફથી ખૂબ જ સકારાત્મક પ્રયાસ કર્યો. અમે આ સરકાર બદલવામાં નિષ્ફળ રહ્યા. અમે અમારા તરફથી ઘણો પ્રયાસ કર્યો, પરંતુ લાગે છે કે, અમે ક્યાંક નિષ્ફળ ગયા. હું મારી જાત પર આ દોષ લઉં છું કારણ કે, હું લોકોને સમજાવી શક્યો નહીં. અમે અમારૂં આત્મનિરીક્ષણ કરીશું. હું દિલગીર છું કે, અમારા પ્રયત્નોમાં હું નિષ્ફળ ગયો. હું એક દિવસ માટે 'મૌન ઉપવાસ' (મૌન રહેવાનું વ્રત) કરીશ,' ચૂંટણી વ્યૂહરચનાકાર-માંથી-રાજકારણી બનેલા કિશોરે કહ્યું. કિશોરની પાર્ટી, જેણે બિહારની ૨૪૩ વિધાનસભા બેઠકોમાંથી ૨૩૮ પર ચૂંટણી લડી હતી, તે કારમી રીતે નિષ્ફળ ગઈ હતી કારણ કે, તેમાંથી એક પણ બેઠક જીતવામાં નિષ્ફળ રહી હતી. ભાજપ અને નીતિશ કુમારની JDUના નેતૃત્વ હેઠળના શાસક NDA ગઠબંધને ૨૦૨ બેઠકો (ભાજપ ૮૯ અને JDU ૮૫) સાથે જીત મેળવી હતી, જેમાં ચિરાગ પાસવાનની LJP (રામ વિલાસ) ૧૯ બેઠકો સાથે અન્ય મુખ્ય યોગદાનકર્તા તરીકે ઉભરી આવી હતી. 'અમે એક પ્રામાણિક પ્રયાસ કર્યો પણ તે સંપૂર્ણપણે અસફળ રહ્યો. આ સ્વીકારવામાં કોઈ નુકસાન નથી. વ્યવસ્થામાં બદલાવની વાત છોડો; અમે સત્તામાં પણ બદલાવ લાવી શક્યા નહીં. પરંતુ અમે ચોક્કસપણે બિહારના રાજકારણને બદલવામાં થોડી ભૂમિકા ભજવી છે. અમારા પ્રયત્નોમાં

પ્રશાંત કિશોરની જન સુરાજ પાર્ટીએ બિહારની ૨૪૩ વિધાનસભા બેઠકોમાંથી ૨૩૮ પર ચૂંટણી લડી હતી પરંતુ એક પણ બેઠક જીતવામાં નિષ્ફળ રહી હતી

અમારા વિચારમાં, અમે જે રીતે સમજાવ્યું તેમાં કોઈ ભૂલ થઈ હશે કે જનતાએ અમને ચૂંટ્યા નથી. જો જનતાએ અમારામાં વિશ્વાસ ન દર્શાવ્યો, તો તેની જવાબદારી સંપૂર્ણપણે મારી છે,' તેમણે કહ્યું. જો કે, કિશોરે સ્પષ્ટતા કરી કે તે હજી રાજીનામું આપશે નહીં - તેમના ચૂંટણી પહેલાના નિવેદનનો વિરોધાભાસ કર્યો જેમાં તેમણે કહ્યું હતું કે, જો JDU ૨૫થી વધુ બેઠકો જીતશે તો તેઓ રાજકારણ છોડી દેશે. જો કે આ વખતે તેમણે અન્ય સમાન વ્રત લીધું : જો શાસક સરકાર ૧.૫ કરોડ લોકોને 'ચૂંટણી પહેલા વચન આપ્યા મુજબ' પ્રત્યેકને રૂા.૨ લાખ આપશે તો તેઓ રાજકારણમાંથી નિવૃત્તિ લઈ લેશે. 'અમે ફરી એ જ શક્તિ સાથે ઊભા રહીશું. જેઓ વિચારે છે કે, હું બિહાર છોડી દઈશ, તે સંપૂર્ણપણે ખોટું છે. જ્યાં સુધી તમે હાર ન સ્વીકારો ત્યાં સુધી તમે પરાજિત થતા નથી. લોકો JDUની ૨૫ બેઠકો જીતવા વિશેના મારા નિવેદન વિશે ઘણી વાતો કરી રહ્યા છે - હું હજી પણ તેના પર અડગ છું. જો નીતિશકુમાર ૧.૫ કરોડ મહિલાઓને આપેલું રૂા.૨ લાખનું વચન ટ્રાન્સફર કરે અને સાબિત કરે કે તેઓએ મત ખરીદીને જીત મેળવી નથી, તો હું કોઈ પણ 'જો અને તો' વિના રાજકારણમાંથી નિવૃત્તિ લઈ લઈશ, તેમણે કહ્યું. મતદારોના મત વેચવાના વિપક્ષના આરોપોને નકારતા કિશોરે કહ્યું, 'તે સાચું નથી. સ્વતંત્ર ભારતમાં - ખાસ કરીને બિહારમાં - પ્રથમ વખત કોઈ સરકારે લોકો માટે રૂા.૪૦,૦૦૦ કરોડ ખર્ચવાનું વચન આપ્યું અને તેથી જ NDAને આટલી મોટી બહુમતી મળી. અહીંના લોકો તેમનું ભવિષ્ય કે તેમના બાળકોનું ભવિષ્ય વેચશે નહીં. આ ચર્ચાનો કોઈ અંત નથી. કેટલાક ચૂંટણી પંચ દ્વારા ગેરરીતિનો આરોપ લગાવી રહ્યા છે - તે તેમનો મામલો છે. પરંતુ દરેક વિધાનસભા બેઠક પર, ઓછામાં ઓછા ૬૦,૦૦૦થી ૬૨,૦૦૦ લોકોને રૂા.૧૦,૦૦૦ આપવામાં આવ્યા હતા અને રૂા.૨ લાખની લોનનું વચન આપવામાં આવ્યું હતું. સરકારી અધિકારીઓ ફરજ પર હતા અને લોકોને કહી રહ્યા હતા કે, જો NDA ફરી સત્તામાં આવશે તો તેમને લોન મળશે અને આ માટે જીવિકા દીદીઓને ફરજ પર મૂકવામાં આવી હતી.'

ન્યાયની 'કિંમત' ? મુંબઈના ન્યાયાધીશ લાંચના આરોપમાં 'ફરાર', ક્લાર્ક રંગે હાથ ઝડપાયો

(એજન્સી) તા.૧૮

મહારાષ્ટ્રના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (ACB)એ મુંબઈમાં રૂા.૧૫ લાખની લાંચના એક મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે, જેમાં એક કોર્ટ ક્લાર્કની ધરપકડ કરવામાં આવી છે અને એક એડિશનલ સેશન્સ જજ (ASJ)ને વોન્ટેડ આરોપી તરીકે નામ આપવામાં આવ્યું છે. આ કેસ જમીન વિવાદને લગતા એક વ્યાવસાયિક મુકદ્દમામાં અનુકૂળ ચુકાદો આપવાના બદલામાં લાંચની કથિત માગણી સાથે સંબંધિત છે. આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર માઝગાંવની સિવિલ અને સેશન્સ કોર્ટમાં પ્રિસાઈડિંગ એડિશનલ સેશન્સ જજ એજાઝુદ્દીન સલાઉદ્દીન કાઝી અને તેમના ક્લાર્ક-કમ-ટાઈપિસ્ટ ચંદ્રકાંત હનમંત વાસુદેવ છે. ACBએ ૪૦ વર્ષીય વાસુદેવની ધરપકડ કરી છે, જેઓ ફરિયાદી, બાંદ્રા સ્થિત ઉદ્યોગપતિ પાસેથી રૂા.૧૫ લાખની ગેરકાયદેસર લાંચ સ્વીકારતી વખતે રંગે હાથ ઝડપાયા હતા. આ ઉદ્યોગપતિની પત્નીની કંપની મિલકત વિવાદમાં ફસાયેલી હતી. આ નાટકીય ધરપકડ તરફ દોરી જતી ઘટનાઓની શરૂઆત સપ્ટેમ્બરમાં થઈ હતી, જ્યારે એક વ્યાવસાયિક મિલકતના બળજબરીથી કબજા અંગેનો કેસ ન્યાયાધીશ કાઝીની કોર્ટમાં ટ્રાન્સફર થયો હતો. સુનાવણી પછી ક્લાર્ક વાસુદેવે કથિત રીતે ફરિયાદીના સહકર્મીનો સંપર્ક કર્યો અને સૂચવ્યું કે સાહેબ (જજ) માટે કંઈક 'કરવું' જોઈએ જેથી અનુકૂળ

મોડાસાથી અમદાવાદ બાળકને સારવાર અર્થે લઈ જવા દરમ્યાન બની કરૂણાંતિકા

એમ્બ્યુલન્સમાં અચાનક આગ લાગતા નવજાત સહિત ચાર લોકો જીવતાં ભડથું, ત્રણ ગંભીર રીતે દાઝયા

(તસવીર : યુસુફ જમાદાર, મોડાસા)

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૧૮

મહીસાગર જિલ્લાના લુણાવાડામાં રહેતા જીગ્નેશ મહેશભાઈ મોચી (ઉ.વ. ૩૮) પોતાના તાજા જન્મેલા એક દિવસના બાળકને સારવાર અર્થે મોડાસાની રીચ હોસ્પિટલથી અમદવાદની ઓરેન્જ હોસ્પિટલ ખાતે એમ્બ્યુલન્સ મારફતે લઈ જઈ રહ્યા હતા. દરમ્યાન તા ૧૮/૧૧/૨૦૨૫ના રોજ આશરે રાત્રે ૨:૦૦ વાગ્યે, મોડાસાથી ધનસુરા રોડ પર રણા સૈયદ ચોકડી નજીક પેટ્રોલપંપ સામે એમ્બ્યુલન્સમાં અચાનક અગમ્ય કારણોસર આગ લાગી.

એમ્બ્યુલન્સના ડ્રાઇવર અંકીત રામાભાઈ ઠાકોર (ઉ.વ. ૨૪), (રહે – અમદાવાદ)એ તરત જ વાહન રોક્યું. તેમ છતાં આગ ઝડપથી ફેલાતા આગળ બેઠેલા ત્રણ લોકો દાઝી ગયાં જ્યારે પાછળના ભાગમાં બેઠેલા ચાર લોકો ગભરાટમાં બહાર ન નીકળી શકતાં આગ વિકરાળ બની ગઈ અને ચારેવ એમ્બ્યુલન્સમાં આગની ઝપેટમાં આવતા ભડથું થઈ ગયા હતા. સમગ્ર ઘટનાને લઈ એમ્બ્યુલન્સમાં આગ લાગી હોવાના CCTV સામે આવ્યા છે જેમાં મોડાસા તરફથી જતી એમ્બ્યુલન્સમાં ચાલુ ગાડીએ જ આગ લાગી હોવાનું CCTVમાં જોવા મળી રહ્યું છે ત્યારે સમગ્ર ઘટનાને લઈ ચાર લોકો જીવતા આગની ઝપેટમાં હોમાયા છે. ઘટનાને લઈ પરિવારમાં શોકનો માહોલ છે. મોડાસા ટાઉન પોલીસ સ્ટાફ સહિત ઘટના સ્થળે પોલીસ ખડકી દેવામાં આવી છે. હાલ આ ઘટનાને લઈ અરવલ્લી જિલ્લામાં ચકચાર જોવા મળી રહી છે પરંતુ એમ્બ્યુલન્સમાં આગ કઈ રીતે લાગી તેનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. હાલ પોલીસ દ્વારા તપાસ શરૂ કરાઈ છે.

ઓક્સિજન સિલિન્ડર ફાટ્યું હોઈ શકે : કલેક્ટર

સ્થળ પર જ મોત પામેલ વ્યક્તિઓના નામ :
૧. જીગ્નેશભાઈ મહેશભાઈ મોચી (ઉ.વ. ૩૮) (રહે : લુણાવાડા), ૨. તાજુ જન્મેલ અધુરા માસનું બાળક (ઉ.વ. ૧ દિવસ), ૩. ડોક્ટર રાજકરણ શાંતીલાલ રેટીયા (ઉ.વ. ૩૦) (રહે : અમદાવાદ), ૪. નર્સ ભુરીબેન રમણભાઈ મનાત (ઉ.વ. ૨૩) (રહે : તા. મેઘરજ, જી. અરવલ્લી)

દાઝી ગયેલા વ્યક્તિઓ કે આ હોનારતમાં બચી ગયા છે તેમાં અંકીતભાઈ રામાભાઈ ઠાકોર (ઉ.વ. ૨૪) – એમ્બ્યુલન્સ ડ્રાઈવર, (રહે. અમદાવાદ), ગૌરવકુમાર મહેશભાઈ મોચી (ઉ.વ. ૪૦) – (રહે. લુણાવાડા), ગીતાબેન ઉર્ફે જયશ્રીબેન મહેશભાઈ મોચી (ઉ.વ. ૬૦) (રહે : લુણાવાડા)નો સમાવેશ થાય છે. ઘટનાની પ્રાપ્ત માહિતી અનુસાર આ ઘટનામાં ૧ દિવસના નવજાત બાળક, બાળકના પિતા, ડોક્ટર અને નર્સના ઘટના સ્થળે મૃત્યુ થયા છે. અને બાળકના દાદી અને મોટા પપ્પા હાલમાં મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ છે. આ દુઃખદ ઘટનાની જાણ થતા જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારીક અને મોડાસા મામલતદાર ગોપી મહેતાએ ઘટનાસ્થળ અને સાર્વજનિક હોસ્પિટલની મુલાકાત લીધી હતી તેમને મૃતકોના પરિવારજનોને સાંત્વના આપી હતી. તો સાર્વજનિક હોસ્પિટલ ખાતે ઈજાગ્રસ્તોની પણ મુલાકાત કરી સાંત્વના પાઠવી હતી. અને ઘટનાની તપાસ અંગે સૂચનો કર્યા હતા. તો જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ પણ ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. અને ઘટનાની તપાસ કરવા સુચન કર્યા હતા. હાલમાં આરોગ્ય વિભાગ અને પોલીસ વિભાગની ટીમ દ્વારા પોસ્ટમોર્ટમની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ઘટનામાં જરૂર પડે FSLની ટીમની પણ મદદ લેવામાં આવશે. અરવલ્લી જિલ્લા કલેકટરે ઘટના અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, આગ લાગવાનું પ્રાથમિક કારણ એમ્બ્યુલન્સમાં ઓક્સિજન સિલિન્ડર ફાટ્યું હોઈ શકે છે.

ગૃહ વિભાગના મુખ્ય સચિવ દ્વારા રજૂ કરાયેલ સોગંદનામાને અસંતોષકારક ગણાવતી હાઈકોર્ટ

રાજ્યમાં ટ્રાફિક પોલીસ ફોર્સ વધારવાની તાત્કાલિક જરૂરિયાત : ગુજરાત હાઈકોર્ટ

હાઈકોર્ટે કહ્યું - ગૃહ વિભાગે ફોર્સને મજબૂત કરવા તાજેતરમાં કોઈ કાર્યવાહી કરાઈ હોવાની બિલકુલ જાણકારી જાહેર કરી નથી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૮

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં એક સુઓ મોટો જાહેર હિતની અરજી (PIL) પર સુનાવણી કરતાં રાજ્યના ગૃહ વિભાગની ઝડપી પ્રતિભાવ ન આપવા બદલ આકરી ટીકા કરી છે. હાઈકોર્ટે રાજ્યમાં ટ્રાફિક પોલીસ ફોર્સ વધારવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો છે. ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રેની ખંડપીઠે ગૃહ વિભાગના મુખ્ય સચિવ દ્વારા રજૂ કરાયેલા સોગંદનામાને અસંતોષકારક ગણાવીને તાત્કાલિક પગલાં લેવાનો આદેશ આપ્યો છે. ગૃહ વિભાગના મુખ્ય સચિવે કોર્ટમાં સોગંદનામું રજૂ કર્યું હતું, જેમાં ટ્રાફિકના વધતા પ્રમાણ અને વસ્તી ગીચતા જેવા પરિબળોને ધ્યાનમાં રાખીને વધારાની જગ્યાઓનું આકલન કરવા માટે ઈ-ટેન્ડરિંગ દ્વારા નિષ્ણાત એજન્સીની નિમણૂક કરવાની યોજના રજૂ કરી હતી. જોકે, કોર્ટે આ યોજનાને નકારી કાઢી હતી. કોર્ટે અવલોકન કર્યું કે નિષ્ણાત એજન્સી દ્વારા આ અભ્યાસ પૂર્ણ કરવામાં ત્રણથી પાંચ વર્ષ જેટલો સમય લાગી શકે છે, અને રાજ્ય આ "તાત્કાલિક જરૂરિયાત" માટે આટલો લાંબો સમય રાહ જોઈ શકે તેમ નથી. કોર્ટે જ્યુડિશિયલ નોટિસ લેતા કહ્યું કે રાજ્યમાં વાહનોની સંખ્યામાં થયેલા વ્યાપક વધારાને કારણે ટ્રાફિક વ્યવસ્થા પર મોટો બોજ પડ્યો છે. ખંડપીઠે વધુમાં નોંધ્યું કે, ગૃહ વિભાગ દ્વારા ફોર્સને મજબૂત કરવા માટે તાજેતરમાં કોઈ કાર્યવાહી કરવામાં આવી હોવાની "બિલકુલ કોઈ જાણકારી" જાહેર કરવામાં આવી નથી. એટલું જ નહીં, હાલમાં મંજૂર કરાયેલી જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા પણ અગાઉની PILમાં કોર્ટના હસ્તક્ષેપ પછી જ શરૂ થઈ હતી. મુખ્ય સચિવના જવાબથી નારાજ થઈને, કોર્ટે કડક નિર્દેશ આપ્યો છે કે, ગૃહ વિભાગના મુખ્ય સચિવે તાત્કાલિક ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવવી અને 'સ્ટોપ ગેપ એરેન્જમેન્ટ' (અસ્થાયી વ્યવસ્થા) પર નિર્ણય લેવો. આ વચગાળાના ઉકેલ માટે ટ્રાફિક પોલીસ ફોર્સને મજબૂત કરવા માટે કાયમી જગ્યાઓનું નિર્માણ કરવું, અથવા જરૂરી તાલીમ આપ્યા બાદ કરાર આધારિત માનવબળની નિમણૂક કરવી. હાઈકોર્ટે મુખ્ય સચિવને આ આદેશના પાલનની વિગતો આપતો વ્યક્તિગત સોગંદનામું આગામી સુનાવણીની તારીખ ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ રજૂ કરવા આદેશ કર્યો છે.

અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર બેફામ કાર દોડાવી અકસ્માત સર્જનાર નબીરો

એકસાથે નવ લોકોનાં મોત માટે જવાબદાર તથ્ય પટેલ સામે આખરે અઢી વર્ષે ચાર્જફ્રેમ

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ કાર્યવાહી ઝડપી બની : પિતા પ્રજ્ઞેશ સામે પણ ચાર્જફ્રેમ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

વર્ષ ૨૦૨૩માં ૨૦ જુલાઈની રાત્રે અમદાવાદમાં બેફામ સ્પીડે જેગુઆર કાર દોડાવી ઈસ્કોનબ્રિજ પર અકસ્માત સર્જી ૯ લોકોનાં મોત નિપજાવનારા તથ્ય પટેલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. એમાં સુપ્રીમ કોર્ટે તથ્ય પટેલ સામે ૩ સપ્તાહમાં ચાર્જફ્રેમ કરવા અને સાક્ષીઓનાં નિવેદન લેવાની શરૂઆત કરવા હુકમ કર્યો હતો. તેને અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં તેની સામે ચાર્જફ્રેમ કરવામાં આવી છે. તથ્ય પટેલ સામે અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં તમામ કલમો અંતર્ગત ચાર્જફ્રેમ થયા છે. તેની સાથે સાથે પિતા પ્રજ્ઞેશ પટેલ પર પણ ચાર્જફ્રેમ કરવામાં આવી છે. જ્યે તેમની પર લાગેલી કલમો બોલી, કાગળ ઉપર સહી લીધી હતી. હવે સાક્ષીઓ તપાસવાની કામગીરી શરૂ થશે. અમદાવાદ ઈસ્કોનબ્રિજ અકસ્માત કેસમાં મોંઘીદાટ જેગુઆર ગાડી વડે ૦૯ લોકોને કચડીને મોતના મુખમાં ધકેલી દેનાર કારચાલક તથ્ય પટેલ સામે પોલીસે IPC ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪, ૫૦૪, ૫૦૬(૨), ૩૦૮, ૧૧૪, ૧૧૮ અને મોટર વ્હીકલ એક્ટ અંતર્ગત કલમ ૧૭૭, ૧૮૯, અને ૧૩૪ અંતર્ગત ફરિયાદ નોંધીને ઘટના બન્યાના ૭ દિવસમાં ૧૬૮૪ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી. તથ્ય સામે IPCની કલમ ૩૦૪ લાગી છે, જેમાં ૧૦ વર્ષ કેદની સજાની જોગવાઈ છે, તેમાંથી ડિસ્ચાર્જ મેળવવા હાઈકોર્ટમાં અરજી થઈ છે, જે અરજી પેન્ડિંગ છે.

૨૦૨૩માં ચાર્જશીટ થઈ ત્યારે કુલ ૧૪ દસ્તાવેજી પુરાવા અને ૦૯ મૃતકોનાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ રજૂ કરાયા હતા. કુલ ૧૯૧ સાક્ષી છે. ચાર્જશીટ મુજબ મરનારી વ્યક્તિઓની સંખ્યા ૦૯ છે. સી.આર.પી.સી.ના ૧૬૪ નિયમ મુજબ ૦૮ વ્યક્તિનાં નિવેદન લેવાયાં છે, જેમાં ૦૫ અકસ્માત સમયે તથ્યની ગાડીમાં હાજર તેના મિત્રો પણ હતા. અકસ્માતમાં ૧૨ વ્યક્તિ ઘાયલ થયા હતા. કુલ ૨૫ વ્યક્તિનાં પંચનામાં કરાયાં હતા. ૦૮ વ્યક્તિનાં સારવાર સર્ટિફિકેટ રજૂ કર્યા હતા છે. FSLના ૧૫ રિપોર્ટ રજૂ કરાયા હતા. અમદાવાદ જિલ્લા ન્યાયાલયમાં ACP એસ.જે.મોદી ટ્રાફિક વિભાગ અને ટ્રાફિક-પોલીસ ઈન્સ્પેકટર વી.બી.દેસાઈ, જેઓ આ કેસમાં ફરિયાદી પણ છે, તેમણે ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસની તપાસ કુલ ૧૭ પોલીસકર્મચારી ટ્રાફિકના અધિક પોલીસ કમિશનર એન. એન.ચૌધરીના માર્ગદર્શન નીચે થઈ હતી, જેમાં ACP, PI, PSI, હેડ કોન્સ્ટેબલ, પોલીસ કોન્સ્ટેબલ વગેરે સામેલ છે. આ અકસ્માતમાં ૯ લોકોનાં મૃત્યુ ઉપરાંત કુલ ૧૨ લોકો ઘાયલ થયા હતા. હજુ પણ એક વ્યક્તિ કોમામાં છે. તથ્યે ૧૪૧ કિલોમીટર જેટલી ઝડપે ગાડી હંકારી હતી. આ ઘટનાને બે વર્ષ પૂર્ણ થઈ ચૂક્યાં છે. તથ્યને સેશન્સ કોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટ ક્યાંયથી પણ જામીન મળ્યા નથી. આ ઘટના અને તથ્યને જેલમાં બંધ થયાંને ૨ વર્ષ પૂર્ણ થયાં છે. આરોપી સામે IPC ૩૦૪ લાગે કે ૩૦૪ A લાગે તેની રિવિઝન અરજી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે.

જો અરજદારની રિવિઝન અરજી મંજૂર થાય તો તેની પર લાગેલી કલમો પૈકીની સજા જેલમાં કાપી લીધી છે. રિવિઝન અરજીમાં વધુ સુનાવણી ન થાય ત્યાં સુધી, હાઈકોર્ટે તથ્યને ચાર્જફ્રેમ વિરૂદ્ધ વચગાળાની રાહત યથાવત્ રાખી હતી. વળી, પીડિતોએ આ કેસમાં વધુ તપાસ માટે અરજી કરી છે, જે પેન્ડિંગ છે. તથ્ય અત્યારસુધીમાં બે વખત હંગામી જામીન પર પોલીસજાપતા સાથે બહાર આવેલો છે, જેમાં એક વખત તેના દાદાનું નિધન થયું હતું, જ્યારે બીજી વખત તેની માતાના ઓપરેશનની તારીખ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારની જાહેરાત મુજબ તથ્ય પટેલ સામે અકસ્માતના ફક્ત ૭ દિવસમાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરી દેવામાં આવી હતી, જોકે તેને તેની પર લાગેલી કેટલીક કલમોમાંથી ડિસ્ચાર્જ અરજી ફાઈલ કરી હતી. એને અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ફગાવી દેતાં તેને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી, જેની ઉપર હજી સુધી ચુકાદો ન આવતાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં તેની સામે ચાર્જફ્રેમ થઈ શક્યો નહોતો કે જેથી આગળ ટ્રાયલ પણ ચાલતી નહોતી.

૨૦૧૫ના અનામત આંદોલન સમયના નિકોલના કેસમાં આખરે ૧૦ વર્ષે કાર્યવાહી આગળ વધી

ભાજપના પાટીદાર ધારાસભ્ય હાર્દિક પટેલ સામે જૂના કેસમાં થઈ ચાર્જફ્રેમ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

વિરમગામના ધારાસભ્ય અને પાટીદાર નેતા હાર્દિક પટેલ સામે વર્ષ ૨૦૧૫ના પાટીદાર અનામત આંદોલન દરમિયાન ભાજપના નિકોલ પોલીસ મથકે નોંધાયેલા કેસમાં અમદાવાદ ગ્રામ્ય મેજિસ્ટ્રેટ કોર્ટે આજે ચાર્જફ્રેમ કર્યો છે, જેના પગલે હવે કેસની ટ્રાયલ શરૂ થશે. આ કેસમાં હાર્દિક પટેલ અને અન્ય આરોપીઓ સામે ગેરકાયદે મંડળી, રાયોટિંગ, સરકારી કર્મચારી પર હુમલો, કાયદેસરના હુકમનો ભંગ, ધમકી આપવા અને અન્ય કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૧૫માં પાટીદાર અનામત આંદોલન સમયે નિકોલ પોલીસ મથકે હાર્દિક પટેલ સહિતના આરોપીઓ સામે IPCની કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૫૩, ૧૮૮, ૧૮૬, ૧૨૦, ૨૯૪, ૩૪ અને ૫૦૬ મુજબ ગુનો નોંધાયો હતો. એ સંદર્ભનો કેસ અમદાવાદ ગ્રામ્ય

મેજિસ્ટ્રેટ કોર્ટમાં દાખલ થયો હતો, જે કેસમાં આજે હાર્દિક પટેલ પર ચાર્જફ્રેમ થઈ છે. હવે તેના કેસમાં ટ્રાયલ શરૂ થશે. અગાઉ હાર્દિક પટેલ આ કેસમાં હાજર ન રહેતાં તેની સામે કોર્ટે ધરપકડ વોરંટ જાહેર કર્યું હતું. આ વોરંટને હાર્દિક પટેલે હાઈકોર્ટમાં પડકાર્યું હતું, જેમાં તેને કોર્ટ કાર્યવાહીમાં ઉપસ્થિત રહેવાની બાંયધરી આપતાં હાઈકોર્ટે હાર્દિક પટેલ સામેનું ધરપકડ વોરંટ રદ કર્યું હતું, જોકે ત્યારબાદ હાર્દિક પટેલ દ્વારા કોર્ટમાં કેસમાં મુક્ત કરવાની અરજી કરવામાં આવતી હતી, પરંતુ આજે તેને કોર્ટમાં ઉપસ્થિત રહેવું પડ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, પાટીદાર અનામત આંદોલન સમયે હાર્દિક

અગાઉ ધરપકડ વોરંટ ઈશ્યૂ થતાં હાઈકોર્ટમાંથી રક્ષણ મેળવ્યું હતું

આખરે હાર્દિક પટેલને ચોથી મુદતે હાજર રહેવુ પડ્યું

પટેલ સહિતના પાટીદાર નેતાઓએ પાટીદારોને અનામત આપવાની માગણી અને ખેડૂતોના દેવા માફીની માગણી સાથે નિકોલમાં પ્રતીક ઉપવાસનું આયોજન કર્યું હતું, જેમાં ફરિયાદ મુજબ આરોપીઓએ વગર પરવાનગી, પૂર્વ આયોજિત કાવતરૂં કરીને રેલી કાઢીને નિકોલના મ્યુનિસિપલ ગ્રાઉન્ડ ખાતે પ્રતીક ઉપવાસ કરવાનું નક્કી કર્યું હતું, જેમાં રેલીને અટકાવવામાં આવતાં તેઓ ઉશ્કેરાયા હતા. આરોપીઓએ પોલીસને અપશબ્દો કહીને ઝપાઝપી કરી હતી અને ધમકી આપી હતી તેમજ શહેર પોલીસ કમિશનરના જાહેરનામાનો ભંગ કર્યો હતો. વર્ષ ૨૦૧૫માં હાર્દિક પટેલ અને અન્ય કેટલાક યુવાનોના નેતૃત્વમાં અમદાવાદના GMDC ગ્રાઉન્ડમાં પાટીદાર સમુદાય ઊમટી પડ્યો હતો. તેમની પાટીદારોને અનામત આપવાની માગ કરી હતી. આ સમયે હાર્દિક પટેલની સભા બાદ ગુજરાતભરમાં હિંસા ફાટી નીકળી હતી, જેમાં ૧૪ પાટીદાર યુવકોનાં મોત થયાં હતાં. પાટીદારોને ઓબીસી હેઠળ અનામત અપાવવાની માગણીને લીધે ગુજરાતનાં પૂર્વ CM આનંદીબહેન સરકાર પર દબાણ આવ્યું હતું.

હાઈકોર્ટે IT વિભાગની નોટિસો રદ કરી : 'સેટિસ્ફેક્શન નોટ' સમયસર ન લખવા બદલ કાર્યવાહી ગેરકાયદેસર ગણાવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

ગુજરાત હાઈકોર્ટે મંગળવારે ઇનકમટેક્સ વિભાગ દ્વારા કલમ 153C હેઠળ બહાર પાડવામાં આવેલી નોટિસ રદ કરતાં મહત્ત્વપૂર્ણ નિર્ણય આપ્યો હતો. અદાલતે જણાવ્યું કે વિભાગે ફરજિયાત "સેટિસ્ફેક્શન નોટ" કાયદેસર નિર્ધારિત સમયમર્યાદામાં નોંધ્યાં વગર જ કાર્યવાહી શરૂ કરી, જે માન્ય નથી. અદાલતે આ પણ નોંધ્યું કે અરજદારના વકીલોએ દલીલ કરી હતી કે શોધ (સર્ચ) પછી લગભગ ચાર વર્ષ વિત્યા બાદ નોટિસો આપવામાં આવી હતી, જે કાયદાની ભાવનાના વિરૂદ્ધ છે. ન્યાયમૂર્તિ એ.એસ. સુપેહિયા અને ન્યાયમૂર્તિ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે બે અલગ અરજીઓમાં સંયુક્ત ચુકાદો આપ્યો હતો. અરજદારો સામે કલમ 153C હેઠળ ૯ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ આપવામાં આવેલી નોટિસોને પડકારવામાં આવી હતી. અદાલતે નોંધ્યું કે, સંબંધિત પેઢી પર ૧૫ ઓકટોબર, ૨૦૧૯ના રોજ સર્ચ થયું હતું અને તેનું એસેસમેન્ટ ઓગસ્ટ ૨૦૨૧માં પૂર્ણ થયું હતું, છતાં પણ સર્ચ કરાયેલા વ્યક્તિના એસેસિંગ ઓફિસરે ૬ જૂન, ૨૦૨૩ના રોજ આશરે ૨૨ મહિના બાદ સેટિસ્ફેક્શન નોટ તૈયાર કરી. અદાલતે આ વિલંબને અસાધારણ વિલંબ ગણાવી અને સુપ્રીમ કોર્ટના કલકત્તા કનીટ વિઅર્સ ચુકાદા તેમજ CBDT સર્ક્યુલર ૨૪/૨૦૧૫ના નિયમોનું ઉલ્લંઘન ગણાવ્યું. નિયમો અનુસાર સેટિસ્ફેક્શન નોટ સર્ચ થયેલા પેઢીના એસેસમેન્ટ દરમ્યાન અથવા તરત જ પછી લખવી ફરજિયાત છે. અદાલતે વધુમાં સ્પષ્ટ કર્યું કે કલમ 153C હેઠળ કાર્યવાહી કરવા માટે એઓએ એવો સેટિસ્ફેક્શન નોટ નોંધવી જરૂરી છે કે મળેલા દસ્તાવેજો અથવા સામગ્રી "પેઢીની કુલ આવકના નિર્ધારણ પર અસર કરશે". "અટલો લાંબો વિલંબ 'immediately' શબ્દની ભાવનાને જ નકારી નાખે છે અને સર્ચ એસેસમેન્ટને ઝડપથી પૂર્ણ કરવાની વ્યવસ્થાને ખલેલ પહોંચાડે છે," એમ બેન્ચે નોંધ્યું. ઇનકમટેક્સ વિભાગે વિલંબ માટે COVID-19 મહામારી અને ફેસલેસ એસેસમેન્ટ સ્કીમના કારણે શાસનાત્મક ફેરફારોને જવાબદાર ગણાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ બેન્ચે બંને કારણો ફગાવી દીધા હતા અને નોંધ્યું હતું કે, કલમ 153A અને 153Cની પ્રક્રિયા ફેસલેસ એસેસમેન્ટ સ્કીમથી સંપૂર્ણપણે બહાર છે. "આ કારણો માત્ર બાદમાં બનાવવામાં આવેલ બહાના જેવી લાગે છે," એમ અદાલતે ટિપ્પણી કરી હતી. અદાલતે સ્પષ્ટ કર્યું કે ૨૨ મહિનાનો વિલંબ કાયદેસરની આવશ્યકતાઓનો ભંગ કરે છે અને જુરિસ્ડિકશન જ ખોટી રીતે ઉપયોગમાં લેવાયો છે. ત્યારબાદ હાઈકોર્ટએ બંને અરજીઓ મંજૂર કરી અને ઇનકમ ટેક્સ વિભાગના બધા નોટિસો રદ કરી દીધા.

દિલી મુબારકબાદ

હઝરત અલ્લામા ગુલામ મુસ્તફા સાહબ કાદરી બરકાતી નાઝીમે આલા દારૂલ ઉલુમ અનવારે રઝા નવસારીને ખાનકાહ-એ-બરકાતીયા મારેહરા શરીફ તરફથી નિશાને-એ-તાજ-ઉલ ઔલમા પ્રતિષ્ઠિત એવોર્ડથી ખાનકાહના સજ્જાદાનશીન સૈયદ મુહમ્મદ અમીન અમીન મીયા કાદરી બરકાતી, સૈયદ મુહમ્મદ અશરફ કાદરી અને સૈયદ નજીબ હૈદર મીયા નૂરીના હાથે સન્માનિત થવા બદલ દારૂલ ઉલુમ અનવારે રઝા નવસારીના તમામ ટ્રસ્ટીઓ અને કમિટીના સભ્યો તરફથી દિલી મુબારકબાદ સાથે દુઆ છે, કે અલ્લાહ પાક અલ્લામા ગુલામ મુસ્તફા સાહેબને તંદુરસ્તી સાથે સલામત રાખે જેથી હઝરત વધુમાં વધુ સમાજ સેવા કરી શકે.



મીનજાનીબ અરાકીને
દારૂલ ઉલુમ અનવારે રઝા નવસારી.

ગુજરાત ટુડે

આજનું કામ કાલ પર ન ટાળો.... છેલ્લી ઘડી સુધી રાહ ન જુઓ

હાલ આપણા રાજ્યમાં ચાલી રહેલી મતદારયાદી સઘન સુધારણા ઝુંબેશ 'સર' હવે મધ્યાહને પહોંચી રહી છે ત્યારે આ કામગીરી કયારે પૂર્ણ થઈ જશે એની ખબર પણ નહિ પડે કારણ કે 'સર'નો સરળ એવો પ્રથમ તબક્કો એક મહિનો જ ચાલવાનો છે અને એમાંયે એક પખવાડિયું તો પુરૂં થઈ પણ ગયું ત્યારે હવે બાકી રહેલા એક પખવાડિયાને વીતતા પણ વાર નહિ લાગે... માટે જ આળસ છોડો અને તાત્કાલિક ફોટા સાથેનું ફોર્મ ભરીને મતદારયાદીમાં તમારૂં નામ નોંધાવી નિશ્ચિંત બનો... રખે ને કોઈ વિઘ્ન આવે તો તમારી પાસે જો સમય બચ્યો હોય તો તેનું નિરાકરણ લાવી શકશો... પરંતુ જો છેક છેલ્લી ઘડીએ જાગશો અને કોઈ વિઘ્ન આવશે ત્યારે સમયમર્યાદા પૂરી થઈ ગઈ હશે તો શું કરશો ? એટલે હમણા જ સક્રિય બનો અને BLO સમક્ષ તમારૂ ફોર્મ તાજા ફોટા સાથે ભરો.

(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS